"અલ્લાહ તઆલા જેની સાથે ભલાઈનો ઈરાદો ફર્માવે છે
તેને દીનમાં ફિકાહત તથા બસીરત
(સમજ તથા દ્રષ્ટિ) અતા ફર્માવે છે. (બુખારી)

**હઝરત અલ્લામા મુફ્તી મુહંમદ શરીફુલ હક્ક અમજદી દામ ઝિલ્લહુલ આલી**

# ★ શારેહે બુખારી ★

## ની સંક્ષિપ્ત હાલતો તથા ખિદમતો


**સંપાદક**

**હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી બરકાતી રઝવી**
(બાની–રુકન : અલ્ મજમઉલ્ ઈસ્લામી – મુબારકપૂર તથા બાની દારુલ્ કલમ–દિલ્હી

**અનુવાદક**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)



**પ્રકાશક**

**દાએરતુલ્ બરકાત**
**ઠે. કરીમુદ્દીનપૂર મુ. ઘૌસી જિ. મઊ**
**(યુ. પી. ઈન્ડિયા)**

પ્રત : ૧૦૦૦ આવૃત્તિ–૧ ઓકટો. '૯૯
પ્રાપ્તિ સ્થાન :– **રઝવી કિતાબ ઘર**
મું. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત)

**રેઈનબો ઓફસેટ, ભરૂચ. ☎ ૪૪૦૭૬**




## ★ અનુવાદકની વાત..... ★

અહલે સુન્નત વ જમાઅતના મહાન આલિમે દીન મુફક્કિર હઝરત અલ્લામા મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી સાહબ મદ્ ઝિલ્લહુલ્ આલીની મુબારક કલમ વડે આલેખાયેલી, જામેઅહ્ અશ્રફિયહ્ મુબારકપૂરના સદર મુફ્તી હઝરત અલ્લામા શરીફુલ હક્ક સાહબના જીવન પર તથા આપની મહાન ખિદમતોની ઝાંખી કરાવતી કિતાબ "શારેહે બુખારી"નો ગુજરાતી અનુવાદ કરવાનો હુકમ હઝરત કિબ્લા અલ્લામા મુહંમદ અહમદ મિસ્બાહી સાહબ તરફથી હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી સાહબ વોરાસમનીવાલા (હાલ યુ.કે.) તરફથી આગ્રહ થતાં મેં નાચીઝે અસ્લ કિતાબ 'શારેહે બુખારી'માંથી શકય તેટલા અધિક વિષયોને ગુજરાતીમાં રજુ કર્યા છે.

મૂળ "શારેહે બુખારી" ઉર્દૂ કિતાબમાં અરબી ઈબારતો ઠેક ઠેકાણે છે પણ સમય તથા સગવડને ધ્યાનમાં લઈને અમુક જ અરબી ઈબારતો ગુજરાતી કિતાબમાં લીધી છે, મોટા ભાગે તર્જુમાથી જ કામ ચલાવ્યું છે. "આફ્રિકા અને હિજાઝ તથા પાકિસ્તાનની સફર" ના પ્રકરણને ટૂંકાણમાં લીધું છે. તથા "ફત્વાના નમૂનાઓ"માંથી ત્રણ જ ફત્વા તથા "નમૂનાના લેખો"માંથી પણ ત્રણ જ લેખો ગુજરાતીમાં સમાવ્યા છે. નહીં તો અસલ ઉર્દૂ કિતાબમાં અધિક ફત્વા તથા લેખો છે. જેમાંથી અનુકૂળતા પ્રમાણે અનુવાદ કરી લીધો છે.

મારી કમ ઈલ્મીથી હું વાકેફ છું જેથી કોઈ જગાએ કયાંક ભૂલ જણાય તો મુઝ અજ્ઞાનીને સમજ પાડવા અપીલ છે. અને એ ભૂલને મૂળ લેખકની નહીં પણ અનુવાદકની ભૂલ સમજવી.

***–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | અર્પણ... | 5 |
| ૨. | નઝરાનએ અકીદત... | 6 |
| ૩. | પ્રસ્તાવના... | 7 |
| ૪. | હાલતોની છણાવટ... | 10 |
| ૫. | મન્કબત... | 14 |
| ૬. | તાલીમો તર્બિયત... | 15 |
| ૭. | આપના ઉસ્તાદો... | 18 |
| ૮. | તદરીસી ખિદમતો... | 20 |
| ૯. | ફિકહ તથા ઈફતા... | 21 |
| ૧૦. | તહરીર તથા તસ્નીફ... | 25 |
| ૧૧. | તકરીર તથા તબ્લીગ... | 27 |
| ૧૨. | રદ તથા મુનાઝરા... | 29 |
| ૧૩. | બયઅત તથા ખિલાફત... | 34 |
| ૧૪. | હજ્જ તથા ઝિયારત... | 37 |
| ૧૫. | ઉસ્તાદો તથા મહાન ઉલમા તથા મશાઈખથી સંબંધો... | 41 |
| ૧૬. | હઝરત સદરુશ્શરીઅહ્ કુદ્દેસ સિર્રહૂ... | 42 |
| ૧૭. | હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કુદ્દેસ સિર્રહૂ... | 46 |
| ૧૮. | હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ કુદ્દેસ સિર્રહૂ... | 52 |
| ૧૯. | હાફિઝે મિલ્લત કુદ્દેસ સિર્રહૂ... | 54 |
| ૨૦. | હઝરત મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન કુદ્દેસ સિર્રહૂ... | 59 |
| ૨૧. | હઝરત મુજાહિદે મિલ્લત કુદ્દેસ સિર્રહૂ... | 60 |
| ૨૨. | હઝરત સૈયદુલ ઉલમા કુદ્દેસ સિર્રહૂ... | 62 |
| ૨૩. | હઝરત અહ્સનુલ્ ઉલમા કુદ્દેસ સિર્રહૂ... | 63 |
| ૨૪. | ઈસ્લામી ગૈરત તથા હમિય્યત અને અવામી કિયાદત... | 67 |
| ૨૫. | આફ્રિકા, હિજાઝે મુકદ્દસ અને પાકિસ્તાનની એક સફર... | 77 |







| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૨૬. | અસ્રી નશિસ્ત... | 80 |
| ૨૭. | પત્નીઓ તથા ઔલાદ... | 81 |
| ૨૮. | **ફત્વાના નમૂનાઓ** : ફિલ્મી ગીતોની ભયાનકતા... | 84 |
| ૨૯. | બેંકનો નફો... | 86 |
| ૩૦. | કઝા તથા ઈફતાનો તફાવત... | 92 |
| ૩૧. | **લેખોના નમૂનાઓ** : મુહંમદર્રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) કાનૂન જાણનાર કે બનાવનાર ?... | 94 |
| ૩૨. | હઝરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ની વિલાદતની તથા કુર્બાનીની જગા... | 107 |
| ૩૩. | મા'મૂલાતે અહલે સુન્નત... | 119 |
| ૩૪. | શારેહે બુખારીની કિતાબો... | 135 |

## ★ અર્પણ ★

*દીનો દાનિશ, ઈલ્મો હિકમત, ફિક્રો આગહી ઔર*
*તાલીમો તર્બિયતકી કાબિલે ઈફ્તેખાર દર્સગાહ....*

# અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્ – મુબારકપૂર

**ના નામે**

જે વર્તમાનકાળમાં આંતર રાષ્ટ્રિય કક્ષાએ મસ્લકે અહલે સુન્નતની તબ્લીગ તથા પ્રચારનો એક સક્રિય ઈદારો, બાતિલ વિચારસરણીઓ તથા માન્યતાઓની વણઝારથી મસ્લકે અહલે સુન્નતને મહફૂઝ રાખવાનો એક મજબૂત કિલ્લો અને અહલે સુન્નત વ જમાઅતનો બાવકાર દીની તથા ઈલ્મી તથા ફિક્રી તર્જુમાની કરતો પ્રતિનિધિ છે.

**–યાસીન અખ્તર મિસ્બાહી**

**૨૭–જૂન, ઈ.સ. ૧૯૯૯, ૧૨–રબીઉલઅવ્વલ હિ.સ. ૧૪૨૦**





## ★ નઝરાનએ અકીદત ★

*(સેંકડો અકીદત તથા મહોબ્બત સાથે)*

૧. સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના હકીમ મુહંમદ અમજદ અલી રઝવી આઝમી કુદ્દેસ સિર્રહૂ *(વિસાલ– હિ.સ. ૧૩૬૭, ઈ.સ. ૧૯૪૮)*

૨.મુફતીએ આ'ઝમે હિંદ, હઝરત મૌલાના અશ્શાહ મુસ્તફા રઝાખાં કાદરી બરકાતી નૂરી બરેલ્વી કુદ્દેસ સિર્રહુ *(વિ.– હિ.સ. ૧૪૦૨, ઈ.સ. ૧૯૮૧)*

૩. તાજુલ્ ઉલમા હઝરત સૈયદ શાહ અવ્લાદે રસૂલ મુહંમદ મિયાં કાદરી બરકાતી મારહરવી કુદ્દેસ સિર્રહૂ *(વિ.– હિ.સ. ૧૩૭૫, ઈ.સ. ૧૯૭૫)*

૪. હાફિઝે મિલ્લત હઝરત મૌલાના અશ્શાહ હાફિઝ અબ્દુલ અઝીઝ મુરાદાબાદી કુદ્દેસ સિર્રહૂ *(વિ.– હિ.સ. ૧૩૯૬, ઈ.સ. ૧૯૭૬)*

૫. મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન હઝરત મૌલાના મુહંમદ સરદાર અહમદ કાદરી કુદ્દેસ સિર્રહૂ *(વિ.– હિ.સ. ૧૩૭૨, ઈ.સ. ૧૯૬૨)*

**અમારા તથા શારેહે બુખારીના મોહતરમ ઉસ્તાદો તથા મુરબ્બીયો તથા તમામ ઉસ્તાદો તથા પૂર્વજ બુઝુર્ગો તથા અકાબિરોની ખિદમતમાં**

**અગર સિયાહ દિલમ્ દાગે લાલાઝાર તૂ અમ્**
**વગર કુશાદહ્ જબીનમ્ ગુલે બહાર તૂ અમ્**

**–યાસીન અખ્તર મિસ્બાહી**

**૧૨, રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૨૦, ૨૭–જૂન ઈ.સ. ૧૯૯૯**

# ★ પ્રસ્તાવના ★

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ
نَحْمَدُہٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ وَاٰلِہٖ وَاَصْحَابِہٖ اَجْمَعِیْن

સામાન્ય સ્થિતિ એ છે કે "કદરે નેઅ્મત બઅ્દ ઝવાલ" એટલે કે જ્યારે કોઈ શખ્સિયતનો વિસાલ થઈ જાય છે તો ખયાલ થાય છે કે તેમનો મકામ ખૂબ જ મહત્વનો હતો અને ખિદમતો ઘણી ઉચ્ચ હતી, માટે તેમના હાલાત તથા જીવન ચરિત્રને સંપાદિત કરવું જોઈએ. પણ તેમના જીવતા સુધી કોઈને એવા ખયાલ નથી થતો કે તેમની ખિદમતો, તેમની તકરીરો, તેમણે કરેલ કોયડાના હલો, લખાણોની ઈસ્લાહો, ઈલ્મી ફાયદાઓ, તેમના સંબંધો, કિંમતી નસીહતો તથા મલ્ફૂઝાત વગેરેનો રેકોર્ડ રાખવામાં આવે. એની શિકાયત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિર્રહુએ પણ પોતાની હજની સફરના વર્ણનમાં કરેલ છે. અને હું જોઈ રહ્યો છું કે સર્વ અકાબિરની સાથે આપણો આ જ રવૈયો રહ્યો છે, અને હજી પણ આપણે એ જ રવિશના પાબંદ છીએ !

વિસાલ પછી જીવન ચરિત્ર તથા હાલતો લખવામાં એટલે સુધી મુશ્કેલી થતી હોય છે કે જન્મ તારીખ, મા–બાપ તથા ખાનદાન, સગાં સંબંધીઓ, પ્રારંભિક ઉસ્તાદો વગેરેની પણ સંપૂર્ણપણે માહિતી નથી મેળવી શકાતી. અન્ય પણ ઘણાં પાસાંઓ કોરાં રહી જાય છે જેના પર જિંદગીમાં રોશની નાખવી આસાન હતી.

મેં મારા આ મનોમંથનનો ઉલ્લેખ મારા સાથીઓ તથા સંબંધીઓમાં વારંવાર કર્યો. પ્રથમ વાતની પ્રતિ તો હજી પણ કાયદેસર રીતે કોઈ ધ્યાન નથી કરાયું પણ બીજી વાત સંબંધે પ્રગતિ ઉપસ્થિત થઈ કે થોડાક વરસો પહેલાં ઉર્સે હાફિઝે મિલ્લતના પ્રસંગે 'શારેહે બુખારી'ના જીવન ચરિત્ર તથા ખિદમતો પર જામેઆ અશરફિયા મુબારકપૂરના તલબાએ દાદને પાત્ર મકાલાત લખ્યા અને ઉલમાએ કિરામે પોતાના પ્રત્યાઘાતો બયાન ફર્માવ્યા.

હવે મૌલાના અબ્દુલ હક્ક રઝવી, અલ્હાજ મુહંમદ સઈદ નૂરી તથા અન્ય સાથીઓને ખયાલ આવ્યો કે 'નુઝહતુલ કારી શરહે બુખારી'ની પૂર્ણતા પર બાકાયદા જશ્નનું આયોજન થાય અને શારહે બુખારી તથા શારેહે બુખારીથી સંબંધિત ઉલમા તથા દાનિશ્વરો અને અન્ય સંબંધીઓને લખવા માટેનુ નિમંત્રણ (દા'વતે તેહરીરો સુખન) આપવામાં આવે જેથી જે હાલાત





આજે મેહફૂઝ થઈ શકે તે કમસે કમ વેડફાઈ જવા ન પામે. બિહમ્દિહી તઆલા આ મનસૂબા હેઠળ કામનો પ્રારંભ થઈ ગયો છે.

મુબારકપૂરમાં આ વિષયની પ્રથમ બેઠકમાં રાકિમે સુતૂર (લખનાર મુહંમદ અહમદ મિસ્બાહી સાહબે) એ રાય પ્રદર્શિત કરી કે એક સંક્ષિપ્ત ઓળખ (તઆરુફ) જશ્નથી પહેલાં મુકમ્મલ થઈ જવી જોઈએ જેથી કરીને જશ્નમાં આવનારા નાવાકેફ હઝરાત પણ માહિતગાર થઈને હાજર થાય અને કાંઈ પ્રત્યાઘાત પણ રજુ કરી શકે. આ ઓળખ (તઆરૂફ)ને અરબી, અંગ્રેજી, હિંદી, ગુજરાતીમાં પણ ફેરવી દેવામાં આવે તો તેના લાભોમાં ઉમેરો થઈ શકે છે. મિટિંગમાં હાજર રહેલાઓએ એ રાયને સ્વીકારી અને એના માટે બિરાદરે ગિરામી મૌલાના યાસીન અખ્તર મિસ્બાહીની ખિદમત હાંસલ કરવામાં કામયાબી મળી ગઈ. ફિલ્ હમ્દુલિલ્લાહિ અલા ઝાલિક.

બીજી ભાષાઓમાં તેને તબદીલ કરવાને માટે હજી સુધી કોઈ કાર્યવાહી ન થઈ શકી જેનો એક સબબ એ છે કે મેટર તૈયાર થતાં જ કોમ્પ્યૂટરને હવાલે થઈ ગઈ પછી પ્રુફ રિડિંગ તથા નઝરે ષાની વગેરેની મંઝિલોએથી તેને રૂખસત જ નથી મળતી કે કોઈ અન્ય હાથમાં જઈ શકે, પણ જવી જોઈએ અને ઘણી જ જલ્દી ! જેથી આ તઆરુફ ખૂબ ખૂબ ફેલાવો પામી શકે.

આ તઆરુફનો તઆરુફ હું શું કરાવું ? ! શારેહે બુખારી અલ્લામા મુફતી મુહંમદ શરીફુલ હક્ક અમજદી દામ ઝિલ્લહૂની અઝમત (મહાનતા) તથા અહ્મિયત આપણાને જ નહીં ગૈરોને પણ સ્વીકાર્ય છે. અને હું તેમના ઈલ્મના દસ્તરખાનનો એક ફયઝ પામનારો છું, છતાં અમુક વાતો અર્ઝ કરીશ જે મેં તેમની જાતમાં ખાસ તૌરથી મહેસૂસ કરી છે. **(૧)** દીની તથા મિલ્લી ગૈરત તથા અહેસાસ તેમનામાં તેમના સમકાલિનો કરતાં વિશેષ જોઉં છું. જ્યારે પણ ઈસ્લામ તથા સુન્નિયત અથવા અકાબિરે દીનો મિલ્લત પર કોઈ હુમલો થાય છે તો આપ બેતાબ થઈ જતા હોય છે, અને તેના નિવેડાના માટે પોતાની શકય કોશિશો કરવા લાગી જાય છે. **(૨)** ઈલ્મમાં તે મહારત પ્રાપ્ય છે કે જ્યારે કોઈ ખાસ વિષયમાં લખવા કે બોલવા પર આવે છે તો ત્વરિત રીતે તેના તમામ પાસાંઓને સમાવી લે છે તથા દિમાગમાં હાજર કરીને ભરપૂર રોશની નાખે છે. **(૩)** ફિકહી જુઝઈય્યાતની યાદદાશ્ત, જમાનાની હાલતો પર નજર, સવાલ કરનારાઓની ફિક્ર તથા મિજાઝથી માહિતગાર થઈ જવું, કેટલાક સાઈલો (સવાલ કરનારા)ની ચાલાકીથી બાખબરી અને અન્ય બાબતોની આવડત એવી કે લાંબા અરસાથી ફત્વા બરજસ્તહ્ એટલે જે તે સમયે જ (At a time) લખાવે છે છતાં જોયા વાંચ્યા પછી અંદાજો થાય છે કે

ખૂબ જ યોગ્ય અને સમય સંજોગને અનુરૂપ જવાબ આપવામાં આવ્યો છે, જે કોઈ માહિર મુફતીના કલમનો નતીજો છે અથવા ખાસ્સી વિચારણા તથા શોધ ખોજ અને મહેનત તથા તૈયારીનુ ફળ છે. **(૪)** જમાઅત અને ઈદારાઓના અહવાલ (હાલતો) ઉપર પણ નજર રાખે છે અને પોતાના બહોળા અનુભવોની રોશનીમાં ઘણી કિંમતી રહનુમાઈ અને સમસ્યાઓના લાજવાબ ઉકેલથી નવાઝે છે. **(૫)** ઈસ્લાહ તથા તર્બિયતમાં પણ ખાસ મહારત ધરાવે છે. અને સંબંધિત લોકોને યોગ્ય સૂચના તથા ચેતવણીથી ઠીક કરતા તથા સમારતા રહે છે. **(૬)** લાંબા અરસા સુધી તદરીસ, ઈફતા, તબ્લીગ તથા તકરીરનો જે બહોળો અનુભવ છે તેમાં વિશેષતાની સાથે લખવાની ઝડપ અને સમજાવવાની સારી આવડતમાં પોતાના સમયમાં અજોડ છે. મૌલા તઆલા તેમનો સાયો દરાઝ ફર્માવે.

પ્રસ્તુત કિતાબમાં શારેહે બુખારીની જિંદગીનાં વિવિધ પાસાંઓને સંક્ષિપ્ત રૂપે સમેટવાની કામયાબ કોશિશ કરવામાં આવી છે. વિષયોની ફેહરિશ્ત (અનુક્રમણિકા) પર ઉપર છલ્લી નજર કરવાથી પણ એનો અંદાઝો થઈ શકે છે કે આટલી સંક્ષિપ્ત રીતે અને અસરકારતાની સાથે આ વિષયોને ન્યાય આપવો એ સૌના વશની વાત નથી. વાંચ્યા બાદ મેહસૂસ થાય છે કે મૌલાનાએ કેવળ પોતાની ફરજ પૂરી નથી કરી બલ્કે અકીદતથી તરબોળ થઈને ઘણા ઉમંગની સાથે લખ્યું છે. અકાબિરની સાથે આવા જ અકીદતના જઝબાની આવશ્યકતા છે જે આ જમાનામાં મંદ પડતો જઈ રહ્યો છે.

ફતાવાના નમૂના અને વિષયવાર લખાણો પણ ખૂબ જ સરસ છે. તેનો સીધો ફાયદો એ છે કે વાંચક આ લખાણો દ્વારા 'શારેહે બુખારી'ની શખ્સિયતથી ડાયરેકટ માહિતગાર થઈ શકે છે. તેમના ઈલ્મી તથા ફિકી મકામ, દીની જઝબાત અને કલમી રવિશની ઓળખ પામીને સ્વઅભ્યાસથી જ જોઈને પોતે પણ તેમના વિશે કોઈ મંતવ્ય નક્કી કરી શકે છે. આપની કિતાબો વિશે અવલોકન પણ ખૂબ જ જામેઅ અને દિલચસ્પ છે.

હવે કિતાબ આપના હાથોમાં છે વધુ વાર સુધી આડ બનવું પણ યોગ્ય નથી, વરક ઉલ્ટાવો અને જાતે જ જુઓ :

*મુશ્ક આં અસ્ત કે ખૂદ બબોયદ – ન કે અત્તાર બ ગોયદ*

**–મુહંમદ અહમદ મિસ્બાહી**

**૧૦–રબીઉલ આખર હિ.સ. ૧૪૨૦ તા. ૨૪–૭–૯૯ શનિવાર અલ મજમઉલ્ ઈસ્લામી – મિલ્લતનગર –મુબારકપુર**





## ★ હાલતોની છણાવટ ★

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ وَاٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ

અઝીમ તથા જલીલ (મહાન) શખ્સિયતોની દીની તથા ઈલ્મી તથા અમલી જિંદગી અને તેમની કદરને લાયક ખિદમતોને ખિરાજે તેહસીન પેશ કરવી (દાદ આપવી) તેને યાદ રાખવી તેને દીવાદાંડી બનાવવી એ ઝિંદા તથા જાગૃત કૌમોની નિશાની છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે :–

**નામે નેકો રફતગાં ઝાએઅ્ મકૂન**

*(જે લોકો દુનિયામાંથી વિદાય થઈ ગયા તેમનાં નેક નામને ભૂલાવી ન દે.)*

જો મોટેરાંઓનાં કારનામાંઓ તેમની હયાતીમાં તેમની સમક્ષ જ વખાણવામાં આવે તો પોતાની મકબૂલિયત જોઈને તેમનુ દિલ ઠંડુ થશે અને તેમના હોસલાઓમાં ઓર મજબૂતી પેદા થશે.

આપણે ત્યાં સામાન્ય રિવાજ છે કે ઈન્તેકાલ પછી ઉર્સ શરૂ થઈ જાય છે, પ્રશંસાના પુલો બાંધવામાં આવે છે પણ જિંદગીમાં તેમને એટલા મહાન બુઝુર્ગ માનવામાં નથી આવતા જેટલા તેમના મર્તબા તથા દરજાઓ બાદમાં વર્ણન કરવામાં આવે છે. આ હુસ્ને સુલૂક તો તે હઝરાતના માટે છે જેમની સાથે પાકીઝગી તથા બુઝુર્ગીનો ખયાલ સંબંધિત હોય છે, જેને પીર તથા મુર્શિદ અને શયખે તરીકત સમજવામાં આવતો હોય. પરંતુ ઈલ્મવાળા લોકોનો તબકો જિંદગી અને મૌત પછી જે રીતે આમ લોકોના વર્તાવનો ભોગ બને છે અને સૌ કોઈને જાણમાં છે ! અને ખાસ લોકો પણ એ જ અવામી પ્રવાહમાં વહેતા થઈ જાય છે. તેમને પણ ઈલ્મવાળાઓ સાથે નિકટનો વાસ્તો નથી રહેતો. અને ખૂને જિગર જલાવવાની તેમને ત્યાં પણ કોઈ કિંમત નથી.

જમાઅતી નિઝામ (સાનુકૂળ સામાજિક વ્યવસ્થા) હોય કે માધ્યમો (સહુલત માટે) હોય, કદરદાની હોય તથા હોસલા અફઝાઈ હોય તો આપણા ઉલમાની ખિદમતો પણ મુલ્કી તથા આલમી કક્ષાએ ઉપસી શકે છે. પોતાની સલાહિયત, લિયાકત, તાકાત, બસીરત અને દરંદેશીના લેહાજથી કોઈ

જમાઅત અને તેના આ'લા તથા ટોચના શખ્સોથી પણ આપણા ઉલમા ન પહેલાં કોઈ રીતે કમ હતા ન આજે છે. પરંતુ તેઓ તથા તેમનાં કારનામાંઓ દુનિયા સમક્ષ એવી રીતે ઉભરતાં નથી જેવી રીતે ઉભરવાં જોઈએ.

હવે કાંઈક માહોલ બદલાઈ રહ્યો છે, લોકો જાગૃત થઈ રહ્યા છે, કામ કરવાનુ ઝહન પેદા થઈ રહ્યું છે, લખવા વાંચવાનો શોખ વધી રહ્યો છે. મદ્રસાઓની સંખ્યામાં દિન પ્રતિ દિન ઉમેરો થઈ રહ્યો છે, સેમીનાર થઈ રહ્યા છે, તાલીમ તથા તા'મીરમાં આગળ નીકળી જવાની જદ્દો જેહદ શરૂ થઈ ચૂકી છે, કદરદાની તથા હોસલા અફઝાઈની બુનિયાદ પણ રચાઈ ચૂકી છે જેનું એક દૃષ્ટાંત 'રઝા એકેડમી–મુંબઈ'નો 'ઈમામ અહમદ રઝા એવોર્ડ' છે.

કેટલાક દિવસો પહેલાં અઝીઝે ગિરામી મૌલાના હાફિઝ અબ્દુલ હક્ક રઝવી ઉસ્તાઝે અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્ મુબારક પૂરનુ દા'વતનામુ દિલ્હીના સરનામે મારા નામે પહોંચ્યું કે શારેહે બુખારી નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુફતી મુહંમદ શરીફુલ હક્ક અમજદી મદ્દઝિલ્લહુલ્ આલી સદર ફતાવા વિભાગ – અલ્ જામિઅતુલ અશ્રફિયહ્ મુબારકપૂરની હયાતો ખિદમાત પર એક વકારવાળો (પ્રભાવશાળી) ઈલ્મી ગ્રંથ કેટલાક મહીના બાદ પ્રસિધ્ધ કરવાની તૈયારી છે. આપ એના માટે એક ઉચ્ચ કક્ષાનુ લખાણ લખી આપો.

ઉર્સે રઝવી બરેલ્વી શરીફ (ઈ.સ. ૧૯૯૯, હિ.સ. ૧૪૨૦)માં મારા મુકર્રમ બિરાદર મૌલાના મુહંમદ અહમદ આઝમી મિસ્બાહી અને મૌલાના અબ્દુલ હક્ક રઝવી સાથે મુલાકાત થઈ. તો મિસ્બાહી સાહબના મશ્વરા અને મૌલાના અબ્દુલ હક્કની ગુઝારિશ પર થોડા દિવસ માટે હું અશ્રફિયહ્ મુબારકપૂર આવી ગયો. અહીં અઠવાડિયુ દસ દિવસ રોકાણ દરમ્યાન 'શારેહે બુખારી'ના નામથી પ્રસ્તુત કિતાબ અસ્તિત્વમાં આવી અને આ સમયગાળા દરમિયાન મારા દિલો દિમાગ પર એ એહસાસ અને પ્રભાવ તથા ખયાલ છવાયેલો રહ્યો કે :–

*ઈસી ઘરમેં જલાયા હે ચિરાગે આરઝૂ બરસોં*





અશ્રફિયહ્માં 'શારેહે બુખારી'ના આગમન (ઈ.સ. ૧૯૭૬– હિ.સ. ૧૩૯૬) પછીથી રિયાઝ સઊદી અરબના માટે મારી રવાનગી (ઈ.સ. ૧૯૮૨) સુધી આપનાથી ફાયદો મેળવવાની અને નિકટતાની જે ઘડીઓ તથા સમયો ગુજર્યા તેની બરકતથી આપના મિજાઝ તથા ફિક્ર, હાલતો તથા કૈફિયતોથી હું ખાસ્સી હદે વાકેફ છું. વળી કોઈ વાતની અધિક તેહકીકના માટે મોટી આસાની એ રહી કે શારેહે બુખારીનો સાથ આ ટૂંક સમયમાં અઠવાડિયા દસ દિવસ સુધી રાત દિવસ રહ્યો, એટલા માટે આ લખાણને ભાવિમાં (રજુઆતોના) મૂળ સંગ્રહ તરીકે ઈસ્તેમાલ કરવાના માટે યકીનન વિશ્વાસ તથા સનદ રૂપે રજુ કરવાનુ શકય થશે. સંબંધિત મેટરની નિશાનદેહી (નિર્દેશ) તથા એકત્રિત કરવામાં મૌલાના અબ્દુલ હક્ક રઝવી તથા મૌલાના મુહંમદ નસીમ મિસ્બાહીએ ઘણો સહકાર કર્યો.

ફકીહ તથા મુફતીની હૈસિયતથી શારેહે બુખારીની જાત હિંદ તથા પાક.માં તારીફની મોહતાજ નથી અને એક અજીબ હુસ્ને ઈત્તેફાક (કુદરતી સંજોગ)છે કે જે વરસે ઈમામે અહલે સુન્નત સૈયદના અશ્શાહ અહમદ રઝા હનફી કાદરી બરકાતી બરેલ્વી કુદ્દેસ સિર્રહૂનો વિસાલ થયો, એ જ વરસે અહલે સુન્નતના રૂહાની તથા મઅ્નવી (બાતિની) ફરઝંદ, આપનો ફયઝ પામનાર પૌત્ર શાર્ગિદ શારેહે બુખારીની વિલાદત (પેદાઈશ) થઈ. (એટલે હિ.સ. ૧૩૪૦ ઈ.સ. ૧૯૨૧માં)

સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદ અલી રઝવી આ'ઝમીની વિશ્વ વિખ્યાત કિતાબ "બહારે શરીઅત"ના ૭ ભાગોની ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા કાદરી બરકાતી બરેલ્વીએ લેખિત તસ્દીક (સમર્થન) કરેલ છે. પોતાની એ જ તસ્દીકમાં આપ લખે છે (અર્થ): મૌલાના અમજદ અલી મઝહબી રીતે ઈમામે આઝમ અબૂ હનીફાના મુકલ્લિદ છે, તરીકતની રીતે ગૌષે આ'ઝમ સૈયદના અબ્દુલ કાદિર જીલાનીથી જારી થનાર સિલસિલએ કાદરિયહ્થી સંબંધિત છે અને વતની લેહાઝથી આઝમગઢના રહેવાસી છે. હવે એકરૂપતાનો કમાલ એ છે કે સદરુશ્શરીઅહ્ની આ ત્રણ નિસ્બતોથી શારેહે બુખારી પણ સરફરાઝ છે. નિસ્બતનો એક વધારો એ છે કે મુફતીએ આ'ઝમ મૌલાના અશ્શાહ મુસ્તફા રઝા નૂરીના ફૈઝ પામેલા શાર્ગિદ

પણ છે. અને ઈમાની યકીન તથા વિશ્વાસ છે કે કાલે કિયામતના દિવસે શફીએ આ'ઝમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની શફાઅતે ઉઝમાથી પણ મુર્શિદ તથા મુરીદ (સદરુશ્શરીઅહ્ તથા શારેહે બુખારી) એક સાથે ફૈઝયાબ થશે. ઈન્શાઅલ્લાહુ તબારક વ તઆલા.

સમયની તંગીના કારણે ઈત્મિનાનની સાથે શારેહે બુખારીની ફિકહી ખિદમતો, ઈલ્મી કમાલો અને અકાબિર ઉલમાએ અહલે સુન્નતથી તઅલ્લૂકાતના વિવિધ જરૂરી પાસાંઓ પર વ્યવસ્થિત રીતે ન લખી શકયો, તદ ઉપરાંત હવે આ લખાણ તથા આપની નુઝહતુલ્ કારી તથા અન્ય કિતાબો સિવાય "શારેહે બુખારી નંબર" જાહેરમાં પ્રસિધ્ધ થઈ ગયા પછી એટલી મેટર અને એટલા પાસાંઓ લેખકો સમક્ષ આવી જશે કે તેઓ જ્યારે ઈચ્છશે તેહકીક તથા તફસીલ સાથે સહુલતની સાથે બાકી રહેલી ખિદમતો અંજામ આપી શકશે, એનો મને સંતોષ છે.

અહલે સુન્નતના મર્કઝો તથા ઉલમા તેમજ મશાઈખે કિરામ તથા અકાબિર તથા અસ્લાફ સાથે શારેહે બુખારીને જે ગહરી અકીદત છે તેનું એક ફળ એ છે કે પોતાની હયાતમાં જ તેઓ 'શારેહે બુખારી નંબર' ને વાંચી લેશે. અશ્રફિયહ્ના તલબાના તરફથી આયોજીત સેમીનાર (અશ્રફિયહ્ મુબારકપૂર ઈ.સ. ૧૯૯૪)માં તો આપ શિર્કત ફર્માવી પણ ચૂકયા છે. હવે ઈન્શાઅલ્લાહ એનાથી પણ મોટા પાયા પર યોજાનાર શારેહે બુખારી સેમીનારમાં પણ આપની શિર્કત થશે અને એઅ્ઝાઝ તથા ઈકરામથી નવાઝવામાં આવશે.

અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ છે કે તે ઉલમાએ કિરામને ઈખલાસ તથા ત્યાગભાવનાની સાથે દીનો સુન્નિયતની ખિદમત અંજામ આપવાની તૌફીક અતા ફર્માવતો રહે અને અવામે અહલે સુન્નતને ઉલમાની કદરદાનીની સઆદત બખ્શતો રહે. આમીન, બિજાહિન્નબી કરીમ અલૈહિસ્સલાતુ વત્તસ્લીમ.

**–યાસીન અખ્તર મિસ્બાહી**

*(હાલ) અલ્ જામેઅતુલ્ અશ્રફિયહ્ – મુબારકપૂર*

*૧૨–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૨૦ (૨૭–૬–૧૯૯૯)*





★ બિ ઈસ્મિહી તઆલા ★

## મન્કબત

## ★ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ ★

*(અઝઃ– મૌલાના અલ્હાજ ડોકટર શકીલ આ'ઝમી–ઘોંસી, જિ. મઊ–રુકને મજલિસે શૂરા, જામેઅહ્ અશ્રફિયહ્)*

તૂ હૈ મુકર્રમ તૂ હૈ મોઅઝ્ઝમ નાઈબે મુફતીએ આ'ઝમ
વકતકા તૂ હૈ મુફતીએ આ'ઝમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
શરહે બુખારી આઈના હૈ તેરી ઈલ્મી અઝમતકા
તૂને કિએ હલ ઉકદએ મુબ્હમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
તેરી હર તકરીર મુદલ્લલ તેરી હર તેહરીર મુકમ્મલ
તેરી હર તફસીર હૈ મોહકમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
હર ફન પર હૈ તુઝકો કુદરત તૂ હૈ સરાપા ઈલ્મો હિકમત
તેરી ફિકાહત અમ્રે મુસલ્લમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
તેરી ઈલ્મી શહકારોંસે બેશ બહા ફન પારોંસે
ફૈઝ મિલેગા સબકો પયહમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
ઠોકરેં હર હર ગામપે ખાકે તેરી હર તેહકીકકે આગે
અહલે ઈલ્મ કરેંગે સર ખમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
હિંમત કરકે અહ્લે બાતિલ આએ હૈં જબ ભી તેરે મુકાબિલ
ખો બૈઠે વો અપને દમ ખમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
તેરે સાયએ લુત્ફો કરમકો જાહો ચશ્મકો ઈલ્મો હિકમકો
રબ કરે અફઝૂં હર પલ હરદમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
તૂ હૈ નકીબે અહ્લે સુન્નત તૂ હૈ નિશાને રાહે શરીઅત
તેરી હકીકત સમઝેં કયા હમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
આલે રસૂલેપાકકી બરકત પાએંગે હમ અરબાબે અકીદત
મિટ જાએગા દિલસે હર ગમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
જશ્ને શરહે બુખારીકા યે નૂરાની માહોલ તો દેખો

મિલ ગયા સદકા એ નૂરે મુજસ્સમ નાઈબે મુફતીએ આઝમે હિંદ
આ'લા હઝરત, સદરે શરીઅત, મુફતીએ આ'ઝમ, હાફિઝે મિલ્લત
તૂ ઉન સબકે વસ્ફફા સંગમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
તેરી ઈલ્મી શાને જલાલત, ફિકહી બસીરત દર્સે મહારત
લહરાતી હૈ હર સૂ પરચમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
તેરી શફકત તેરી મહબ્બત છોટોંપે યૂં લુત્ફો ઈનાયત
જૈસે ગુલોં પર કતરાએ શબનમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
વકત કે સારે ઉલમા ફુકહા અહલે હિકમત અહલે તકવા
કરતે હૈં તુઝકો ખૂદ પે મુકદ્દમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
તેરી હર તસ્નીફકા દફતર તેરી હર તેહકીકકા જૌહર
કર ગયા કીમત લાલો ગોહર કમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
શરહે બુખારીકે સદકેમેં તુઝપે ખુદાકે ફઝ્લો કરમસે
હોગી નિગાહે રહમતે આલમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
હમ હૈ દુઆગો રબ્બુલ ઈઝ્ઝત બખ્શે ઉમ્રમેં તેરી બરકત
ફૈઝ રહે તેરા જારી હરદમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ
હૈ યહ 'શકીલ' ઈક ઝિંદા હકીકત માનતે હૈં સબ અહલે બસીરત
તુઝમેં હૈ શાને મુફતીએ આ'ઝમ નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ

## ★ તાલીમો તર્બિયત ★

અખંડ ભારતના માટે ફકીહે ઈસ્લામ, શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન, ઈમામે અહલે સુન્નત મૌલાના અશ્શાહ અહમદ રઝા હનફી, કાદરી, બરકાતી,બરેલ્વી કુદ્દેસ સિર્રહૂના નિયુકત કરેલા કાઝીએ શરઅ સદરુશ્શરીઅહ્, બદરુત્તરીકહ્, અબુલ ઉલા મૌલાના મુહંમદ અમજદ અલી આ'ઝમી કુદ્દેસ સિર્રહૂનુ પ્રિય વતન કસ્બા ઘૌસી જિ. આઝમગઢ પોતાની સઆદત તથા અઝમતના બારામાં એ એતાબારે વિશેષ ગર્વને લાયક છે કે ખાનવાદએ સદરુશ્શરીઅહ્ની જ એક શાખામાં શારેહે બુખારી, નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુફતી મુહંમદ શરીફુલ્ હક્ક અમજદી મદ્ ઝિલ્લહુલ્ આલીનો હિ.સ. ૧૩૪૦ ઈ.સ. ૧૯૨૧માં જન્મ થયો. જે આજે હિંદ તથા પાક.ના ઉલમા તથા ફકીહો વચ્ચે વિશિષ્ટ તથા અનોખુ સ્થાન





તથા વિશેષ પ્રકારની હૈસિયત તથા મહત્વ ધરાવે છે.

સદરુશ્શરીઅહ્ અને શારેહે બુખારી બંનેનુ પેઢીનામુ આગળ જતાં પોતાની અસ્લની સાથે આ પ્રમાણે આપસમાં ભળી જાય છે :–

સદરુશ્શરીઅહ્ મૌલાના મુહંમદ અમજદઅલી આઝમી ઈબ્ને હકીમ જમાલુદ્દીન ઈબ્ને મોલ્વી અબ્દુસ્સમદ ઈબ્ને ષનાઉલ્લાહ ઈબ્ને લઅલ મુહંમદ ઈબ્ને મૌલાના ખૈરુદ્દીન....મૌલાના ખૈરુદ્દીનની ઔલાદ વિશેષત : સદરુશ્શરીઅહ્ તથા શારેહે બુખારીના ઝરીયા દીન તથા મઝહબ અને ઈલ્મો ફઝ્લના વિવિધ ક્ષેત્રો ખાસ કરીને તદરીસ તથા ઈફતાના મેદાનમાં રબ તબારક વ તઆલાએ હિંદ તથા પાક. ને ખયરે કષીર (પુષ્કળ ભલાઈ)થી નવાઝયાં.

મહોલ્લા બાગીચા કસ્બા ઘૌસીના સ્થાનિક મકતબમાં શારેહે બુખારીએ નાઝરા તથા કુર્આન શરીફની તાલીમ હાંસલ કરી અને સદરુશ્શરીઅહ્ના વચેટ ભાઈ હકીમ અહમદ અલી પાસે ગુલિસ્તાં બોસ્તાં પઢયા. શોખ તથા દિલચસ્પીની સાથે આ પ્રારંભિક તાલીમ હાંસલ કરી. અને આગળ બાકાયદા અરબી તાલીમથી પોતે પોતાને સજ્જ કરવાની તમન્ના અને લગને આપના નિશ્ચય તથા ઈરાદાને વેગ આપીને આપને કોઈ એવી દર્સગાહની તલાશમાં સક્રિય કરી દીધા જ્યાં પહોંચીને અધિકથી અધિક ઊંચી તાલીમ હાંસલ કરવામાં આવે.

હિ.સ. ૧ ઉપરમાં આઝમગઢ જિલ્લા તથા આસપાસમાં નસીમે સહર (સવારની ઠંડી હવા)ની જેમ જેવી એ ખુશ ખબરી ફેલાઈ કે સદરુશ્શરીઅહ્ પોતાના અઝીઝતરીન શાર્ગિદ મૌલાના અબ્દુલ અઝીઝ મુરાદાબાદી (જલાલતુલ્ ઈલ્મ હાફિઝે મિલ્લત બાની જામેઅતુલ્ અશ્રફિયહ્ મુબારકપૂર)ને એ નિય્યતે મુબારકપૂર મોકલી ચૂકયા છે કે ત્યાં પહોંચીને તેઓ અહલે સુન્નતના મદ્રસાનો ઉછેર કરે, યુ.પી. ના ઈલાકામાં બદઅકીદગી તથા બદમઝહબિયતની વધી રહેલા પ્રભાવનુ નિવારણ કરે અને ફિત્નાઓના પર અંકુશ લગાડે.

આ ખુશ ખબરી સાંભળતાં જ સદરુશ્શરીઅહની સરપરસ્તી અને તથા

સાથમાં શારેહે બુખારી ૧૦–શવ્વાલ હિ.સ. ૧૩૫૩, ઈ.સ. ૧૯૩૪માં મુબારકપૂર પહોંચી ગયા, જ્યાં મદ્રસા લતીફિયહ્ મિસ્બાહુલ્ ઉલૂમ, મહોલ્લા પુરાની બસ્તીમાં પઢવા પઢાવવાનો ક્રમ શરૂ થયો.

ઉસ્તાઝે ગિરામી મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુરાદાબાદીની રાત દિવસની મહેનત તથા કોશિશો એટલી જલ્દી રંગ લાવી કે ઉલૂમે નબુવ્વતના પ્યાસાઓ તે દૌરના હિસાબે એક મોટી સંખ્યામાં હિ.સ. ૧૩૫૨માં જ મુબારકપૂર પહોંચી ગયા જેમના માટે તે મદ્રસાની વિશાળતા તથા ઈમારત દરેક રીતે અપૂરતી સાબિત થઈ. એક વરસ પણ પૂર્ણ થયું ન હતું કે ગોલા બાઝાર, મુબારકપૂરમાં તેનાથી પણ વિશાળ તથા વિસ્તારવાળી જમીન હાંસલ કરીને શવ્વાલ હિ.સ. ૧૩૫૩માં એક મોટા મદ્રસાની સંગે બુનિયાદ રાખવામાં આવી. અવામે અહલે સુન્નતના તઆવુન (સહકાર)થી તેની ભવ્ય ઈમારત અહલે સુન્નતની ઉમ્મીદો તથા આરઝૂઓનુ મર્કઝ બની ગઈ, અને તેનુ નામ રાખવામાં આવ્યું "દારુલ ઉલૂમ અહ્લે સુન્નત મદ્રસા અશ્રફિયહ્ મિસ્બાહુલ ઉલૂમ – મુબારકપૂર." અહીં જ શારેહે બુખારી પ્રારંભિક અરબીથી લઈને સદરા તથા હમ્દુલ્લાહ તથા હિદાયહ્ તથા તિર્મિઝી શરીફ સુધી પઢયા અને અબુલ ફૈઝ મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુરાદાબાદીના ફયૂઝાને ઈલ્મથી આપનો સીનો મોજાં મારવા લાગ્યો.

મુર્હરમુલ હરામ હિ.સ. ૧૩૬૧ ઈ.સ. ૧૯૪૨માં સાત આઠ મહીનાઓ માટે મદ્રસા ઈસ્લામિયહ્ અરબિય્યહ્ અંદરકોટ મેરઠના પણ આપ તાલિબે ઈલ્મ રહ્યા. અહીં આપે સદરુલ ઉલમા હઝરત મૌલાના સૈયદ ગુલામ જીલાની અલીગઢી ષુમ્મ મેરઠીથી હાશિયા અબ્દુલ ગફૂર તથા શમ્સ બાઝગહ્ વગેરે અને ખૈરુલ્ અઝકિયા હઝરત મૌલાના ગુલામ યઝદાની આઝમથી 'ખયાલી તથા કાઝી મુબારક' વગેરેનો દર્સ લીધો.

શવ્વાલ મુકર્રમ હિ.સ.૧૩૬૧ ઈ.સ. ૧૯૪૨માં મદ્રસા મઝહરે ઈસ્લામ મસ્જિદ બીબીજી બરેલી શરીફ પહોંચ્યા અને ત્યાં આપે અબુલ ફઝ્લ મૌલાના સરદાર અહમદ ગુરદાસપૂરી (મુહદ્દિષે આઝમ પાકિસ્તાન)થી સિહાહ સિત્તાહ હરફન્ હરફન્ પઢીને દૌરએ હદીષની પરિપૂર્ણતા કરી. અને ૧૫–શાબાન, હિ.સ. ૧૩૬૨ ઈ.સ. ૧૯૪૩માં દર્સે નિઝામીથી આપની





ફરાગત થઈ. સદરુશ્શરીઅહ્ મૌલાના મુહંમદ અમજદ અલી આ'ઝમી, સદરુલ્ અફાઝિલ્ મૌલાના શાહ નઈમુદ્દીન મુરાદાબાદી, મુફતીએ આ'ઝમ મૌલાના મુસ્તફા રઝાખાં કાદરી, બરકાતી, નૂરી તથા અન્ય મહાન મહાન ઉલમા તથા મશાઈખે અહલે સુન્નતે આપના સર પર દસ્તારે ફઝીલત બાંધી અને જભ્ભાથી નવાઝયા. આ મુબારક તથા મસ્ઊદ મૌકા પર મુફતીએ આ'ઝમે મદ્રસાની આમ સનદ ઉપરાંત પોતાની ખાસ સનદ વડે પણ આપને સરફરાઝ ફર્માવ્યા.

ઉસ્તાદોમાં જે હઝરાતની તાલીમો તર્બિયતની આપની જિંદગી પર ગહરી અસર (ઊંડો પ્રભાવ) છે તેમાં હાફિઝે મિલ્લત, અબુલ્ ફયૂઝ મૌલાના અરશાહ અબ્દુલ અઝીઝ સાહબ કિબ્લા મુરાદાબાદી બાની અલ્ જામિઅતુલ અશ્રફિયહ્ – મુબારકપૂર અને મુહદ્દિષે આઝમ પાકિસ્તાન, અબુલ ફઝ્લ મૌલાના સરદાર અહમદ કાદરી રઝવીના નામો તરી આવે છે. વિશેષત : હાફિઝે મિલ્લતથી આપે સૌથી વધુ ફયૂઝ પામ્યો, એટલા માટે હાફિઝે મિલ્લતથી આપને અતિશય કક્ષાની દિલી મહોબ્બત તથા ઉલ્ફત અને અકીદત છે, અને આપના આબાદ કરેલા શહરિસ્તાને ફઝ્લો કમાલ "અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્" મુબારકપૂરના નાઝિમે તા'લીમાત તથા સદર મુફતીના મસ્નદે એ'ઝાઝ (માનવંત હોદ્દો) પર બેસીને કેવળ તલબા તથા અશ્રફિયહ્ના ઉસ્તાદો જ નહીં બલ્કે આમ મુસલમાનોની પણ દીની તથા ઈલ્મી રહનુમાઈ ફર્માવી રહ્યા છે. સવાલ કરનારાની ક્ષમતા તથા ઈલ્મની પ્યાસ પ્રમાણે સૌને આજે પણ હાફિઝે મિલ્લતનો ફયૂઝ વહેંચી રહ્યા છે અને દુઆ છે કે :–

**તા હશ્ર રહે સાકી આબાદ યે મયખાના**

## ★ આપના ઉસ્તાદો ★

અહલે સુન્નતના મદ્રસાઓમાં લગભગ બાર વરસ સુધી શારેહે બુખારીએ નિયમાનુસાર તાલીમ પ્રાપ્ત કરી. મન્કૂલાત તથા મઅ્કૂલાતની સર્વ ચાલતી કિતાબો પોતાના ઉસ્તાદોથી પઢી અને ઈલ્મો તથા ફુનૂનની પરિપૂર્ણતા પછી ઉસ્તાદો તથા અકાબિરો સાથે ફાયદો પ્રાપ્ત કરવાનો ક્રમ સતત જારી રાખ્યો. ઉસ્તાદોની યાદીમાં આ નામો વિશેષતઃ ઉલ્લેખનીય છે :–

**૧.** સદરુશ્શરીઅહ્ મૌલાના હકીમ મુહંમદ અમજદ અલી આઝમી, લેખક– બહારે શરીઅત, ખલીફએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી, માજી સદર મુદર્રિસ દારુલ ઉલૂમ મુઈનિયહ્ ઉષ્માનિયહ્, દરગાહ મહોલ્લા, અજમેર મુકદસ.

**૨.** મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના મુસ્તફા રઝા કાદરી, ખલફે અસગર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી બરકાતી બરેલ્વી.

**૩.** હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલઅઝીઝ મુરાદાબાદી બાની અલ્જામિઅતુલ્ અશ્રફિયહ્– મુબારકપુર.

**૪.** મુહદ્દિષે આઝમ પાકિસ્તાન મૌલાના મુહંમદ સરદાર અહમદ કાદરી રઝવી ગુરદાસપૂરી.

**૫.** સદરુલ ઉલમા મૌલાના સૈયદ ગુલામ જીલાની અલીગઢી મેરઠી માજી સદર મુદર્રિસ મદ્રસા ઈસ્લામિયહ્ અરબિય્યહ્, મેરઠ.

**૬.** ખૈરુલ અઝકિયાઅ્ મૌલાના ગુલામ યઝદાની આ'ઝમી, માજી સદર મુદર્રિસ મદ્રસા મન્ઝરે ઈસ્લામ, મસ્જિદ બીબીજી, બરેલી શરીફ.

**૭.** શૈખુલ્ મઅ્કૂલાત મૌલાના મુહંમદ સુલૈમાન ભાગલાપૂરી, માજી શૈખુલ હદીષ જામિઅહ્ હમીદિયહ્ રઝવિય્યહ્, મદનપૂરા, બનારસ.

**૮.** મૌલાના ગુલામ મુહીયુદ્દીન બલ્યાવી.

**૯.** મૌલાના શમ્સુલ હક્ક ગજહળવી મુબારકપૂરી

ઉપરોકત દર્શાવેલ ઉલમા તથા અસાતેઝાએ કિરામથી વિવિધ સ્થળોએ વિવિધ સમયોમાં શારેહે બુખારીએ દર્સ લીધો, લાભ મેળવ્યો, તેમના દામને ફઝ્લો કરમથી ફયઝ હાંસલ કર્યો, અને પોતાની જાતને ઈલ્મના અલંકારોથી સુસજ્જ કર્યા. આ મુરબ્બીઓ તથા મોહસિનોમાંથી કોઈ પણ આજે જાહેરી રીતે આપણી વચ્ચે મૌજૂદ નથી પણ તેમની પ્રગટાવેલી શમ્અ રોશન છે. અને તેમનો રોપેલો છોડ આજે ઘટાદાર તથા વિશાળ સાયાદાર વૃક્ષના રૂપે છે.





## ★ તદરીસી ખિદમતો ★

અઢળક ઈલ્મવાળા અસાતેઝાએ કિરામ (ઉસ્તાદો)થી ઈલ્મી ફયઝ હાંસલ કર્યા બાદ લગભગ ૩૫ વરસો સુધી શારેહે બુખારીએ મહેનતપૂર્વક અને કમાલની મહારત સાથે પસીનો રેડીને દર્સ તથા તદરીસની (તલબાને પઢાવવાની) ખિદમત અંજામ આપી. મઅ્કૂલાત તથા મન્કૂલાતની સર્વ કિતાબોને વારંવાર પઢાવી. તીવ્ર બુધ્ધિશાળી તલબા (વિદ્યાર્થીઓ)ના વાંધાઓ તથા શંકાઓને દૂર કરીને તેમને ઈલ્મી તથા ફન્ની રીતે દરેક પાસાંએથી સંતુષ્ઠ રાખ્યા, ગહરી તથા ઊંડાણવાળી વાતોને હલકી (આસાન) બનાવી, તળિયે છુપાયેલાં રહસ્યો તથા ભેદોને ઉઘાડા કર્યા અને કેવળ કિતાબ નહીં બલ્કે કિતાબના ફન તથા મસાઈલ તથા મુબાહિષે ફન સમજવા સમજાવવાનો તલબામાં શોખ પેદા કર્યો.

મદ્રસા બહરુલ ઉલૂમ, મઉનાથ ભંજન જિ. આઝમગઢ, મદ્રસા શમ્સુલ ઉલૂમ, ઘૌસી જિ. આઝમગઢ, મદ્રસા ખૈરુલ ઈસ્લામ, ચકલા પલામૂં–બિહાર, મદ્રસા હનફિય્યહ–માલેગાંવ–મહારાષ્ટ્ર, મદ્રસા ફઝ્લે રહ્માનિયહ્, પચપળ વા– ગૌંડા, મદ્રસા અયનુલ ઉલૂમ, ગેવાલ બેગા, ગયા–બિહાર, જામિઅહ્ અરબિય્યહ્ અન્વારુલ, કુર્આન, બલરામપુર, જિ. ગૌંડા, દારુલ ઉલૂમ નિદાએ હક્ક, જલાલપુર – જિ. ફૈઝાબાદ, દારૂલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ, મસ્જિદ બીબીજી–બરેલી શરીફની દર્સગાહોને આપે ઝીનત બખ્શી, અને તેની મસ્નદે તદરીસ પર જલ્વા અફરોઝ થઈને આપે હિકમતો દાનિશના ચમકતાં મોતીઓ લૂટાવ્યાં.

જે ખુશનસીબ તલબા અને આજના પ્રખ્યાત ઉલમાએ આપની સમક્ષ અદબ સાથે બેસીને આપની પાસેથી સમજ શકિતની દૌલત હાંસલ કરી એમાંથી કેટલાંક નામો આ પ્રમાણે છે. :–

ખ્વાજા મુઝફ્ફર હુસૈન રઝવી પૂરનવી, મૌલાના મુજીબ અશરફ આઝમી નાગપૂરી, કાઝી અબ્દુર્રહીમ બસ્તવી–બરેલી શરીફ, મૌલાના રહમત હુસૈન કલીમી (બાઈસી, પુર્નિયહ્), મૌલાના અઝીઝુલ હસન આઝમી, મૌલાના કમરુદ્દીન અશરફી આ'ઝમી, મૌલાના હફીઝુલ્લાહ આ'ઝમી, મૌલાના સુલ્તાન

અહમદ અદરવી, મૌલાના ઈમામુદ્દીન મુસ્તફવી, મુફતી શફીક અહમદ શરીફી (ઈલાહાબાદી), હાજી શફીક અહમદ અઝીઝી આ'ઝમી, મૌલાના અફઝાલ અહમદ (ગોંડા), મૌલાના મુહંમદ ઉમર બેહરાઈચી, મૌલાના ગુલામ રબ્બાની ફાઈકુલ કાદરી,મૌલાના મુહંમદ કૌષરખાં નઈમી (જહાંગીરગંજ), મૌલાના રહ્‌મતુલ્લાહ બલરામપૂરી, મૌલાના અબ્દુલ વદૂદ ફકીહ (રાય બરેલ્વી), મૌલાના કારી શફીક અહમદ (પચપળવા), મૌલાના સૂફી અફ્ઝલુર્રહમાન – પચપળવા, મૌલાના તય્શ મુહંમદ શરીફી–ધોલપૂર, મૌલાના વલીયુલ્લાહ સાહબ–મુંબઈ, મૌલાના શમીમુઝ્ઝમાં – હોળા, મૌલાના કમાલ અહમદ નાનપરા, મૌલાના અર્શ મુહંમદ (ઝિયાઉલ્ ઉલૂમ અદરી) વગેરે...

તેમજ જામેઅહ્ અશ્રફિયહ્ મુબારકપૂરના ઉસ્તાદો મુફતી મુહંમદ નિઝામુદ્દીન રઝવી, મૌલાના હાફિઝ અબ્દુલ હક્ક રઝવી, મુફતી મેઅરાજ અહમદ, મૌલાના બદર આલમ, મૌલાના મુહંમદ નસીમ મિસ્બાહી આપના શાગિર્દોમાં સામેલ છે.

અલ્ મજમઉલ્ ઈસ્લામી મુબારકપૂરના રુકનો (સભ્યો) મૌલાના મુહંમદ અહમદ આ'ઝમી મિસ્બાહી, મૌલાના ઈફતેખાર અહમદ કાદરી, મૌલાના અબ્દુલ મુબીન નોઅ્માની, મૌલાના બદરુલ કાદરી અને નાચીઝ (લેખક) પોતે યાસીન અખ્તર મિસ્બાહીએ સેંકડોવાર સેંકડો બહષો તથા મસાઈલમાં આપનાથી લાભ મેળવ્યો છે, અને વરસો વરસથી આજ સુધી ફય્ઝ પ્રાપ્ત કરવાનુ સતત ચાલુ જ છે. એ એતબારથી વર્ણન કરેલ રુકનોને પણ આપના શાગિર્દોની સફમાં ગણવામાં આવે છે, જે ન કેવળ સહીહ છે બલ્કે અમારા સૌના માટે ગર્વ લેવાની વાત પણ છે.

## ★ ફિકહ તથા ઈફતા ★

બરેલી શરીફની એક મજલિસમાં સદરુલ્ અફાઝિલ મૌલાના સૈયદ શાહ નઈમુદ્દીન મુરાદાબાદી તથા મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના મુસ્તફા રઝા કાદરી નૂરી બરકાતી તથા મુબલ્લિગે ઈસ્લામ મૌલાના અબ્દુલ અલીમ સિદ્દીકી મેરઠી તથા મલિકુલ ઉલમા મૌલાના ઝફરુદ્દીન કાદરી બિહારીની મૌજૂદગીમાં





૨૯–જમાદીઉલ આખર હિ.સ. ૧૩૬૪, ઈ.સ. પ્રમાણે મે–૧૯૪૩માં સદરુશ્શરીઅહ્થી શારેહે બુખારીએ બુખારી શરીફનો દર્સ લીધો અને શાબાન હિ.સ. ૧૩૬૬, ઈ.સ. ૧૯૪૭થી શવ્વાલ હિ.સ. ૧૩૬૭ ઓગસ્ટ – ૧૯૪૮ સુધી પોતાના કસ્બા ઘોસી (જિ. આઝમગઢ)માં સદરુશ્શરીઅહ્થી ફિકહી જ્ઞાનનો લાભ મેળવ્યો તથા ફતાવાનવેશી (ફતવા લેખન)ની પ્રેકિટસ કરી, સતત આ ચૌદ મહીનાઓ દરમ્યાન શારેહે બુખારી કદીક સદરુશ્શરીઅહ્ને ટપાલમાં આવેલ પત્રો સંભળાવીને તેના જવાબો લખતા, કદીક મુશ્કેલ મસાઈલનો હલ પૂછતા, કયારેક ફતાવા અમજદિયહ્ (અઝ–સદરુશ્શરીઅહ્) વાંચી સંભળાવતા, કયારેક પોતાના લખેલા ફત્વાની સુધારણા કરાવતા અને કદીક ખૂદ સદરુશ્શરીઅહ્ આપને જાતે જ કેટલાક મસાઈલ આપીને તેનો જવાબ લખવાનો હુકમ આપતા.

દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ, બરેલી શરીફ ખાતે દર્સ લેવાના સમયમાં શવ્વાલ હિ.સ. ૧૩૭૫, જૂન, ઈ.સ. ૧૯૫૬ થી હિ.સ. ૧૩૮૬, ઈ.સ. ૧૯૬૭ અગીયાર વરસ બે મહીના ત્રણ દિવસની લાંબી મુદ્દતમાં શારેહે બુખારીએ મુફતીએ આઝમે હિંદથી હજારોવાર હજારો મસાઈલમાં ફાયદો હાંસલ કર્યો. દસ વર્ષ સુધી મુફતીએ આ'ઝમે કરમ તથા નવાઝિશ ફર્માવીને ખૂદ પોતાના મુબારક રહેઠાણે આપની રહેવા જમવાની ખાસ વ્યવસ્થા રાખી જેના કારણે આપને નિકટતાનો મોકો તથા સહુલત દરેક ચીજ હાંસલ હતી, જેથી દીની તથા ઈલ્મી તથા ફિકહી જે વાત સમજવી હોય તે સમજી લેતા, જે મસ્અલો પૂછવો હોય તે પૂછી લેતા. જે ફત્વાને જ્યારે સંભળાવવાનો થાય ત્યારે સંભળાવી દેતા અને જે ઈસ્લાહ લેવાની હોય લઈ લેતા. ખૂદ શારેહે બુખારી ફર્માવે છે કે :–

ઈસ્લાહનો તરીકો એ ન હતો કે મારા લખેલાને કટ કરી દીધું અને પોતાનુ વાકય લખી આપ્યું, બલ્કે ફર્માવતા કે તમે લખ્યું છે તેમાં આ ખરાબી છે, એમાં આ પ્રમાણે હોવું જોઈએ આ સિલસિલો રાતના બે વાગ્યા સુધી ચાલતો, મોડે સુધી સવાલો જવાબનો ક્રમ પણ રહેતો. કયારેક જો આ સિલસિલો લાંબો ચાલતો તો ખૂબ જ પ્રેમાળભાવે ફર્માવતા, "હું પઢી ચૂકયો છું મને પઢાવશો નહીં !"

ફિકહ તથા ઈફતામાં સદરુશ્શરીઅહ્ તથા મુફતીએ આ'ઝમને ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિર્રહૂના શાગિર્દો તથા ખલીફાઓમાં અનોખી શાન ઉપલબ્ધ છે, બલ્કે આ બંને હઝરાતને ઈમામ અહમદ રઝાએ હિંદુસ્તાનના કાઝી તથા મુફતી નિયુકત કર્યા હતા, જેથી કઝા તથા ઈફતામાં (કાઝી પણુ તથા ફત્વા આપવામાં) તેમની સમૃધ્ધતા તથા મહાનતાનો ખાસ રીતે નિર્દેશ થાય છે. આવા બે મહાન ફકીહો તથા મુફતીયાતે કિરામના ફયૂઝ પામેલ તથા તેમની દેખરેખ પામેલ તથા તેમની હેઠળ પરવરિશ પામેલ વિશ્વસનીય મુફતી શારેહે બુખારીની ફિકહી તથા ફન્ની હેસિયત ધોળા દિવસની જેમ ઉજ્જવળ છે.

આ પણ એક આકસ્મિક ઐતિહાસિક સંજોગ છે કે ફકીહે ઈસ્લામ ઈમામ અહમદ રઝાએ સૌ પ્રથમ મસ્અલો રઝાઅત (સ્ત્રીના દૂધ બાબત)નો લખ્યો હતો, મુફતીએ આ'ઝમની ખિદમતમાં પણ પ્રથમ મસ્અલો રઝાઅતનો જ રજુ થયો જેનો એમણે જવાબ આપ્યો અને તેમના પૌત્ર શાર્ગિદ નાઈબે મુફતીએ આ'ઝમ (શારેહે બુખારી)એ પણ પ્રથમ મસ્અલો રઝાઅતનો જ લખ્યો.

લગભગ પચીસ હજાર ફત્વા શારેહે બુખારીએ બરેલી શરીફમાં લખ્યા અને મૌખિક રીતે પણ આમ તથા ખાસ લોકોને હજારો મસાઈલ બતાવ્યા, તેમની શંકાઓનું સમાધાન કર્યું અને આ ક્રમ તે સર્વ અહલે સુન્નતના મદ્રસાઓમાં ચાલુ રહ્યો જ્યાં જ્યાં આપ વિવિધ સમયોમાં પહોંચતા રહ્યા. પરંતુ ઝીલ હજ્જ હિ.સ. ૧૩૯૬ ઈ.સ. ડિસેમ્બર–૯૭થી અલ્ જામિઅતલ્ અશ્રફિયહ્ મુબારકપુરમાં તશરીફ લાવ્યા બાદ કેવળ ઈફતા (ફત્વા આપવાની) ખિદમત આપને સોંપવામાં આવેલી છે. કેટલાયે સહાયક મુફતીઓ આપની સરપરસ્તી તથા નિગરાનીમાં આપના ફત્વા વિભાગમાં છે અને ફત્વા વિભાગના સદરની હૈસિયતથી આપ ફત્વાની ઈસ્લાહ તથા તસ્દીક (સમર્થન) ફર્માવી રહ્યા છે અને પોતે પણ ફત્વા લખાવી રહ્યા છે.

જામેઅહ્ અશ્રફિયહ્ મુબારકપૂરની તાલીમી મર્કઝિયત અને દેશ વિદેશમાં તેની વધતી તથા પ્રસરી રહેલી અસરો તથા વધતા સંબંધોના કારણે આવતા સવાલો જોતાં અને વળી ફિકહ તથા ઈફતામાં શારેહે બુખારીના નાઈબે





મુફતીએ આ'ઝમ હોવાના સબબે **ફત્વા વિભાગ** તથા **શારેહે બુખારી**ની જાત વર્તમાનકાળમાં અજોડ કેન્દ્ર સ્થાન ધરાવે છે. આધુનિક સમસ્યાઓના ઉકેલ માટે સ્થાપિત થયેલી 'મજલિસે શરઈ'ના સરપરસ્ત શારેહે બુખારી જ છે. વર્તમાનકાળમાં આખા દેશમાં બરેલી શરીફ પછી મુબારકપૂરના ફત્વાને સૌથી અધિક વિશ્વાસ તથા વકાર સંપાદન થયેલ છે.

શારેહે બુખારીના ફત્વા જરૂરત પ્રમાણે વિગતે અથવા સંક્ષિપ્તમાં આયતો તથા હદીષો તથા ઈર્શાદો તથા સહાબા, તાબઈન તથા મુજતહીદોના અકવાલ (કથનો)થી ભરપૂર હોય છે. ઠેક ઠેકાણે ફિકહની વિશ્વનીય કિતાબોના હવાલાઓથી શરઈ મસાઈલ પૂરવાર તથા સ્પષ્ટ થાય છે. સાઈલ તથા ફત્વો પૂછનારના મેઅ્યાર (ઈલ્મી કક્ષા)અને તેના તેવર (વ્યૂહ) પર દરેક ફત્વા અને દરેક જવાબમાં ઊંડી નજર હોય છે. શરીઅતની મસ્લેહતો હર પલ સામે હોય છે, કયાંક નિર્ણય કરવાનો હોય છે કયાંક બે વાતોની યોગ્ય છણાવટ કરવાની હોય છે, કયાંક છુપાયેલા વાંધાઓનો જવાબ હોય છે તો કયાંક ચેતવણી તથા હિદાયત હોય છે. અને લીટી લીટીમાં મુફતીની રસ્મના નિયમોનુ પાલન પણ હોય છે.

આ જ વિશિષ્ટતાઓ તથા ખૂબીઓ અને ફિકહ તથા ઈફતામાં અડધી સદીની પ્રેકિટસ અને અનુભવ તથા મહારત અને દિર્ધ દ્રષ્ટિ હિજરીના પ્રથમ ચોથા ભાગમાં અને વીસમી સદી ઈસ્વીના અંતિમ ચોથા ભાગમાં શારેહે બુખારીને ''મરજઉલ ફતાવા''ના ફત્વાના કેન્દ્રના ઉચ્ચ સ્થાને બિરાજમાન કરી દીધા છે.

એક મજલિસમાં આપેલી ત્રણ તલાકના બારામાં હનફી મઝહબના સમર્થનમાં શારેહે બુખારીના એક ફત્વાને જોઈને મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના મુહંમદ હબીબુર્રહ્માન સાહબ કાદરી શાગિર્દે સદરુશ્શરીઅહ્એ ખુશી પ્રદર્શિત કરતાં ઈર્શાદ ફર્માવ્યો, અતિ મજબૂત દલીલોની સાથે જે રીતે આપે હનફી મઝહબને દલીલોથી શણગાર્યો છે અને ગૈર મુકલ્લિદોની પોલ ઉઘાડી કરી છે તેને વાંચીને મને મારા વૃધ્ધ થવાનો ગમ ગલત થઈ ગયો છે. (એટલે કે સંતોષ છે કે અમારી પાછળ અંધારૂ નથી !)

બસ્તી જિલ્લાના એક જાહેર જલ્સામાં સૈયદુલ ઉલમા સૈયદ શાહ આલે મુસ્તફા કાદરી બરકાતી મારહરવીએ ફર્માવ્યું કે, આ'લા હઝરતે સદરુશ્શરીઅહ્‌ના બારામાં ફર્માવ્યું હતું કે મૌજૂદ લોકોમાં તફક્કુહ્‌ જેનુ નામ છે તે મોલ્વી અમજદ અલીમાં વિશેષ જોવા મળશે. અને હું કહું છું કે વર્તમાનકાળમાં તફક્કુહ્‌ જેનુ નામ છે તે અમુક અકાબિરને છોડીને મુફતી શરીફુલ હક્ક અમજદીમાં વિશેષ પામશો.

અહસનુલ ઉલમા સૈયદ શાહ હસન હૈદર મિયાં કાદરી બરકાતી મારહરવી ફર્માવ્યા કરતા હતા, ઈન્સાનના માટે જરૂરી છે કે જેવી રીતે ચકાસણી કર્યા બાદ પોતાના ડોકટરની પસંદગી કરે છે, તેવી જ રીતે સંપૂર્ણ વિચારણા અને તેહકીક કર્યા બાદ કોઈને પોતાનો મુફતી બનાવે. મુફતીએ આઝમે હિંદ પછી ખૂબ જ સોચી વિચારીને અમે નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ મુફતી મુહંમદ શરીફુલ હક્ક અમજદીને પોતાના મુફતી બનાવ્યા છે, આ 'બરકાતી મુફતી' છે.

## ★ તહરીર તથા તસ્નીફ ★

### (લેખન કાર્ય તથા કિતાબ )

તદરીસ (તલબાને પઢાવવાની) તથા ઈફતાની (ફત્વા આપવાની) ભારે જિમ્મેદારીઓની સાથોસાથ શારેહે બુખારીએ કાગળ તથા કલમનો પણ હક્ક અદા કર્યો છે. તેમની તહરીર તથા કૃતિઓ (કિતાબો) અડધી સદી સુધીમાં ફેલાયેલી છે. પ્રારંભથી જ આપે સ્ટાન્ડર્ડ લેખો લખ્યા અને આપના વહેતા કલમે જે મેદાનની પ્રતિ ચહેરો કર્યો તેને સૈરાબ (તૃપ્ત) કર્યો. જે મેદાનની પ્રતિ આપના કલમનો ઘોડો ચાલ્યો તેને ફિક્રો નઝરના ઘોડાની મદદથી સર કરતો ગયો, જે હક્કને ચાહયું તેનો ચહેરો નિખારીને રોશન કરી દીધો અને જે બાતિલ પર અંકુશ નાખ્યો તેને ખેંચીને પોતાના પગોથી કચડી નાખ્યું. જાણે કે કિલકે અમજદી (અમજદી કલમ)માં કિલકે રઝાની હક્કની હિમાયત તથા બાતિલને રદ કરવાની ઝલક જોવા મળે છે, દબદબાનો શોર છે અને ફયૂઝાન તથા તૌફીકનુ ખૂબસૂરત પ્રતિબિંબ (અકસે જમીલ) છે.

વિવિધ દીની તથા ઈલ્મી વિષયો પર આપની કિંમતી અને સમૃધ્ધ





તહરીરો (લખાણો) દબદબાએ સિકંદરી–રામપૂર, નૂરી કિરન–બરેલી શરીફ, પાસબાન–ઈલાહાબાદ, જામે કૌષર–કલકત્તા, ઈસ્તિકામત–કાનપૂર, અશ્રફિયા–મુબારકપૂર, રિફાકત–પટના, હિજાઝ જદીદ – દિલ્હી...... વગેરેમાં છપાઈને આમ તથા ખાસ લોકોમાં મકબૂલ થતી રહી. માહનામા અશ્રફિયા મુબારકપૂરમાં કાળજીપૂર્વકની સાથે સતત આપના વિવિધ ફત્વા છપાઈ રહ્યા છે. અહલે સુન્નતના વિવિધ મદ્રસાઓમાં તાલીમ આપવાના દૌરમાં છૂટક છૂટક રીતે વિવિધ વિષયો પર કિતાબો તથા લેખો લખવાનુ કાર્ય ચાલુ રહ્યું, પરંતુ અશ્રફિયા મુબારકપૂર આવ્યા બાદ મારી તથા મૌલાના ઈફતેખાર અહમદ કાદરીની દરખાસ્ત તથા આગ્રહ પર આપે બુખારી શરીફનો તર્જુમો તથા શરહ (વિસ્તૃત સમજુતી) લખવાનુ બીડુ ઝડપ્યું અને હવે એ ઐતિહાસિક કારનામુ પરિપૂર્ણતાએ પહોંચી ગયું છે.

આપના છપાયેલા લેખોને એકત્રિત કરીને 'મકાલાતે શારેહે–બુખારી'ના નામથી થોડાક જ દિવસોમાં મન્ઝરે આમ પર લાવવાની તૈયારી છે. લગભગ એક હજાર પૃષ્ઠો પર ફેલાયેલા આ લેખો છે. મઝહબ, તારીખ, સવાનેહ...વિગેરે સંબંધી આ એકત્રિત લખાણોમાં દરેક ક્ષેત્રે તેહકીક (સંશોધન) તથા તન્કીદ (આલોચના)ના રંગો સમાયેલા છે.

શારેહે બુખારીની નાની મોટી છપાયેલ કિતાબોની યાદી આ પ્રમાણે છે :–

(૧) નુઝહતુલ્‌ કારી શરહે સહીહ બુખારી
(૨) અશ્રફુસ્સેયર
(૩) ઈસ્લામ ઔર ચાંદકા સફર
(૪) અસ્સિરાજુલ્‌ કામિલ
(૫) અશ્કેરવાં
(૬) તેહકીકાત (બે ભાગ)
(૭) અષ્બાતે ઈસાલે સવાબ
(૮) સુન્ની દેવબંદી ઈખ્તેલાફકા મુન્સિફાના જાએઝા
(૯) મકાલાતે અમજદી
(૧૦) રૂદાદે મુનાઝરા (હવાશી)

(૧૧) અઝાને ખુત્બા (ઈફાદાત)
(૧૨) તન્કીદે બર મહલ (ઈફાદત)
(૧૩) ફિત્નોંકી સરઝમીન નજદ યા ઈરાક ?
(૧૪) મુફતીએ આ'ઝમ અપને ફઝ્લો કમાલકે આઈનેમેં
(૧૫) હવાશી ફત્વાએ અમજદિયહ્ (અવ્વલ વ દૌમ)
(૧૬) ફતાવા અશ્રફિયા (છપાઈ રહી છે)

## ★ તકરીર તથા તબ્લીગ ★

તકરીર તથા ખુત્બા (પ્રવચનો)ની તાસીરની તીવ્રતા દરેક યુગ, દરેક પ્રદેશ, દરેક કૌમ અને દરેક ભાષાના લોકોમાં સિધ્ધ થઈ ચૂકેલ છે. અને આલમી કાર્યવિધિઓની ઈસ્લાહી શકિતમાં ઝબાનની શકિતનો ઘણો મોટો હિસ્સો રહેલો છે. એટલા માટે પૂર્વ કાળથી વર્તમાન યુગ સુધી મોટા ભાગની શખ્સિયતો હક્ક તથા બાતિલના જંગના મેદાનમાં અને સારા તથા બુરા વચ્ચેની અથડામણમાં ઝબાનનાં તીર તથા કમાન અને તલ્વારો તથા ભાલાઓ તેજ કરીને તેનાથી સજ્જ થઈને સામેના હરીફને હિકમત તથા સારી નસીહતની સાથે હક્કને સ્વીકારવાની દા'વત અને ઈન્કાર તથા અદાવતના રૂપમાં તેમને લડાઈનુ નિમંત્રણ આપતા રહે છે.

શારેહે બુખારીની જીભ વધુ ચાલે છે કે કલમ અધિક ગતિમાં છે કે ફિક્ર અધિક મોજાં ઉછારે છે તેનુ વિશ્લેષણ તથા અનુભવ કરવો હોય તો તેમનુ કોઈ લખાણ વાંચી લેશો અને કોઈ તકરીર સાંભળી લેશો પછી તમને એવું જણાશે કે **જીભ** તથા **કલમ** અને **ફિક્ર (ચિંતન)** તથા અભ્યાસમાંથી દરેક ચીજ એ પ્રમાણે મોજાં મારે છે કે જાણે કોઈ જવાંમર્દ સૌથી આગળ નીકળી જવા માટે પોતાની સર્વ શકિત ખર્ચી રહ્યો છે. પરંતું અહીં તકરીરની કુવ્વત (શકિત) તથા લિજ્જતની ચર્ચા ચાલી રહી છે જેની જાન ઝબાન છે, અને અલ્લાહ તબારક વ તઆલાએ શારેહે બુખારીની ઝબાનમાં જે તાસીર રાખેલી છે અને આપની વાણીમાં જે તેજી તથા પ્રભાવ છે તેનાથી આખો દેશ વાકેફ છે.

મુકર્રિરની હૈસિયતથી લાંબા અરસાથી આપ દેશના અસંખ્ય શહેરોનો





દૌરો કરી ચૂકયા છે. મુફતીએ આ'ઝમની નિકટતા તથા સાથમાં પણ સેંકડોં વખતે હિંદુસ્તાનના વિવિધ ઈલાકાઓમાં જઈને તકરીર તથા તબ્લીગ કરતા રહ્યા છે, લાખો લોકો આપની તકરીરથી પ્રભાવિત થયા છે અને ઘણાયે લોકોએ ગુનાહોથી તથા હરામ બાબતોથી તૌબા કરી છે.

આ તકરીરો દીનની તબ્લીગ તથા પ્રચાર માટે હક્કની સાબિતી તથા બાતિલને ગલત સાબિત કરવાની નિયતથી થાય છે, એટલા માટે એમાં ઈખલાસ પણ છે, સાદગી પણ છે, દર્દ પણ છે, બેખૌફી પણ છે, મજબૂતી પણ છે, તકરીરો પુષ્કળ પ્રમાણમાં અર્થ પૂર્ણતા તથા ભાવવાહી છે. આપણા માણસોના દિલની ઠંડક પણ છે અને મુન્કિરોના માટે તલ્વાર તથા ભાલાઓનો માર પણ છે, તકરીરોમાં બુઝુર્ગોનો ઝિક્ર પણ છે, ઈલ્મની ભરમાર પણ છે, ઈશ્કનો સોઝો સાઝ (દર્દ) પણ છે અને હક્કનો અવાઝ પણ છે.

જે જલ્સામાં આપની શિર્કત તથા ખિતાબત કે સદારત હોય છે તેને એડવાન્સમાં કામયાબીની ઝમાનત મળી જાય છે. ઈલાકાના હજારો શખ્સો આપની મુલાકાત માટે આતૂર તથા તમન્નાવાળા બને છે, પ્રેક્ષકો તથા હાજર થનારાઓનાં ટોળાં ઉમટી પડે છે અને જ્યારે આપની પુરમગ્ઝ તકરીરો અને નસીહતપૂર્ણ વાણી સાંભળીને લોકો પાછા વળે છે તો લાભકારી તાલીમાત તથા હિદાયતોની સોગાત અને મસ્લકે અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયતના યકીનથી તેમનો દામન અને કાસીના (પાત્ર) લબરેઝ (ભરપૂર થયેલ) હોય છે.

તાલિબે ઈલ્મીના જમાના (વિદ્યાર્થીકાળ)માં જ અરબી ભાષામાં એક તકરીર અશ્રફિયા મુબારકપૂરના દસ્તારબંદીના જલ્સામાં સાંભળીને સદરુશ્શરીઅહ્એ પ્રેમાળ ભાવે, પ્રોત્સાહિત કરવા માટે આપને બે રૂપિયા ઈનામ રૂપે ઈનાયત ફર્માવ્યા હતા, અને કિયામગાહ પર આવીને આપની પ્રશંસા કરી. હાફિઝે મિલ્લતે અર્ઝ કરી, હુઝૂર ! તેણે વિષય પણ જાતે જ પસંદ કર્યો હતો ! આપે ફર્માવ્યું કે, એ તમારું નામ રોશન કરશે ! હાફિઝે મિલ્લત, હઝરત મૌલાના મુહંમદ સુલૈમાન ભાગલપૂર, મૌલાના શમ્સુલ્ હક્ક ગજળવી, અમીન ગૃહસ્થ રઈસ મુબારકપૂરે પણ એક એક રૂપિયો ઈનામ આપ્યું હતું. મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત મૌલાના સૈયદ મુહંમદ

અશરફી કછોછવી સરપરસ્ત અશરફિયા મુબારકપૂર પણ રોનકે જલ્સા હતા તેમણે પણ દુઆઓ તથા હોસલા અફઝાઈના શબ્દોથી નવાઝયા.

## ★ રદ તથા મુનાઝરા ★

ભૂતકાળના અકાબિરે અહલે સુન્નતમાં શેર બે શએ અહલે સુન્નત, મૌલાના હિદાયત રસૂલ કાદરી બરકાતી રામપૂરી લખનવી, મનાઝિરે અહલે સુન્નત મૌલાના હશ્મતઅલી લખનવી પીલીભીતી, મુજાહિદે મિલ્લત મૌલાના મુહંમદ હબીબુર્રહ્‌માન કાદરી, અજમલુલ્‌ ઉલમા મુફતી શાહ મુહંમદ અજમલ સંભલી રદ તથા મુનાઝરાના મર્દે મેદાન હતા. તેમને આ વિષયથી ખાસ દિલચસ્પી હતી, અને આજે વર્તમાનકાળમાં શારેહે બુખારી તથા અલ્લામા અર્શદુલ્‌ કાદરી તે ઈસ્લામના શેરોની યાદગાર તથા તેમના હક્કના પરચમના અલમ બરદાર (ઝંડાધારી) છે.

શારેહે બુખારીએ ઘણાયે મુનાઝરાઓમાં શિર્કત કરી છે અને પોતાની ચતુરાઈ તથા હાઝર દિગામી અને ઈલ્મી શકિત તથા બહોળા અભ્યાસથી અહેલે સુન્નતના મુન્કિરો તથા વિરોધીઓના ચિથડાં વેરી નાંખ્યાં છે, કયાંક મુનાઝિરે અહલે સુન્નતની ઈલ્મી મદદ કરી છે, કયાંક ખૂદ મુનાઝરો કર્યો છે, કયાંક મુનાઝરાની સદારત કરી છે અને કયાંક વિરોધી પક્ષનો મુનાઝિર સામે આવવા તથા મોરચો સંભાળવાની હિંમત ન કરી શકયો તો આપે જશ્ને ફતહમાં તેના ગુમરાહકુન મસ્લક તથા અકીદાની ધજ્જીઓ વિખેરીને સુન્નિયતની બોલબાલા અને અહલે સુન્નતનુ સર ફખ્રથી ઊંચુ કર્યુ છે.

(૧) રાયપૂર જિ. લખીમપુર ખીરી — (૨) બાંદુચિત્રા જિ. પલામૂં
(૩)બભનગાઉં, જિ. બસ્તી — (૪) સીતાપૂર
(૫) ઝરીયા, જિ. ધનબાદ — (૬) કટક, ઓરિસ્સા
(૭) બજરદીહા, બનારસ — (૮) સઅદીપૂર, જિ. ફતહપૂર
(૯) બદાયૂં.....વગેરેના મુનાઝરાઓમાં આપનો સક્રિય તથા અનોખો કિરદાર રહ્યો. બાંદૂચિત્રા તથા સીતાપૂરમાં આપ મુનાઝિરે અહલે સુન્નત અને કટકમાં અહલે સુન્નત તરફથી સદરે મુનાઝરા હતા.

કટક (ઓરિસ્સા) મુજાહિદે મિલ્લતનું પ્રિય વતન છે. ત્યાંના મુનાઝરામાં





મુજાહિદે મિલ્લતે અહલે સુન્નત તરફથી અલ્લામા અર્શદુલ કાદરીને મુનાઝિર અને શારેહે બુખારીને સદર મુનાઝિર બનાવ્યા. અહલે સુન્નત અને દેવબંદીઓની વચ્ચે આ મુનાઝરો હતો. મોલ્વી ઈર્શાદ અહમદ મુબલ્લિગે દારુલ ઉલૂમ દેવબંદ અને મોલ્વી તાહિર ગયાવી કાસિમી દેવબંદીઓ તરફથી વારા ફરતી મુનાઝિર બન્યા. સદર અને મુનાઝિરની હૈસિયતથી મુજાહિદે મિલ્લત તરફથી શારેહે બુખારી તથા અલ્લામા અર્શદુલ કાદરીની પસંદગી એ મુનાઝરાની કલામાં (ફનમાં) આ બંને હઝરાતને ભરોસાપાત્ર લિયાકત તથા કાબેલિયત અને મહારતની સનદ છે. મુજાહિદે મિલ્લત મુનાઝરાના ફનથી એટલા ભારે માહિર અને મજબૂત હતા કે બરેલી શરીફમાં ૨૦ મુહર્રમુલ હરામે હિ.સ. ૧૩૫૪, ઈ.સ. ૧૫–૪–૧૯૫૩માં મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન, હઝરત મૌલાના મુહંમદ સરદાર અહમદ અને મોલ્વી મન્ઝૂર નોઅ્‌માની સંભલી વચ્ચે થનારા મશ્હૂર મુનાઝરામાં અહલે સુન્નતના મશહૂર ઉલમાએ એકમતિથી સદરે મુનાઝિર બનાવ્યા હતા.

મન્કૂલાત તથા મા'કૂલાતમાં જે સમૃધ્ધતા, ઈસ્લામી તથા અરબી ઈલ્મોમાં જે વર્ચસ્વ, તારીખ (ઈતિહાસ) તથા સમયના અહેવાલની જેની વાકેફિયત, હરીફ તથા મુકાબલામાં આવેલાની દગાભરી ચાલોથી જે બાખબરી, તેની (હરીફની) કમજોરી પર જે નજરની એક જમાનો ખાધેલ અને ઘડાયેલ સુન્ની મુનાઝિરની અંદર જે સિફતો (ગુણો) તથા ખૂબીઓ હોવી જોઈએ, તહકીકી તથા ઈલ્ઝામી જવાબ અને હુમલો તથા સામનાનો જે તે સમયે ફેંસલો, જે ચીજની જરૂરત હોય તેમાં હાજર જવાબી તથા હાજર દિમાગીના જે ગુણો તેના અંદર હોવા જોઈએ એના વડે શારેહે બુખારી દરેક રીતે સુસજ્જ છે. સંબંધિત વિષયો તથા બાબતો તથા મામલામાં આપને સંપૂર્ણ માલૂમાત ઉપલબ્ધ છે. પૂરી તૈયારી, ભપકો તથા લાવ લશ્કરની સાથે વહાબી મુનાઝિર પર આપ એવી રીતે છાપો મારે છે કે તે પોતાની ટોળી તથા સહાયકોની સાથે ભાગવાનો માર્ગ અપનાવવા મજબૂર થઈ જાય છે. અને તેહરીર તથા તકરીરની રીતે આપ હરીફને, મુન્કિરને, વહાબીને તેના ઘર સુધી પહોંચાડવાનુ કહેનારા જ નથી બલ્કે એના પર આમિલ પણ છે.

ઈમામ અહમદ રઝાના વસાયા શરીફ પર વહાબીઓના અયોગ્ય

વાંધાઓનો સિલસિલો એક મુદ્દતથી ચાલે છે. જો કે ઉલમાએ અહલે સુન્નતે વારંવાર એનો ચૂપ કરી દે તેવો અને શાફી તથા કાફી જવાબ આપી દીધો છે. જામિઅતુર્રશાદ આઝમગઢના એક દેવબંદી મોલ્વીએ પોતાના કુકૃત્યોના કારણે શારેહે બુખારીને વસાયા વિશે સવાલ કરી નાખ્યો તો આપે તેનો તેહકીકી તથા ઈલ્ઝામી જવાબ આપ્યો અને તેને તેના ઘર સુધી પહોંચાડતાં ફર્માવ્યું :–

'જામિઅતુર્રશાદ'ના આ નોકરને પોતાના ઘરની ખબર નથી ! કાસિમ નાનોત્વીની રૂહ કાકડીમાં અટકી રહી, દમની ખાંસી ઉભરી, સતત ખાંસતા રહેતા, જ્યારે જરા રાહત થતી અને બોલવાની શકિત મળતી તો કહેતા, કાકડી ! કાકડી ! એ જ **લા યમૂત ફી હા વલા યહ્યા** (મૌત તથા જિંદગી વચ્ચે હિંચકોલા ખાવા)ના અઝાબમાં કેટલાય દિવસો સુધી સપડાયેલા રહ્યા. જ્યારે લખનૌથી કાકડી આવી અને તેની ચીરી ગળાની નીચે ગઈ ત્યારે રૂહ નીકળી !

હુસૈન અહમદ ટાંડવી સાહબની રૂહ 'સરદા'માં અટકી રહી ! જે મળવા આવે તેનાથી 'સરદા'ની ભીખ માંગતા રહેતા અને કેટલાયે દિવસો બાદ સરદો પીધો તો એવી રીતે મૃત્યુ પામ્યા કે મરતી વેળા ન કલ્મો નસીબ થયો ન પાણીનું એક ટીપુ !

અલ્લાહવાળાઓનો જ્યારે અંતિમ સમય હોય છે ત્યારે ખોરાકથી તેમને નફરત થઈ જાય છે, અલ્લાહની યાદ જ તેમનો ખોરાક હોય છે. પણ દેવબંદીઓના બુઝુર્ગોનો હાલ એ છે કે મરતાં મરતાં ન અલ્લાહનુ નામ ઝબાન પર આવ્યું ન કલ્મો આવ્યો ! આવ્યું તો "કાકડી ! કાકડી !..... સરદા ! સરદા !"

કટક (ઓરિસ્સા)ના મુનાઝરામાં દેવબંદી સદરે મુનાઝરા મોલ્વી ઈસ્માઈલ કટકીએ મુજાહિદે મિલ્લતની તરફથી પ્રસિધ્ધ થયેલ એક પેમ્પલેટમાં કાતિબે કરેલી એક ભૂલ ઉપર હંગામો મચાવ્યો, સૂરએ હૂદની આયત–૮૮ના લખાણમાં **ان ارید الا الاصلاح و ماتوفیقی الا باللہ** માં કાતિબે **الا الاصلاح** પછી **ما استطعت** છોડી દીધુ હતું. મોલ્વી ઈસ્માઈલ દેવબંદી સદર મુનાઝરાએ કહ્યું કે મોલ્વી હબીબુર્રહમાને (મુજાહિદે મિલ્લતે) કુર્આનમાં તેહરીફ (ફેરફાર)કરી છે જેના કારણે તે કાફિર થઈ ગયા





માટે પહેલાં તે પોતાના કુફ્રથી તૌબા કરે ત્યાર બાદ મુનાઝરો થશે. શારેહે બુખારી સુન્ની સદરે મુનાઝરાએ જવાબ દેતાં ફર્માવ્યુ, કે મુનાઝરાનો વિષય નક્કી છે એના પર મુનાઝરો છે, ત્યાર બાદ આ વિષય ઉપર પણ અમારો તમારો મુનાઝરો થઈ જશે. મુનાઝરાથી જાન બચાવવા માટે હિલા બહાનાં ન શોધો ! આવો ! અને નિયમાનુસાર મુનાઝરાના નિશ્ચિત વિષય પર બંને પક્ષો વચ્ચે મુનાઝરાની શરૂઆત કરીએ. આ ઉસૂલી અને યોગ્ય વાતની હાંસી ઉડાવતાં દેવબંદી સદરે કહ્યું, વાહ સાહબ ! એક કાફિર આપના સ્ટેજ પર બેસેલો રહે અને અમે બીજા વિષય પર મુનાઝરો કરીએ ?! એ નથી થઈ શકતુ. શારેહે બુખારીએ પુર જલાલ અંદાઝમાં ઈર્શાદ ફર્માવ્યો :–

(૧) આપના કહી આપવાથી મુજાહિદે મિલ્લત કાફિર નથી થઈ ગયા, બલ્કે એક મુસલમાનને કાફિર કહીને હદીષે રસૂલના આધારે તમે ખૂદ કાફિર થઈ ગયા.

(૨) અરબ તથા અજમના ફત્વાની રૂએ તૌહીને રિસાલત કરનાર દેવબંદી અને ઈલ્મ તથા સમજ હોવા છતાં તેમની કુફ્રી ઈબારતો (લખાણો)નુ સમર્થન કરનાર વ્યકિતઓ નિઃશંક કાફિર છે, જેનો સમુહ આપનુ સ્ટેજ છે. આપની મન્તિકને અપનાવીને જો હું પણ એવું કહેવા માંડુ કે, એ સૌને સ્ટેજ પરથી ભગાડી દો ! તો મુનાઝરો કોની સાથે થશે ?!

(૩) અકીદામાં વિવિધતાવાળા લોકો વચ્ચે જ મુનાઝરો થાય છે, જો સૌ એક જ અકીદાના હોય તો પછી મુનાઝરાની જરૂરત જ શું છે?

(૪) પેમ્ફ્લેટમાં **ما استطعت** મુજાહિદે મિલ્લતે નહીં બલ્કે કાતિબે છોડયું છે, એટલા માટે મુજાહિદે મિલ્લતને એનો ઈલ્ઝામ આપવો આપની જેહાલત તથા અદાવત છે.

(૫) કુર્આન મજીદમાં ભૂલથી કાંઈ છૂટે તે તેહરીફ નથી જેથી એને તેહરીફ કહેવું જહાલત છે. અલ્લામાં સઅદુદ્દીન તફતાઝાનીથી મુખ્તસરુલ્ મઆની અને હઝરત અબ્દુર્રહ્માન જામીથી શરહે જામીમાં આયત નકલ કરવામાં ભૂલ થઈ જવી તેહરીફ છે ? કુફ્ર છે ? જો કુફ્ર છે તો આ બંને હઝરાત કાફિર છે કે મુસલમાન ? જો તેમને તમે કાફિર કહો છો તો બોલો હું તમને

તમારા ઘર સુધી પહોંચાડી દઉં ?! અને આયત નકલ કરવામાં તેમનાથી મુસલમાન હોવા છતાં ખતાનુ થવું આપના કહ્યાનુસાર તેહરીફ કર્યા પછી તેમનુ મુસલમાન હોવું શું અર્થ ધરાવે છે ? અને જો તેઓ મુસલમાન છે તો મુજાહિદે મિલ્લત કેમ કરીને કાફિર થઈ ગયા ?

'ઈઝાહુલ અદિલ્લહ્'માં તમારા શય્ખુલ હિંદ મહમૂદ હસન દેવબંદી કુર્આનથી દલીલ કરતાં લખે છે **فردوه الى الله و الرسول واولو الامر** જ્યારે કે આ આયત કુર્આનમાં કયાંય નથી ! હવે બતાવો કે કુર્આનમાં ફેરફાર કરીને તમારા શૈખુલ્ હિંદ અને તેમને પેશ્વા બનાવીને તમે કાફિર થયા કે નહીં ?

શારેહે બુખારીના મજબૂત સવાલોથી ખસીયાણા પડી જઈને દેવબંદીઓ શોર મચાવવા લાગ્યા. દેવબંદી સદર મુનાઝિર પણ વચ્ચે પડીને બોલવા લાગ્યો, જેનો આપે ભરપુર જવાબ આપ્યો, પછી ફર્માવ્યું :–

પેમ્ફ્લેટમાં તો **ما استطعت** છૂટયું હતું જે કાતિબની ગલતી હતી. હવે આ પણ જુઓ ! કાન ખોલીને સાંભળી લો ! હદીષની મશહૂર કિતાબ મિશ્કાત, પેજ–૨૧૮ પર છે. **اللهم اٰتنا فى الدنيا حسنة و فى الاخرة حسنة**

જ્યારે કે કુર્આનમાં ربنا اٰتنا છે. હદીષમાં **રબને અલ્લાહુમ્મ**થી બદલી દેવામાં આવ્યું છે. બતાવો ! આપના મઝહબમાં આ તેહરીફ છે કે નહીં ? અને આવો ! જુઓ ! એ જ મિશ્કાતના પેજ–૨૧૭ ઉપર આ દુઆ છે:

اعوذ بكلمٰت الله التامة من

**غضبه و عقابه و شر عباده و من همزات الشيطٰن وان يحضرون-**

જ્યારે કે કુર્આનમાં એ છે કે

**رب اعوذبك من همزات الشيطٰن و اعوذ بك رب ان يحضرون**

અને **ان يحضرون** ની વચ્ચે "**اعوذبك رب**" છે, જે હદીષમાં નથી. શું એને તેહરીફ કહેવાની તમારી અંદર હિંમત છે ?! અફસોસ ! તમોને ઈકતેબાસ તથા નકલનો ફર્ક પણ ખબર નથી !

લાંબી મુનાઝરાની ચર્ચાનો આ થોડોક અંશ છે. એ ઉપરાંત જ્યાં ખૂદ શારેહે બુખારીએ મુનાઝરો કર્યો અથવા સુન્ની મુનાઝિરની ઈલ્મી સહાય





કરી તેને સાંભળીને 'રદ તથા મુનાઝરા'માં આપની ભરપૂર મહારત તથા હાજર દિમાગી અને પકડ કરવાના તથા છવાઈ જવાનાં દ્રશ્યો નઝરો સમક્ષ ઉભરાઈ આવે છે.

## ★ બયઅત તથા ખિલાફત ★

દારૂલ ઉલૂમ અહલે સુન્નત મદ્રસા અશ્રફિયા મિસ્બાહુલ્ ઉલૂમ મુબારકપૂરના એક જલ્સામાં હિ.સ. ૧૩૫૯માં સદરુશ્શરીઅહ્ મુબારકપૂર તશરીફ લાવ્યા હતા. શારેહે બુખારીએ આપને બય્અતનો શરફ હાંસલ કરવાની દરખાસ્ત કરી જેને આપે કબૂલ ફર્માવી. શારેહે બુખારીની સાથે હાજી મુહંમદ ઉમર માજી નાઝિમ દારુલ ઉલૂમ અશ્રફિયહ્‌ના પુત્ર મૌલાના નિષાર અહમદ મુબારકપૂરી પણ બય્અત તથા ઈરાદતથી સરફરાઝ થયા. લગભગ આ બંને હઝરાત સદરુશ્શરીઅહ્‌ના પ્રથમ મુરીદોમાંથી છે. અને સિલસિલએ કાદરિયા, બરકાતિયા, રઝવિય્યહ્, અમજદિયહ્થી સંકળાયેલાઓની યાદીમાં ટોચના સ્થાને છે.

શારેહે બુખારીને મુફતીએ આ'ઝમે હિંદે ૧૭–રમઝાનુલ્ મુબારક હિ.સ. ૧૩૮૧ "અન્નૂરો વલ્ બહા" (અઝ–શાહ અબુલ હુસૈન અહમદ નૂરી મારહરવી)માં દર્જ કરેલ કુર્આન તથા હદીષના ૨૫ સિલસિલા તથા ઔલિયા અલ્લાહના સિલસિલાઓની લેખિત ઈજાઝતની સાથે સિલસિલએ કાદરિયહ્ બરકાતિયહ્ રઝવિય્યહ્‌ની પણ ઈજાઝત આપી છે. તદ્ ઉપરાંત શવ્વાલ હિ.સ.૧૩૮૩માં મુફતીએ આ'ઝમે તે તમામ સિલસિલાઓની પણ ઈજાઝત અતા ફર્માવી જે "અલ્ ઈજાઝતુલ્ મતીનહ્" (અઝ– ઈમામ અહમદ રઝા બરેલ્વી)માં વર્ણન થયેલ છે.

દારુલ ઉલૂમ ફયઝુર્રસૂલ બ્રાઉન શરીફ જિ. બસ્તી (યુ.પી.) ના એક જલ્સાના પ્રસંગે શારેહે બુખારી અને હઝરત મૌલાના બદરુદ્દીન અહમદ કાદરી રઝવી (લેખક – સવાનેહે આ'લા હઝરત, ફય્ઝુલ અદબ તથા તા'મીરે અદબ) ની સામુહિક દરખાસ્ત પર મુફતીએ આ'ઝમે હિંદે હદીષે મુસલ્સલ બિઝ્ઝિયાફહ્ તથા મુસલ્સલ બિલ્ મુસાફકહ્‌ના મખસૂસ તરીકાની બંને હઝરાતને ખાસ ઈજાઝત આપી.

શારેહે બુખારીને અહ્‌સનુલ ઉલમા હઝરત સૈયદ શાહ હસન હૈદર મિયાં (માજી સજ્જાદાનશી ખાનકાહે કાદરિયા બરકાતિયહ્ મારહરા મુતહ્‌હરા)એ પણ ઉર્સે કાસિમી હિ.સ. ૧૪૦૪ના મોકા પર વણમાંગ્યે પોતાના ખાનદાનના તમામ નવા સિલસિલાઓની ઈજાઝત આપી અને દસ્તારબંદી ફર્માવી.

શવ્વાલ હિ.સ. ૧૩૬૭ ઈ.સ. ૧૯૪૮માં સદરુશશરીઅહ્ બીજી વખતે જ્યારે હજ્જો ઝિયારતના માટે તશરીફ લઈ જતા હતા ત્યારે શાહ ગંજ રેલ્વે સ્ટેશન જિ. જોનપૂરના પ્લેટફોર્મ પર વિદાયની ક્ષણોમાં શારેહે બુખારીએ જ્યારે અર્ઝ કરી કે હુઝૂર આપ જઈ રહ્યા છો તો મને કાંઈક અતા ફર્માવી જાવ ! આ દરખાસ્તને કબૂલ કરતાં આપે સિલસિલએ આલિયા, કાદરિયા, રઝવિય્યહ્‌ની ઈજાઝત આપી અને રઝવિય્યત તથા અમજદિયતના ખજાનાથી શારેહે બુખારીના સીનાને ભરપૂર કરી આપ્યું.

ઉપરોકત તમામ ઈજાઝતો હોવા છતાં શારેહે બુખારીએ ખૂબ જ ઓછા અકીદતમંદો અને ખ્વાહિશમંદોને પોતાના મુરીદ બનાવ્યા. આપના ખલીફાઓની સંખ્યા પણ સંક્ષિપ્ત છે જેમાંથી અમુક નામો આ પ્રમાણે છે :–

મૌલાના અબ્દુલહકીમ અખ્તર શાહજહાંપૂરી (લાહોર), મૌલાના શફીક અહમદ શરીફી (ઈલાહાબાદ), મૌલાના ખલીક અહમદ આ'ઝમી , મૌલાના હાફિઝ અબ્દુલ હક્ક રઝવી (અશ્રફિયહ્ મુબારકપૂર), મૌલાના રજબઅલી બલરામપૂરી (બનારસ), મૌલાના તૈશ મુહંમદ શરીફી (ધોલપૂર), મૌલાના વલીયુલ્લાહ શરીફી (મુંબઈ), હાફિઝ શમીમુઝ્ઝમાં ફૈઝાબાદી (હોળા) મૌલાના મુજીબુલ્લાહ શરીફી (કર્ણાટક), મૌલાના બશીર અહમદ કાદરી (જાલૂન), સાહબઝાદા હાફિઝ હમીદુલ્ હક્ક (ઘૌસી), મૌલાના બદર આલમ મિસ્બાહી (અશ્રફિયા મુબારકપૂર), મૌલાના મુહંમદ નસીમ મિસ્બાહી (અશ્રફિયા મુબારકપૂર).

શૈખુલ મશાઈખ હઝરત અશરફી મિયાં કછોછવી અને હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝા કાદરી બરેલ્વી (અલૈહિમુર્રહ્‌મહ્) જેઓ પોતાના સમયના અકાબિર ઉલમા અને મશાઈખે અહલે સુન્નતમાંથી હતા. શારેહે બુખારીને તેમનો પણ ખાસ ફયૂઝાન હાંસલ હતો. આપના વાલિદૈન





હઝરત અશરફી મિયાં (અલૈહિર્રહ્‌મહ્)થી મુરીદ હતા. જેમકે આપે જાતે લખ્યું છે :–

"અમારે ત્યાંના સર્વ અહલે સુન્નત શૈખુલ મશાઈખ્, તાજુલ અસ્ફિયા હઝરત મૌલાના વ સૈયદના શાહ અલી હુસૈન સાહબ અશરફીમિયાં કુદ્દેસ સિર્રહૂના મુરીદ હતા. વાલિદૈન પણ તેમનાથી જ મુરીદ હતાં. વાલિદૈન જ્યારે મુરીદ થયા હતાં ત્યારે હું ઘણો નાનો હતો, સંપૂર્ણપણે સમજદાર પણ થયો ન હતો, કેવળ એટલુ યાદ છે કે એ દિવસે અમારા ઘરે ખૂબ જ સારાં સારાં ભોજન પાકયાં હતાં, જેમાંથી ફિરની મને હજી પણ યાદ છે અને અશરફીમિયાં કુદ્દસે સિર્રહૂએ કયો લિબાસ તે સમયે પહેર્યો હતો અને તેમનો મુબારક હુલીયો કેવો હતો ? (યાદનથી) કેવળ એટલુ યાદ છે કે ચામડાનાં મોજાં પહેરેલાં હતાં, ત્યારબાદ હઝરત કેટલીયેવાર ઘૌસી તશરીફ લાવ્યા, દરેક વખતે વાલિદ સાહબ મને તેમની ખિદમતમાં લઈ જતા અને દુઆ માટે અર્ઝ કરતા. હઝરતે કેટલીયે વાર મારા માથે હાથ ફેરવ્યો છે અને દુઆઓ આપી છે. એ દુઆઓની બરકતો હું આજે પણ અનુભવું છું. હઝરતના હુલિયાએ જમાલનો દરેક નકશો નિગાર મારા દિલો દિમાગ પર અંકિત થયેલ છે. સુબ્હાનલ્લાહ ! તે નૂરાની દિલકશ ચહેરો જેના પર ફિરદૌસની બહારો કુર્બાન ! અને કેમ ન થાય કે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિર્રહૂએ તેમના બારામાં ફર્માવ્યું છે :–

**અશરફી એ કે રુખત આઈનહ્ હુસ્ને મહે ખૂબાં**
**અય્ નઝર કરદા વ પરવરદએ સહ્ મહબૂબાં**

જે મજલિસમાં પધારતા ત્યાં એવુ જણાતું જાણે કે આસ્માનનો કોઈ ફરિશ્તો જલ્વાગાર છે, જે જોતું તે હોશ ગુમાવી દેતું !

એકવાર અજમેર મુકદ્દસ શાહજહાંની મસ્જિદ પર બેસીને અમુક દુઆના કલેમાત ઈર્શાદ ફર્માવ્યા જેની અસર એ થઈકે મસ્જિદમાંના સર્વ હાજરજનો મુરીદ થઈ ગયા. હઝરતના રૂમાલમાં અમામો બાંધવામાં આવ્યો, પછી એ અમામામાં અન્ય અમામાઓ બાંધવામાં આવ્યા. હાજરજનોમાં ઉલમા, રઈસો, ઉમરાવો સર્વ હતાં. એ જ મોકા પર હાફિઝે મિલ્લતના તમામ દર્સી

સાથીઓ પણ મુરીદ થયા હતા. ખૂદ મારા દિલમાં હઝરતની મહોબ્બત તથા અઝમત હતી. જ્યારે ઘૌસી તશરીફ લાવતા ત્યારે મારું લખવા પઢવાનુ છોડીને તેમની ખિદમતમાં હાજર રહેતો, જ્યાં જતા ત્યાં પાછળ પાછળ જતો. બીજી બાજુ હુજ્જતુલ ઈસ્લામ મુકતદાએ અનામ હઝરત મૌલાના હામિદ રઝાખાં સાહબની શખ્સિયતનો ડંકો વાગી રહ્યો હતો. હઝરત હુજ્જતુલ ઈસ્લામની હૈસિયત કાંઈ કમ ન હતી, તે સમયના ઉલમા તથા મશાઈખ સરે નિયાઝ ઝુકાવી લેતા હતા. ચહેરાની રોનક એવી નૂરાની તથા આકર્ષક હતી કે મોટા મોટાઓને ગુલામ બનાવી લીધા. કેવળ તેમની નૂરાની સૂરત જોઈને કેટલાયે કાફિરો મુસલમાન ગઈ ગયા. જ્યારે હઝરત હુજ્જતુલ ઈસ્લામ મુબારકપૂર તશરીફ લાવ્યા હતા તો હઝરતની સાથે મારી ખુશીનો આલમ એ હતો કે દિવસભર ખિદમતે અકદસમાં હાજર રહેતો, ખાણુ ખાવા પણ ન જતો. રાતે પણ હઝરત જ્યાં સુધી જાગતા રહેતા ત્યાં સુધી હાજર રહેતો. *(સદરુશ્શરીઅહ્ નંબર, માહનામા અશ્રફિયા—મુબારકપૂર, ઓકટો. નવેઃ ૧૯૯૫, પેજ—૫૮/૫૯)*

## ★ હજ્જ તથા ઝિયારત ★

હજ્જની સઆદત તથા હરમૈન શરીફૈન (મક્કા શરીફ—મદીના શરીફ)ની હાજરી દરેક મુસલમાનના દિલની આરઝૂ હોય છે. શારેહે બુખારી અત્યાર સુધીમાં કેટલીયેવાર દયારે હરમની ઝિયારતથી મુશર્રફ થઈ ચૂકયા છે. ઝીલહજ્જ હિ.સ. ૧૪૯૫ ઈ.સ. સપ્ટેમ્બર ૧૯૮૯માં આપે પ્રથમ હજ્જ બફઝ્લેહી તઆલા વ બ કરમે હબીબિહિલ્ આ'લા, જનાબ અલ્હાજ ઈબ્રાહીમ અહમદ બરકાતી (મુંબઈ)ની ખાસ તવજ્જોહ્ અને સહાયથી કરી, મુંબઈથી જિદ્દાના ઉડયન માટે જાનશીને સૈયદુલ ઉલમા સૈયદ શાહ આલે રસૂલ હસ્નૈન મિયાં બરકાતી મારહરવી, મૌલાના ખલીલ અહમદ પઠાન—માહિમ શરીફ, (મુંબઈ), કારી તુરાબ અલી રઝવી (મિનારા મસ્જિદ—મુંબઈ) અને શારેહે બુખારી એક હવાઈ જહાજ (વિમાન)માં હમસફર હતા. જિદ્દાથી મક્કા મુકર્રમા સુધી હસ્નૈન મિયાં અને શારેહે બુખારી એક પ્રાઈવેટ ગાડીમાં પહોંચ્યા. શારેહે બુખારી બયાન કરે છે કે, હું ડરતો કાંપતો હરમ શરીફમાં ફજરની નમાઝની જમાઅત બાદ પહોંચ્યો, વઝૂ કરીને





મસ્જિદે હરમ શરીફમાં હાજર થયો, કા'બા શરીફ પર નજર પડી તો ખુશીના માર્યા અનાયાસે મોંઢેથી ચીસ નીકળી ગઈ ! ચોધાર આંસુઓએ રડવા લાગ્યો અને મોડે સુધી બેખૂદીનો આલમ રહ્યો. નવ દિવસ મક્કા મુકર્રમામાં કિયામ કર્યા બાદ દસમાં દિવસે મદીના તૈયેબહ્ના માટે રવાનગી અને પછી દયારે રસૂલમાં હાજરી થઈ.

શારેહે બુખારી પોતાના અનુભવો વર્ણન કરતાં જણાવે છે કે, મેં નજર ઉઠાવી તો સામે ગુંબદે ખદ્રા પોતાની પૂરી શાનો શૌકત તથા અઝમતની સાથે અડિખમ નજરે પડતો હતો. ગુંબદે ખદરા પર નજર પડતાં જ હું બેખૂદ થઈ ગયો, કેટલીયેવાર સુધી દિગ્મૂઢ તથા ખામોશીની કૈફિયત રહી અને શરીર ધ્રુજતુ રહ્યું, જ્યારે હોશ આવ્યો તો દસ્તબસ્તા સલાતો સલામ અર્ઝ કરવાનુ શરૂ કર્યુ. ખુશીના આવેશમાં મારી આંખોએથી આંસુઓનું પૂર ઉમટી પડયું. મારી કૈફિયત તે વખતે એવી હતી કે ન  ત્યાંથી કદમ આગળ વધારવાની હિંમત થતી અને ન કદમ પાછો ખસેડવા જીવ ચાહતો હતો.

સઊદી અરબની અખ્લાકી (સાંસ્કૃતિક) તથા સામાજિક હાલતોનો ઉલ્લેખ કરતાં શારેહે બુખારી ફર્માવે છે કે, મેં હરમૈન તૈયેબૈનમાં જઈને એ મેહસૂસ કર્યુ કે મઝારો તથા તબર્રુકોને હાથ લગાડવા અને ચૂમવા સિવાય નજદીઓની નજરમાં કોઈ ચીજ જુર્મ (ગુનોહ) નથી. દાઢી મુંડાવો, ફિલ્મ જુઓ, ઘરોમાં ટેલીવિઝન લગાડો અને એના ઉપર નગ્ન ગંદા કુસંસ્કૃત દ્રશ્યો જુઓ, ગાયનો સાંભળો, ફોટા પડાવો અને ફોટા વેચો ખરીદો....કોઈ જુર્મ નથી ! નજદી હુકૂમતના તરફદારોને મારો પ્રશ્ન  છે કે, શું આ સર્વ ચીજો જાઈઝ છે ? કુર્આન શરીફની જે બેહુર્મતી મેં ત્યાં જોઈ તેવી કોઈ ચીજની નથી જોઈ !

શારેહે બુખારી પોતાના પ્રતિભાવો પ્રદર્શિત કરતાં જણાવે છે, મદીના તૈયબહ્ના દસ દિવસ રોકાણમાં લગભગ દરેક નમાઝ પછી સરકારની બારગાહમાં હાજરી આપતો રહ્યો. ઓહદ શરીફ, મસ્જિદે કુબા, મસ્જિદે કિબ્લતૈન, ગઝવએ ખંદકના મેદાનમાં મસાજિદે ખમ્સા તથા અન્ય મસ્જિદો, જેમકે મસ્જિદે ગમામા વગેરેની પણ ઝિયારત કરતો રહ્યો. જન્નતુલ બકીઅ શરીફમાં દરરોજ હાજર થતો રહ્યો. મદીના તૈયેબહને અશ્રુમય આંખે અલ્

વિદાઅ્ કહેતાં ફરીવાર મક્કા મુકર્રમા પ્રતિ પ્રયાણ કર્યું. બીરે અલી અને બદર થઈને મક્કા મુકર્રમા વાપસી થઈ. જન્નતુલ્ મુઅલ્લાની પ્રથમ સફરમાં ઝિયારત થઈ ચૂકી હતી, બીજી સફરમાં હસ્નૈન મિયાં અને કારી તુરાબઅલીની સાથે મેં ગારે હિરાની ઝિયારત કરી.

એક દિવસે મેં ખ્વાબમાં જોયું કે અહસનુલ ઉલમા સૈયદ શાહ હસન હૈદર મિયાં સજ્જાદાનશીં મારહરા મુતહ્હરા એહરામ બાંધીને તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે, મુફ્તી સાહબ ! આપ હજ્જ માટે આવ્યા અને મને નથી મળ્યા ? મેં અર્ઝ કરી સરકાર ! મને એની ખબર જ ન હતી કે હુઝૂર પણ હજ્જ માટે આવેલા છે. પછી મુસ્કુરાઈને ફર્માવ્યું કે, અચ્છા ! જાઉં છું ! ફરી મળીશું. ત્યાર બાદ મુઝદલફામાં જાગૃતાવસ્થામાં જોઉં છું કે મુફ્તીએ આ'ઝમે હિંદ એહરામની હાલતમાં કિબ્લા તરફથી ચાલતા આવી રહ્યા છે, પણ કદમ પોતાના સ્થાનેથી આગળ ન વધી શકયા. એટલે સુધી કે આવનાર બુઝુર્ગ જ્યારે ઘણા જ નજીક આવી ગયા તો મેં જોયું કે તે મુફ્તીએ આ'ઝમ નહીં બલ્કે કોઈ અન્ય બુઝુર્ગ છે. હું સખત મુંઝવણ તથા અચરજમાં પડી ગયો. એટલામાં તે બુઝુર્ગ નજીક આવીને મુસ્કુરાતાં કહેવા લાગ્યા કે, ઈજાઝત હોય તો આપની ચાદર પર બેસી જાઉં. મેં અર્ઝ કરી, આપ જરૂર તશરીફ રાખો ! (બેસો !) એ તો મારા માટે ઘણી ખુશનસીબી તથા એઅ્ઝાઝની વાત છે. બેઠા પછી બુઝુર્ગે મારું નામ, ધંધો, વતન વિશે પૂછયું. મેં ટૂંકાણમાં સર્વ કાંઈ જણાવ્યું. પછી મેં જ્યારે તેમનું નામ વગેરે પૂછયું તો તેમણે ફર્માવ્યું, નામ પૂછીને શું કરશો ?! હું ફરતો માણસ છું આજે અહીં તો કાલે ત્યાં ?! મારું કોઈ ઠેકાણું નથી. મે દુઆની દરખાસ્ત કરી તો ફર્માવ્યું, અલ્લાહ તઆલા તમને ખુશ રાખે. મેં અર્ઝ કરી, હુઝૂર ! મારા માટે દુઆએ મગફિરત ફર્માવો, તો આપે દુઆ કરી, **اللّٰهم اغفر لاخی هذا** તેમણે વારંવાર એ દુઆ કરી પછી અચાનક ઉભા થઈને ઈર્શાદ ફર્માવ્યો, સારું ! હવે હું જાઉં છું, મળવાનો વાયદો કર્યો હતો એટલે આવી ગયો. જતાં જતાં **અસ્સલામુ અલૈકુમ વ રહ્મતુલ્લાહ** કહ્યું અને ઝડપભેર કિબ્લા તરફ ડગ માંડતા આગળ નીકળી ગયા. આ બાજુ મારા પર દિગ્મૂઢની કૈફિયત છવાયેલી હતી. હું આશ્ચર્યની હાલતમાં ઉભો ઉભો વિચારતો રહી ગયો કે આ કોણ બુઝુર્ગ છે ? તેમણે





કયારે મને મળવાનો વાયદો કર્યો હતો ?

મક્કા મુકર્રમામાં હજ્જના મનાસિક તથા આદાબ પછી વિમાન દ્વારા જિદ્દાથી મુંબઈ પાછા ફર્યા. હરમૈન તૈયેબેનમાં રોકાણ દરમ્યાન કુત્બે મદીના હઝરત મૌલાના ઝિયાઉલ કાદરી મુહાજિરે મદનીના ફરઝંદ મૌલાના ફઝલુર્રહ્માન કાદરી મદની અને જાનશીને મુફ્તીએ આઝમે હિંદ મૌલાના અખ્તર રઝા કાદરી અઝહરી તેમજ મૌલાના ઈફતેખાર અહમદ કાદરી મિસ્બાહી, અલ્હાજ ઈસ્માઈલ જાની, હાજી અબ્દુસ્સત્તાર બટાટાવાળા, હાજી મુન્શી મુહબ્બત અલી તેમજ અન્ય ઘણા હિંદુસ્તાની પાકિસ્તાની હાજીઓથી મુલાકાતો થઈ. શારેહે બુખારીએ બીજી હજ્જ હિ.સ. ૧૪૧૮ ઈ.સ. ૧૯૯૮માં કરી, એક ઉમરાની સફર ઈ.સ. ૧૯૯૬માં કરી ચૂકયા છે, બીજો ઉમરો રમઝાન મુબારક હિ.સ. ૧૪૧૮, જાન્યુ ૧૯૯૮માં બીજા હજ્જથી પહેલાં કરી ચૂકયા છે.

## ★ ઉસ્તાદો તથા મહાન ઉલમા તથા મશાઈખથી સંબંધો ★

### (બ ઝબાને શારેહે બુખારી)

(૧) હઝરત સદરુશ્શરીઅહ્ મૌલાના અમજદ અલી આ'ઝમી.

(૨) હઝરત મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના મુસ્તફા રઝા કાદરી.

(૩) હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ મૌલાના સૈયદ મુહંમદ કછોછવી.

(૪) હઝરત હાફિઝે મિલ્લત મૌલાના અબ્દુલ અઝીઝ મુરાદાબાદી.

(૫) હઝરત મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન મૌલાના સરદાર અહમદ લાઈલપૂર.

(૬) હઝરત મુજાહિદે મિલ્લત મૌલાના હબીબુર્રહ્માન ઓરિસવી.

(૭) હઝરત સૈયદુલ ઉલમા મૌલાના સૈયદ આલે મુસ્તફા મારહરવી.

(૮) હઝરત અહસનુલ ઉલમા મૌલાના સૈયદ મુસ્તફા હૈદર હસન મિયાં મારહરવી.

(રહ્મતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)





## ★ હઝરત સદરુશ્શરીઅહ્ કુદ્દેસ સિર્રહૂ ★

હઝરત સદરુશ્શરીઅહ્ના ખાનદાનની હું પણ એક વ્યકિત છું. મારા વાલિદે માજિદના દાદા અને હઝરતના દાદા સગાભાઈ હતા. એટલા માટે સમજ આવતાં જ હઝરત સદરુશ્શરીઅહ્ની શખ્સિયત ખાનદાનના ખૂબ જ મહાન આલિમ અને બુઝુર્ગની હૈસિયતથી દિમાગમાં છવાઈ ગઈ હતી. જ્યારે શવ્વાલ હિ.સ. ૧૩૫૩માં દારુલ ઉલૂમ અશ્રફિયહ્નો સંગે બુન્યાદનો જલ્સો થયો તો મને હઝરત સદરુશ્શરીઅહ્ કુદ્દેસ સિર્રહૂ પોતાની સાથે મુબારકપૂર લાવ્યા અને હાફિઝે મિલ્લતને હવાલે કર્યો.

એ દિવસોમાં હઝરત સદરુશ્શરીઅહ્ અજમેર શરીફ 'દારુલ ઉલૂમ મુઈનિયહ્ ઉષ્માનિયહ્'માં હતા. પરંતુ લગભગ દર વર્ષે રમઝાન શરીફમાં ઘરે તશરીફ લાવતા રહેતા હતા. વાલિદ સાહબ (રહ્મતુલ્લાહિ અલૈહ્) રોજ મગરિબ બાદ હઝરતની ખિદમતમાં હાજર થતા હતા. હું પણ કદી કદી સાથે જતો રહેતો હતો. જો કે તે વખતે મોટા મોટા મશાઈખે તરીકત મૌજૂદ હતા તેમની ઘણી ખ્યાતી હતી, જેમની શખ્સિયત ઘણી પ્રભાવિત નજર આવતી હતી. છતાં જેમ જેમ સમજ વધતી ગઈ તેમ તેમ હઝરત સદરુશ્શરીઅહ્ની અઝમત દિવસે દિવસે મારા દિલમાં વસતી ગઈ. કોઈ પણ બાહય ઓફર વિના જાતે જ દિલી ખેંચાણને વશ થઈને હઝરત સદરુશ્શરીઅહ્થી મુરીદ થયો.

*હમહ્ શહર પુર ઝ ખૂબાં મનમ્ વ ખયાલ માહે*
*ચે કુનમ્ કે ચશ્મે બદ ખૂ નકુનદ બકસ નિગાહે*

હઝરત સદરુશ્શરીઅહ્ આયોજન પૂર્વક દારુલ ઉલૂમ અશ્રફિયહ્ મુબારકપૂરના વાર્ષિક જલ્સામાં તશરીફ લાવતા હતા, અને ઉચ્ચ કિતાબોની ઈમ્તેહાન પણ લેતા હતા, તે સમયે પણ હાજરી તથા ઝિયારતનો શરફ હાંસલ થતો હતો. મને એ શરફ હાંસલ છે કે હઝરત સદરુશ્શરીઅહ્ કુદ્દેસ સિર્રહુએ બુખારી શરીફનો આખરી બાબ (પ્રકરણ) પૂરો પઢાવ્યો હતો અને તે પણ મહાન ઉલમાએ અહલે સુન્નતની હાજરીમાં પઢાવ્યો, જેમકે હઝરત સદરુલ અફાઝિલ, હઝરત મુફતીએ આઝમે હિંદ, હઝરત મલિકુલ ઉલમા, મુબલ્લિગે

ઈસ્લામ હઝરત મૌલાના અબ્દુલ અલીમ સિદ્દીકી મેરઠી વગેરે.....વળી એ શરફ પણ હાંસલ છે થયો કે હઝરત સદરુશ્શરીઅહ્એ બુખારી શરીફની ઈમ્તેહાન લીધી અને અલ્લાહના ફઝ્લો કરમથી સૌથી વધુ માર્ક અતા ફર્માવ્યા. તે વરસે મદ્રસાના તલબામાં મને આ'લા વિશિષ્ટ પોઝીશન હાંસલ થઈ. **ફિલ્ હમ્દુલિલ્લાહિ અલા ઝાલિક.** અત્યાર સુધી મારો દૌર તાલિબે ઈલ્મીનો (વિદ્યાર્થીકાળ) હતો એટલા માટે મોકાસર કદી કદી થોડીવાર માટે હઝરતથી ફૈઝ પામવાનો મોકો મળતો રહતો. હિ.સ. ૧૩૪૭માં હઝરત સદરુશ્શરીઅહ્ કુદ્દેસ સિર્રહુ કાયમી ધોરણે ઘર પર જ રહેતા હતા અને હું પણ ઘૌસીમાં જ રહેતો હતો. એ દિવસોમાં હું શમ્સુલ્ ઉલૂમમાં મુદર્રિસ હતો, એટલા માટે લગભગ ૧૪ મહીનાઓ સુધી હઝરત સદરુશ્શરીઅહ્થી ભરપૂર ફૈઝ પામવાનો મોકો મળ્યો.

હું દરરોજ બપોરે મદ્રસાથી ફારિગ થઈને ઝોહર સુધી ઓછામાં ઓછા બે ત્રણ કલાક હઝરતની ખિદમતમાં હાજર રહેતો, અંગત પત્રો વાંચી સંભળ ાવતો. હઝરત જે જવાબો ઈર્શાદ ફર્માવતા તે જવાબોને હું લખતો. અને સવાલો પણ પઢીને સંભળાવતો અને હઝરતના જવાબોને લખતો. પરંતુ આ ઈમ્લા (લખવાનુ) કેવળ લખવાનુ જ ન હતું બલ્કે ઈફતાની મશ્ક (ફત્વાની પ્રેક્ટિસ) બલ્કે ઈફતાની તર્બિયત પણ હતી. કોઈ આસાન મસ્અલો હોય તો તરત જવાબ લખાવી દેતા, પરંતુ જો મસ્અલામાં કાંઈ મહત્વ સમજતા તો ફર્માવતા કે, બહારે શરીઅત કાઢો ! બહારે શરીઅતમાં જે કિતાબનો હવાલો હોતો તે કિતાબ કાઢવાનો હુકમ થતો. વળી કદી કદી અન્ય કિતાબોમાં પણ એના હવાલા તલાશ કરવાનો હુકમ આપતા.

જ્યારે 'તહકીકુલ્ કામિલ ફી કુનૂતિન્નવાઝિલ' લખવાની થઈ તો હદીષ તથા ફિકહની પચાસો કિતાબોમાંથી લખાણો કઢાવ્યાં, અને પઢાવીને સાંભળી. એ દરમ્યાન મારા સેંકડોં શંકા (વાંધા)ઓના જવાબો આપ્યા.

ખતો (પત્રો) તથા મસાઈલના જવાબો આપતાં જે સમય બચતો તેમાં વિવિધ ભેગા ફતવાઓને વાંચી સંભળાવતો. જે પ્રકરણનો મસ્અલો હોય તેને હઝરત તે મસ્અલાની સાથે લખાવી દેતા. ફતવાઓની બે જિલ્દો હતી, એક બદામી કાગળ પર જેમાં અધિક ફત્વા બલ્કે બધા જ આ'લા હઝરત કુદ્દેસ





સિર્રહૂના વિસાલ બાદ બરેલી શરીફના રોકાણના સમય પછી લખેલા હતા. બીજી સફેદ કાગળની જિલ્દ હતી એમાં અજમેર શરીફ, દાદૂ અને ઘૌસીના રોકાણના સમયમાં લખેલા ફત્વા હતા.

આ પ્રમાણે મને ફત્વા લખવાની પ્રેકિટસ કરાવી, એમ સમજો કે આંગળી પકડીને ચાલતાં શીખવાડયું.

આપણા બુઝુર્ગોનો તરીકો એ હતો કે તાલીમો તર્બિયત દરમ્યાન જલાલ છવાયેલો રહેતો, તાલીમ લેનારની જાત જાતની ટીકા કરતા, તેની ખામીઓ કાઢતા જેવી રીતે બેદર્દીપૂર્વક પથ્થરોને કાપીને, ઘડીને, ઘસીને નગીનો બનાવવામાં આવે છે, એવી રીતે આ હઝરાત પોતાના શાર્ગિદોની સામાન્ય ભૂલો પર તતડાવી ધમકાવીને તેમની ઈસ્લાહ (સુધારણા) કરે છે, કે જે તેમનો આ'લા નમૂનો બને, પણ દિલમાં અતિશય મહોબ્બત રાખતા.

એ અરસામાં એકવાર હું બીમાર પડયો અને એક દિવસ હાજર ન થયો તો અયાદતના (ખબર લેવા) માટે ગરીબખાના પર તશરીફ લાવ્યા.

એકવાર મારો છોકરો બીમાર થયો, મેં તાવીઝ માંગ્યું તો એ છતાં કે બીનાઈ (દ્રષ્ટિ) કમજોર હતી, લખવું મુશ્કેલ હતું, પોતાના હાથ મુબારક વડે તાવીઝ લખીને અતા ફર્માવ્યું, પછી તેને દમ કરવા માટે ઘરે આવ્યા.

એકવાર ભાઈઓ સાથે કાંઈક મામલાઓની બિનાએ વાલિદ સાહબ મારાથી નારાજ થઈ ગયા હતા. અને જઈને સદરુશ્શરીઅહ્ને શિકાયત કરી. કેમકે હક્ક મારા પક્ષે હતું એટલા માટે વાલિદ સાહેબને ખૂબ બોલ્યા.

સહી પઢનાર હાફેઝ કોઈ મળતા નથી એટલા માટે હઝરત સૂરએ તરાવીહ પઢયા કરતા હતા. અને રમઝાનુલ્ મુબારકમાં ઈશાની નમાઝ અને તરાવીહમાં અન્ય ઉલમાએ કિરામ પણ મૌજૂદ હોવા છતાં મને ઈમામ બનાવતા. ફિલ્ હમ્દુ લિલ્લાહિ અલા ઝાલિક.

છેવટની સફરે હજ્જના માટે સવારે ઘરેથી નીકળનારા હતા તે રાત્રે ઈશા બાદ હું હાજર થયો. હઝરત સૂતેલા હતા, હું હઝરતના પગ દબાવવા લાગ્યો. હાફિઝે મિલ્લત કુદ્દેસ સિર્રહૂ પણ મૌજૂદ હતા. હઝરતના જિસ્મ

મુબારક પર ગોશ્ત અધિક સખ્ત હતો અને હું કમજોર ! જેથી હાફિઝે મિલ્લતના મુકાબલે હાથ ઘણો હલકો મેહસૂસ થયો, તો મારા બારામાં પૂછયું, કોણ છે ? મેં નામ બતાવ્યું. ફર્માવ્યું, તમે છો ?! હાફિઝે મિલ્લતને આશ્ચર્ય થયું, તેમણે વિચાર્યું કે કદાચ હું કદી હાજર થતો ન હતો, જેથી હઝરતને પૂછયું કે શું એ ખિદમતમાં હાજર નથી થતા ? ફર્માવ્યું, આ બીચારો દિવસે રોજ આવતો હતો, બે બે ત્રણ ત્રણ કલાક રહેતો, સર્વ ટપાલના પત્રો એ લખતો હતો. ચાર કલાક મદ્રસામાં પઢાવીને થાકેલો રહેતો હતો તો પણ આવતો હતો.

બાર વાગ્યા પછી જ્યારે અમે લોકો પરત થવા લાગ્યા તો ફર્માવ્યું સવારે જલ્દી આવજો. એવું વિચારીને કે સ્ટેશનનું અંતર ફકત દસ મિનિટનું જ છે જેથી હું સાડા આઠ વાગે પહોંચ્યો. જાણવા મળ્યું કે હઝરત સદરુશ્શરીઅહ્ સાડા સાત વાગ્યે જ ઘરેથી નીકળી ગયા હતા અને પૂછયું (હતું) મોલ્વી શરીફુલ્ હક્ક, મોલ્વી જીલાની, મોલ્વી યઝદાની આવી ગયા ? જવાબ નકારમાં મળતાં કાંઈક નારાજગીથી ફર્માવ્યું, મેં કહી દીધું હતું કે સવારે જલ્દી આવજો ! અને આ લોકો હજી સુધી નથી આવ્યા.

મેં હાજર થઈને સલામ અર્ઝ કરી તો ફર્માવ્યું, આટલા મોડા આવ્યા ? આ મુબારક સફરના પ્રસંગે પોતાના આ કફ્શ બરદાર (જુતી ઉઠાવનાર) નો આટલો ખયાલ રાખવો, એ વાતની દલીલ છે કે દિલમાં બેપનાહ મહોબ્બત હતી, પ્રેમ હતો. હું હઝરતની સાથે શાહગંજ સ્ટેશન સુધી ગયો હતો.

ઈશાની નમાઝ અને ખાવાથી ફારિગ થઈને ફર્માવ્યું કે, સ્ટેશન પર ચોર ઘણા છે જેથી બે ગૃપ બનાવી લો, અમુક જણ બાર એક વાગ્યા સુધી જાગે અને અમુક જણ એના પછી જાગે.હઝરત શાહગંજ મગરિબથી પહેલાં જ પહોચી ગયા અને ગાડી સવારે ચાર વાગ્યે હતી. આખી રાત શાહગંજમાં પસાર કરવાની હતી. બારેક વાગ્યા સુધી જાગવા ઘણા લોકો તૈયાર થઈ ગયા. અને પછીના માટે ત્રણ આદમી તૈયાર થયા, હું તથા અદરીના બે જણ. હું તથા અદરીના બે જણા હઝરતનુ જિસ્મ મુબારક દબાવી રહ્યા હતા. એવામાં કેટલાક વાર અદરીવાળાઓ પણરઊંઘ છવાઈ તો તેમણે પૂછયું કે કયાંક ચાય મળશે ? મેં તેમને કહ્યું કે મુસાફરખાનામાં મળી શકે છે. તે બંને જણા ચાય લેવા માટે જતા રહ્યા. એ વખતે જે હેતપૂર્વક હઝરત મને જોઈ રહ્યા હતા





તેની લિજ્જતથી આજે પણ હું તરબોળ છું. હઝરતનું હેત જોઈ મને હિંમત થઈ જેથી મેં અર્ઝ કરી કે, હુઝૂર ! હજ્જ તથા ઝિયારત માટે જઈ રહ્યા છો તો મને કાંઈ અતા ફર્માવો. આ સાંભળીને આંખો બંધ કરી લીધી, પછી કેટલીકવાર ખામોશ રહ્યા પછી આંખો ખોલી અને મારો હાથ પોતાના હાથમાં લઈને ફર્માવ્યું, મેં તમને સિલસિલએ આલિયહ્ કાદરિયહ્ બરકાતિયહ્ રઝવિય્યહ્ની ઈજાઝત આપી. ત્યારબાદ ઘણીવાર સુધી હાથ પકડી રાખ્યો અને કાંઈક પઢતા રહ્યા.

સારાંશ એ છે કે હઝરત સદરુશ્શરીઅહ્ કુદ્દેસસિર્રહૂ આ નાચીઝ ઝર્રા પર અતિશય પ્રમાણમાં મહેરબાન હતા, પ્રેમાળ હતા અને તેમણે પોતાના રૂહાની ખજાનાઓથી ઘણુ બધું મને અતા ફર્માવ્યું.

## ★ હઝરત મુફતીએ આ'ઝમે હિંદ (કુદ્દેસ સિર્રહૂ) ★

મેં દૌરએ હદીષ બરેલી શરીફમાં હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કુદ્દેસ સિર્રહૂના સ્થાપેલ મદ્રસા મઝહરે ઈસ્લામ બીબીજી મસ્જિદમાં કર્યો, અને ત્યાં જ દસ્તારબંદી થઈ લગભગ દસ મહીના શવ્વાલના અડધેથી હિ.સ. ૧૩૬૧ ઈ.સ. ઓકટો ૧૯૪૨થી લઈને ૧૫– શાબાન ઈ.સ.૧૬ ઓગસ્ટ ૧૯૪૩ સુધી બરેલી શરીફમાં રોકાણ રહ્યું. ત્યાં તલબાને રહેવા માટે કોઈ હોસ્ટેલ ન હતી તથા રસોડુ ન હતું. જેથી તલબા મસ્જિદમાં રહેતા હતા. હું પણ એક મસ્જિદમાં રહેતો હતો. લગભગ એક વાગે મદ્રસાથી મસ્જિદે પાછો વળતો. પછી સતત ચાર નમાઝો પઢાવવાની રહેતી જેના કારણે મને એટલો સમય નથી મળ્યો કે હું હઝરત મુફતીએ આ'ઝમે હિંદની ખિદમતમાં વધારે વાર હાજર રહી શકું. તેમ છતાં કદી કદી હાજર થતો પરંતુ તે હાજરીઓમાં કોઈ વાત નથી થઈ જે ઉલ્લેખનીય હોય.

હઝરત મુફતીએ આ'ઝમે હિંદના ખાસ કરમની શરૂઆત સાલાના ઈજતેમાથી થઈ.

મદ્રસાઓના દસ્તૂર પ્રમાણે દરેક કિતાબમાં ઈમ્તિહાનના માટે એક ખાસ પ્રમાણ ઉસ્તાદો નક્કી કરી આપે છે એમાં ભરપૂર તૈયારી કરતા હતા. અમારી બુખારી શરીફ બલ્કે સિહાહ સિત્તાહ પૂરી થઈ ચૂકી હતી, પણ કિતાબમાં

ઈમ્તેહાનનું પ્રમાણ લગભગ કિતાબનો ચોથાઈ હિસ્સો હતું. જમાઅતમાં મારું નામ ત્રીજા નંબરે હતું. જ્યારે અમે લોકો ઈમ્તેહાન આપવા માટે બેઠા અને સદરુશ્શરીઅહ્‌ને જણાવવામાં આવ્યું કે ઈમ્તેહાનનુ પ્રમાણ આટલે સુધી છે, તો જલાલ આવી ગયા અને ધમકાવતાં કહ્યું કે હું માપસરની પરીક્ષામાં નથી માનતો ! જેટલી કિતાબ પઢી છે સૌની ઈમ્તેહાન લઈશ ! કેટલી પઢી છે ? જેનો પ્રથમ નંબર હતો તેણે કહ્યું, આખી બુખારી શરીફ ખત્મ કરી છે. હુઝૂર સદરુશ્શરીઅહ્‌એ બુખારી જિલ્દ અવ્વલનો લગભગ વચ્ચેનો ભાગ ખોલીને ફર્માવ્યું, અહીંથી પઢો ! હવે અમારા લોકોના હોશ ઉડી ગયા ! પરંતુ અમારી જમાઅતના ઘણા ભાઈઓ મહેનતથી પઢયા હતા એટલા માટે તે બંને (આગલા નંબરોવાળાએ) યેન કેન પ્રકારે ઈમ્તેહાનમાં ઈજ્જત સાચવી. હું ખૂબ જ ડરી રહ્યો હતો ! એક તો હઝરતનો રુઆબ અને બીજી એ ભીતી કે ખબર નહીં કયાંથી ઈમ્તેહાન લેશે. બુખારી શરીફમાં કયાંક કયાંક પ્રકરણો (બાબ) અને હદીષોમાં એટલો કઠિન સંબંધ હોય છે કે તેને સમજવું સૌના વશની વાત નથી. ખૈર, અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી મેં હદીષ તથા બાબમાં મુનાસિબત પણ બયાન કરી દીધી, અને હઝરતના ત્રણ ચાર સવાલોના જવાબ પણ આપી દીધા. ચાર જગાએથી પઢાવ્યું, દરેક જગાએ મેં સંતોષજનક તકરીર કરી અને જવાબો આપ્યા, જેનાથી હઝરત સદરુશ્શરીઅહ્‌ ઘણા જ ખુશ થયા, ચહેરા પર ખુશીના ભાવો પ્રદર્શિત થયા, અને ૮૦ માર્ક અતા ફર્માવ્યા. લોકોનું કહેવું છે કે આટલા અધિક માર્ક હઝરત સદરુશ્શરીઅહ્‌એ કદાચ જ કોઈને આપ્યા હોય !

હઝરત મુફતીએ આ'ઝમે હિંદ સદરુશ્શરીઅહ્‌ની બાજુમાં જ બેઠેલા હતા તેમણે આખી ઈમ્તેહાન સાંભળી બલ્કે ખૂદ પણ એક સવાલ કર્યો. હઝરત મુફતીએ આ'ઝમ પણ બાગ બાગ હતા એટલા માટે મદ્રસાની આમ (સામાન્ય) સનદ ઉપરાંત પોતાની મખ્સૂસ સનદ અતા ફર્માવી અને સનદ પર હઝરત સદરુશ્શરીઅહ્‌ની દસ્તખત (સહી) કરાવી, અને ખૂદ ટૂંકુ લખાણ લખીને દસ્તખત ફર્માવી.

હઝરત સદરુશ્શરીઅહ્‌ના વિસાલ બાદ હઝરત મુફતીએ આઝમે હિંદ તઅઝીયતને માટે ઘૌસી આવ્યા તો ઝિયારત (દીદાર) થઈ અને આદત પ્રમાણે





હઝરતે ખૂબ જ કરમ ફર્માવ્યો, પરંતું કોઈ ઉલ્લેખનીય વાત ન થઈ.

એકવાર કોઈકે હઝરતને પૂછયું કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નો વિસાલ કયા સમયે થયો હતો? એ પહેલાં કે હઝરત મુફતીએ આ'ઝમ કોઈ જવાબ આપે, મેં જણાવી દીધું કે બપોર ઢળ્યા બાદ થોડીક વાર પછી. પૂછનાર ઘણો જ બદતમીઝ હતો, તેણે કહ્યું કે, તમને કોણે પૂછયું હતું ? ! મેં કહ્યું, મેં જણાવી દીધું તો શું વાંધો પડી ગયો ? જો મારું જણાવેલું ગલત છે તો હઝરત સુધારો કરી આપશે. એના પર હઝરત મુફતીએ આ'ઝમે તેને સમજાવ્યો.

હઝરત મુફતીએ આ'ઝમના દિલમાં મારા પ્રતિ કેટલો પ્રેમભાવ હતો લાગણી હતી એનો ઈઝહાર તે વખતે થયો જ્યારે હું હઝરત મૌલાના ગુલામ યઝદાની સાહબ (રહ્‌મતુલ્લાહિ અલૈહ્‌)ના વિસાલમાં બરેલી શરીફ હાજર થયો અને તેમની દફન વિધિથી ફારિગ થયા બાદ ખિદમતે અકદસમાં હાજર થયો. એ વખતે ત્યાં મુફતી ઝફરઅલી નોઅ્‌માની કરાચીથી આવ્યા હતા તે પણ મૌજૂદ હતા. અને મઊના મૌલાના ષનાઉલ્લાહ સાહબ પણ મૌજૂદ હતા, એઓ મન્ઝરે ઈસ્લામમાં શૈખુલ હદીષ હતા.

હઝરત મુફતીએ આ'ઝમે હિંદ ઘણી વાર સુધી હઝરત મૌલાના ગુલામ યઝદાની સાહબ (રહ્‌મતુલ્લાહિ અલૈહ્‌) ના કમાલોનુ વર્ણન કરતા રહ્યા. ત્યારબાદ ફર્માવ્યું, હવે તેમની જગા પૂરવાની વાત છે. મને સંબોધીને ફર્માવ્યું કે, જો તમે આવી જાવ તો ઘણુ સારું થશે. મને શું વાંધો હોઈ શકતો હતો ! મેં તેને કબૂલ કરી લીધું. અલ્બત્ત એ અર્ઝ કરી કે મારે પચપળવા જિ. ગોન્ડા જવું પડશે અને તે લોકોની રજા લેવી પડશે. હું ઈન્શાઅલ્લાહ ! બક્ર ઈદ બાદ હાજર થઈ જઈશ. તે દિવસે ઝીલહજજની પાંચ તારીખ હતી. હઝરતે ફર્માવ્યું, કાંઈ વાંધો નહીં, તમે બક્ર ઈદ પછી આવી જાવ.

સવારે મુફતી ઝફર અલી નોઅ્‌માની સાહબે જણાવ્યું કે, મૌલાના ષનાઉલ્લાહ સાહબ મન્ઝરે ઈસ્લામમાં છે અને ઘણા પરેશાન છે. તેમની ખ્વાહિશના પ્રમાણે મેં રાત્રે હઝરત મુફતીએ આ'ઝમે હિંદને એના પર રાજી કરી લીધા છે કે મૌલાના ગુલામ યઝદાનીની જગાએ એમને રાખી લે. હું

ખામોશ રહ્યો, એમાં કેટલીક મસ્લેહતો પણ હતી જે બાદમાં જાહેર થઈ.

બે વરસ પછી મુફતીએ આ'ઝમે હિંદનો પ્રેમાળ પત્ર મળ્યો કે મન્ઝરે ઈસ્લામમાં તમારી જરૂરત છે, તમે પત્ર મળતાં તરત જ બરૈલી આવી જાવ ! આ પત્ર મળ્યા બાદ હું બરૈલી હાજર થઈ ગયો અને ૨૪ શવ્વાલ હિ.સ. ૧૩૭૫ ૪–જૂન ઈ.સ. ૧૯૫૬ થી ૨ ઝીલહજ્જ હિ.સ. ૧૩૮૬, ૮–એપ્રિલ ઈ.સ. ૧૯૬૭ સુધી ૧૧ વરસથી અધિક હાજર રહ્યો, એ વખતે હઝરતના બેપનાહ કરમનો ડગલે ને પગલે અનુભવ થયો. બરેલી શરીફમાં મુદર્રિસો પણ મસ્જિદોમાં રહેતા હતા. પરંતું એક સાલ પછી હઝરત મુફતીએ આઝમે હિંદે મને પોતાના દૌલતકદામાં રાખ્યો. કિયામના માટે ઉપરની બેઠક અતા ફર્માવી. બાકાયદા કારપેટ બિછાવીને તેના પર ડેસ્ક મૂકાવીને મારો હાથ પકડીને એ મસ્નદ પર બેસાડયો, અને ફર્માવ્યું કે હું મારી દારૂલ ઈફતાની જિમ્મેદારી તમને સોંપી રહ્યો છું, તમે લખો.

શહેર તથા આસપાસમાં હઝરતનો જે પ્રોગ્રામ પણ હોય ત્યાં મને સાથે લઈ જતા અને તકરીર વખતે મિમ્બર પર તશરીફ રાખતા. કેવળ શહેર અને આસપાસના વિસ્તારમાં જ નહીં દૂરદરાઝની સફરોમાં પણ મને સાથે રાખતાઅને અહમ ઈજલાસમાં સાથે લઈ જતા, અને જલ્સાના વ્યવસ્થાપકોને કહીને મારી તકરીર કરાવતા. સફર દરમ્યાન જે પણ ઈસ્તિફતા આવતો તેને મારી પાસે મોકલી આપતા.

પ્રથમવાર જ્યારે જૂનાગઢ કાઠિયાવાડ તશરીફ લઈ ગયા તો મદ્રસા મિસ્કિનિયહ્ ધોરાજીના સદર મુદર્રિસ મુફતી અહમદ મિયાં સાહબે હઝરતની ખિદમતમાં દરખાસ્ત પેશ કરી કે મદ્રસાના દૌરે હદીષના તલબાને અમુક હદીષો પઢાવી દો. ફર્માવ્યું, મેં જમાનો થયો પઢાવવાનું છોડી દીધું છે, આ મુફતી સાહબ છે તે પઢાવી આપશે. મુફતી અહમદ મિયાં સાહબથી મારી પ્રથમ મુલાકાત હતી અને તે વખતે કેવળ સલામ તથા મુસાફાની હદ સુધી હતી, એટલા માટે તેમણે ફરી હઝરતને આગ્રહ કર્યો તો હઝરતે ફરી એ જ જવાબ આપ્યો. તેમનો અધિક આગ્રહ થયો તો ફર્માવ્યું, ચાલો ! હું પણ બેસીશ. જેથી નિયત સમય થઈ ગયો તો હઝરત મદ્રસે તશરીફ લઈ ગયા અને હું પણ સાથે હતો. તલબા બુખારી ખોલીને બેસી ગયા. લગભગ કિતાબુસ્સલાહ્





આમીન બિલ્ જહ્રનું પ્રકરણ ખોલ્યું. હઝરતે હુકમ આપ્યો કે, પઢાવો ! હું થોડોક ગભરાયો, પણ હઝરત મુફતીએ આ'ઝમે હિંદનો હુકમ હતો જેથી મેં પઢાવવાનું શરૂ કર્યુ. એક કલાક સુધી પઢાવ્યું. અને હઝરત ઈમામ બુખારી (રહ્મતુલ્લાહિ અલૈહ્) એ આ બાબ (પ્રકરણ)માં ફરિશ્તાઓના 'આમીન' કહેવાના બારામાં જે હદીષ ઝિક્ર કરી છે તેના પર તકરીર કરતાં મેં સ્પષ્ટ કર્યુ કે, આ હદીષથી સાબિત થાય છે કે 'આમીન' ધીરેથી કહેવું જોઈએ. હઝરત મુફતીએ આ'ઝમની ખુશી જોવા જેવી હતી તથા મુફતી અહમદ મિયાં અચંબામાં હતા અને ત્યાં બસો અઢીસોનો મજમો હતો તેનો પણ એ જ હાલ હતો.

એ જ સફરમાં જૂનાગઢના એક શિયાએ હઝરતની ખિદમતમાં હાજર થઈને હદીષે કિરતાસ લઈને હઝરત ફારૂકે આઝમ (રદિયલ્લાહુ અન્હૂ) પર નુકતાચીની શરૂ કરી દીધી. હઝરતે પહેલાં તેને તતડાવ્યો કે તમીઝથી વાત કરો ! અમે હઝરત ફારૂકે આઝમની શાનમાં ગુસ્તાખી સહન નથી કરી શકતા. મેં તેને પૂછયું કે, હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ કાગળ (કિરતાસ) કોની પાસેથી માંગ્યું હતું ? તેણે કહ્યું, હાજરજનોથી, મેં કહ્યું, બીમાર જ્યારે કોઈ ચીજ માંગે તો તેને પૂરું પાડવી ઘરવાળાઓની ફરજ હોય છે. હઝરત અલી, હઝરત ફાતિમા પર પ્રથમ એ ફરજ લાગુ થતી હતી કે કિરતાસ હાજર કરે. તો તેમણે કેમ હાજર ન કર્યુ ? અને જો એ જુર્મ છે તો તમારો વાંધો તથા આલોચના પ્રમાણે સૌથી મોટા મુજરિમ હઝરત હઝરત અલી, હઝરત સૈયદા ફાતિમા છે ! તો એના પર તેની બોલતી બંધ થઈ ગઈ પછી ઉઠીને ચાલતો થયો.

જો કયાંથી પણ મુનાઝરાને માટે કોઈ જતુ તો મને મોકલતા. ખૈરી લખીમપૂર, હલ્દવાની, નજીબાબાદ વગેરે જગાએ મુનાઝરાના માટે હઝરતના હુકમથી ગયો. અને કયાંય જો બદમહબોના મુકાબલામાં જલસાની વાત હોતી તો મને હુકમ આપતા કે જાવ ! મૌદૂદીઓ, હદીષના મુન્કિરો, રાફઝીઓ, સુલેહ કુલ્લીઓ, ગૈર મુકલ્લિદો, દેવબંદીઓ..વગેરેના મુકાબલામાં જલ્સાઓમાં કયાં કયાં ગયો એ સૌનો ઉલ્લેખ ખૂબ જ લાંબો છે.

એક વાર હું મદ્રસાના નાઝિમ સાહબની મહેરબાનીઓથી કંટાળીને બીજે

ઠેકાણે જતો રહ્યો હતો, તે પ્રસંગે હઝરતે નાઝિમ સાહેબને ખૂબ જ ખખડાવ્યા અને હમેશાં મને યાદ કરતા રહ્યા. જતાં તો હું જતો રહ્યો પણ ત્યાં મારું દિલ તદન ન લાગ્યું તો બે મહીના બાદ ફરીથી બરેલી આવી ગયો. રાત્રે ૧૨ વાગ્યે પહોંચ્યો હતો તે વખતે હઝરત અંદર જતા રહ્યા હતા. સવારે ફજરની નમાઝ પછી કાયમની આદત વિરૂધ્ધ હઝરત સીધા નાના મકાનમાં આવ્યા, મને જોયો અને અંદર જઈને આપની અવલિયા સાહેબા (રહ્‌મતુલ્લાહિ અલૈહિમા)ને ફર્માવ્યું, તમારા મુફતી શરીફુલ્ હક્ક આવી ગયા !

બીમારીના અરસામાં એક દિવસ હાજર થયો હતો તો અંદરથી ખબર આવી કે હઝરતે ૨૪ કલાકથી કાંઈ જ નથી ખાધુ પીધુ અને ખૂબ જ જલાલમાં છે. હું અંદર ગયો અને ખાવા મંગાવ્યું તો હઝરતે તનાવુલ ફર્માવ્યું.

જે વરસે ઉર્સના પ્રસંગે મંડપ તૂટીને પડી ગયો હતો ત્યારે હઝરતને ઈજા થઈ હતી. છાતીમાં સખત પીડાનો ઈઝહાર કરતા હતા. અર્ઝ કરવામાં આવી કે એકસ રે કરાવી લો. તો સખત ગુસ્સે થયા અને કોઈ રીતે રાજી ન થયા. હું પહોંચ્યો તો લોકોએ વિગત જણાવી. મેં કહ્યું, ગાડી મંગાવો, હું લઈ જાઉ છું ! હઝરત મૌલાના રયહાન રઝાખાં ઉર્ફે રહમાની મિયાંએ નવી ગાડી ખરીદી હતી તે તૈયાર જ હતી. હું અંદર હાજર થયો અને અર્ઝ કરી.

હુઝૂર ! રહમાની મિયાંએ ગાડી ખરીદી છે તેમની ખ્વાહિશ છે કે આપ બરકત ખાતર તેમાં બેસો અને બહાર થોડુંક ફરી લો ! તો હુઝૂર મુફતીએ આ'ઝમ તરત જ ઉઠયા, કપડાં બદલ્યાં અને ગાડીમાં બેઠા. ગાડી એક દાકતરની ડિસ્પેન્શરીમાં રોકાઈ. મેં અર્ઝ કરી, હઝરતને તકલીફ છે તો અહીં એક મશીન છે તેનાથી જણાઈ જશે કે હાડકામાં કોઈ ચોટ તો નથી થઈ ? હઝરત ગાડીથી ઉતર્યા અને અંદર તશરીફ લઈ ગયા અને મેં એકસે–રે કરાવી લીધો.

આ પ્રમાણેના ઘણા પ્રસંગો છે, કયાં સુધી સૌને વર્ણન કરવામાં આવે ? કેટલાક મારા લખાણોમાં આવી ગયાં છે. ૧૧ વરસના અરસામાં તવજ્જોહ્, ઈનાયત અને શફ્કત તથા કરમના અસંખ્ય દ્રષ્ટાંતો છે.





## ★ હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ કુદ્દેસ સિર્રહૂ ★

હઝરત મુહદ્દિષે આઝમે હિંદ કુદ્દેસ સિર્રહૂથી હું છેક બચપનથી વાકેફ હતો પરંતું ફરાગત પછી એક અરસા સુધી હઝરતની તવજ્જોહ્ મારી તરફ વળી ન શકી હતી. એકવાર બળહલગંજ જિ. ગોરખપૂરમાં જલ્સો હતો. લોકોએ હઝરત મુહદ્દિષે આઝમે હિંદની બારગાહમાં દર ખાસ્ત પેશ કરી કે મહોલ્લા ગોલાના લોકોની ખ્વાહિશ છે કે હઝરત તશરીફ લાવે અને દિવસે ત્યાં તકરીર ફર્માવે. ફર્માવ્યું, ખૂબ મુશ્કેલ છે ! રાતે પણ તકરીર કરું, દિવસે પણ તકરીર કરું, આવનારા જનારાઓ સાથે પણ વાતચીત કરું ! (કહ્યું,) હું ચાલીશ, પણ મારા સ્થાને (મારી પ્રતિ ઈશારો કરતાં ફર્માવ્યું) આ તકરીર કરશે.

મેં હુકમાનુસાર તકરીર કરી જેને આપે ખૂબ જ પસંદ ફર્માવી, વારંવાર દાદ આપી. તકરીર બાદ ફર્માવ્યું, મૌલાના ! તમે તો છુપા રુશ્તમ નીકળ્યા !

ગોલા બાઝારથી જ્યારે નૌશહરા કિયામગાહ પર આવ્યા, તો એક દેવબંદી મોલ્વીની હઝરતના નામે મુનાઝરાની ચેલેંજ આવી. હઝરતે મને બોલાવ્યો અને ફર્માવ્યું કે, આનો જવાબ લખો ! મેં હઝરતની રૂબરૂ જ આ પ્રમાણે જવાબ લખ્યો :–

"મુનાઝરએ રશીદિયહ્ (કિતાબ) ઉઠાવીને જોઈ લો ! મુનાઝરાની પાયાની શરત એ છે કે મુનાઝરો કરનારા ઈલ્મમાં બરાબર હોય, કયાં હઝરત મુહદ્દિષે આઝમે હિંદ અને કયાં તમે ? ! હઝરત સાથે મુનાઝરો કરીને તમારા મોટા મોટા તો સખત હાર પામી ચૂકયા છે. તમને લોકોને હઝરતથી મુનાઝરાનો શોખ છે તો મોલ્વી હુસૈન અહમદ ટાંડવી અથવા કારી તૈયબને બોલાવો. તમારી સાથે અને તમારા જેવાં સેંકડો મોલ્વીઓ સાથે મુનાઝરો કરવા માટે હું પૂરતો છું. તમારી મુનાઝરાની ચેલેંજ મને મંઝૂર છે."

મુનાઝરાથી પહેલાં મુનાઝરાની શરતો, મુનાઝરાના વિષયો, મુનાઝરાનું મકાન (સ્થળ) નિશ્ચિત હોવું જરૂરી છે. તમે જણાવો કે કયારે અને કયાં આ શરતો નક્કી કરવા આવો છો અથવા મને બોલાવો છો.

આ મેટરને સાંભળીને હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદની ખુશીનો કોઈ

પાર ન રહ્યો. મારું લખાણ ગયું તો તે દેવબંદી મોલ્વીને સાપ સુંઘી ગયો ! અને ખસિયાણો પડીને કહેવા લાગ્યો કે સૈયદ મુહંમદ મિયાં સાહબ કછોછવીએ મુનાઝરાથી ઈન્કાર કરી દીધો ! પછી રાત્રે મેં એના પર તકરીર કરી અને એ ખોટી વાતનો રદિયો આપ્યો. ત્યાર પછીથી હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદનો પણ અનહદ કરમ મારા ઉપર અન્ય બુઝુર્ગોની જેમ રહ્યો. અને પછી મુહદ્દિષે આ'ઝમે હિંદ પોતાના વર્તુળમાં મને આમંત્રિત કરવા લાગ્યા. ઘણી જગાએ હઝરતના ઝરીયે હું જલ્સાઓમાં શરીક થયો. સર્વ લોકોની ઈચ્છા હતી કે હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ પહેલા દિવસે પણ તકરીર કરે. હઝરતે મને એકાંતમાં બોલાવ્યો અને ફર્માવ્યું, હું સખત થાકેલો છું અને સૂવા માટે બેકરાર છું, જેથી આજનો જલસો તમારે સંભાળવાનો છે. હું કેટલાય દિવસોથી હઝરતની સાથે એટા વગેરેમાં હતો જેથી મદ્રસામાં ખાસી ગેપ પડી ગઈ હતી, જેથી મેં અર્ઝ કરી, મારી પણ એક ગુઝારિશ છે, હું તકરીર કરીશ અને ઈન્શાઅલ્લાહુ તઆલા આપ મુત્મઈન રહેશો. પણ મને કાલે ઈજાઝત આપી દો, કેમ કે મદ્રસામાં ખાસ્સી ગેપ (ગેર હાજરી) પડી ચૂકી છે. ફર્માવ્યું, મંઝૂર છે. જેથી એના પ્રમાણે અમલ થયો અને જલ્સાવાળા ખુશ પણ રહ્યા.

એક વાર કોઈક જલ્સામાં તકરીર કરી રહ્યો હતો. હઝરત મુહદ્દિષે આઝમે હિંદ મિમ્બર પર બિરાજેલા હતા. કોઈએ એક પરચો મોકલ્યો કે જ્યારે મૃત્યુ બાદ રૂહ શરીરથી અલગ થઈ જાય છે, જેનાથી અવ્લિયાએ કિરામ અપવાદ નથી. શરીર બેજાન ચીઝ છે, શરીર કબ્રમાં રહી જાય છે, રૂહ આ'લા ઈલ્લીયીન પહોંચી જાય છે, તો પછી કબ્ર પર હાજર થઈને તેનાથી મદદ માંગવી કેમ કરીને જાઈઝ થશે ? હઝરતે પરચો મને આપ્યો અને ફર્માવ્યું, આપ અત્યારે જ એનો જવાબ આપો. મેં હઝરતની પ્રતિ જોયું અને અર્ઝ કરી, દુઆ ફર્માવો. જે વિષય પર તકરીર થઈ રહી હતી તેને ત્યાં છોડી દીધો. ચિઠ્ઠી પર કોઈની સહી ન હતી. મેં પ્રથમ એના પર તેની ખૂબ ખબર લીધી પછી, 'હયાતે બરઝખી' (મૃત્યુ બાદથી કિયામત સુધીનો સમયગાળો)ની સાબિતી પર એક કલાક તકરીર કરી, છેવટમાં દલીલ રૂપે તેમની (વહાબીઓની) કિતાબોમાં ખૂદ તેમના મોલ્વીઓના બારામાં જે હિકાયતો લખેલી છે તેને રજુ કરી. હઝરત મુહદ્દિષે આઝમે હિંદ તકરીર સાંભળતા





રહ્યા અને અતિશય ખુશ થતા રહ્યા. પોતાની તકરીરમાં ૧૫ મિનિટ સુધી મારી જ તકરીરના વિશે દાદ આપતા ઈર્શાદો ફર્માવતા રહ્યા. પછી મારી તકરીરના એક હિસ્સાને તકરીરનો વિષય બનાવીને એટલી તો શાનદાર તકરીર કરી કે ખિતાબત એના પર નાઝ કરે.

## ★ હાફિઝે મિલ્લત કુદ્દેસ સિર્રહૂ ★

હાફિઝે મિલ્લત કુદ્દેસ સિર્રહૂ મુબારકપૂર ઝીલકઅદ હિ.સ. ૧૩૫૨માં તશરીફ લાવ્યા હતા. અહીં તશરીફ લાવ્યા બાદ થોડાક જ દિવસોમાં ચોતરફ ખ્યાતી થઈ ગઈ કે મુબારકપૂરમાં એક આલિમ તશરીફ લાવ્યા છે જેમણે મુસલમાનોમાં જબરદસ્ત જોશોખરોશ પેદા કરી દીધું છે. હાફિઝે મિલ્લત કુદ્દેસ સિર્રહૂએ મુબારકપૂરના મુસલમાનોની આ જાગૃતિથી ફાયદો ઉઠાવતાં મદ્રસા મિસ્બાહુલ્ ઉલૂમના માટે એક અઝીમુશ્શાન ઈમારતનો મનસૂબો બનાવ્યો અને તેની સંગે બુનિયાદ માટે ૧૦ શવ્વાલ હિ.સ. ૧૩૫૩ નિશ્ચિત કરી, એમાં હઝરત સદરુશ્શરીઅહ્‌ને પણ આમંત્રિત કર્યા. હઝરત સદરુશ્શરીઅહ્ એ વખતે અજમેર મુકદ્દસમાં હતા, એ વરસે રમઝાન શરીફમાં ઘરે તશરીફ લાવ્યા ન હતા. સંગે બુનિયાદમાં શરીક થવા માટે બે દિવસ અગાઉ ઘરે તશરીફ લાવ્યા અને ૧૦ શવ્વાલની સવારની ગાડીમાં મુબારકપૂર તશરીફ લાવ્યા. મને પણ પોતાની સાથે લાવ્યા અને હાફિઝે મિલ્લતના હવાલે કરી દીધો.

તે વખતે મારી વય લગભગ ૧૨ વરસ હતી. મીઝાન મુન્શઈબના શરૂના દરજામાં મારો દાખલો થયો. વરસ સુધી હાફિઝે મિલ્લતની પાસે મારી કોઈ કિતાબ ન થઈ. મારી પ્રથમ કિતાબ હઝરતની પાસે શરહે જામી બહષે ઈસ્મ શરૂ થઈ. પણ તે વરસોમાં પણ હાફિઝે મિલ્લતનો કરમ મારા પર રહ્યો. કદી કદી અસર બાદ તફરીહ (ચક્કર મારવા) માટે જતા તો સાથે લઈ જતા અને રસ્તામાં દર્સમાંની કિતાબો વિશે સવાલો કરતા. જવાબમાં ઉણપ જણાતી તો ઈસ્લાહ તથા હિદાયત ફર્માવતા.

કેટલીયેવાર એવું પણ થયું કે જ્યારે વર્ષા ઋતુ પછી ઈંટોના ભઠ્ઠાની ઈફતેતાહ થનાર હોતી તો ભઠ્ઠાના માલિક હાજી અન્વર સાહબ હાજર થઈને

અર્ઝ કરતા કે, હુઝૂર ! તશરીફ લઈ ચાલો. એ મોકા પર કેટલીયે વાર હાફિઝે મિલ્લત પોતાની સાથે મને લઈ ગયા અને મને હિદાયત કરતા કે ફલાણી દુઆઓ પઢતાં પઢતાં મારી પાછળ ચાલ.

હાફિઝે મિલ્લતના પ્રેમાળ વર્તાવને કારણે કદી કદી હઝરતની કિયામગાહ પર હાજર થઈ જતો અને ખિદમત કરતો. એ સમય પણ હાફિઝે મિલ્લત બેકાર જવા ન દેતા અને કયારેક સબકોના બારામાં સવાલ કરતા અને કયારેક અહલે સુન્નતના વિરોધીઓના જવાબો બતાવતા. હાફિઝે મિલ્લતની આ કાર્ય પધ્ધતિ છેવટ સુધી મારી સાથે ચાલુ રહી.

સબકો દરમ્યાન ખાસ તવજ્જોહ (ધ્યાન) કરતા અને મુશ્કેલ મસાઈલની તકરીર બાદ પૂછતા, શું સમજયા ? બતાવો ! પ્રારંભમાં જ શરહે જામી અને જલાલૈનમાં વિશેષતઃ શરહ અને તફસીરના રહસ્યો તથા બારીક મુદ્દાઓ (રુમૂઝો નુકાત) બતાવતા અને કેટલાક દિવસો બાદ ખૂબ અમને લોકોને (તલબાને) પૂછતા, એના કારણે અમે લોકો મજબૂર થઈને ખૂબ જ ધ્યાન તથા મહેનતપૂર્વક અભ્યાસ કરતા. જેના ફાયદો એ થયો કે થોડાક દિવસોમાં અમે લોકોએ એટલી ક્ષમતા પેદા કરી લીધી કે શરહ તથા તફસીરના છુપાયેલા વાંધાઓના જવાબ જાતે પોતે જ કાઢી લેતા હતા.

હું મુલ્લા હસન પઢી રહ્યો હતો, તેની સાથે અન્ય ઘણી કિતાબો હતી અને સબકો પણ ઘણા થતા હતા. એના કારણે હું રાતોમાં ખૂબ મોડે સુધી અભ્યાસ કરતો જેથી મારી તબીયત ખરાબ થઈ ગઈ, શરીરમાં કેવળ હાડકાં અને ચામડુ રહી ગયું. એ જોઈને હાફિઝે મિલ્લતે ઘણી જ સખ્તીની સાથે હુકમ આપ્યો કે તમે ૧૨ વાગ્યા પછી અભ્યાસ નથી કરી શકતા. શરૂમાં તો મેં ન માન્યું તો આપે કડકાઈપૂર્વક મને ધમકાવ્યો.

મુલ્લા હસનના પેપરની લેખિત પરીક્ષાનો સમય પૂરો થતા સુધી હું લખતો રહ્યો. એ વખતે મદ્રસાના સદર જનાબ મુહંમદ અમીન અન્સારી સાહબ કાળજી રાખીને મદ્રસાની ઈમ્તેહાન દિવસોમાં મદ્રસે આવતા અને નિરીક્ષણ કરતા. સમય પૂરો થયા પછી પણ હું લખતો રહ્યો એટલે સુધી કે ૧૫ મિનિટ ઉપર ચઢી ગઈ તો તેમણે હાફિઝે મિલ્લતને પૂછયું કે એમની જવાબવહી લઈ





લેવામાં આવે ? આપે ફર્માવ્યું, નહીં ! હમણાં રહેવા દો અને તેમના કાનમાં કાંઈક કહ્યું, તો અમીન ગૃહસ્થ સાહબ ખાસ્સીવાર સુધી મને ધ્યાનપૂર્વક જોવા લાગ્યા. થોડીકવાર પછી મેં જવાબવહી જમા કરાવી. તો હાફિઝે મિલ્લતે ફર્માવ્યું, ઉભા રહો ! અને અમીન સાહબને મારી જવાબવહી દેખાડવા લાગ્યા, તેના સર્વ પેજો બતાવ્યાં. છેવટે ફર્માવ્યું, એની સૂરત જુઓ ! એણે પઢવા પાછળ પોતાની તબીયત ખરાબ કરી નાખી છે, બેવકૂફ ! આખી આખી રાત વાંચે છે.

એ વરસે મૌખિક (તકરીરી) ઈમ્તેહાનના માટે ખયરૂલ અઝકિય્યહ્ હઝરત મૌલાના ગુલામ યઝદાની સાહબ તશરીફ લાવ્યા હતા. જ્યારે તેઓ ઈમ્તેહાનથી પરવાર્યા તો હાફિઝે મિલ્લત તેમની પાસે ગયા અને મને બોલાવ્યો અને ફર્માવ્યું કે, જુઓ ! આ બેવકૂફ પઢવા પાછળ પોતાની તબીયત ખરાબ કરી નાખી છે ! એને જુઓ ! તેઓ તબીબ પણ હતા. અને હાફિઝે મિલ્લતે એ પણ જણાવ્યું કે રમઝાનમાં એનો ઈલાજ તમે કરી આપો.

જ્યારે દારુલ ઉલૂમ અશરફિયાનો બીજો દસ્તારબંદીનો જલ્સો ખૂબ જ શાનો શૌકતની સાથે થવાનો હતો ત્યારે ફર્માવ્યું કે, હું ઈચ્છું છું કે કોઈ તાલિબે ઈલ્મ અરબીમાં તકરીર કરે. શરૂમાં ઘણા ઉમેદવારો ઉભા થઈ ગયા પણ પછીથી સૌ હિંમત હારી ગયા. ડ્રો કરતાં આ દીવાનાનુ નામ નીકળ્યું અને મેં એ અઝીમુશ્શાન જલ્સએ દસ્તારબંદીમાં પ્રથમવાર અકાબિરે અહલે સુન્નતની મૌજૂદગીમાં ૨૫ મિનિટ સુધી અરબીમાં તકરીર કરી જે ઘણી કામયાબ રહી. સર્વ ઉલમાએ કિરામ બાગ બાગ થઈ ગયા અને આખો મજમો આશ્ચર્યમાં ગરકાવ હતો. તકરીર બાદ વાહ ! વાહ ! અને દાદ આપવા ઉપરાંત હઝરત સદરુશ્શરીઅહ્ કુદ્દેસ સિર્રહૂએ ઈનામ રૂપે બે રૂપિયા આપ્યા. ઉસ્તાદે મોહતરમ હઝરત મૌલાના મુહંમદ સુલેમાન ભાગલપૂરી અને મૌલાના શમ્સુલ્ હક્ક ગજળવી મુબારકપૂરી અને સદર જનાબ મુહંમદ અમીન અન્સારીએ પણ ઈનામ આપ્યા. તકરીર દરમ્યાન હાફિઝે મિલ્લતની ખુશીનો આલમ જોવા લાયક હતો ! ચહેરો ખુશીથી ખીલી રહ્યો હતો. વારંવાર વાહ ! વાહ ! સુબ્હાનલ્લાહ ! ફર્માવતા હતા, તકરીર પછી વારંવાર મુદર્રિસો અને અવામ તથા ખવાસથી ઝિક્ર કરતા રહ્યા.

જ્યારે હું અશરફિયા છોડીને મેરઠ ચાલ્યો ગયો અને હાફિઝે મિલ્લતને ખબર થઈ તો તે વખતે કાંઈક લખી રહ્યા હતા. લખવાનુ છોડીને ખૂબ જ અફસોસમાં પડી ગયા અને ફર્માવ્યું, શરીફુલ હક્ક ચાલ્યો ગયો ! પછી ઘણીવાર સુધી ચુપ રહ્યા. હું જતાં તો મેરઠ જતો રહ્યો પણ ત્યાં મારું દિલ લાગતુ ન હતું, ખૂબ જ બેચૈન હતો. બે ત્રણ દિવસ બાદ મેં માફીનો પત્ર લખ્યો. બીજો કોઈ હોત તો જવાબ પણ ન આપત અથવા એવા વેણો છોડત કે જિંદગીભર યાદ રહેત ! પરંતું કુર્બાન જાઉં મારા હાફિઝે મિલ્લત પર ! કે તેમણે જવાબ આપ્યો અને પ્યાર મહોબ્બતની સાથે આપ્યો.

તેનો સાર એ હતો કે, તમારા ચાલ્યા જવાનો બેહદ અફસોસ છે, હું ખિદમતથી વંચિત થઈ ગયો. પણ દુઆએ ખૈર કરું છું કે આપ જયાં પણ રહો આદત પ્રમાણે મહેનત અને લગનથી પઢજો.

*હર ગુલે રા રંગ વ બૂએ દીગરસ્ત*

એ જુદાઈના પોણા બે વરસ પછી હિ.સ. ૧૩૬૨માં દસ્તારબંદીના પ્રસંગે બરેલી શરીફમાં મુલાકાત થઈ તો એ જ લાગણીભેર હાફિઝે મિલ્લત મળ્યા, સીનાથી લગાડયો અને મારી સનદ પર ખાસ ઈબારત (લખાણ) લખીને દસ્તખત કરી.

પછી કરમ ફર્માવીને પોતાના વલથી (ઓળખથી) મને પહેલી મુલાઝેમત (નોકરી) અપાવી. મુલાઝેમતોના સિલસિલામાં શરૂ શરૂમાં ખૂબ જ આજમાઈશમાં રહ્યો, જેના કારણે વારંવાર જગા બદલવી પડી, અને દરેક વખતે હાફિઝે મિલ્લતે મને પહેલાં કરતાં સારી જગા અપાવી. જ્યાં સુધી હું ઘૌસીમાં રહ્યો કાળજીપૂર્વક દર વરસે વાર્ષિક પરીક્ષા તથા દસ્તારબંદીના જલસામાં બોલાવતા, બલ્કે ઘૌસીમાંથી જતા રહ્યા બાદ પણ આ ક્રમ ચાલુ રહ્યો.

તાલિબે ઈલ્મીમાં જલાલૈન શરીફ, મુખ્તસરુલ મઆની વગેરે પઢતો હતો. સહાયક મુદર્રિસ રાખ્યો, શરહે તહઝીબ, નફહતુલ્ યમન વગેરે પઢાવવા માટે આપી.

એકવાર અમરડોભા જિ.બસ્તીથી કોઈકે હાફિઝે મિલ્લતની ખિદમતમાં





એક સવાલ મોકલ્યો. હઝરતે મારા બારામાં ફર્માવ્યું કે, એમને આપી દો. મેં ફત્વો લખીને હઝરતની ખિદમતમાં પેશ કર્યો તો પઢયા વિના તસ્દીક ફર્માવી દીધી. ફર્માવ્યું, આપનો ફત્વો પઢીને તસ્દીક કરવામાં આવશે ! પછી ત્યારબાદ ફત્વો પઢયા અને ખુશ થયા.

બલરામપૂરમાં ખત્મે બુખારીની તકરીબ (પ્રોગ્રામ) હતી, હાફિઝે મિલ્લત પણ હાજર હતા અને હઝરત સૈયદુલ ઉલમા પણ હતા. હાફિઝે મિલ્લત મારા ઉસ્તાદ હતા જેથી મેં હાફિઝે મિલ્લતને અર્ઝ કરી કે, હુઝૂર ! તલબાને બુખારી શરીફની આખરી હદીષ પઢાવી દો. ફર્માવ્યું, આપે આખી બુખારી શરીફ પઢાવી છે, એ પણ તમે જ પઢાવશો. મેં ખૂબ જ આગ્રહ કર્યો પણ એવું જ ફર્માવતા રહ્યા કે, તમે પઢાવો, તમારો હક્ક છે. ત્યારબાદ મેં હઝરત સૈયદુલ ઉલમાથી અર્ઝ કરી કે આપ પઢાવી દો ! ફર્માવ્યું, હઝરત હાફિઝે મિલ્લતે ફૈસલો ફર્માવી દીધો છે હવે તેમાં ફેરફાર નથી થઈ શકતો, તમે જ પઢાવો.

મારી તકરીરો સાંભળીને ઘણીવાર સુધી હાફિઝે મિલ્લત પોતાની તકરીરોમાં મારી તારીફો કરતા. તકરીરના મહત્વના મુદ્દાઓનો નિર્દેશ કરીને દાદ આપતા અને પ્રશંસાના શબ્દો કહેતા.

જો મુબારકપુરમાં કયાંકથી કોઈ મુનાઝિરા માટે મુનાઝિર માંગતું તો તેને હુકમ આપતા કે શરીફુલ હક્કને જરૂર બોલાવશો. વિવિધ જગાઓ પર મુનાઝરાઓમાં હઝરતના જ હુકમથી જ શરીક થયો. જેમ કે ગૈરમુકલ્લિદોના મુકાબલામાં નેપાલ સરહદ પર મધૂબનીના મુનાઝરામાં, દર્યાપૂર જિ.માલદામાં, માંદૂચિત્રા જિ. પલામૂંના મુનાઝરામાં છેલ્લો મુનાઝરો અજોડ મુનાઝરો છે. એ મુનાઝરાની અસર એ થઈ કે મુનાઝરો પૂર્ણ થયા બાદ જ્યારે અમે અહલે સુન્નત સલાતો સલામ માટે ઉભા થયા તો દેવબંદીઓના શામિયાનાની નીચે જેટલા લોકો બેઠા હતા તે સૌ પણ દેવબંદીઓ તરફ પીઠ અને અમારી તરફ મોઢું કરીને સલાતો સલામ માટે ઉભા થઈ ગયા અને અમારી સાથે દુઆ માંગી. આ મુનાઝરાને હાફિઝે મિલ્લતે અલગ બેસીને વિગતવાર સાંભળ્યો હતો. હું જ્યારે મુનાઝરાથી ફારિગ થઈને ખિદમતમાં હાજર થયો તો મહબ્બતના જોશમાં ઉભા થઈ ગયા અને ઘણીવાર સુધી મુબારકબાદ આપતા રહ્યા, દુઆઓ આપતા રહ્યા. પછી ટાટી ડેહરીના સ્થળ

જશ્ને ફતહ મનાવવામાં આવ્યો તો આખી તકરીર મારા બારામાં અને મુનાઝરાના બારામાં કરી.

હઝરત અલ્લામા હાફિઝ અબ્દુર્રઊફ બલ્યાવી (રહ્મતુલ્લાહિ અલૈહ)ની હૈસિયત સૌને ખબર છે. તે એક જબરદસ્ત આલિમ અને ઘણા જ સાહિબે તદબીર પણ હતા. એમના વિસાલથી હાફિઝે મિલ્લતને સખત સદમો પહોચ્યો હતો, પરંતુ તેમની જગાને માટે મને પસંદ કર્યો અને એ પણ ફર્માવ્યું કે મને આ જગાને માટે સખત ઉલઝન હતી, હવે સંતોષ થઈ ગયો. પણ તે વખતે હું બલરામપૂરવાળાઓની રુકાવટના કારણે અશ્રફિયા ન આવી શકયા, ઝીલ હજ્જ હિ.સ. ૧૩૯૬માં આવ્યો.

## ★ હઝરત મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન કુદ્દેસ સિર્રહૂ ★

મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન હઝરત મૌલાના સરદાર અહમદ ગુરદાસપૂરી લાઈલપૂરી કુદ્દેસ સિર્રહૂની ખિદમતમાં બરેલી શરીફ દસ મહીના હાજર રહયો. આખી સિહાહ સિત્તાહ શબ્દે શબ્દ પઢી. 'હમ્દુલ્લાહ'ના એકાદ સબકમાં શરીક થયો. મુબારકપૂરમાં 'હમ્દુલ્લાહ' હાફિઝે મિલ્લતથી પઢી ચૂકયો હતો. સબકમાં શરીક થયા બાદ અનુભવ્યું કે જરૂરત નથી.મન્તિક તથા ફલસફા એ કોઈ એવો વિષય નથી કે બરકત પ્રાપ્ત કરવા માટે (પણ) કોઈનાથી પઢવામાં આવે. દૌરએ હદીષમાં ૩૩ સાથીઓ હતા, જેમાંથી કિર્અત કરવાવાળા ચાર પાંચ હતા. મોટાભાગે કિર્અત હું કરતો હતો. દર્સના સમયો સિવાય અસર મગરિબની વચ્ચે દરરોજ હઝરતની પાસે હાજર થતો.

બીબીજી મસ્જિદના વ્યવસ્થાપકોની નિષ્કાળજી હતી કે તેમણે હઝરતના હુજરામાં વિજળી લગાડી ન હતી એટલા માટે લાલટેન (ફાનસ) વપરાતી હતી. હું દરરોજ લાલટેન સાફ કરતો, તેલ ભરતો, કમરાની સફાઈ કરતો, અન્ય કોઈ ખિદમત હોતી તો તે કરતો. જ્યારે પણ હું પહોંચતો તો ફર્માવતા, મોલ્વી સાહબ ! આવી ગયા. દર્સના સમયો સિવાય રાત્રે ઈશા બાદ પઢાવતા, રજાઓમાં પઢાવતા.

હાફિઝે મિલ્લત જ્યારે બરેલીમાં આવ્યા તો હું તેમની સાથે મુલાકાત માટે ગયો. હાફિઝે મિલ્લતે પૂછયું કે, તેમણે કાંઈ પઢયું પણ છે કે નહીં ?!





ફર્માવ્યું, પઢાવીને તો આપે મોકલ્યો જ છે ! માશા અલ્લાહ ! ખૂબ જ ઝહીન (તીવ્ર બુધ્ધિવાળો) તથા કાબેલ છે, વાતો સમજે પણ છે અને યાદ પણ રાખે છે. એકવાર ફર્માવ્યું, મારી પાસે ફત્વા માટે સવાલોની ટપાલ જમા થયેલી છે તો તમે પણ આવીને કાંઈક લખો તો મારું કામ હલકુ થઈ જશે અને તમને ફત્વા લખતાં પણ આવડી જશે.

પ્રથમવાર બે કવરો આપ્યાં જેમાં એક મસ્અલો રઝાઅતનો હતો એક મહેરમના પર બારામાં હતા. મેં પ્રથમ રઝાઅતનો મસ્અલો લખ્યો. એટલા માટે કે મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત કુદ્દેસ સિર્રહૂએ પણ અને મુફતીએ આ'ઝમે હિંદે પણ પ્રથમ મસ્અલો રઝાઅતનો જ લખ્યો હતો, (તેને) લખીને પેશ કર્યો. વાંચીને ખૂબ જ ખુશ થયા અને કશાય ફેરફાર વિના તસ્દીક ફર્માવી દીધી, આ ક્રમ ચાલુ રહ્યો. બાદમાં કદી ફેરફાર કરતા કદીક હિદાયત કરતા, તો કદીક બીજો લખવાનુ જણાવતા. જ્યારે હઝરત લાઈલપૂર તશરીફ લઈ ગયા તો બે ત્રણ મહત્વના મસાઈલમાં પાકિસ્તાનના કેટલાક ઉલમાથી સખત મતભેદો પડયા. એક મસ્અલો એ હતો કે, જાનવરોને ઈલ્મ હોય છે કે નહીં ? બીજો એ હતો કે હઝરત સિદ્દીકે અકબર હઝરત જિબ્રઈલથી અફઝલ છે, એવું માનનાર માટે શો હુકમ છે ? ત્રીજો મસ્અલો એ હતો કે આખા દેશનો જો કોઈ કાઝી હોય, કામીયુલ્ કઝા અને તે ૨૯ના ચાંદ થયાનુ એલાન કરે તો આખા દેશવાળાઓએ સ્વીકારી લેવું સહીહ થશે કે નહીં ?

આ ત્રણે મસાઈલ પર મેં હઝરતના સમર્થનમાં ખૂબ જ મખ્સૂસ ફત્વા લખ્યા. હઝરતે તે સૌના મળ્યા પછી દુઆઓથી નવાઝયો.

એકવાર લખ્યું કે તમે લાઈલપૂર આવી જાત તો મને ઘણી ખુશી થાત.

## ★ હઝરત મુજાહિદે મિલ્લત કુદ્દેસ સિર્રહૂ ★

મારી ફરાગતના સમયે હઝરત મુજાહિદે મિલ્લત કુદ્દેસ સિર્રહૂ પોતાના વતન ઓરિસ્સા ધામનગર કાયમી ધોરણે રહેવા લાગ્યા હતા. અને હું ગુમનામીના ખૂણામાં હતો.

જ્યારે હું બરેલી શરીફ હાજર થયો અને મુજાહિદે મિલ્લત ત્યાં તશરીફ લાવ્યા તો મારી તેમની સાથે મુલાકાત થઈ. તે ત્યાં વારંવાર તશરીફ લાવતા

હતા અને વારંવાર મુલાકાતો થતી હતી. વિવિધ મુલાકાતોમાં ઈમ્કાને કિઝ્બ, તહઝીરુન્નાસની ઈબારતો, તકલીદે શખ્સી જેવા મહત્વના વિષયોમાં ચર્ચા થતી.

વરસો સુધી ઉર્સે રઝવી બરેલી શરીફમાં કુલના પ્રસંગે મારી તકરીર પણ થતી રહી. એ બધાથી હઝરત મુજાહિદે મિલ્લત મારા પર અન્ય બુઝુર્ગોની જેમ અતિશય કક્ષાએ શફીક તથા મહેરબાન થઈ ગયા. પોતાની સ્થાપિત કરેલ 'તબ્લીગે સીરત'ના દરેક જલ્સામાં કાળજીપૂર્વક મને આમંત્રિત કરતા, તેમના તબ્લીગી દૌરાઓમાં સાથે રાખતા, તે ઉપરાંત પોતાના વર્ચસ્વવાળા વર્તુળના જલ્સાઓમાં પણ આમંત્રિત કરાવતા.

જ્યાં પણ ક્યાંક મુનાઝરો થતો ત્યાં મને જરૂર બોલાવતા. એટલે સુધી કે કટકના મશહૂર ઐતિહાસિક મુનાઝરામાં દબાણપૂર્વક મને સદર બનાવ્યો. અને જ્યારે હઝરત મુજાહિદે મિલ્લતના પેમ્પલેટ પર દેવબંદી સદર કટકી મોલ્વી ઈસ્માઈલથી પ્રારંભિક મુબાહેષા થયો તો ખૂબ જ ખુશ થયા, પીઠ થાબડી દુઆઓ આપી. સુન્ની હઝરાત ખૂબ જ ખુશ હતા. મુનાઝરા બાદ જશ્ને ફતહના તમામ ઈજલાસમાં મુજાહિદે મિલ્લતે મને આગ્રહપૂર્વક રોકયો. જ્યારે મારી આંખોમાં તકલીફ હતી અને હું ઈલાહાબાદ ખાતે સારવાર હેઠળ હતો. કેટલાક અવરોધોના કારણે ઓપરેશનમાં મોડુ થઈ રહયું હતું, મને જાણ થઈ કે હઝરત મુજાહિદે મિલ્લત તશરીફ લાવ્યા છે તો હું હાજર થયો. દુઆની દરખાસ્ત કરી તો ઉભા થઈને ૧૫ મિનિટ સુધી રડી રડીને ખૂબ જ હૃદયદ્રાવક દુઆઓ કરી.

જેમાં એ દુઆ પણ હતી કે, હે અલ્લાહ ! એઓ દીનની ખિદમત કરે છે, પઢાવે છે, ફત્વા લખે છે, તકરીર કરે છે, બદમઝહબોની રદમાં કિતાબો લખે છે, મુનાઝરા કરે છે, એમને શિફા અતા ફર્માવે, તેમની આંખોની દ્રષ્ટિ (બીનાઈ) સલામત રાખ, જેથી એ આ જ પ્રમાણે દીનની ખિદમત કરે. હે અલ્લાહ ! મારી આંખોની બીનાઈ એમને આપી દે ! આ શબ્દો પર મારાથી કાબૂ ન રહ્યો, મેં અર્ઝ કરી, હુઝૂર ! "આવી દુઆ ન કરો ! આપની આંખો મુબારકની બીનાઈ બાકી રહે, મારી રહે કે ન રહે !" પછી ઘણીવાર સુધી આંખો પર દમ ફર્માવ્યો, આંગળીઓ વડે વર્તુળ ખેંચ્યું. હઝરતની દુઆઓનો





જ સદકો છે કે હજી સુધી મારી બીનાઈ બાકી છે, અને હું દસ્તૂર પ્રમાણે દીનની ખિદમત અંજામ આપી રહ્યો છું. અને આ અરસામાં મેં બુખારીની શરહ નુઝહતુલ્ કારીની આઠ નવ જિલ્દો લખી.અલ્લાહ તબારક વ તઆલા મુજાહિદે મિલ્લતને મારા તરફથી, ઈસ્લામ તથા મુસલમાનો તરફથી બેહતરીન જઝા અતા ફર્માવે,
આમીન.

દેવબંદીઓ મુનાઝરાઓમાં 'અલ્મલ્ફૂઝ શરીફ' પર ઈ.સ. ૧૯૪૫થી એતરાઝ કરી રહ્યા હતા. મુનાઝરાઓમાં તેમના જવાબો આપવામાં આવ્યા પણ તે સૌ છપાઈ પણ ન શકયા. મેં જ્યારે તે સૌના જવાબોમાં કિતાબ 'તેહકીકાત' લખી અને હઝરતની ખિદમતમાં પેશ કરી તો ઘણા જ ખુશ થયા અને દુઆઓ આપી.

## ★ હઝરત સૈયદુલ ઉલમા કુદ્દેસ સિર્રહૂ ★

મારી અને સૈયદુલ્ ઉલમાની ઓળખ બહું પહેલાંથી હતી, પણ પ્રથમ મુલાકાત ગયા શહેર બિહારમાં થઈ જ્યારે હઝરત બિહારના મઝલૂમોના માટે ઈમદાદની રકમો લઈને તશરીફ લાવ્યા હતા. ખૂબ જ મહોબ્બત તથા અકીદતની સાથે હું હાજર થયો. જોયું કે બેઠેલા છે તો મેં કદમ બોસી કરી. પરંતુ જ્યારે ખબર પડી કે હું શરીફુલ હક્ક છું તો ઉભા થઈ ગયા અને સીનાથી લગાડયો અને ફર્માવ્યું, મારી સાથે બેસો ! પણ હું સાથે ન બેઠો. ત્યાં જ કેટલીક આયતોની તફસીર પૂછી અને ચર્ચા કરી.

એ જ પ્રસંગે પ્રથમવાર મેં 'હદાઈકે બખ્શિશ'ના ત્રીજા હિસ્સાના વિવાદાસ્પદ શેઅરોના બારામાં ગુઝારિશ કરી કે તેને 'હદાઈકે બખ્શિશ'માંથી કાઢી નાખવામાં આવે. ફર્માવ્યું, કાઢવાથી કાંઈ ફાયદો થશે નહીં અને એમાં કાંઈ (એવી) વાત નથી, એનો ખુલાસો આ પ્રમાણે છે.

હું જ્યારે પ્રથમવાર મારહરા મુતહ્હરા ઉર્સે નૂરીમાં હાજર થયો તો બાગ બાગ થઈ ગયો અને ફર્માવ્યું કે કુલ વખતે મારી તકરીર થતી હતી, પરંતુ હવે હું મારો સમય તમને આપુ છું, હવે કુલના વખતે તમારી તકરીર થતી રહેશે. બિહમ્દિહી તઆલા આ સિલસિલો આજ સુધી સતત ચાલુ છે.

હું જ્યારે પણ મારહરા મુતહ્હરા પહોંચ્ય તો અઝ રાહે કરમ મારી કિયામગાહ પર એકવાર જરૂર તશરીફ લાવતા. ત્યારબાદ હઝરતનો એ દસ્તૂર થઈ ગયો કે પોતાના મુરીદોના હલકામાં (વર્તુળમાં)ના મહત્વના જલસાઓમાં મને જરૂરથી બોલાવતા હઝરતે કયાં કયાં બોલાવ્યો તેની યાદીતો ઘણી લાંબી છે. પોતાની તકરીરમાં મારા બારામાં અતિશય ઉચ્ચ કક્ષાના શબ્દો ઈર્શાદ ફર્માવતા.

એકવાર ફર્માવ્યું કે આ'લા હઝરત કુદ્દેસ સિર્રહુએ હઝરત સદરુશ્શરીઅહ્ના બારામાં ફર્માવ્યું છે કે, તફક્કોહ (દીની મસ્અલાઓની સમજ) જેનું નામ છે તે વર્તમાનકાળના ઉલમાના મોલ્વી અમજદ અલીમાં અધિક જોવા મળશે. અને હવે હું કહું છું કે અમુક બુઝુર્ગોને બાદ કરતાં તફક્કોહ જેનું નામ છે. તે આપણા મુફ્તી શરીફુલ હક્ક સાહબમાં અધિક પામશો. મુંબઈમાં સુન્ની જમીયતુલ ઉલમાની મહત્વની મિટિંગોમાં મને સદર બનાવ્યો. શહીદે આ'ઝમ કોન્ફરન્સમાં મારી તકરીર જરૂર કરાવતા, જ્યારે મને જોતા બાગ બાગ થઈ જતા અને ખૂબ જ કરમ ફર્માવતા. એકવાર દેવબંદીઓએ બલરામપૂર જિ. ગોંડામાં એક જૂઠો મુકદમો કરી દીધો હતો, જેથી મેં દુઆની દરખાસ્ત કરી તો દુઆ ફર્માવી અને કહ્યું કે, જાવ ! હવે કદી એવું થશે નહીં !

## ★ હઝરત અહ્સનુલ ઉલમા કુદ્દેસ સિર્રહુ ★

હઝરત અહ્સનુલ ઉલમા આપણે અહલે સુન્નતની મર્કઝી ખાનકાહે બરકાતિયહ્ના મસ્નદનશીન હતા, એ નિસ્બતથી આપની હૈસિયત અઝીમો જલીલ હતી, ખૂદ ઘણા જ જબર દસ્ત આલિમ, ઝહીન તથા તીવ્ર બુદ્ધિશાળી પણ હતા. જુઝઈય્યાતે ફિકહ પર સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ય હતું, ઘણા જ શાનદાર ખતીબ પણ હતા. ઈલ્મી, રાજકિય, સામાજિક, આર્થિક જે પણ ચર્ચા છેડાઈ જતી સૌમાં હાજરજનો પર છવાયેલા રહેતા.

આ ખાદિમ પર એટલો કરમ ફર્માવતા હતા કે હું શર્મિંદો થઈ જતો. મેં પ્રથમવારની હાજરીમાં હુઝૂર સૈયદુલ્ ઉલમાથી અર્ઝ કરી, દરબારમાં મારી હાજરી કરાવી દો ! આપે અહ્સનુલ ઉલમાને ફર્માવ્યું, હસન મિયાં ! કોઈ મોકો કાઢીને એમની હાજરી કરાવી દો, ઉર્સનો હંગામો હતો, મોકો મળવો





મુશ્કેલ હતો પરંતું અહ્સનુલ્ ઉલમાએ કરમ ફર્માવીને સમય કાઢી જ લીધો.

મને ચુપકીદીથી કાનમાં કહ્યું કે આજે રાત્રે ખત્મ થયા બાદ તમે મારી પાસે બેસી રહેજો, જેથી એ જ પ્રમાણે થયું, તકરીર પૂર્ણ થયા પછી મુલાકાતીઓ અડધા કલાક બાદ જ્યારે પોતપોતાના ઉતારા પર જતા રહ્યા તો મઝાર શરીફના ખાદિમ રફીકને બોલાવ્યો અને મને લઈને ચાલ્યા. મારી પીઠ પર હાથ રાખીને ખાદિમ બરકાતી ગુંબદમાં હાજર કર્યો અને ગુંબદ શરીફના નૈઋત્ય ખૂણામાં બેસાડી દીધો, સૌ બત્તીઓ હોલવી નાખી, બહાર જતા રહ્યા અને દરવાજો બંધ કરી દીધો. મેં શું જોયું અને મે શું જોયું ? એ ન હું કહી શકીશ ન તમે સાંભળી શકશો !

*ન મી દાનમ્ યે મંઝિલ બૂદ – શબ જાએ કે મન્ બુદમ્*

હું બેહોશ થઈ ગયો, આંખ ખોલી તો જોયું કે અહસનુલ્ ઉલમા બેઠેલા છે, મારા ચહેરા પણ પાણીના છાંટા મારી રહ્યા છે. પછી અવાજ આપ્યા અને સહારો દઈને ઉઠાડયો અને બેસાડયો અને બાવડુ પકડીને બહાર લઈ ગયા, અને કાનમાં ફર્માવ્યું, મારા જીવન દરમ્યાન કોઈને જણાવશો નહીં.

હઝરત અહસનુલ ઉલમાનો મારા પર તે ખાસ કરમ છે કે એમાં કદાચ હું એકલો જ છું. ફર્માવ્યા કરતા હતા કે ત્રણ વ્યકિતઓને ખૂબ જ ઠોકી વગાડીને તેહકીક કરીને પસંદ કરવા જોઈએ, એક મુફ્તી, બીજો વકીલ અને ત્રીજો ડોકટર. મેં ત્રણેવને ચૂંટી કાઢયા છે, મારો ડોકટર ફલાણો અને વકીલ ફલાણો છે અને મારો મુફ્તી, મુફ્તી શરીફુલ હક્ક છે. એ અમારી ખાનકાહના મુફ્તી છે. જ્યારે તકરીરમાં કોઈ સારી વાત પર નારા લાગતા અને નાઈબે મુફ્તીએ આ'ઝમ અને શારેહે બુખારી ઝિંદાબાદના નારા લોકો લગાડતા તો અહસનુલ્ ઉલમા પોતાની પુર અઝમત અવાજમાં નારા લગાડાવતા, બરકાતી મુફ્તી...ઝિંદાબાદ ! જ્યારે મોલ્વી ખલીલ અહમદ બીજનોરી બદાયૂનીએ પોતાની છુપી વહાબિયતનુ એલાન કરી દીધું અને લોકોએ હઝરતને શિકાયત કરી તો હઝરતે ફર્માવ્યું, હું મુફ્તી શરીફુલ્ હક્કને વાત કરું છું. કેમકે એ શખ્સ અસલિયત છુપાવીને હઝરત તાજુલ ઉલમા (રહ્મતુલ્લાહિ અલૈહ્)થી મુરીદ થયો હતો અને તેમનો ખલીફા હતો, અને શરૂથી છેવટ સુધી સુન્ની

બનતો હતો. એટલા માટે હઝરત કાંઈક શંકાકુશંકામાં હતા. હું એકવાર હાજર થયો તો મને પૂછયું, એના વિશે શું શું સાંભળ્યું જોયું છે ? મેં બદાયૂના મુનાઝરાનો પૂરો રિપોર્ટ સંભળાવી દીધો, અને મેં અર્ઝ કરી કે, એ વાત તેહકીકથી સાબિત થઈ ચૂકી છે કે દેવબંદીઓના તે અકાબિર જેમની ઉલમાએ અહલે સુન્નતની તરફથી તકફીર થઈ ચૂકી (કુફ્રનો ફત્વો અપાયો) છે તે તેમના કાફિર હોવાથી કફ્ફે લિસાન (મૌન જ) નથી કરતો બલ્કે તેમને પોતાના પેશ્વા માને છે, અને કશાય શક વિના "મન શક્ક ફી કુફ્રિહી વ અઝાબિહી ફકદ્ કફર"ની રૂએ કાફિર તથા મુર્તદ થઈ ચૂકયો છે. અને યકીનન નિઃશંક તેની બયઅત તથા ઈજાઝત તૂટી ગઈ છે. ત્યાર બાદ ઉર્સે કાસિમીમાં કુલના પ્રસંગે તેનાથી બેઝારી (અલિપ્તતા)નું એલાન ફર્માવી દીધું કે, એ શખ્સ હવે સુન્ની નથી રહ્યો, તેની બયઅત તથા ખિલાફત ખતમ થઈ ગઈ, મારા મુરીદો તથા અહલે સુન્નત તેની સાથે કોઈ સંબંધ ન રાખે.

હું ઉર્સે કાસિમીમાં હાજરીની ખબર આપુ કે ન આપુ પણ મારા માટે ખાસ કમરો નક્કી કરીને તાળુ મરાવી દેતા અને સૂચના આપી દેતા કે એમના સિવાય અહીં કોઈ રોકાશે નહીં. અને વારંવાર પૂછતા કે, આપણા મુફતી સાહબ આવ્યા કે નહીં ? અને ખબર મળતી કે હું આવી ગયો છું તો ઈર્શાદ ફર્માવતા, મુફતી સાહબ આવી ગયા, હવે આપણો ઉર્સ થઈ ગયો ! લગભગ ઈ.સ. ૧૯૯૦માં બાબરી મસ્જિદની ચળવળ ચાલી રહી હતી, હિંદુઓએ શીલાન્યાસ કરી લીધો હતો, વાતાવરણ તંગ હતું એવા હંગામાના સંજોગોમાં ઉર્સ મુબારક આવ્યો. રસ્તા બંધ હતા.

મેં સાવચેતી પૂરતુ નિશ્ચય કર્યો કે આ વરસે ઉર્સમાં હાજરી આપીશ નહીં. પછી તબીયત ખૂબ જ ગભરાઈ અને એક ગયબી શકિત મને ખેંચવા લાગી તો હું ઉર્સમાં હાજરી આપવા માટે નીકળી પડયો. કેટલીક તકલીફોનો સામનો કરવો પડયો પરંતું હું હાજર થઈ ગયો. બશીરભાઈ બરકાતી વગેરેએ જણાવ્યું કે અહસનુલ્ ઉલમાએ આજે બપોરની પોતાની તકરીરમાં એલાન ફર્માવી આપ્યું કે મુફતી સાહબ આવી રહ્યા છે ! અને જ્યારે પહોંચ્યો તો બાગ





બાગ થઈ ગયા.

જો બીમારીની ખબર સાંભળતા તો તારથી ખબર પૂછતા, પત્રો મોકલતા, આવજા કરનારાથી માલૂમ કરતા. જે સમયમાં મને ચૌટ લાગી હતી અને હું ગોરખપૂર હોસ્પિટલમાં દાખલ થયેલો હતો ત્યારે ખબર લેવા હોસ્પિટલમાં તશરીફ લાવ્યા અને ઈલાજને માટે ભારે રકમ અતા ફર્માવી અને દુઆઓ પણ આપી.

ઘૌસી મદ્રસા શમ્સુલ્ ઉલૂમના લોકોએ જલ્સાએ દસ્તારબંદીની દા'વત આપી. તેમને જવાબ આપ્યો કે, હું અત્યારે બીમાર છું જેથી મુસાફરી કરવાને લાયક નથી. તે ઉપરાંત જો હું ઘૌસી આવીશ તો પ્રથમ મુફતી શરીફુલ હક્કના ઘરે આવીશ.

બજરદીહા બનારસના લોકોએ દસ્તારબંદીના જલ્સાની દાવત આપી તો મન્ઝૂર ફર્માવી. પણ બરાબર જે તે સમયે બીમાર થઈ ગયા. બનારસના લોકોએ જનાબ મૌલાના બદર આલમને મોકલ્યા. તે વખતે હઝરત કાનપૂરમાં અકીક બરકાતીના ત્યાં રોકાયેલા હતા. હઝરતે બીમારીની મજબૂરી દર્શાવી, તો મૌલાના બદર આલમે અર્ઝ કરી, હુઝૂર ! જો આપ બનારસ આવશો નહીં તો લોકો મુફતી સાહબને ટોણા મારશે, બલ્કે બનારસના એક શેઠ સાહબ તો પહેલેથી જ કહી રહ્યા હતા કે હઝરત અહસનુલ ઉલમાને મુફતી સાહબ નથી લાવી શકતા ! જો તમે લોકો તેમને બોલાવવા ચાહતા હોઉ તો મુંબઈના એક શેઠ સાહબ છે જ્યાં હઝરત અહસનુલ્ ઉલમા તશરીફ લઈ જાય છે તેમનાથી સંપર્ક કરો તો શકય છે કે તશરીફ લઈ આવે. આ સાંભળતાં હઝરત અહ્સનુલ્ ઉલમાએ ફર્માવ્યું, જ્યારે એવી જ વાત છે તો તમે તાત્કાલિક બનારસ પાછા જાવ ! અને એલાન કરી દો કે ફકીર હસન કાદરી, મુફતી શરીફુલ હક્કની દા'વત પર આવી રહ્યો છે ! અને હવે હું જરૂર આવીશ ! જાવ ! એલાન કરી દો ! પછી આપ તશરીફ લાવ્યા. અને હઝરત અહસનુલ ઉલમાનો તે બનારસના માટે પ્રથમ તથા છેલ્લો દૌરો હતો.

# ઈસ્લામી ગૈરત તથા હમિય્યત અને અવામી કિયાદત

## (ઈસ્લામી ગૈરત તથા તરફદારીમાં લોકોનુ નેતૃત્વ)

શારેહે બુખારી એક ઈલ્મથી સમૃધ્ધ આલિમ છે. મન્કૂલાત તથા મઅ્કૂલાતના માહિર તથા અનુભવી મુદર્રિસ છે. દીની તથા ઈલ્મી વિષયોમાં સરસરાટ લખનારા ઉચ્ચ કક્ષાના લેખક છે, તથા માયએ નાઝ મુકર્રિર છે, અહલે સુન્નતના નામવર મુનાઝિર છે, દારુલ ઈફતા બરેલી શરીફ તથા મુબારકપુરના સૌથી વધુ જમાનો ખાધેલ તથા ઘડાયેલ મુફતી છે. પરંતુ આ હૈસિયતો ઉપરાંત શારેહે બુખારીની જિંદગીની કિતાબનું એક પ્રકરણ ઓર પણ છે જે ખૂબ જ રોશન તથા ચકચકિત છે.

ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ પર કોઈ બદબાતિને કોઈ જાતનો કોઈ હુમલો કર્યો તો ઈસ્લામની રક્ષા રસૂલેપાકની અઝમતની રક્ષા કાજે શારેહે બુખારી ઘણીવાર પરિણામની પરવા કર્યા વિના છાતી કાઢીને ઉભા થઈ ગયેલા છે. અને આ માર્ગમાં તેમણે એ ન જોયું કે કેટલા લોકો મારી સાથે છે ? અને એની કોઈ પરવા કરી કે સામે પક્ષે કોણ છે ? આપની ઈસ્લામી ગૈરત તથા હમિય્યત જોશમાં આવી તો અવામની વચ્ચે પહોંચી ગયા અને તેમને સાથે લઈને તેમની નેતાગીરી કરીને કશાય ભય કે ડર વિના હક્કનો પરચમ બુલંદ કર્યો. કિયાદત (આગેવાની) કેવળ રાજકરણને નથી કહેવામાં આવતું બલ્કે અવામની સાચી રહનુમાઈનુ નામ કિયાદત (નેતાગીરી) છે, ચાહે જે પ્રમાણે તથા જે રીતે પણ હોય, દીની કિયાદત હોય, મિલ્લી (કૌમી) કિયાદત હોય અથવા અવામી કે સામાજિક કિયાદત (સરદારી) હોય. થોડાક દ્રષ્ટાંતો જોઈ લઈએ :–

**(૧)** ભારતના ભાગલા થયા પછી થોડા દિવસો બાદની વાત છે. ઈલાહાબાદના હિંદી વર્તમાન પત્ર 'અમૃત બાઝાર પત્રિકા'માં હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની શાનમાં ગુસ્તાખી ભર્યુ એક લખાણ પ્રસિધ્ધ થયું. જેને વાંચતાં તથા સાંભળતાં જ ઉત્તર પ્રદેશના મુસલમાનો ઉકળી ઉઠયા. ગયા અને દરેક જગાએ મુસલમાનોએ સામુહિક રીતે નક્કી કર્યું કે આવતી





જુમ્આએ સખત વિરોધ થવો જોઈએ.

શારેહે બુખારી તે વખતે મદ્રસા શમ્સુલ ઉલૂમમાં મુદર્રિસ હતા તેમની ખિદમતમાં કેટલાક જિમ્મેદાર હઝરાત પહોંચ્યા અને તેમણે ગુઝારિશ કરી કે આપની સરદારી તથા માર્ગદર્શન હેઠળ આપણે ત્યાં ઘૌસીમાં પણ વિરોધ પ્રદર્શિત થવો જોઈએ. જેથી આપસમાં મશ્વરો કર્યા બાદ નક્કી થયું કે સૌ મુસલમાનો આવતી જુમ્આએ પોતાની દુકાનો બંધ રાખે, પોતાનાં મકાનો પર કાળા ઝંડા લગાડે, ઘરથી બહાર નીકળે તો હાથના બાઝૂ પર કાળી પટ્ટી બાંધેલી રાખે, કસ્બાના સર્વ મુસલમાનો ચિત્રાની ઈદગાહમાં જુમ્આની નમાઝ પઢે, નમાઝ બાદ જુલૂસ કાઢે છેવટે પોલીસ થાણા તથા તેહસીલ (મામલતદાર–ઓફીસ)થઈને મદાપુર બરગદની નીચે મેદાનમાં ભેગા થાય.

આ પ્રોગ્રામની આમ મુસલમાનોમાં જાહેરાત થઈ. બીજા દિવસે કસ્બાના તમામ મુસલમાનોનાં ઘરો પર કાળા ઝંડા લાગી ગયા, મુસલમાનોએ પોતાના હાથો પર કાળી પટ્ટીઓ બાંધી લીધી, એલાન પ્રમાણે ચિત્રાની ઈદગાહમાં જુમ્આની નમાઝ થઈ. જુમ્આ બાદ શારેહે બુખારીએ ઈસ્લામી ગૈરતથી ભરપૂર એક તકરીર કરી, જેનો કાંઈક સાર એ છે કે, અંગ્રેજોની ફોર્મ્યુલા હતી "લડાવો અને રાજ કરો" અને હવે કોંગ્રેસીઓની ફોર્મ્યુલા એ છે કે 'મુસલમાનોને દબાવો અને રાજ કરો."

આ એટલા માટે થઈ રહ્યું છે કે હિંદુ બહુમતિ કોંગ્રેસની સાથે રહે, મુસલમાનો માટે નોકરીના દ્વારો બંધ કરી દેવામાં આવ્યાં છે, યુ.પી.ના કોંગ્રેસી ગૃહ પ્રધાને સરકયુલર બહાર પાડી દીધો છે કે મુસલમાનોને પોલીસ વ્યવસ્થા તંત્ર તથા ગવર્નમેન્ટી વ્યવસ્થામાં ન લેવામાં આવે, દેશમાં ઠેકઠેકાણે ભયાનક તોફાનો કરાવવામાં આવ્યાં, મુસલમાનોનાં મકાનો તથા તેમની દુકાનોને લૂંટવામાં આવી અને સળગાવી દેવામાં આવી. અતિશય ક્રુરતા પૂર્વક ઠેકઠેકાણે મુસલમાનોની કત્લેઆમ કરવામાં આવી, પરંતું મુસલમાનોએ આ સર્વ કાંઈ સહન કર્યુ. જાન, માલ, મકાન તથા દુકાનથી આગળ વધીને આ બુરાઈ પસંદ લોકોએ હવે મુસલમાનોની ઈમાની શકિતને અજમાવવાનુ ઈચ્છયું છે અને તેમની ઈસ્લામી ગૈરત તથા હમિય્યતને લલકારી છે. તે ઝાતે ગિરામી જે મુસલમાનોના ઈમાનની જાન છે, જેમની નાલૈને પાકની ખાકના તકદુસ માટે

(પગરખા મુબારકની ધૂળની પવિત્રતા કાજે) મુસલમાન પોતાનુ તન, મન, ધન, આલ–ઔલાદ, માં બાપ અને પોતાની ઈજ્જતો આબરૂ કુર્બાન કરવાને પણ પોતાની જિંદગીની મેઅરાજ સમજે છે, તેમની શાને અકદસમાં ઈલાહાબાદના હિંદી વર્તમાન પત્ર "અમૃતબાઝાર પત્રિકા" એ અતિશય ગુસ્તાખીભર્યું લખાણ પ્રસિધ્ધ કર્યું છે. અને અફસોસ એ છે કે હુકૂમત તથા ગવર્નમેન્ટના સંચાલકોએ હજી સુધી તેની સામે કોઈ કાર્યવાહી કરી નથી.

હુકૂમત કાન ખોલીને સાંભળી લે ! મુસલમાન સર્વ કાંઈ બર્દાશ્ત કરી શકે છે પણ પોતાના રસૂલ, પયગંબરે ઈસ્લામ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની શાનમાં મામૂલી સરખી ગુસ્તાખી (બેઅદબી) સહન નથી કરી શકતા. અમારી માંગણી છે કે હુકૂમત વિના વિલંબે આ લખાણના લેખક તે વર્તમાન પત્રના તંત્રી તેના મેનેજર તથા માલિક સામે કાનૂની કાર્યવાહી હાથ ધરે, એ વર્તમાન પત્રને જપ્ત કરે અને ભવિષ્યના માટે એવો સખત કાનૂન બનાવે કે કોઈ ઝઘડાખોરને એવું કરવાની હિંમત ન થાય.

શારેહે બુખારીએ પોતાની તકરીરમાં જઝબાતથી બેકાબૂ બનેલા મુસલમાનોને પૂછયું કે, કોણ છે જે માથે કફન બાંધીને તૈયાર છે ?! એક જ સાથે આખો મજમો પોકારી ઉઠયો, અમે તૈયાર છીએ ! અમે તૈયાર છીએ ! પૂરા જોશ જઝબાત સાથે આખો મજમો ઉઠીને ઉભો થઈ ગયો ! ગગનભેદી નારાઓ લગાડતો તેહસીલ તરફ ચાલી નીકળ્યો. નારએ તકબીર તથા રિસાલતની ચોતરફ ગુંજ ઉઠી. બેખૂદીના આલમમાં એ નારાઓ પણ લાગી રહ્યા હતા. "અઝમતે રસૂલ–ઝિંદાબાદ !" "તહફફૂઝે અઝમતે રસૂલકે લિએ હમ મર મિટેંગે !" "રસૂલકી તૌહીન બર્દાશ્ત નહીં કરેંગે" વગેરે...વગેરે..

મુસલમાનોએ ચિત્રાની ઈદગાહની સામેથી થાણા સુધી આખી સડકને ઠપ કરી દીધી હતી, ચો તરફ માથાં જ માથાં જોવાં મળતાં હતાં, થાણે પહોંચીને એક મેમોરેન્ડમ થાનેદાર અને બીજુ તેહસીલદારને આપ્યું, આટલુ મોટુ આટલુ પુરજોશ જુલૂસ જેમાં કેવળ મુસલમાન જ મુસલમાન હોય એ ઘૌસીના ઈતિહાસમાં આજ સુધી કયારેય જોવા કે સાંભળવા નથી મળ્યું.

**૨.** ઈ.સ. ૧૯૫૮ની વાત છે કે ઉત્તર પ્રદેશના ગવર્નર મિ.કે.એમ. મુન્શીની વ્યવસ્થા હેઠળ "રીઅલ લીડર્સ"ના નામથી એક પુસ્તિકા છપાઈ,





જેમાં હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની સખત તૌહીન કરવામાં આવી હતી. એ કિતાબ પ્રસિધ્ધ થતાં જ આખા રાજયના મુસલમાનોમાં સખ્ત નારાજગી તથા આક્રોશની લહેર દોડી ગઈ અને ચોતરફ વાતાવરણ ઉગ્રતામય બની ગયું.

શારેહે બુખારી તે વખતે દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ બરૈલી શરીફમાં મુદર્રિસ હતા. મુહર્રમ હિ.સ. ૧૩૭૮ સપ્ટે. પ્રથમ દસ દિવસ ઈ.સ. ૧૯૫૮માં આ ફિત્નાખેઝ કિતાબ વિરૂધ્ધ હંગામો ઉભો થઈ ગયો હતો. હઝરત મુફતીએ આ'ઝમે હિંદે શારેહે બુખારીને હુકમ કર્યો કે આ કિતાબની વિરૂધ્ધ બરૈલી શરીફમાં વિરોધ દર્શાવતા જલ્સાઓનુ આયોજન કરો. જેથી એક અઠવાડિયા સુધી વિરોધનો ક્રમ ચાલુ રહ્યો. મુસલમાનોની બે મહત્વની તજવીઝો હતી :–

(૧) આ રુસ્વાએ ઝમાના કિતાબ "રીઅલ લીડર્સ" પર પ્રતિબંધ મૂકવામાં આવે અને તેના લેખક અને પ્રકાશકને ગુનાને યોગ્ય સજા આપવામાં આવે, તેના પ્રકાશક કે. એમ. મુન્શીને તાત્કાલિક તેના હોદ્દેથી બરતરફ કરવામાં આવે.

(૨) મઝહબી રહનુમાઓની તૌહીનના કાનૂનમાં ફેરફાર કરવામાં આવે અને એવો કાનૂન બનાવવામાં આવે કે કોઈ પણ ધાર્મિક રહનુમાની તૌહીન કરનારને ફાંસીની સજા અથવા કમસે કમ આજીવન કેદની સજા થશે.

અને હુકૂમતને ચેતવણી આપી દેવામાં આવી કે જ્યાં સુધી અમારી આ બે માંગણીઓ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી અમારો વિરોધ ચાલુ રહેશે, અને અમે કોઈ પણ પક્ષને વોટ આપીશું નહીં, ઈલેકશનનો બહિષ્કાર કરીશું. છેલ્લો જલસો જુમ્આની રાત્રે કાંકરટોલા શહર કુહના બરૈલીમાં થયો, જેમાં એક અંદાજા પ્રમાણે ૪૦ હજાર લોકો રહ્યા હતા.

બીજા દિવસે જુમ્આ હતી, રાજયના તમામ મુસલમાનોની નિશ્ચિત યોજના પ્રમાણે નક્કી હતું કે આખા રાજયના મુસલમાનો પોતાની દુકાનો બંધ રાખે, પોતાના મકાન પર કાળા વાવટા લગાડે, પોતાની છાતીઓ પર વિરોધ દર્શાવવા રૂપે કાળા બિલ્લા લગાડે, પણ કોઈ જુલૂસ હરગિઝ ન

કાઢે. અલબત્ત તમામ લોકો પોતપોતાના શહેરની જુમ્મા મસ્જિદમાં જુમ્આની નમાઝ અદા કરે અને દુઆ ખ્વાનીમાં શરીક થાય.

પણ ઈસ્લામિયા કોલેજ બરૈલીના બિન અનુભવી જોશીલા વિદ્યાર્થીઓ લગભગ દસ વાગ્યે સવારે ઈસ્લામિયા કોલેજના ગ્રાઉન્ડમાં ભેગા થઈ ગયા. ત્યાં વિદ્યાર્થીઓએ પોતાની રીતે તકરીરો કરી અને ત્યારબાદ જુલૂસના રૂપમાં જામેઅ મસ્જિદ ચાલ્યા. આ જુલૂસ ઈસ્લામિયા ઈન્ટર કોલેજથી બરેલી ચોક આવ્યું અને ચોકથી બડા બાઝાર થઈને જામેઅ મસ્જિદ જઈ રહ્યું હતું, તો માર્ગમાં સ્થાનિક હિંદુઓએ જુલૂસ પર હુમલો કરી દીધો, જુલૂસ પર પથ્થર મારો કર્યો, લાઠીઓ વરસાવી, કેટલાક લોકો તો વિખેરાઈ ગયા પણ ગમે તે રીતે આ જુલૂસ જામેઅ મસ્જિદ પહોંચી ગયું.

બીજી બાજુ એવું બન્યું કે સવારે નવ વાગ્યે શહેરની બે ત્રણ પ્રતિષ્ઠિત વ્યકિતઓએ શારેહે બુખારીની મુલાકાત કરીને જણાવ્યું કે કલેકટર સાહબે અમને આપની પાસે એટલા માટે મોકલ્યા છે કે હવે આ વિરોધ દર્શાવતા જલસા જુલૂસોને બંધ કરી દેવામાં આવે અને તમારી માંગણીઓ મને લખીને આપી દેવામાં આવે, હું તેને ઉપર પહોંચાડી આપીશ. અને હું સંપૂર્ણ કોશિશ કરીશ કે એ માંગણીઓ મંઝૂર થઈ જાય. શારેહે બુખારીએ એ લોકોને કહ્યું કે, આ પ્રકારની વાતો પહેલાં પણ સ્થાનિક અધિકારીઓ કરી ચૂકયા છે પરંતુ હજી સુધી તેના પર કોઈ પણ કાર્યવાહી કરવામાં આવી નથી. અને તે પ્રતિનિધિમંડળને કહ્યું કે, કામ ચલાઉ રીતે મામલાને ઠંડો પાડવા માટે અને મુસલમાનોનો જોશ ઠંડો કરવા માટે આ પ્રકારની વાતો કરવામાં આવે છે. જ્યાં સુધી કાયદાકિય રીતે અમારી માંગણી મંઝૂર નહીં થાય ત્યાં સુધી અમે અમારી ચળવળ ચલાવતા રહીશું. એ લોકોએ કહ્યું કે, કલેકટર સાહેબ સત્તાધારી અધિકારી છે તે ૧૪૪મી કલમ અથવા કરફયુ પણ લાગુ પાડી શકે છે. આપે ફર્માવ્યું, જો એવું કોઈ પગલુ ભરાશે તો પછી અમે વિચારીશું કે અમારે શું કરવું જોઈએ ? ! આ ચર્ચા દરમ્યાન આપની સાથે હઝરત મુફતી મુજીબુલ્ ઈસ્લામ નસીમ આ'ઝમી પણ શરીક હતા.

શારેહે બુખારી તથા મુફતી મુજીબુલ્ ઈસ્લામ સાહબ જ્યારે સાડા બાર વાગે જામેઅ મસ્જિદ બરેલી પહોંચ્યા તો મસ્જિદ મુસલમાનોથી ખીચોખીચ





ભરેલી હતી, ગલી તથા સડક સુધી માણસો હતા. આ હઝરાતને જોતાં જ મજમાએ નારા લગાડવા શરૂ કર્યા, ખૂબ જ મુશ્કેલીથી મજમો કાબૂમાં આવ્યો.

નમાઝ બાદ હઝરત મૌલાના ષનાઉલ્લાહ આઝમી (મઉ–નાથભંજન) જે એ વખતે બરેલી શરીફમાં જ હતા, તેમની તકરીર દરમ્યાન શારેહે બુખારીને ખબર મળી કે જામેઅ મસ્જિદની ઉત્તર બાજુએ ગલીમાં ગૈર મુસ્લિમ ભેગા થયા છે અને હુમલાની તૈયારી કરી રહ્યા છે. શારેહે બુખારી ઉત્તર દિશા તરફના દરવાજા બહાર ઉભા રહ્યા અને મુસલમાનોને સમજાવી સમજાવીને ગમે તેમ કરીને અંદર ભેગા કર્યા અને પછી મસ્જિદનો દરવાજો બંધ કરી દીધો. પછી મિમ્બર પાસે આવીને એલાન કર્યું કે બહારનુ વાતાવરણ તંગ છે એટલા માટે આપ સર્વ લોકો મસ્જિદની અંદર રહો અને બીજુ એલાન થયા પછી જ બહાર નીકળશો. સાંજે ચાર વાગ્યા સુધી એ જ હાલત રહી.

આપસમાં સલાહ મશ્વરા પછી ચાર વાગે એલાન થયું કે મુસલમાનો મસ્જિદના દક્ષિણ બાજુના દરવાજેથી બહાર નીકળે, ફલાણા માર્ગે થઈને પોતપોતાના ઘરે પહોંચે.

શારેહે બુખારી પાંચ વાગે સાંજે પોતાની કિયામગાહ મહોલ્લા મેઅ્મારાન બિહારીપૂર પાછા આવ્યા તો તેમને જાણવા મળ્યું કે કુતુબખાના (બરેલીની મશહૂર સડક) વગેરેમાં હંગામો શરૂ થઈ ગયો છે, મુસલમાનોની દુકાનો લૂંટવામાં આવી રહી છે. કલેકટર સાહબે તોફાનનું બહાનું બનાવીને ૧૪૪મી કલમ લાગુ કરી દીધી છે.

ટૂંકમાં એ કે પોલીસે શારેહે બુખારી તથા મૌલાના ષનાઉલ્લાહ આ'ઝમી તથા મુફતી મુજીબુલ્ ઈસ્લામ નસીમ આ'ઝમી અને કેટલાક સ્થાનિક લોકો પર ૧૦૭–૧૧૭ નો કેસ કરી દીધો જે આઠ મહીના સુધી ચાલતો રહ્યો. કેસને પતાવવામાં કેટલી તકલીફ તથા પરેશાની ઉઠાવવી પડે છે એ સૌને ખબર છે. આઠ મહીનાના અંતે મેજિસ્ટ્રેટે સૌને મુકત કરી દીધા.

## ★ ભંગા જિ. બેહરાઈચ કેસ ★

માર્ચ ઈ.સ. ૧૯૭૨માં એક નવી મસ્જિદ કસ્બા ભંગા જિ. બેહરાઈચની ઈફતેતાહના જલ્સામાં શારેહે બુખારી શરીક થયા. સાથે મૌલાના ગુલામ

મુહંમદખાં અઝીઝી મર્હૂમ અને મૌલાના અઝીઝુર્રહ્માન નઈમી વગેરે પણ હતા. શારેહે બુખારી તે વખતે જામિઅહ્ અન્વારુલ કુર્આન—બલરામપૂર જિ. ગૌંડાના શૈખુલ હદીષ હતા.

જલસાથી પહેલાં કેટલાક લોકોએ શારેહે બુખારીને જણાવ્યું કે ત્રણ ચાર દિવસ પહેલાં અહીં એક પંડિત આવ્યો હતો અને તેણે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની શાનમાં અતિશય ગુસ્તાખીભર્યા શબ્દો કહયા હતા. આ ખબર સાંભળતાં શારેહે બુખારી ઉકળી ઉઠયા. લગભગ ૧૨ વાગે જ્યારે આપ જલ્સાગાહે પહોંચ્યા તો કોઈ નઅતખ્વાં એક શાયરની તે નઅત પઢી રહ્યો હતો જેની એક કડી આ પ્રમાણે છે :– "જહાં રબકે મૈયિત જહાં મદની સંવરિયા"

આ કડી સાંભળીને શારેહે બુખારી ગુસ્સાથી ઉકળી ઉઠયા અને જ્યારે આપની તકરીર શરૂ થઈ તો ફર્માવ્યું, ઉલમાએ કિરામે લખ્યું છે કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની શાનમાં તુકારવાચક શબ્દો નાજાઈઝ છે જેનો ઉપયોગ "મદની સંવરિયા" કહીને આ કડીમાં કરવામાં આવ્યો છે જે નાજાઈઝ છે. હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના ગુણોમાં સંવરિયા (શ્યામ) કહેવુ જૂઠુ પણ છે. આખી દુનિયા જાણે છે કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) સાંવલા રંગના ન હતા, બલ્કે સુર્ખ સુફૈદ એવા રોશન ચહેરાવાળા હતા કે જોનારે જણાવ્યું કે, એવું લાગતુ હતુ કે સૂરજ રુખે અન્વર (ચહેરા પાક)માં તરી રહયો છે. એટલા માટે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના માટે 'સંવરિયા'નો શબ્દ જાઈઝ નથી. નઅતખ્વાં હઝરાત હવેથી પરહેઝ કરે. પછી શારેહે બુખારીએ ફર્માવ્યું, હિંદીમાં સંવરિયા એ મહબૂબ (પ્રિયતમ)ના અર્થમાં વપરાય છે અને તે પણ એના અનુસંધાનમાં કે કૃષ્ણ કનૈયાનો રંગ શ્યામ હતો, જે એક તબકાનો ખૂબ જ પ્રિય પેશ્વા છે. એને અવતાર માનનારા લોકો પણ જે હિસ્ટ્રી બયાન કરે છે તે એ છે કે તે બચપનમાં માખણ ચોરીને ખાતા હતા. જેમ કે ઘણા હિંદુ ગર્વભેર ગાય છે, "માખણ ચોર ! " અને તેમના બચપનમાં માખણ ચોરી કરીને ખાવાની તસ્વીરો કિતાબોમાં છાપે છે અને પોતાના ઘરોમાં રાખે છે.

અજબનો પ્રસંગ છે કે રાધા જે એમની ચહીતી હતી એના બારામાં ખૂદ





એમના પૂજનારાઓએ લખ્યું છે કે એકવાર રાધા પોતાની સહેલીઓની સાથે જમનામાં સ્નાન કરી રહી હતી તે દરમ્યાન કનૈયા ત્યાં પહોંચી ગયા. તે કિનારા પર સહેલીઓનાં મૂકેલાં કપડાં લઈને ઝાડ પર ચઢી ગયા. નહાયા પછી છોકરીઓએ જોયું કે તેમનાં કપડાં ગુમ થયેલાં છે તો ખૂબ જ પરેશાન થઈ ! આ બાજુ ઝાડ પરથી જ કનૈયાએ વાંસળી વગાડી. વાંસળીનો અવાજ જેને સૌ તેણીઓ જાણતી હતી તેને સાંભળીને ચોંકી ઉઠી ! અને પછી એ સૌએ જોયું કે ઝાડ પર કનૈયા વાંસળી વગાડી રહેલ છે અને સૌનાં કપડાં તેમની સામે રાખેલાં છે. ત્યારે મજબૂર થઈને એક એક છોકરી નગ્નાવસ્થામાં જ ત્યાં આવતી અને પોતાનાં કપડાં લઈ જતી.

શારેહે બુખારીનો કહેવાનો આશય એ હતો કે આપણા મઝહબની અઝમત ઓર છે અન્ય ધર્મોની કાંઈ ઓર. આપણે ત્યાં અઝમત તથા પવિત્રતા મઝહબ પર આધારિત છે. આપણા બુઝુર્ગો, પેશ્વાઓની અમલી જિંદગી કાંઈ ઓર છે અને અન્યોની કાંઈ ઓર, અન્યના ધર્મગુરૂઓ તથા અવતારોનાં જે નામો છે અથવા તેમના જે ગુણો છે મશહૂર તથા પ્રખ્યાત છે તેને આપણા હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર ફીટ કરવાં કોઈ રીતે યોગ્ય નથી.

જલસો ખૂબ જ સારી રીતે પૂર્ણતાએ પહોંચ્યો અને કોઈ જાતની કોઈ વાત તે વખતે સાંભળવામાં ન આવી જેનાથી એ અનુમાન થાય કે કોઈ ગૈર મુસ્લિમ તબકાના લોકોને એ વાત કે તકરીરનો એ હિસ્સો બુરો લાગ્યો. પરંતુ કસ્બા ભંગા જેના ટાઉન એરિયાનો ચેરમેન સુન્નીઓની બહુમતીના કારણે હમેશાં સુન્ની હોતો. અને આ વખતે સંજોગોવસાત એક દેવબંદી અકીદાવાળ ો શખ્સ ચેરમેન બની ગયો હતો. આ તકરીરના બે એક દિવસ બાદ, મૌલાના અઝીઝુર્રહ્માન એટલે જે શારેહે બુખારીની સાથે હતા તેમના જણાવવાથી ચેરમેનના વિરૂધ્ધમાં અવિશ્વાસની દરખાસ્ત રજુ થઈ હતી, એટલા માટે બદલો લેવાના રૂપે કોટવાલ (પોલીસ)ને મળીને (કેસ કરી) એફ.આઈ.આર. ફડાવી લીધી કે હિંદુઓના દેવતાઓને ભલુ બુરૂ કહેવામાં આવ્યું છે અને દેવબંદીઓને કાફિર કહેવામાં આવ્યા છે.

સફર હિ.સ. ૧૩૯૩ ઈ.સ. ૧૯૭૩ માર્ચમાં એ જ રિપોર્ટના આધારે ભંગા કસ્બા જિ. બેહરાઈચની પોલીસ બલરામપુર જિ. ગૌંડા પહોંચી. શારેહે

બુખારીએ પોતાની તકરીરમાં કાંઈ જુદુ કહ્યું હતું અને એફ. આઈ. આર. માં કાંઈ જુદુ લખેલુ હતું.

સારાંશ એ કે ન કરેલ ગુનાહના જુર્મમાં શારેહે બુખારીએ જેલ ભેગા થવું પડયું. (જાણે અલ્લાહની એ જ મરજી હતી. પૂર્વજ બુઝુર્ગોની એક મહત્વની સુન્નત શારેહે બુખારીથી અદા કરવાની બાકી રહી ન જાય, કેમકે આપણા બુઝુર્ગોએ દીનની રાહમાં જેલખાનાની જે મહાન તકલીફો વેઠી છે તે કોઈનાથી છુપી નથી.) જ્યારે આપના હાથોમાં હાથકડી નાખવામાં આવી તો આપ ઝબાને હાલથી આ શેઅર પઢી રહ્યા હતા :–

***બેળિયાં મુઝકો પહનનેમેં કોઈ ઝિલ્લત નહીં***
***બાપ દાદાકા તરીકા સુન્નતે સજ્જાદ હૈ યહ***

સાર એ કે આપ જેલખાનામાં તશરીફ લઈ ગયા અને બીજા દિવસે આપને જેલની હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં આવ્યા જ્યાં જેલ કરતાં કાંઈક રાહત હતી. શારેહે બુખારીને ગુમસુમ જોઈને એક પંડિતજીએ કહ્યું કે જો આ રીતે જેલમાં રહેશો તો બીમાર પડી જશો જેથી તેની સાથે વાર્તાલાપ શરૂ થયો અને છેવટે ધાર્મિક ચર્ચા થવા લાગી. પંડિતજીએ કેટલાક ઈસ્લામ મઝહબ પર વાંધાઓ ઉઠાવ્યા અને હઝરત શારેહે બુખારીએ તેના યોગ્ય જવાબ આપ્યા. ત્યારબાદ હિંદુત્વના બારામાં કેટલીક આલોચના હઝરતે કરી. આ સર્વ ચર્ચા આધેડવયનો કેદી જે રાજસ્થાનનો રહેવાસી હતો તે ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો, જેનુ નામ જયપાલ હતું. અને આ મજલિસ લગભગ બાર વાગે પૂર્ણ થઈ.

બીજા દિવસે હોસ્પિટલના ગ્રાઉન્ડમાં જયપાલ એક ઝાડ નીચે ઉભેલો મળ્યો અને તેણે હિંદુઓના તરીકાથી પ્રણામ કર્યા અને કહ્યું કે હું ઘણીવારથી આપની રાહ જાઈ રહ્યો હતો. કાલે પંડિતજી સાથે તમારે જે ચર્ચા થઈ તે સૌ મેં સાંભળી, આપની વાતો મને ખૂબ જ ગમી, તમે મને મુસલમાન બનાવી દો ! શારેહે બુખારીએ તેને તરત કલ્મો પઢાવ્યો, કુફ્ર તથા શિર્કથી તૌબા કરાવી અને ઈસ્લામના બુનિયાદી અકીદાઓ અને ફર્ઝો બતાવ્યા, ત્યારબાદ તે પગો પર પડી ગયો. તેનુ ઈસ્લામી નામ પણ રાખ્યું.

ત્યારબાદ શારેહે બુખારી ફર્માવે છે કે મારા દિલમાં ખયાલ આવ્યો કે





જયપાલનુ મુસલમાન બનવું મારા હાથ પર મુકદ્દર થઈ ચૂકયું હતું એટલા માટે મને જેલખાને મોકલવામાં આવ્યો અને 'સી' કલાસમાં રાખવામાં આવ્યો અને ખૂબ જ મહોબ્બત કરવાવાળા બુધ્ધિશાળી તેજસ્વી દિમાગવાળા ચાહકોના હોવા છતાં તેમની બુધ્ધિ પર પડદો નાખી દેવામાં આવ્યો. એક કાફિર મારા હાથ પર મુસલમાન થયો એ ખયાલે મારી સર્વ તકલીફો તથા ઈજાઓ એકદમ અદ્રશ્ય થઈ ગઈ અને હું ખૂબ જ ખુશ થઈ ગયો. અને સાથોસાથ એ ખયાલ પણ દિલમાં આવ્યો કે જેલખાનામાં આવવાનો મકસદ પૂરો થઈ ગયો, આજે જ ઈન્શાઅલ્લાહ જેલખાનાની બહાર નીકળી જઈશ. જયપાલ ચાલ્યો ગયો. પંડિતે પૂછયું કે, મોલ્વી સાહબ ! શું વાત છે આજે ખુશ જણાઈ રહ્યા છો ? ! મેં તેને કહ્યું, મારું દિલ કહી રહ્યું છે કે આજે મારી ઝમાનત થઈ જશે અને હું આજે જ જેલખાનાની બહાર થઈ જઈશ. તેણે પૂછયું કે, કેવી રીતે જણાયું ? મેં કહ્યું, કેવી રીતે જણાયું તે ન પૂછો, પણ ઈન્શાઅલ્લાહ એવું જ થશે !

અને બિફઝ્લિહી તઆલા શારેહે બુખારીની ઉમ્મીદ પૂરી થઈ અને તે જ દિવસે લગભગ ત્રણ વાગે એક કેદી આવ્યો અને તેણે ખુશ ખબર આપી કે જેલથી તમારી મુકિતનો પરવાનો આવી ગયો છે. મેં અલ્લાહનો શુક્ર અદા કર્યો અને તેની હમ્દ બજાવી લાવ્યો. અને ખુશી ખુશી ત્યાંથી ઓફિસમાં ગયો તો 'બેકલ' સાહબ તથા અન્ય સ્નેહીઓ મૌજૂદ હતા. ખૂબ જ મહોબ્બતભેર મળ્યા. સર્વ લેખિત કાર્યવાહી થઈ ચૂકી હતી, મારી સહી કરાવવામાં આવી અને જેલખાનાથી બહાર જવાની ઈજાઝત આપી દેવામાં આવી. પાછુ વળીને જોયું તો પંડિત ઉભો હતો અને આશ્ચર્યથી જોઈ રહ્યો હતો. ત્રણ દિવસ પછી જેલખાનાથી બહાર આવ્યો.

દારુલ ઉલૂમ અશરફિયા મુબારકપૂર આવ્યા બાદ બેહરાઈચ કોર્ટમાં જવું પડયું, વિવિધ પરેશાનીઓ વેઠવી પડી. મુબારકપૂર જિ. આઝમગઢથી બેહરાઈચ સુધીની આવજાની તકલીફો ઉઠાવવી પડી, ત્યારબાદ કેટલીયે કઠણાઈઓમાં પસાર થયા બાદ એ કેસ પૂરો થયો, અને શારેહે બુખારીને માનભેર મુકત કરી દેવામાં આવ્યા.

આ થોડાક નમૂનાઓ છે. શારેહે બુખારી દરેક પ્રસંગે અવામની યોગ્ય રહનુમાઈ અને મુનાસિબ સરદારી નિભાવતા રહ્યા, જેની વિગત લાંબી છે.

## આફ્રિકા, હિજાઝે મુકદ્દસ અને પાકિસ્તાનની ★ એક સફર ★

શારેહે બુખારીએ ઈ.સ. ૧૯૯૬માં ઝાંબિયા, ઝિમ્બાબ્વે અને હરમૈન શરીફૈન તથા પાકિસ્તાનની એક લાંબી સફર અમીને મિલ્લત હઝરત ડો. સૈયદ મુહમ્મદ અમીન સજ્જાદાનશીન ખાનકાહે કાદરિયા બરકાતિયા મારહરા શરીફની સાથે કરી. સફરના પ્રસંગો તથા શારેહે બુખારીના પ્રત્યાઘાતો ખૂબ જ સંક્ષિપ્તમાં નીચે રજુ કરવામાં આવે છે :–

૩૦–જૂન ૧૯૯૬માં મુબારકપૂરથી આપે સફરની શરૂઆત કરીને મુંબઈ પહોંચ્યા. ૪–જુલાઈની સવારે મુંબઈથી માર્લેશિશ (આફ્રિકા) થઈને ઝિમ્બાબ્વેના પાટનગર હરારે પહોંચ્યા જ્યાં સેંકડો લોકોએ નારાઓ મારીને આપનુ સ્વાગત કર્યુ. હરારેમાં આપે જોયું કે મુસલમાન, ઈસાઈ, હિંદુ સૌ વસે છે. ત્યાંના કાળા લોકોમાં મુસલમાન પણ છે જેઓ શાફઈ મઝહબવાળ ા છે. મુબલ્લિગે ઈસ્લામ હઝરત મૌલાના અબ્દુલ અલીમ સિદ્દીકી મેરઠી (ખલીફાએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી) પોતાના તબ્લીગી દૌરાઓમાં વારંવાર ત્યાં આવી ચૂકયા છે. અહસનુલ્ ઉલમા સૈયદ શાહ મુસ્તફા હૈદર હસનમિયાં પણ ત્યાં આવી ચૂકયા છે. અલ્હાજ મુહંમદ હનીફ બરકાતી જેઓ આપના ખાસ યજમાન હતા તેમની કોશિશોથી સુન્નિયતનુ મહાન કામ થઈ રહ્યું છે. કાદરી ગુલામ અહમદ રઝા જેઓ થોડુક અશ્રફિયામાં પઢયા પછી 'દારુલ ઉલૂમ શાહેઆલમ' અમદાવાદથી ફારિગ થયા હતા તે પણ ભારે ખિદમત કરી રહ્યા છે, અને ખાસ મહત્વની વાત એ કે તેઓ હઝરત મૌલાના મુહંમદ જાન જામજોધપૂરી કાઠિયાવાડી (ખલીફએ ઈમામ અહમદ રઝા)ના જમાઈ છે.

૫–જૂલાઈએ હરારેમાં રાષ્ટ્ર વ્યાપી "યૌમે રઝા" યોજાયો હતો જેમાં દેશ પરદેશના વિવિધ ઉલમા સાથે આપનાં ઈમાન અફરોઝ બયાન થયાં હતાં. હરારેમાં ૧૫ દિવસ આપનાથી લોકોએ ફૈઝ ઉઠાવ્યો ત્યારબાદ આપ ઝાંબિયાના પાટનગર લુસાકા પહોંચ્યા જ્યાં મૌલાના હાફિઝ અહમદ કાદરી મિસ્બાહી (અશ્રફિયાના માજી ઉસ્તાદ તથા મુફતી તથા ખતીબ હતા જે હાલ





અમેરિકા છે) રહેતા હતા. બે દિવસ લુસાકામાં રોકાયા બાદ તાન્ઝાનિયાના પાટનગર દારુસ્સલામ્ પહોંચ્યા. જ્યાં અમીને મિલ્લતથી આપની મુલાકાત થઈ. અહીં સુન્ની મુસ્લિમોની બહુમતી છે. દારે સલામથી આપ હરમૈન તૈયેબેનના માટે રવાના થયા. પ્રથમ ઈથોપિયા જેનુ જુનુ નામ હબ્શા છે જ્યાં સહાબાએ કિરામ હિજરત કરીને આવતા હતા, ત્યાં પહોંચી એહરામ બાંધ્યો ત્યાંથી મક્કા શરીફ ગયા અને ઉમરા કર્યા અને ૨૫–૨૬ જુલાઈ મક્કામાં રોકાણ કરી મદીના શરીફ પહોંચી સરકારની બારગાહમાં હાજરી આપી.

આપે ત્યાં જોયું કે સઊદી હોટલોમાં પેક ડબ્બામાં કહેવાય છે કે મશીનથી કટીંગ કરેલ જાનવરોનો ગોશ્ત મળતો હતો. શરીઅતનો હુકમ એ છે કે "જો મુસલમાને શરીઅતના તરીકા પ્રમાણે જાનવર ઝબહ કર્યુ અને થોડીવાર માટે પણ મુસલમાનોની નજરો સમક્ષથી દૂર થઈને ગૈર મુસ્લિમોના કબજામાં તે ઝબીહા (માંસ) ચાલ્યુ ગયું તો તેને ખાવું જાઈઝ નથી." મદીના શરીફમાં ચાર પાંચ દિવસ રોકાણ રહ્યું એ દરમ્યાન ખલીફએ ઈમામ અહમદ રઝા બરેલ્વી, કુત્બે મદીના હઝરત મૌલાના ઝિયાઉદ્દીન કાદરી મદનીના સાહબઝાદા હઝરત મૌલાના શૈખ ફઝલુર્રહમાન કાદરી રઝવી જે મદીના તૈયેબહ્ના વતની તથા કાયમી રહેવાસી છે તેમની ઝિયારત નસીબ થઈ. વિવિધ ઉલમા મળ્યા, ત્યાં મીલાદ શરીફના પ્રોગ્રામમાં તકરીર કરી. મદીના શરીફથી ફરી મક્કા શરીફ પહોંચી ઉમરા કર્યા.

૧૩ ઓગષ્ટે કરાચી (પાકિસ્તાન) પહોંચ્યા જ્યાં હાફિઝે મિલ્લતના ચહીતા શાગિર્દ અશ્રફિયા મુબારકપૂરના ફારિગ હઝરત મુફતી ઝફર અલી નોઅ્માની (માજી મેમ્બર કૌમી એસેમ્બલી–પાકિસ્તાન)ના કહેવા પર મૌલાના અતાઉલ મુસ્તફા અમજદી મિસ્બાહી (શાહઝાદએ મુહદ્દિષે કબીર ઝિયાઉલ મુસ્તફા કાદરી) સાથે દારુલ ઉલૂમ અમજદિયા–કરાચી પહોંચ્યા. મૌલાના અતાઉલ્ મુસ્તફા ત્યાં મુદર્રિસ છે અને આ દારુલ ઉલૂમના બાની મુફતી ઝફરઅલી નોઅમાની સાહબ છે. કરાચીમાં વિવિધ ઉલમાથી મુલાકાતો થઈ અવામે પણ સવાલ જવાબ કરી ભરપૂર ફયઝ ઉઠાવ્યો. કરાચીમાં એક મહીના આઠ દિવસ દરમ્યાન તકરીરી પ્રોગ્રામો દિવસમાં ત્રણ ત્રણ થતા હતા.

મુફતી ઝફરઅલી નોઅ્માની સાથે સિંધના પૂરાણા ઐતિહાસિક શહેર ઠઠા શરીફની પણ મુલાકાત લીધી જ્યાં મશહૂર છે કે ૧૪ માઈલ લાંબુ કબ્રસ્તાન છે ત્યાં કેટલાયે બુઝુર્ગોના મઝારો પર હાજરી આપી. લાહોરમાં હઝરત દાતા ગંજબખ્શ હિજવેરી લાહોરીના મઝારેપાક પર હાજરી આપી. દારુલ ઉલૂમ હિઝબુલ્ અહનાફ લાહોરમાં ઘણા ઉલમાથી મુલાકાતો થઈ, વિચાર વિમર્શ થયા. મૌલાના અબ્દુલ હકીમ શરફ કાદરી સાથે હસન ઝન્જાની કુદ્દેસ સિર્રહૂના મઝાર પર હાજરી આપી. લાહોરથી પાક પટ્ટન શરીફમાં શૈખુલ ઈસ્લામ ફરીદુદ્દીન ગંજે શકર નો મઝારે પાક છે જે બાબા ફરીદના નામે ઓળખાય છે ત્યાં હાજરી આપી ત્યાંથી ફૈઝાબાદ (લાઈલપૂર) પહોંચી ઉસ્તાદે ગિરામી મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન હઝરત મૌલાના મોહંમદ સરદાર અહમદના મઝારેપાક પર હાજરી આપી, આપના સાહબઝાદાથી મુલાકાત કરી. ત્યાંથી મુલતાન હઝરત બહાઉદ્દીન ઝકરિયા અલૈહિર્રહ્મહ્ના મઝારે પાક પર હાજરી આપી.

મુલ્તાનથી કરાંચી આવ્યા. 'બરકાતી ફાઉન્ડેશન–કરાચી' તરફથી કરાંચીની ફાઈવ સ્ટાર તાજ મહલ હોટલમાં ઈદે મીલાદુન્નબી (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના એક અઝીમુશ્શાન જલ્સાની સદારત નિભાવી. જેમાં હઝરત મૌલાના ખલીલ અહમદ બરકાતીના ફરઝંદે સઈદ મૌલાના મુહંમદ અહમદ મિયાં બરકાતી તથા મૌલાના શાહ તુરાબુલ્ હક્ક કાદરી માજી સભ્ય કૌમી એસેમ્બલી પાકિસ્તાન અને શારેહે બુખારીની તકરીરો થઈ. આ પ્રસંગે બેહતરીન તાલીમો તર્બિયત તથા ઉચ્ચ કારકિર્દીના સ્વીકાર રૂપે જામિઆ અશરફિયા મુબારકપૂરને 'બરકાતી ફાઉન્ડેશન–કરાંચી' તરફથી ઉચ્ચ પ્રકારનો **શિલ્ડ** આપવામાં આવ્યો.

૧૦ સપ્ટેમ્બરે હઝરત અહસનુલ્ ઉલ્માના ઉર્સમાં કરાચીમાં હાજરી આપી. જેમાં હઝરત અમીને મિલ્લત બરકાતી પણ આવી ચૂકયા હતા. આપ ઘણી મહાન ગાદીના સજ્જાદા હોવા છતાં પણ તેમણે મને સર તથા આંખો પર રાખ્યો અને પોતાના દરનો ખાદિમ નહીં બલ્કે એક બુઝુર્ગની જેમ નવાઝયો. આજકાલના પીરઝાદાઓમાં ખાસ કરીને ઘણા સજ્જાદાઓમાં ઉગ્ર મિજાઝ જે હોય છે અને અન્યોને ધુત્કારવાની તથા હંસી ઉડાવવાની જે





આદત હોય છે બિહમ્દિહી તઆલા હઝરત અમીન મિયાં બરકાતી એ સર્વ ચીજોથી મેહફૂઝ છે, ઉલમા સાથે સન્માનપૂર્વક વર્તાવ તેમના પૂર્વજોનો તરીકો છે. ૧૦ સપ્ટે–૯૯ના રોજ કરાચીથી ઈન્ડિયા રવાનગી થઈ. આ દૌરમાં દરેક દેશોમાં અસંખ્ય ઉલમા મળ્યા ઘણી તકરીરો આપે કરી અને અસંખ્ય આમ તથા ખાસ લોકોએ આપનાથી ફૈઝ ઉઠાવ્યો. આપનો આ પ્રથમ લાંબા ગાળાનો વિદેશોનો દૌરો હતો જે ખૂબ કામયાબ રહ્યો.

## ★ અસરી નશિસ્ત ★

*(અસર બાદની બેઠક)*

અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્ મુબારકપૂરની મર્કઝી ઈમારત (સેન્ટ્રલ બિલ્ડીંગ)ના પહેલા માળના ઉત્તરના ભાગે છેવટનો વિશાળ કમરો શારેહે બુખારીનો અંગત કમરો છે. અસર તથા મગરિબની વચ્ચે કમરાની બરાબર સામે ગેલરીમાં દરરોજ અસ્રી નશિસ્ત થાય છે. મર્કઝી ઈમારતમાં રહેતા મોટા ભાગના અશ્રફિયાના ઉસ્તાદો એમાં શરીક થાય છે. મુબારકપૂરની ખાસ પકોડી અથવા નમકીનની સાથે ચાયનો દૌર ચાલે છે. વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા થાય છે અને શારેહે બુખારી મીરે મેહફિલ હોય છે. ઈ.સ. ૧૯૮૨ સુધી મૌલાના ઈફતેખાર અહમદ કાદરી મિસ્બાહી અને હું (યાસીન અખ્તર મિસ્બાહી) તેમજ મહીના તથા વરસોના ચક્રની સાથે મૌલાના અબ્દુલ મુબીન નોઅ્માની, મૌલાના બદરુલ કાદરી, સૈયદ શમીમ ગૌહર વગેરે પણ સામાન્યતઃ પાબંદી સાથે મેહફિલમાં શરીક થતા રહેતા હતા. હવે હું જોઉં છું કે બિરાદરે મુકર્રમ મૌલાના મુહંમદ અહમદ આઝમી મિસ્બાહી તથા અઝીઝે ગિરામી મૌલાના હાફિઝ અબ્દુલ હક્ક રઝવીની સાથે અશરફિયાના અન્ય ઉસ્તાદોએ લાંબા સમયથી તે જગ્યા સંભાળી રાખી છે. મીરે મેહફિલ હજી પણ શારેહે બુખારી છે. આ અસ્રી નશિસ્તમાં લગભગ દોઢ કલાક સુધી દરરોજ ફાયદાની આપલેનો સિલસિલો ચાલે છે. અને વિવિધ મસાઈલ તથા બહષો, બાબતો તથા મામલાઓ તથા અહવાલ, હિકાયતો તથા વાકયાઓ ચર્ચા હેઠળ રહે છે. દેશની તથા વિશ્વની હકીકતો જેવા વિષયો પર ચર્ચા થાય છે. આંત્રિક તથા બાહય નાની મોટી અસંખ્ય હકીકતો તથા બનાવો પર વિચાર વિમર્શ તથા મુદ્દાસર ચર્ચાઓ થાય છે, જેમાં આવી

બાબતોમાં રસ ધરાવનારાઓ જાણકારો પણ જ્યારે ભાગ લે છે તો પોતાના ઈલ્મની ઉણપ તેમની સમક્ષ આવી જાય છે, (એવી ચર્ચા શારેહે બુખારી રજુ કરે છે). મેહફિલમાં હાજર રહેલા પણ દુનિયાના વિવિધ ક્ષેત્રો પર પોતપોતાના ખયાલો પ્રદર્શિત કરવામાં એકબીજાની આગળ નીકળી જવાનો કોઈ મોકો હાથથી જવા નથી દેતા, કયારેક અશ્રફિયાની તાલીમ, કદીક તેની પ્રવેશની વ્યવસ્થા, કદીક તેની સુધારણા, કદીક તેની પ્રગતિ, કયારેક તેનું કાર્યક્ષેત્ર, કયારેક મુબારકપૂરવાસીઓ વિશે, કયારેક તે સૌના મોહસિનો વિશે, કયારેક અન્ય મુખ્લિસો તથા સહાયકો વિશે, કયારેક સુન્ની ઈદારાઓ અને કયારેક સુન્ની ઉલમા તથા મશાઈખના ફઝાઈલ બયાન થાય છે. કયારેક દર્સી કિતાબોના ગુંચવણભર્યા મસાઈલ અને છુપા ઈલ્મની ચર્ચાઓનું દફતર ખુલે છે. કયારેક અહલે સુન્નતની સામુહિક સંસ્થાઓની ગફલતની ચર્ચા તો કયારેક તેના સબબો અને કયારેક તેના નિવારણની તદબીરો પર વિચારણા થાય છે. કયારેક હિંદુસ્તાની મુસલમાનોની રડવા પાત્ર (પડતીની) હાલત, કયારેક આલમે ઈસ્લામની સુસ્તી અને કયારેક દેશ વિદેશના રાજકરણના રહસ્યોનો ભેદ ખુલ્લો થાય છે. કયારેક બાતિલ મઝહબો, કયારેક તેમના ગલત અકીદા તથા માન્યતાઓ અને કયારેક નજદી વહાબીઓ બાદશાહોની ધોકાબાજીની પોલ ઉઘાડવામાં આવે છે. અને સૌથી અલગ એક ખાસ રંગ આ અસ્રી નશિસ્તનો એ પણ છ કે જયારે શારેહે બુખારીનો મૂડ ઠીક રહે છે અને તબીઅત ખીલેલી હોય છે ત્યારે તે એવા લતીફાઓનો ઉલ્લેખ કરે છે, એવી એવી અતિ અકલમંદીવાળી વાતો રજુ કરે છે કે હંસી ખુશીનું વાતાવરણ છવાઈ જાય છે.***દાતા રખ્ખે આબાદાં સાકી તેરી મેહફિલકો***

## ★ પત્નીઓ તથા ઔલાદ ★

હાફિઝ અબ્દુર્રહમાન રહેવાસી મદનપૂર જિ. દેવરિયા જે શારેહે બુખારીના મામા હતા. તેમની વચેટ સાહબઝાદી નામે ઝયનબ સાથે આપનો નિકાહ થયો જેમનાથી એક પુત્ર પેદા થયો, અને થોડાક જ વરસોના સાથ પછી અહલિયા (પત્ની)નો ઈન્તેકાલ થઈ ગયો. ૧૨ વરસની વયે તેમનો પુત્ર મુહંમદ હબીબુલ હક્ક પણ મૃત્યુ પામ્યો. મર્હૂમાએ ઈન્તેકાલ પહેલાં





વસિયત કરી હતી કે મારા મૃત્યુ પછી મારી નાની બહેન નામે નૂરુન્નિસા સાથે તમે નિકાહ કરી લેશો. જેથી પ્રથમ પત્નીના ઈન્તેકાલ પછી મોહતરમા નૂરુન્નિસા સાથે આપનો નિકાહ થયો. અને તેમણે લાંબા સમય સુધી સારા વર્તાવ સાથે આપનો સાથ નિભાવ્યો. લગભગ ૧૫ વરસ પહેલાં આપનો ઈન્તેકાલ થઈ ચૂકયો છે. તેમના થકી જે ઔલાદ થઈ તેની વિગત આ પ્રમાણે છે :–

(૧) મુહંમદ મુહિબ્બુલ હક્ક, શારેહે બુખારીના તદરીસના જમાનામાં જામિઆ અરબિયા અન્વારુલ્ કુર્આન–બલરામપૂર, જિ. ગૌંડામાં આપે જલાલૈન તથા મિશ્કાત વગેરે સુધીની તાલીમ હાંસલ કરી. પછી તય્બહ કોલેજ મુસ્લિમ યુનિવર્સિટી – અલીગઢથી ડોકટરીનો પાંચ વરસનો કોર્સ બી. યું. એમ. એસ. પૂર્ણ કર્યો. હાલમાં પોતાના કસ્બા ઘૌસી મધુબન રોડ પર આવેલ પોતાની ડિસ્પેન્શરી એક કામયાબ ડોકટરની હૈસિયતથી ચલાવે છે. ઔલાદવાળા છે, મુફતીએ આ'ઝમે હિંદથી તેમને બય્અતનો શરફ હાંસલ થયો છે. સમજદાર તથા ખુશ અખ્લાક તથા સદ્વર્તાવવાળા છે.

(૨) મુહંમદ મતીઉલ્ હક્ક બચપનમાં જ મૃત્યુ પામ્યા.

(૩) મુહંમદ વહીદુલ્ હક્ક. જામિઅહ્ અશ્રફિયહ્ મુબારકપૂરમાં અડધે સુધી તાલીમ હાંસલ કરી છે. અત્યારે મદ્રસા ફૈઝુલ્ ઉલૂમ મુહંમદાબાદ ગોહના જિ. મઊમાં મુદર્રિસ છે. શાદી શુદા તથા બાળ બચ્ચાંવાળા છે.

(૪) મુહંમદ હમીદુલ્ હક્ક. જામિઅહ્ અશરફિયહ્ મુબારકપૂરના ફારિગુત્તહાસિલ આલિમ અને હાફિઝ છે. કેટલાક વરસોથી ઝિમ્બાબ્વે આફ્રિકામાં દીની તથા તબ્લીગી ખિદમતો અંજામ આપી રહ્યા છે. બાળ બચ્ચાં પણ સાથે રહે છે.

(૫) મુહંમદ ઝહીરુલ હક્ક. ઘરેલુ કારોબારમાં વ્યસ્ત છે. શાદી શુદા તથા બાળ બચ્ચાંવાળા છે.

(૬) તલ્અત ફાતિમા તેમના કસ્બા ઘૌસીમાં જ તેમની શાદી થઈ છે.

બાળ બચ્ચાંવાળાં છે.

શારેહે બુખારીની સ્વહસ્તે લખેલી ડાયરીના પ્રમાણે પ્રથમ પત્ની ઝીનત બિન્તે હાફિઝ અબ્દુર્રહમાનથી ૨૦–રબીઉલ આખર હિ.સ. ૧૩૫૯ ઈ.સ. ૧૯૪૦માં નિકાહ થયા. જેમનાથી ૫–જમાદીઉલ ઊલા હિ.સ. ૧૩૬૫, ૮–મે ઈ.સ. ૧૯૪૬ની રાત્રે બુધવારે મુહંમદ હબીબુલ્ હક્ક પેદા થયા. પ્રથમ પત્ની ઝયૂનબ બિન્તે હાફિઝ અબ્દુર્રહ્માનનો મંગળવારે અઢી વાગે દિવસના ૧૪–રબીઉલ આખર હિ.સ. ૧૩૭૦, ૨૩–જાન્યુ. ૧૯૫૧ અને મુહંમદ હબીબુલ્ હક્કનો ૧૧ વરસની ઉંમરે ત્રણ મહીના સાત દિવસે ૧૨ શાબાન હિ.સ. ૧૩૭૬, ૧૫ માર્ચ ઈ.સ. ૧૯૫૮ જુમ્આના દિવસે ૬.૧૦ વાગે ઈન્તેકાલ થયો. બીજાં પત્ની સાહેબા નૂરુન્નિસા બિન્તે હાફિઝ અબ્દુર્રહ્માનથી ૨૨–રજબ હિ.સ. ૧૩૭૦, ૨૮– એપ્રિલ ૧૯૫૧ રવિવારે રાત્રે નિકાહ થયો, જેનાથી મુહંમદ મુહિબ્બુલ્ હક્ક ૩૦–જમાદીઉલ આખર,હિ.સ. ૧૩૭૧, ૨૭–માર્ચ ઈ.સ. ૧૯૫૨ જુમેરાતે સાડા આઠ વાગે સવારે મુહંમદ મતીઉલ્ હક્ક ૧૦–જમાદીઉલ આખર હિ.સ. ૧૩૭૫, ૨૨–જાન્યુ. ઈ.સ. ૧૯૫૬. મુહંમદ વહીદુલ્ હક્ક રબીઉલ આખર હિ.સ. ૧૩૭૯, નવે. ૧૯૫૯ તલ્અત ફાતિમા રજબ હિ.સ. ૧૩૮૧, ડિસેમ્બર–૧૯૬૧. મુહંમદ હમીદુલ્ હક્ક ૧૧–રમઝાન હિ.સ. ૧૩૮૫, જાન્યુ–૧૯૬૬ રાતમાં દસ વાગે દસ મિનિટે પેદા થયા. મુહંમદ મતીઉલ હક્કનો છ વરસની વયે બીજાં પત્નીનો ૧૩ રજબ હિ.સ. ૧૪૦૫, ૫–એપ્રિલ ઈ.સ. ૧૯૮૫ જુમ્આની રાત્રે ઈન્તેકાલ થયો.

શારેહે બુખારીના વાલિદે મોહતરમ અબ્દુસ્સમદ ઈબ્ને ષનાઉલ્લાહ ઈબ્ને લઅલ મુહંમદ ઈબ્ને મૌલાના ખૈરુદ્દીનનો ૨૮–રજબ હિ.સ. ૧૪૦૦, ૧૩–જૂન ઈ.સ. ૧૯૮૦ જુમ્આના દિવસે બરાબર તે વખતે ઈન્તેકાલ થયો જ્યારે જુમ્આની જમાઅતના અંતમાં નમાઝી સલામ ફેરવી રહ્યા હતા.





# ★ ફત્વાના નમૂનાઓ ★

## ★ ફિલ્મી ગીતોની ભયાનકતા વિશે ફત્વો ★

શું ફર્માવે છે દીનના ઉલમા તથા શરએ મતીનના મુફ્તીઓ આ મસ્અલામાં કે કેટલાક મુસ્લિમ નવયુવાનો નીચે દર્શાવેલ શેઅરો (ગાયનની કડીઓ) ઘણા શોખથી ગાય છે. હવે એ (અમને) ખબર નથી કે એ શેઅરોના અર્થ મુજબનો અકીદો પણ ધરાવે છે કે પછી અમસ્તા જ ખાલી જીભ ઉપર લાવે છે. તો શરીઅતે તાહેરાની રોશનીમાં આ લોકો પર કેવા હુકમો લાગશે ? તે શેઅરો (કડીઓ) આ પ્રમાણે છે :–

(૧) હસીનોંકો આતે હૈં, કયા કયા બહાનેં ! ખુદા ભી ન જાને તો હમ કૈસે જાને !

(૨) ખુદા ભી આસ્માંસે જબ ઝમીં પર દેખતા હોગા, મેરે મેહબૂબકો કિસને બનાયા સોચતા હોગા !

(૩) રબને મુઝ પર સિતમ કયા કિયા હૈ, સારે જહાંકા ગમ મુઝે દે દિયા હૈ !

(૪) ફૂલોંસા ચેહરા તેરા કલિયોંસી મુસ્કાન હૈ, રંગ તેરા દેખકર રૂપ તેરા દેખકર કુદરત ભી હૈરાન હૈ !

(૫) કિતના હસીન ચહેરા, કિતની પ્યારી આંખે, કિતની પ્યારી આંખે કે આંખસે છલકતા પ્યાર, કુદરતને બનાયા હોગા, ફુરસતસે તુઝે મેરે યાર !

(૬) ઓ મેરે રબ્બા ! રબ્બા રે રબ્બા ! યે કયા ગઝબ કિયા ! જિસ્કો બનાના થા લળકી ઉસે લળકા બના દિયા.

(૭) અબ આગે જો ભી હો અંજામ દેખા જાએગા, ખુદા તરાશ લિયા ઔર બંદગી કર લી !

### ★ અલ્ જવાબ ★

જેટલા શેઅરો પ્રશ્નમાં લખવામાં આવ્યા છે, તે સર્વમાં કાંઈ ને કાંઈ **ચોખ્ખુ કુફ્ર** છે. જે લોકો આ શેઅરોને બોલે છે તે સર્વે બધા જ ઈસ્લામથી બહાર થઈ કાફિર તથા મુર્તદ થઈ ગયા. એ લોકોના સર્વ નેક અમલો બેકાર

થઈ ગયા, એમની પત્નીઓ નિકાહમાંથી નીકળી ગઈ. એ સર્વે ઉપર ફર્ઝ છે કે તરત જ વિના વિલંબે આ શેઅરોમાં જે કુફિયાત (કુફ્રી બાબતો) છે તેનાથી તૌબા કરે અને કલ્મો પઢી નવેસરથી મુસલમાન બને, અને પોતાની પત્નીઓને રાખવાનુ મન્ઝૂર હોય તો એમની સાથે ફરી બીજી વખતે નવી મહેર સાથે નિકાહ કરે. એવી કેસેટો જેમાં આવા કુફ્રી શેઅરો હોય તેને વગાડવું હરામ સખત હરામ, કુફ્ર તરફ ખેંચી જાય છે અને કેસેટોને સાંભળવું પણ હરામ, બલ્કે આવી કેસેટોનો નાશ કરી દેવો ફર્ઝ છે. જો મઆઝલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) આવા કુફ્રી શેઅરોની કેસેટોને પસંદ કરીને સારી સમજીને વગાડે અથવા કોઈએ આ શેઅરો સાંભળીને પસંદ કર્યા તો તે પણ કાફિર થઈ જશે, કુફ્ર પર રાજી થવું પણ કુફ્ર છે. ઈર્શાદ છે : (અર્થ) : "બેશક ! ત્યારે તો તમે પણ તે લોકો જેવા જ છો."

હવે ઉપરોકત દર્શાવેલ શેઅરોમાંનુ કુફ્ર ગણાવીએ :– એવું કહેવું કે **"ખુદા પણ ન જાણે"** કુફ્ર છે, એવું કહેવું કે **"અલ્લાહ અઝ્ઝ વ જલ્લ વિચારતો હશે** કે મારા મેહબૂબને કોણે બનાવ્યો !" એમાં ત્રણ કુફ્ર છે. પ્રથમ એ કે આ જાહિલના મેહબૂબને અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)એ નથી બનાવ્યો ! બીજુ કોણે બનાવ્યો એ એને ખબર નથી ! ત્રીજું એ કે વિચારતો હશે ! તદ્ ઉપરાંત પ્રથમ કડીમાં પણ કુફ્ર છે કે "જ્યારે દેખતો હશે !" એનો અર્થ એ થાય કે જમીન હમેશાં એની (અલ્લાહ તઆલાની) જોવાની શકિતના ઘેરાવમાં નથી ! બલ્કે જ્યારે જમીન પર જુએ ત્યારે એને (અલ્લાહને) જમીનની સ્થિતિઓની ખબર પડે ! એમાં કુફ્ર તો એ છે કે એનાથી એવું લાઝિમ થશે કે અલ્લાહ તઆલાનુ બસીર (દેખતા) હોવું અલ્લાહ તઆલાની કદીમ (હમેશાંથી) સિફત નથી પણ હાદિષ (પાછળથી ઉદ્ભવેલ) છે ! (હકીકત એ છે કે) અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)ની સિફતો (ખૂબીઓ, ગુણો) હમેશાંથી જ છે, એવું નથી કે કોઈ સિફત મઆઝલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) પછીથી અસ્તિત્વમાં આવી હોય.

બીજું (એ કડીઓમાં એવું ફલિત થાય છે કે) આ જમીનની વસ્તુઓ અને એની સ્થિતિઓનો ઈલ્મ હમેશાં નથી ધરાવતો એ પણ એ જ પ્રમાણે કુફ્ર છે.





એવું કહેવું કે **"અલ્લાહ તઆલાએ મારા પર જુલ્મ સિતમ કર્યો"** તો એણે અલ્લાહને જાલિમ બનાવ્યો, જે ચોખ્ખુ કુફ્ર છે. આવું કહેવું કે **"કુદરત પણ હયરાન (આશ્ચર્યમાં)** છે" એ કુફ્ર છે. એવું કહેવું કે "કુદરતે તને ફુરસદથી (નવરાશથી) બનાવ્યો હશે" એ કુફ્ર છે. એવું કહેવું કે "જેને છોકરી બનાવવાની હતી તેને છોકરો બનાવી દીધો" એ અલ્લાહ તઆલા પર એતરાઝ (વાંધો) હોવાને કારણે કુફ્ર છે, પાછુ એને ગઝબ કહેવું બીજું કુફ્ર છે. **"ખુદા તરાશ લિયા (બનાવી લીધો) અને બંદગી કરી લીધી"** એમાં બે કુફ્ર છે. મખ્લૂકને ખુદા કહેવું પછી એની બંદગી કરવી. આ પ્રમાણેના શેઅરો જો કોઈ ગાય કે બોલે તો **તે દરેક સ્થિતિમાં કાફિર છે. ભલે ને તે કહે કે મારો આ એતેકાદ (માન્યતા) નથી !** કુફ્ર બોલ્યા પછી આ બહાનુ કામ આપશે નહીં. એટલા માટે દરેક મુસલમાન પુરૂષ–સ્ત્રી પર ફર્ઝ છે કે તે ઈલ્મે દીન પ્રાપ્ત કરે, ઈસ્લામ અને કુફ્રને ઓળખે, જરૂરિયાતે દીન અને જરૂરિયાતે અહલે સુન્નતથી બાખબર રહે તો એવી ભૂલ નહીં થાય કે જેનાથી ઈમાન જતુ રહે. અને શેઅરોના બારામાં ખૂબ જ સાવચેતી રાખવી જોઈએ. અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) ફર્માવે છે : (અર્થ) : "અને શાયરોની પયરવી ગુમરાહ લોકો કરે છે. શું તમોએ ન જોયું કે તે દરેક નાલામાં સરગરદાં ફરે છે અને એવું કહે છે કે જે નથી કરતા ? !" (સૂ. શોઅરા, આ. ૨૨૬)

જે લોકો દીનથી જાણકારી રાખે છે તેઓ જો શાયરોના કથનોને વાંચશે (કે સાંભળશે) તો એમના સમક્ષ સ્પષ્ટ થઈ જશે કે અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)એ જે ફર્માવ્યું તે હક્ક છે, એટલા માટે કોઈ પણ શાયરના શેઅરને પસંદ કરતાં પહેલાં એના પર ખૂબ જ વિચાર કરી લેવો જોઈએ, અને જરા પણ શંકા હોય તો ઉલમાથી પૂછી લેવું જોઈએ. મુખ્યત્વે કેસેટમાં ભરેલ ગાયનો તો ઘણા ખતરનાક હોય છે. અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) મુસલમાનોને હિદાયત આપે. આમીન. (માહનામા અશરફિયહ્, ઓકટો.–'૯૯)

## ★ બેંકનો નફો ★

**સવાલ :–** માહનામા (માસિક) અશરફિયા જાન્યુ ૧૯૮૯માં જનાબ મુહંમદ શરીફુલ હક્ક સાહબ અમજદીએ બેંકોના નફાઓને લેવું જાઈઝ ઠરાવ્યું

છે. અને એ પણ લખ્યું છે કે હિંદુસ્તાની બેંકોમાં પૈસા જમા કરાવવાથી જે અધિક રકમ મળે છે તે **વ્યાજ** નથી અને દલીલમાં હદીષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પેશ કરી છે.

મહેરબાની કરીને આ હદીષનો તર્જુમો જણાવો તો મોટી મહેરબાની થશે. કેમકે આ હદીષમાં 'દારુલ હર્બ'નો શબ્દ આવ્યો છે. સાથોસાથ બેંક પાસેથી મેળવેલ વ્યાજને વાપરવાની જગા પણ જણાવશો કે કયાં વાપરવામાં આવે ? જો મૌલાનાએ હિંદુસ્તાનને 'દારુલ હર્બ' ઠરાવ્યું છે તો આપણે સૌ મુસલમાનોએ તાત્કાલિક હિજરત કરવી જોઈએ ! જો કે આમ તો હિંદુસ્તાનના મુસલમાનોને પોતાના મઝહબી ફર્ઝો અદા કરવાની સંપૂર્ણ આઝાદી છે.

માફ કરશો ! હું તો કોઈ આલિમ નથી, ઉર્દૂ એટલુ સારી રીતે નથી જાણતો, જેથી હદીષનો તર્જુમો ચાહું છું. જવાબી પત્ર રવાના કરેલો છે. મહેરબાની કરીને તરત જવાબ આપો. ખૂબ ખૂબ આભાર ! આપના પત્રની રાહ જોઈશ, ખુદા હાફિઝ ! *—મુહંમદ અમીર જાન*

**અલ્જવાબ :–** જાન્યુ. ૧૯૮૯ના માસિક અંક 'અશરફિયા'માં જે મારો ફત્વો પ્રસિધ્ધ થયો છે તે સહીહ અને હક્ક છે. એમાં તમામે તમામ (હિંદુસ્તાની) બેંકોના નફાઓને મેં જાઈઝ નથી કહ્યો, બલ્કે તે બેંકોના નફાને જાઈઝ કહ્યો છે જે **ગૈર મુસ્લિમોની** અથવા **ગવર્નમેન્ટ**ની હોય. એનો સ્પષ્ટ અર્થ એ કે **તે બેંક જે મુસલમાનોની હોય તેમાં રૂપિયા જમા કરાવતાં જે વધારાની રકમ મળે તે જાઈઝ નથી.** તે **વ્યાજ** અને **હરામ** છે. ફત્વામાં સ્પષ્ટ ખુલાસો છે કે, જો તે બેંક **વર્તમાનકાળની હિંદુસ્તાની હુકૂમત** અથવા **ગૈર મુસ્લિમોની** છે. અને તમે તમારા વાંધો ઉઠાવનારા લખાણમાં કેવળ "હિંદુસ્તાની બેંકો" લખ્યું છે, હુકૂમત (ગવર્નમેન્ટ)નો શબ્દ ઉડાવી દીધો છે. **"હિંદુસ્તાની ગવર્નમેન્ટની બેંક"** તે છે જે ગવર્નમેન્ટની માલિકીની હોય. અને **"હિંદુસ્તાની બેંક"**નો એ મતલબ થાય છે કે તે બેંક જે હિંદુસ્તાનમાં હોય, ભલે તે ગમે તેની માલિકીની હોય. મુસલમાનની માલિકીની હોય કે ગૈર મુસ્લિમની માલિકીની હોય, કે હિંદુઓની માલિકીમાં હોય. ફત્વાને ધ્યાનપૂર્વક વાંચવો જોઈએ અને તેને સારી રીતે સમજવાની કોશિશ કરવી જોઈએ. હદીષના તર્જુમાથી તમે જે વાંધો ઉઠાવવા માંગો છો તેનો જવાબ તે





જ ફત્વામાં હદીષ પછી મૌજૂદ છે. તમે કોઈ આલિમ પાસે આખી ઈબારત (લખાણ)નો અનુવાદ કરાવીને મતલબ પૂછી લેત તો આપની શંકા–કુશંકા દૂર થઈ જાત. આપ પ્રથમ તર્જુમો સાંભળો પછી વિસ્તારપૂર્વક વર્ણન સાંભળો. હદીષનો તર્જુમો આ પ્રમાણે છે :–

"મુસલમાન અને હર્બીની વચ્ચે દારુલ હર્બમાં વ્યાજ નથી." આગળની ઈબારતનો તર્જુમો આ પ્રમાણે છે :– દારુલ હર્બની કેદ (પાબંદી) 'એહતેરાઝી' (બચવા માટેની) નથી, વાકઈ (ખરેખર પ્રસંગને અનુરૂપ) છે. અને આપણા ત્યાંના કાફિરો હર્બી છે 'ઝિમ્મી' કે 'મુસ્તામીન'નથી.

તેનું વિગતે વર્ણન એ છે કે કૈદ (પાબંદી)ના ત્રણ પ્રકાર છે. વાકઈ, ઈત્તેફાકી, એહેતેરાઝી. 'વાકઈ' અને 'ઈત્તેફાકી'નો ભાવાર્થ નથી હોતો અને 'એહતેરાઝી'નો હોય છે. કુર્આન મજીદમાં છે :–

لاتأكلوا الربوا اضعافا مضاعفة "બમણુ વ્યાજ ન ખાવ."

આ કૈદ 'એહતેરાઝી' નથી 'વાકઈ' છે કે જાહિલિયતના જમાનામાં એ જ પ્રમાણે થતુ હતું કે મુશ્રિકો બમણુ વ્યાજ ખાતા હતા એટલા માટે તેને વર્ણન કર્યું છે. એનો એ મતલબ નથી કે બમણાથી ઓછુ વ્યાજ ખાવું જાઈઝ છે ! બલ્કે **"વ્યાજ" દરેક હાલતમાં તદ્દન હરામ છે** ભલે ગમે તેટલુ થોડું હોય. બીજી આયતમાં ફર્માવ્યું,

لاتكرهوا فتياتكم على البغاء ان اردن تحصنا

"પોતાની બાંદીઓને ઝિના માટે મજબૂર ન કરો, જો તેણીઓ પાકદામન રહેવા ચાહે."

આ આયતમાં "જો તેણીઓ પાકદામન રહેવા ચાહે" ની કૈદ (શરત) પણ 'એહતેરાઝી' નથી વાકઈ છે. કેમકે બુરી નજરવાળા કાફિરો પોતાની બાંદીઓને ઝિનાકારી માટે મજબૂર કરતા અને તેની કમાઈ ખાતા હતા. એનો મતલબ એ નથી કે, જો બાંદીઓ ઝિના કરાવવા માટે રાજી થઈ જાય તો તેણીઓને ઝિના માટે મજબૂર કરી શકાય છે ! **ઝિના (વ્યભિચાર) હર હાલતમાં હરામ છે,** ભલે બાંદી રાજી હોય કે બેઝાર, અને તેની કમાઈ પણ હર હાલમાં **હરામ** છે.

એ જ પ્રમાણે આ હદીષમાં **"ફી દારુલ્ હર્બ"**ની કૈદ (શરત) 'એહતેરાઝી' નથી વાકઈ છે કે જે જમાનામાં આ ઈર્શાદ થયો ત્યારે મુસલમાન અને હર્બી (કાફિર) કેવળ દારુલ હર્બમાં જ ભેગા થઈ શકતા હતા. હર્બી કાફિર દારુલ ઈસ્લામમાં હર્બી રહીને દાખલ થઈ શકતો ન હતો. જો દારુલ હર્બનો રહેવાસી હર્બી ગૈર મુસ્લિમ દારુલ ઈસ્લામમાં આવવા ચાહતો તો કાનૂની રીતે જરૂરી હતું કે તે બાકાયદા અકદે અમાન (શાંતિ કરાર) લઈને આવે, અકદે અમાન વિના દારુલ ઈસ્લામમાં આવી શકતો જ ન હતો. અને જ્યારે અકદે અમાન લઈ લીધું તો તે હર્બી ન રહેશે બલ્કે 'મુસ્તામીન' થઈ જશે.

તમે આશ્ચર્યમાં હશો કે હું શું ઉખાણા બોલી રહ્યો છું ! વિગત આ પ્રમાણે છે :– ગૈર મુસ્લિમ ત્રણ પ્રકારના છે ઝિમ્મી, હર્બી અને મુસ્તામીન. **'મુસ્તામીન'** તે ગૈર મુસ્લિમ છે જે દારુલ હર્બમાંનો રહેવાસી હોય અને નિશ્ચિત રીતે ઈસ્લામી હાકિમ પાસેથી અમાન લઈને નિશ્ચિત સમયના માટે દારુલ ઈસ્લામમાં આવ્યો હોય. **'હર્બી'** ના બે પ્રકારો છે :– એક તે જે દારુલ ઈસ્લામમાં રહેતો હોય પણ ન તેણે ઈસ્લામી હાકિમથી 'ઝિમ્મો' લીધો છે અને ન 'જિઝયો' આપે છે. ભલે એ કારણે કે ત્યાં ઈસ્લામી હુકૂમત જ નથી, જેમકે અત્યારે હિંદુસ્તાનની હાલત છે. પછી ભલે એ કારણે કે હાકિમે સુસ્તી વર્તી છે અને તે તેની પાસેથી શરીઅતના તરીકા પ્રમાણે જિઝયો નથી લેતો. જેમકે સુલ્તાન મુહીયુદ્દીન ઔરંગઝેબ આલમગીરના યુગના ગૈર મુસ્લિમોના બારામાં તેમના ઉસ્તાદ આરિફ બિલ્લાહ મુલ્લા અહમદ જીવન કુદ્દેસ સિર્રહૂએ તફસીરાતે અહમદિયહ્માં લખ્યું છે :

ان هم الاحربيون وما يعقلها الا العالمون

" આ જમાનાના ગૈર મુસ્લિમ હર્બી છે તેને કેવળ ઈલ્મવાળા જ સમજી શકે છે."

બીજા તે હર્બી ગૈર મુસ્લિમો જે દારુલ હર્બમાં રહે છે. આ વિગતમાં વિચારણા કરશો તો જણાઈ જશે કે રિસાલત કાળમાં કોઈ પણ હર્બી, હર્બી હોવા છતાં (રહીને) દારુલ ઈસ્લામમાં આવી શકતો ન હતો. દારુલ ઈસ્લામમાં





તે જ ગૈર મુસ્લિમ રહી શકતો હતો જે 'ઝિમ્મી' હોય કે પછી 'મુસ્તામીન' થઈને ટેમ્પરરી રીતે આવે. એટલા માટે તે ઈર્શાદ ફર્માવ્યો કે, "મુસલમાન તથા હર્બીની વચ્ચે દારુલ હર્બમાં વ્યાજ નથી." કેમકે આ મુબારક યુગમાં એ સૂરત (સ્થિતિ) શકય જ ન હતી કે હર્બી હર્બી હોવા (રહેવા) છતાં દારુલ ઈસ્લામમાં આવી શકે.

આ કૈદ (શરત) 'વાકઈ' થવાની બે મહત્વની ઓળખો છે. પ્રથમ એ કે આ જ હદીષ શબ્દોના ફેરફાર સાથે આ પ્રમાણે રિવાયત થયેલ છે : "અહલે હર્બ અને અહલે ઈસ્લામ વચ્ચે વ્યાજ નથી." (દિરાયહ)

(જિઝયો—ગૈર મુસ્લિમ પોતે ઈસ્લામી બાદશાહને ટેક્ષ આપીને પોતાની જાન માલની રક્ષાનો કરાર મેળવી લે છે તે ટેક્ષને જિઝયો કહે છે અને તે ગૈર મુસ્લિમને ઝિમ્મી કહેવાય છે.)

આ હદીષમાં **ફી દારુલ હર્બ** ની કૈદ (શર્ત) નથી. જો વ્યાજ ન હોવું વર્ણન કરેલ સ્થિતિમાં દારુલ હર્બના સાથે ખાસ હોત તો આ કૈદ (શર્ત) આ હદીષમાં પણ જરૂર હોત. બીજું એ કે હર્બી તથા મુસલમાનની વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ જગ્યા (દારુલ હર્બ)નથી, બલ્કે હર્બીઓના માલનુ મુબાહ તથા ગૈર મા'સૂમ (મુબાહ તથા ગૈર માસૂમ એટલે ઈજાઝત વિના લેવું જાઈઝ હોય તે માલ) હોવું છે. 'હિદાયહ'માં છે :–

**તર્જુમો :–** "એટલા માટે કે તેમનો માલ તેમની જગ્યામાં મુબાહ છે, ધોકો કર્યા વિના મુસલમાન જે રીતે પણ લેશે મુબાહ માલ લેશે, 'મુસ્તામીન'થી ઉલ્ટુ કે તેનો માલ શાંતિના કરારના કારણે મા'સૂમ થઈ ગયો, મુબાહ રહ્યો નહીં.

જુઓ ! ઈમામ બુરહાનુદ્દીન 'હિદાયહ'ના લેખકે **હર્બી** તથા **મુસલમાનની** વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ જગ્યા (દાર)ને નથી ઠરાવ્યું, બલ્કે માલના મુબાહ હોવાને. અને એ દરેક મુસલમાન સમક્ષ ધોળા દિવસની જેમ રોશન છે કે હર્બી ગૈર મુસ્લિમના માલનું દારુલ ઈસ્લામમાં મુબાહ હોવું દારુલ હર્બ કરતાં અધિક સ્પષ્ટ છે. ખૂદ 'હિદાયહ્'ના લેખકના આ ઈર્શાદથી જાહેર છે :–

**بخلاف المستامن منهم لان ماله صار مهجورا بعقدالامان۔**

કેમકે તેમણે 'મુસ્તામીન'ના માલને મહ્જૂર (મા'સૂમ) હોવાનુ કારણ

શાંતિ કરાર બતાવ્યું છે. એનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે જો કોઈ હર્બી શાંતિ કરાર વિના દારુલ ઈસ્લામમાં આવી જાય તો તેનો માલ મુબાહ થશે. અને જ્યારે મુસ્લિમ તથા હર્બીના વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ હર્બીના માલનુ મુબાહ છે. અને **દારુલ ઈસ્લામમાં પણ તેનો માલ મુબાહ છે તો દારુલ ઈસ્લામમાં પણ હર્બી અને મુસલમાનની વચ્ચે વ્યાજ નથી.** એટલા માટે કે "ફી દારુલ્ હર્બ" નો ઉલ્ટો ભાવાર્થ મોઅતબર (વિશ્વાસપાત્ર) નથી. અસલ મસ્અલાને હવે તમે આ રીતે સમજો. વ્યાજ હોવા માટે બંને પક્ષોના માલનુ મા'સૂમ હોવું શર્ત છે. રદ્દુલ મુહતારમાં શરમ્ બુલાલિયહ્થી છે :–

**તર્જુમો :–** વ્યાજની શર્તોમાંથી બંને પક્ષે માલનુ મા'સૂમ હોવુ અને એવું હોવું કે એને (માલને) ગુમ કરી દેવાથી તાવાન (તે વસ્તુ પરત કરવું) વાજિબ હોવું છે. તો એમાંથી એકનું મા'સૂમ હોવું અને બીજાનુ વિના કિંમતનું હોવું મના નથી થતુ.

'હર્બી' ચાહે 'દારુલ ઈસ્લામ'માં હોય કે ચાહે 'દારુલ હર્બ'માં તેનો માલ મા'સૂમ નથી મુબાહ છે.

અત્યારના સંજોગોમાં હિંદુસ્તાનના ગૈર મુસ્લિમ 'ઝિમ્મી' કે 'મુસ્તામીન' નથી એટલા માટે કે 'ઝિમ્મી' તથા 'મુસ્તામીન' હોવા માટે ઈસ્લામી હુકૂમત (ગવર્નમેન્ટ) હોવી અનિવાર્ય છે, જેથી અહીંના ગૈર મુસ્લિમ 'હર્બી' થયા. પણ આપણે અહીં એ અહદની સાથે વસીએ છીએ કે અહીંના રહેવાસીઓના જાન માલ સાથે છેડછાડ કરીશું નહીં, તેમને ઈજા આપીશું નહીં, તેમની મરજી વિરૂધ્ધ તેમનો માલ લઈશું નહીં, એટલા માટે શરીઅતની રૂએ તેમને ઈજા પહોંચાડવી, તેમની મરજી વિરૂધ્ધ તેમનો માલ લેવો જાઈઝ નથી. પરંતું જો તેઓ ખુશીની સાથે (સ્વેચ્છાએ) એવા કરાર થકી પોતાનો માલ આપે જે મુસલમાન મુસલમાન વચ્ચે શરીઅતની રૂએ નાજાઈઝ હોય તેને લેવામાં કોઈ વાંધો નથી. જેમ કે બેંકોમાં રૂપિયા જમા કરવા પર થાય છે.

ત્યાર બાદ શારેહે બુખારીએ બેંકના નફાના જાઈઝ હોવા સામે જેઓ વાંધાઓ ઉઠાવે છે તેમને કેટલાક મહત્વના પ્રશ્નો કર્યા જે જાહેરી રૂપે તો સવાલ છે પરંતું વિચાર કરશો તો તે સવાલોમાં વર્ણન કરેલ મસ્અલાનો મજબૂત તથા ઠોસ હલ મૌજૂદ છે.





## વાંધો ઉઠાવનારાઓને પ્રશ્નો ! :

(૧) હિંદુસ્તાન દારુલ ઈસ્લામ છે તો હવે અહીંના ગૈર મુસ્લિમ 'હર્બી' છે કે 'મુસ્તામીન' કે 'ઝિમ્મી' ?

(૨) 'હર્બી' ગૈર મુસ્લિમનો માલ દારુલ ઈસ્લામમાં 'મા'સૂમ' છે કે 'મુબાર્હ' ?

(૩) દારુલ હર્બમાં મુસ્લિમ તથા હર્બીના વચ્ચે જે વ્યાજ નથી તેનુ કારણ (ઈલ્લત) દાર (સ્થળ) છે કે માલોનું મુબાહ હોવું ?

(૪) વ્યાજની શરતોમાંથી બંને પક્ષે માલનુ મા'સૂમ હોવું છે કે નહીં ?

(૫) ગલત ખરીદ વેચાણના સોદાઓ થકી હર્બી ગૈર મુસ્લિમનો માલ લેવો દારુલ હર્બ સાથે ખાસ છે કે દારુલ હર્બ તથા દારુલ ઈસ્લામ બંને સાથે માલ (સામાન્ય) છે ? જો ખાસ છે તો ખાસ હોવાની શું દલીલ છે ?

*(માહનામા અશ્રફિયહ્– મુબારકપૂર, મે–૧૯૮૯)*

## ★ કઝા તથા ઈફતાનો તફાવત ★

**સવાલ :–** ઘણા દિવસોથી આ પ્રશ્ન મારા માટે રૂહાની તકલીફનો સબબ છે કે શરીઅતે મુતહ્હરામાં કઝા તથા ઈફતામાં તફાવત શું છે ? આ બંને ઈદારાઓની ઈસ્લામી રિવાયતોમાં શું મહત્વતા છે. આ બંને શબ્દોની શાબ્દીક સ્પષ્ટતા તથા ઈસ્તેલાહી (શરીઅતની બોલીમાં) વ્યાખ્યા શું છે ? આ બંનેના તકાઝાઓ અને કાર્યક્ષેત્રોમાં સંબંધની શી સ્થિતિ છે ? વગેરે વગેરે....શરીઅતના ઈલ્મો પર જે દિર્ઘ દ્રષ્ટિ અલ્લાહ તરફથી તમને અતા કરવામાં આવી છે તેનો વાસ્તો આપીને મારી તમને ઘણી જ મુખ્લિસાના અને દર્દમંદાના અપીલ છે કે ઉપરોકત સવાલોના સંતોષકારક જવાબો "માહનામા અશ્રફિયહ્"માં જેટલા જલ્દી થઈ શકે આપો જેથી મારા માટે સંતોષનો સબબ બને અને એ રિસાલાના વાંચકોના ઈલ્મમાં પણ વધારો થાય.

*(નજમુદ્દીન અન્સારી, ટીચર્સ ફલેટ નં–૧૧, હિંદુ યુનિવર્સિટી – બનારસ)*

**જવાબ :–"ઈફતા"** બાબે ઈફઆલનો મસ્દર છે, તેનો ઉર્ફી તથા શરઈ અર્થ છે, કોઈ પ્રશ્નનો જવાબ આપવું છે. અને હવે તેનો અધિક વપરાતો અર્થ છે, કોઈના પૂછવા પર પ્રશ્ન કરનારના પ્રશ્ન મુજબ શરીઅતનો હુકમ બયાન કરવો. ફત્વો, ફતયા તે શરઈ હુકમ છે જે કોઈ શરીઅતનો જાણકાર

પ્રસંગાનુસાર બયાન કરે. મુફતીનુ કામ કેવળ એ છે કે તેમની સામે જે સવાલ રજુ કરવામાં આવે તેના માટે શરીઅતનો હુકમ મૌખિક કે લેખિત બયાન કરી આપે. તેના માટે એ તેહકીકની જરૂરત નથી કે એ પ્રસંગ સાચો છે કે ખોટો, તેમજ તેનું એ પણ કામ નથી કે સવાલની રૂએ જે મુજરિમ ઠરે છે તેને સજા આપે અથવા મજબૂર કરે કે તેને જરૂરથી માની લે. મુફતીનું કામ કેવળ શરીઅતનો હુકમ બયાન કરવાનું છે અને બસ.

**"કઝા"** નો અર્થ છે ફેંસલો કરવો. કાઝીનું કામ એ છે કે જ્યારે તેને ત્યાં કોઈ દાવો કરે તો જેના પર દાવો કરવામાં આવ્યો હોય તેની પાસેથી જવાબ માંગે. અને શરીઅતના નિયત (નિશ્ચિત) કરેલા નિયમો પ્રમાણે બંનેનું બયાન લઈને ફેસલો કરે. કાઝીની એ ઝિમ્મેદારી છે કે શરઈ હદોમાં રહીને શરઈ નિયમો મુજબ વિવાદાસ્પદ બાબતોમાં સાચી વાતની ભાળ મેળવે અને જ્યારે તેને તેનું શરઈ રીતે ઝન્ને ગાલિબ (યકીનની નજીક ગુમાન) થઈ જાય તો તેના મુજબ ફેંસલો કરે અને બંને પક્ષોને પોતાનો ફેંસલો માનવા મજબૂર કરે. બંને પક્ષો પર શરીઅતની રૂએ વાજિબ છે કે કાઝીના ફેંસલાને માને. કાઝીની હેસિયત એ હોય છે જે આજકાલ જજની હોય છે. શરીઅતની રૂએ કાઝી તે જ થશે જેને ઈસ્લામી હાકિમે નિયુકત કરેલો હોય.

મુફતીના માટે એ જરૂરી નથી કે તેને હાકિમે ઈસ્લામ નિયુકત કરે. દરેક ફિકહનો માહિર ફત્વો આપી શકે છે. મુફતીના માટે જરૂરી છે કે આલિમે મુતબહ્હિર (સમૃધ્ધ–ભરચક ઈલ્મવાળો) તીવ્ર બુધ્ધિવાળો, પ્રમાણિક તથા ફિકહનો સ્પેશ્યાલિસ્ટ માહિર હોય. કાઝીના માટે એ જરૂરી નથી. કાઝી જો ખૂદ સમૃધ્ધ આલિમ ફિકહનો માહિર છે તો ઠીક, નહીં તો તેના પર વાજિબ છે કે મુફતીની પ્રતિ રુજૂઅ કરે અને તેના બતાવ્યા મુજબના હુકમ પ્રમાણે ફેંસલો કરે. આપના સંતોષ ખાતર સંક્ષિપ્તમાં **કાઝી** તથા **મુફતી**ઓ ફરક લખી આપ્યો છે.

કાઝી નિયુકત કરવાનો અધિકાર ઈસ્લામી સુલ્તાનને છે અથવા તેના નાયબને. આ જમાનામાં હિંદુસ્તાનમાં ઈસ્લામી સુલ્તાન નથી એટલા માટે શહેરનો સૌથી મોટો સુન્ની સહીહુલ્ અકીદા આલિમ જે ફત્વાઓનું કેન્દ્ર હોય તે કાઝીના હુકમમાં છે. તેમજ આમ મુસલમાનોને એ હક્ક છે કે તેઓ પોતાની નિષ્પક્ષ રાયથી કોઈને કાઝી મુકર્રર કરી લે.

*(માહનામા અશ્રફિયહ્, જાન્યુ. ૯૨)*





# ★ લેખોના નમૂનાઓ ★

## મુહંમદુર્રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) કાનૂન જાણનાર કે કાનૂન બનાવનાર ?

'કાનૂન ઘડનાર' તથા 'કાનૂન જાણનાર' આ બન્ને શબ્દો સામાન્ય બોલીમાં અલગ અલગ અર્થોમાં વપરાય છે. 'કાનૂન જાણકાર'નો અર્થ છે કે, કાનૂનનું જ્ઞાન, જાણકારી ધરાવનાર જેની હૈસિયત કેવળ કાનૂનના કુલ્લિયાત તથા જુઝઈય્યાતના ભરોસાપાત્ર હિસ્સા પર મહારત પ્રાપ્ત કરવાની હોય છે, સાથો સાથ તેનામાં એટલી નિપૂણતા પણ જરૂરી છે કે, તે દરેક નવા ઉપસ્થિત થનાર પ્રસંગોનો હુકમ કાનૂનની કુલ્લિયાતથી અથવા તેના જેવી બીજી શાખા (જાુઝઈ)થી કિયાસ કરીને કાઢી શકે, જેનું દ્રષ્ટાંત વકીલ અને બેરીસ્ટર છે, કે આ લોકો કેવળ કાનૂન જાણનાર હોય છે, તેઓ ભલે ગમે તેટલા તીવ્ર દિમાગવાળા અને ઉચ્ચતા ધરાવનારા હોય છતાં પણ આ લોકો કાનૂનની દફઆત (કલમો) અથવા તેના લખાણમાં જરા સરખો મામૂલી જેવો ફેરફાર નથી કરી શકતા, કાનૂનના ઈસ્તેલાહી અર્થમાં કોઈ જાતનો ફેરફાર નથી કરી શકતા, ભલે તેમનામાં એટલી ક્ષમતા, લાયકાત હોય છે કે તેઓ નવીન મુકદ્દમાઓના માટે કાનૂનની દફઆત (કલમો)થી હુકમો ચૂંટી કાઢે છે (કાઢી લે છે) અને તેને પોતાના દા'વા પ્રમાણે કરવાના માટે અઠવાડિયાંઓ તથા મહીનાઓ લગી ચર્ચા વિચારણા કરે છે, પણ કાનૂનમાં કોઈ ફરક નથી કરી શકતા.

'ઈસ્લામી શરીઅત'માં એનું દ્રષ્ટાંત 'ઓલમાએ દીન' છે કે જેઓ શરીઅતના ઉસૂલ તથા ફુરૂઅ પર માહિર હોય છે, એટલી લાયકાત ધરાવે છે કે, કોઈ નવો બનાવ ઉપસ્થિત થાય તો તેનો હુકમ કાઢી લે છે, એટલે સુધી કે, શરીઅતના મસાઈલ પર વાંધા ઉઠાવનારાઓને જડબાતોડ જવાબ પણ આપી દે છે, પણ શરીઅતના કોઈ હુકમને બદલી નથી શકતા. તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર નથી કરી શકતા, તેના શબ્દોને કોઈ નવા અર્થમાં પેશ નથી કરી શકતા.

હવે રહ્યું 'કાનૂન સાઝ' (કાનૂન બનાવનાર) વિશે, તો આ શબ્દ તે બાઈખ્તિયાર હસ્તી માટે વપરાય છે કે જે, જ્યારે ઈચ્છે ત્યારે, ચાહે પોતાના ઈખ્તિયારથી અથવા ઈખ્તિયારવાળાના હુકમથી મુતલક (કેદ વિનાના) કાનૂનને ચાહે મન્સૂખ (રદ) કરી દે, તેમાં ફેરફાર કરી નાંખે, શબ્દોના નવા અર્થ નિશ્ચિત કરી દે, અને જે વ્યકિતને ચાહે, જે કાનૂન વડે ચાહે, અલગ કરી દે. તેનું એક દ્રષ્ટાંત આપણા સમાજમાં 'શહેનશાહ'નું છે કે, તે પોતાની સત્તામાં જેવો ચાહે તેવો હુકમ કરી શકતો હોય છે, જેવું ઈચ્છે તેવું કરે છે, જે કાનૂનને ચાહે નષ્ટ કરી નાંખે છે અને જેને ચાહે, જે કાનૂનથી ચાહે, અલગ કરી નાંખે છે. બીજાું દ્રષ્ટાંત કાનૂનના 'વઝીર'નું છે કે, તે શહેનશાહના હુકમ હેઠળ કાનૂન બનાવે છે અને તેમાં ફેરફાર તથા તબદીલી કરે છે.

હવે જ્યારે કે કાનૂન જાણનાર અને કાનૂન બનાવનાર બન્ને શબ્દોના અર્થો દિમાગમાં સમાઈ ગયા, તો આવો, ઈસ્લામી શરીઅતની બુનિયાદનો એક સંશોધનાત્મક અભ્યાસ (પરિક્ષણ) કરીએ અને એ વસ્તુ શોધીએ કે હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની હૈસિયત કેવળ કાનૂનના જાણકાર (કાનૂનદાં)ની હતી કે પછી આં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદાના હુકમથી, કાનૂન ઘડનાર (કાનૂન સાઝ) પણ હતા ?

**(૧)** આ ચર્ચાનાં કેટલાંક પાસાંઓમાંથી એક એ છે કે, આં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદાના ઈઝ્ન (હુકમ) થી કાનૂન સાઝ (કાનૂન ઘડનાર) પણ હતા, તે કુરઆનની રોશનીમાં. **(૨)** આં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાનૂન ઘડવૈયા છે તે, હદીસની રોશનીમાં, **(૩)** આં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાનૂન ઘડવૈયા છે તે, શાહિદો (ગવાહો)ની રોશનીમાં. **(૪)** આ બાબતે ઉમ્મતનો અકીદો આ પહેલાં શું રહ્યો અને શું છે ?

## ★ (૧) કુરઆનની રોશનીમાં ★

કુરઆન કરીમની આયતો પર કોઈ તહકીકી નજર નાંખે, તો તેને આ બારામાં સેંકડો નુસૂસ (કુરઆની દલીલો) મળી જશે. ઉપર ઉપર દ્રષ્ટિ નાખતાં પણ જે નુસૂસ સામે આવે છે તે પણ કાંઈ ઓછી નથી. તમે કુરઆન મજીદની





તિલાવત કરશો તો, ઠેકઠેકાણે મળશે કે, અલ્લાહની ઈતાઅત (ફરમાંબરદારી) કરો, અને રસૂલની ઈતાઅત કરો. જેણે અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) અને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની નાફરમાની કરી તે ફાસિક તથા જાલિમ છે, તેનું ઠેકાણું જહન્નમ છે. અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)ના મુખ્તારે મુત્લક હોવામાં કોઈ ઈસ્લામના દા'વેદારને અદના સરખો પણ શક હોઈ શકતો નથી, તેની શાન તો **ફઅ-આ-લુલ-લિમા યુરીદ** અને **યહકુમુ મા યશાઅ** છે. અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)ની ઈતાઅત (ફરમાંબરદારી) તથા નાફરમાનીના મુકાબલામાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઈતાઅતનો હુકમ અને નાફરમાનીની મનાઈ તેની દલીલ છે કે, આ બાબતમાં જેને ઈખિત્યાર તથા હુકમ આપવામાં આવ્યો, અતાઈ તથા ઝાતી, વજૂબ તથા ઈમ્કાન નવઉપસ્થિત તથા હમેશાંથી હમેશાં માટેનું વગેરેનો ફરક તો છે પણ વાજિબુલ ઈત્તેબાઅ તથા ઈતાઅતને લાયક બને છે. એટલા માટે એ માનવું પડશે કે જેવી રીતે અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) શરીઅતમાં રદ્દોબદલ તથા ફેરફાર તથા તબદીલી તથા કોઈ હુકમને ખાસ કરી શકે છે તો તેના ઈઝ્ન (હુકમ)થી તેના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પણ, આ બધા અધિકાર ધરાવે છે અને એ જ અર્થ કાનૂન સાઝ (કાનૂન બનાવનાર)નો છે. આ સામાન્ય ઈર્શાદો ઉપરાંત આવા કેટલાક ખાસ ઈર્શાદોને જોઈ લઈએ. રબ તઆલાનો ઈર્શાદ છે :–

**તર્જુમો :–** 'ફરમાવી દો ! જો તમે અલ્લાહથી મોહબ્બત કરતા હોઉ તો, મારી ઈત્તેબાઅ (આજ્ઞા પાલન) કરો, અલ્લાહ તમને મહબૂબ બનાવી લેશે.'

અને દરેક શખ્સ જાણે છે કે, ઈત્તેબાઅનો એ જ અર્થ છે કે, જે હુકમ આપવામાં આવે તેને માનવામાં આવે, તેના પર અમલ કરવામાં આવે. આનાથી સાફ જાહેર થયું કે, રસૂલ જે હુકમ આપે તેને માનવું જરૂરી છે. તો સાબિત થઈ ગયું કે, રસૂલને એ અધિકાર પ્રાપ્ય છે કે, તે ઉમ્મતને, જે ચાહે, હુકમ આપે, એ જ કાનૂન સાઝનો મતલબ છે અને ફરમાવવામાં આવ્યું કે,

**તર્જુમો :** 'હક જાહેર થઈ ગયા પછી જે પણ રસૂલની વિરૂદ્ધ કરે અને મોમિનોના માર્ગથી અલગ કોઈ અન્ય માર્ગ પકડે, અમે તેને તેના તરફ ફેરવી

દઈશું, જે તરફ તે વળ્યો, અને તેને જહન્નમમાં નાંખીશું અને તે બુરૂં ઠેકાણું છે.'

રસૂલની ખિલાફ એ જ છે કે જે ફરમાવે તે માનવામાં ન આવે. આ એ કારણે છે કે તેમનો દરેક હુકમ શરીઅતનો કાનૂન છે અને જેનો હુકમ શરીઅતનો કાનૂન હોય છે તે કાનૂન સાઝ (કાનૂન ઘડવૈયા) હોય છે, કેવળ કાનૂન જાણનાર નહીં ! અને સાંભળો ! સૂરએ નૂરમાં છે :–

**તર્જુમો** : 'જે લોકો રસૂલના હુકમની વિરૂદ્ધ કરે છે તેઓ ડરે ! કયાંક તેમને ફિત્નો ન આવે અથવા દર્દનાક અઝાબ ન પહોંચે.,

રસૂલના હુકમની વિરૂદ્ધ કરનારા પર આ ધમકી એટલા માટે છે કે, તેમના કોઈ હુકમની વિરૂદ્ધ વર્તન એ શરીઅતની વિરૂદ્ધ વર્તન છે અને આ હૈસિયત શરીઅત સાઝ (બનાવનાર)ની હોઈ શકે છે, કેવળ શરીઅતના જાણકારની નહીં. જુઓ સૂરએ અહ્ઝાબની આયતમાં છે :–

**તર્જુમો** : 'કોઈ' મુસલમાન મર્દ અથવા મુસલમાન ઔરતની એ મજાલ નથી કે અલ્લાહ–વ–રસૂલ કોઈ હુકમ ફરમાવે તો તેમને, પોતાના મામલાનો અધિકાર રહે ! અને જે અલ્લાહ વ રસૂલનો હુકમ ન માને તે નિઃશંક ઉઘાડે છોગે ગુમરાહ થઈ ગયો.'

આ આયતે કરીમાનો મતલબ સમજવા માટે, એનું શાને નુઝૂલ પણ સાંભળતા ચાલો, હુઝૂરે સૈયદે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ઝયદ ઈબ્ને હારિષહ (રદિયલ્લાહો તઆલા અન્હો)ના નિકાહનો પયગામ ઝયનબ બિન્તે જહશ (રદિયલ્લાહો તઆલા અન્હો) અને તેમના ભાઈને આપ્યો, તો તે લોકોએ નામંઝૂર કર્યો. એના પર આ આયતે કરીમહ નાઝિલ થઈ. વિચાર કરો ! ઝયદ ઈબ્ને હારિષહ (રદિયલ્લાહો તઆલા અન્હો) સાથે હઝરત ઝયનબના નિકાહ થાય એ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ જાતે પોતે નક્કી કર્યું, પોતે જ પયગામ મોકલ્યો, એ બારામાં કોઈ આયત ઉતરી ન હતી ! પણ તેને નામંઝૂર કરતાં એટલી સખત વઈદ (ધમકી) આવી અને તેને અલ્લાહનો પણ હુકમ ફરમાવવામાં આવ્યો, તેની નાફરમાની અલ્લાહના હુકમની નાફરમાની ઠરાવવામાં આવી. આ એ વાતની દલીલ છે કે, આં





હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની હૈસિયત કેવળ કાનૂન જાણનારની જ નથી પણ કાનૂન સાઝની પણ છે.

## ★ (૨) હદીષોની રોશનીમાં ★

(અ) 'મેં તમારામાં બે ચીજો છોડી છે, જયાં સુધી તે બન્નેના પાબંદ રહેશો ત્યાં સુધી કદાપિ ગુમરાહ થશો નહીં, (એક) કિતાબુલ્લાહ (બીજી) સુન્નતે રસૂલુલ્લાહ.'

'કિતાબુલ્લાહ'ના કાનૂને શરીઅત હોવામાં કોઈને ઈન્કારનો અવકાશ નથી, એના મુકાબલામાં આં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ સુન્નતે રસૂલુલ્લાહને પણ રાખ્યું, જેનાથી જાણવા મળ્યું કે સુન્નતે રસૂલુલ્લાહ પણ કાનૂને શરીઅત છે, અને એ ત્યારે જ સાચું થઈ શકે છે કે હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ને કાનૂન સાઝ (કાનૂન બનાવનાર) સ્વીકારવામાં આવે, જેમના ઈર્શાદ, કિરદાર અને તકરીરનું નામ સુન્નત છે.

(બ) હઝરત મકદામ ઈબ્ને મઅદી કરબ (રદિયલ્લાહો તઆલા અન્હો)થી મરવી છે, જેને અબૂદાઊદ, ઈબ્ને માજહ, દારમીએ નકલ ફરમાવ્યું, ઈર્શાદ છે :

'કોઈ પેટ ભરૂ પોતાની મરનદ પર બેસીને એવું ન કહેવા લાગે કે, તમે કેવળ કુરઆનના પાબંદ રહો, તેમાં જે હલાલ પામો તેને હલાલ જાણો અને તેમાં જે હરામ પામો તેને હરામ જાણો, જ્યારે કે રસૂલુલ્લાહએ જેને હરામ ફરમાવ્યું તે એ જ પ્રમાણે છે જેને અલ્લાહે હરામ ફરમાવ્યું,'

(ક) ઈમામ અબૂદાઊદે હઝરત ઈરબાઝ ઈબ્ને સારિયહ (રદિયલ્લાહે તઆલા અન્હો)થી તેના સમાન અર્થવાળી રિવાયત કરી તેમાં એ ઈરશાદ ફરમાવ્યો :

'સાંભળો ! કસમ ખુદાની ! મેં કેટલીક ચીજોનો હુકમ ફરમાવ્યો છે અને કેટલીક ચીજોથી મના ફરમાવ્યું છે. બેશક ! તે કુરઆનની જેમ છે.'

(ડ) ઈમામ તિર્મિઝી, અબૂ દાઉદ તથા ઈબ્ને માજહ અને ઈમામ અહમદ તથા બયહકીએ હઝરત અબૂ રાફેઅ રદિયલ્લાહો તઆલા અન્હોથી તેના

જેવી જ રિવાયત ફરમાવી, એમાં ઈરશાદ છે કે :

'પોતાની મસ્નદ પર ટેક લગાડીને કોઈને એવું કહેતાં પામશો નહીં કે જ્યારે તેની પાસે કોઈ ચીજ મારી ફરમાવેલી અથવા મારી મના કરેલી આવે તો એ કહી દે કે, હું નથી જાણતો ! અમે તો જે કિતાબુલ્લાહમાં પામીશું, તેની ઈત્તેબાઅ કરીશુ.'

ઉપર્યુકત હદીષોનો અભ્યાસ કરો અને જાુઓ કે જે લોકોએ કેવળ અલ્લાહના હલાલ દર્શાવેલાને હલાલ જાણ્યું અને અલ્લાહના હરામ બતાવેલાને હરામ જાણ્યું અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ના હલાલ કરેલાને હલાલ અને હરામ કરેલાને હરામ જાણ્યું નહીં, તેમના પર કેટલો સખત ગઝબ ફરમાવ્યો અને કશાય ખચકાટ વિના ફરમાવ્યું કે, મારી હલાલ કરેલ ચીજો અને હરામ કરેલ ચીજો એના જેવી જ છે, જેને અલ્લાહે હલાલ અથવા હરામ ફરમાવી. બતાવો ! શું કોઈ કાનૂન જાણનારનો કૌલ, કાનૂન બનાવનારના કૌલની જેમ હોઈ શકે છે ? શું જે કાનૂન જાણનાર અને કાનૂન બનાવનારના કથનોમાં તફાવત કરે તે આ સખત ગઝબના મુસ્તહિક છે ? જો તેનો જવાબ નકારમાં છે અને જરૂર નકારમાં તો જે લોકો અલ્લાહ (અઝઝ વ જલ્લ)ને કાનૂનસાઝ માને છે, તેઓએ માનવું પડશે કે, હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પણ જરૂર જરૂર કાનૂનસાઝ છે.

(ચ) ઈમામ માલિક તથા અહમદ તથા બુખારી તથા મુસ્લિમ તથા નિસાઈ તથા ઈબ્ને માજહ, હઝરત અબૂ હુરૈરહ (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે, ઈરશાદ ફરમાવ્યો, 'જો મારી ઉમ્મત પર ભારી ન ગુઝરત તો હું દરેક નમાઝના સમયે મિસ્વાકનો હુકમ ફરમાવી આપત.'

તફસીર વગેરેમાં આ હદીસને મુતવાતિર દર્શાવેલી છે. એ જ અબૂ હુરૈરહ (રદિયલ્લાહો તઆલા અન્હો) થી ઈમામ અહમદ તથા નિસાઈએ આ મુજબ રિવાયત ફરમાવી કે, ઈરશાદ થયો :–

'જો એનો લેહાઝ ન હોત કે મારી ઉમ્મતને ભારે પડશે તો તેમને હુકમ આપત કે દરેક નમાઝના સમયે વઝૂ કરે અને દરેક વઝૂની સાથે મિસ્વાક





કરે.'

(છ) ઈબ્ને માજહ હઝરત અબૂ અમામહ (રદિયલ્લાહો તઆલા અન્હો)થી રિવાયત કરે છે કે, આ પ્રમાણે ઈરશાદ થયો :–

'જો મારી ઉમ્મતની તકલીફનો ખૌફ ન હોત તો મિસ્વાક તેમના ઉપર ફર્ઝ કરી નાંખત.'

(જ) ઈમામ અબૂ નઈમ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિયલ્લાહો તઆલા અન્હુમા)થી રિવાયત કરે છે કે, ઈરશાદ થયો :–

'એનો લેહાઝ ન હોત કે મારી ઉમ્મત પર ભારે પડશે તો હું હુકમ ફરમાવી આપત કે, પાછલા પહોરે મિસ્વાક કર્યા કરે.'

(ઝ) ઈમામ બુખારી તથા મુસ્લિમ તથા નિસાઈ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો તઆલા અન્હો)થી રિવાયત કરે છે :–

'જો મારી ઉમ્મતને ભારે પડવાનો ખયાલ ન હોત તો હું હુકમ આપત કે એને એટલે (ઈશાને) એ વખતે એટલે (અડધી રાત્રે) પઢે.'

વિચાર કરો ! દરેક નમાઝના સમયે વઝૂ અથવા મિસ્વાક અથવા દરેક વઝૂના સમયે મિસ્વાક અથવા દર સવારે મિસ્વાક અથવા ઈશાની નમાઝને અડધી રાત સુધી લંબાવવું ફર્ઝ નથી, પણ હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે કે, એનો લેહાઝ છે કે આ ચીજોને ફર્ઝ ફરમાવી આપવાથી ઉમ્મત મુશ્કેલીમાં પડી જશે, નહીં તો આ ચીજોને ફર્ઝ ફરમાવી આપત ! પણ કેમ કે તેને ફર્ઝ કરવાથી ઉમ્મત તકલીફમાં પડી જશે એટલા માટે મેં તેને ફર્ઝ નથી ફરમાવી.

(ત) આ કથન (કૌલ) કોઈ કાનૂન જાણનારનું નથી હોઈ શકતું, આ કથન કેવળ કાનૂન સાઝ (કાનૂન ઘડનાર)નું જ હોઈ શકે છે. ફરમાવે છે :

'હું બે કમઝોરોના હક મારવાનું તમારા માટે હરામ કરૂં છું, યતીમ અને ઔરત,' મુત્તફિક ઈલૈયહ

(ટ) અન્ય ઈર્શાદ છે :

'નશાની કોઈ ચીજ ન પી, મેં દરેક નશાકારકને હરામ ફરમાવી દીધું.'

## ★ (૩) ગવાહીઓની રોશનીમાં ★

આ બાબતમાં ગવાહીઓ પણ એટલી અઢળક છે કે, એને એક ઠેકાણે ભેગી કરી નાંખવી મુશ્કેલ કામ છે. બલ્કે, જે ફકીર (લેખક)ના ઈલ્મમાં અત્યારે છે તે પણ અસંખ્ય છે, જેમાંથી થોડીક ગવાહીઓ રજુ કરી રહ્યો છું.

(૧) સિહાહ સિત્તહમાં હઝરત અબૂ હુરૈરહ (રદિયલ્લાહો તઆલા અન્હો)થી મરવી છે. એક સાહબ હાજર થયા અને અર્ઝ કરી કે, 'હું હલાક થઈ ગયો !' ફરમાવ્યું, શું વાત છે ? અર્ઝ કરી, મેં રમઝાન (રોઝા)માં મારી પત્ની સાથે સંભોગ કરી નાખ્યો. ફરમાવ્યું, એક ગુલામ આઝાદ કરી શકે છે ? અર્ઝ કરી, નહીં ! ફરમાવ્યું, શું એટલી શકિત છે કે સાઈઠ ફકીરો (મિસ્કીનો)ને ખાણુ ખવડાવે ? અર્ઝ કરી, નહીં ! એવામાં સવા બે મણ ખજૂર કોઈકે પેશ કર્યાં. ફરમાવ્યું, એને ખૈરાત કરી દે. અર્ઝ કરી, શું મારાથી વધુ મોહતાજને ? આખા મદીનામાં કોઈ ઘર અમારા ઘર બરાબર મોહતાજ નથી !

આ સાંભળતાં હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) એ પ્રમાણે હસ્યા કે દાંત મુબારક દેખાઈ આવ્યા. ફરમાવ્યું, જા ! તારાં ઘરવાળાંઓને ખવડાવી દે.

(૨) એ જ પ્રમાણે 'કફ્ફારએ ઝેહાર'માં આવેલ છે. ઝેહાર અને રાઝાનો કફ્ફારો એ નિશ્ચિત છે કે તે ગુલામ આઝાદ કરે, એની શકિત ન હોય તો બે મહીના સતત રોઝા રાખે, એની પણ શકિત ન હોય તો સાઈઠ મિસ્કીનોને બન્ને ટાઈમ ભરપેટ ખાણું ખવડાવે. પણ આં હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાને કાનૂનસાઝી છે કે, આ બન્ને સાહબોને આ કફ્ફારાથી અલગ ફરમાવી દીધા, એટલું જ નહીં બલ્કે તેમને આટલા અધિક પ્રમાણમાં ખજૂર અતા ફરમાવ્યું.

(૩) ઈમામ અહમદ 'મુસ્નદ'માં ષેકાતે રિજાલ (તકવો તથા દીનદારીમાં અડગ એવા વિશ્વાસુ રાવી) સહીહ મુસ્લિમથી રિવાયત ફરમાવે છે કે, એક





શખ્સ આવ્યા અને એ શરતે, ઈસ્લામ લાવ્યા કે કેવળ બે જ નમાઝો પઢીશ ! તો નબી કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ કબૂલ ફરમાવી લીધું ! શું કેવળ કાનૂન જાણનારની આ હૈસિયત છે કે, તે અલ્લાહની ફર્ઝ કરેલી ત્રણ નમાઝોને માફ કરી આપે ?! જણાયું કે આ કેવળ કાનૂનસાઝનો જ હોદ્દો છે.

(૪) હારિષ ઈબ્ને ઉસામહ ઈબ્ને નોઅમાન ઈબ્ને બશીર (રદિયલ્લાહો અન્હુમા)થી અને ખૂદ હઝરત ખુઝૈમહ (રદિયલ્લાહો અન્હો)થી મુસન્નિફે ઈબ્ને શયબહ તથા તારીખે બુખારી તથા મુસ્નદે અબૂ યઅ્લા તથા સહીહ ઈબ્ને ખુઝૈમહ્ અને મોઅજમે કબીર તિબરાનીમાં મરવી છે કે , ફરમાવ્યું :–

'ખુઝૈમહ્ કોઈની તરફેણમાં કે વિરૂદ્ધમાં ગવાહી આપે, (તો) તેમની એકલી ગવાહી પૂરતી છે.'

જ્યારે કે કુરઆને કરીમમાં છે :– 'તમારામાંથી 'બે' આદિલ ગવાહી આપે.'

પણ આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ, હઝરત ખુઝૈમહની એકલી ગવાહીને બેના બરાબર ફરમાવી દીધી. એ દલીલ છે કે, આં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાનૂન સાઝ છે.

(૫) સોનુ અને રેશમી કપડાં પુરૂષોને માટે હરામ છે પણ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ, હઝરત બરાઅના માટે સોનાની વિંટી અને હઝરત સુરાકા માટે કિસ્રાનાં સોનેરી કંગન અને હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ તથા ઝુબૈર (રદિયલ્લાહો તઆલા અન્હોમા)ના માટે ખુજલીના સમયે રેશમી લિબાસ હલાલ ફરમાવ્યો.

(૬) હાકિમોએ તોહફા સ્વીકારવા જાઈઝ નથી, પણ હઝરત મઆઝ ઈબ્ને જબલ (રદિઅલ્લાહો તઆલા અન્હો)ના માટે આપે હલાલ ફરમાવ્યું. (સૈફુન ફી કિતાબિલ મફતૂહ)

(૭) ફરમાવે છે : 'મેં ઘોડાઓ અને ગુલામોની ઝકાત માફ કરી દીધી, રૂપીયાની ઝકાત આપો, દરેક ચાલીસ દિરહમમાં એક દિરહમ છે.'

સહીહૈન અને મુસ્નદે ઈમામ અહમદ અને શરહે મઆનીયુલ આષારમાં

હઝરત અનસ (રદિયલ્લાહો તઆલા અન્હો)થી રિવાયત છે કે, ફરમાવ્યું :

'હે અલ્લાહ ! ઈબ્રાહીમે મક્કાને હરમ કરી દીધું અને હું (મદીનાની) આ બંને પહાડીઓના મધ્યને હરમ બનાવું છું, એટલે કે મદીના તૈયેબહને.

હજજતુલ વિદાઅનો પ્રસંગ છે, હરમે મક્કાના હુકમો બયાન ફરમાવી રહ્યા છે, ઈર્શાદ થયો : તેનું મેદાન સાફ કરવામાં ન આવે એટલે કે ઘાસ ઉખેડવામાં ન આવે. હઝરત અબ્બાસ (રદિયલ્લાહો તઆલા અન્હો)એ ઉભા થઈને અર્ઝ કરી,

'કેવળ ઉઝખુર (એક પ્રકારનું ઘાસ) સિવાય, યા રસૂલલ્લાહ ! એટલા માટે કે આ તેમની ભઠ્ઠીઓના માટે છે અને તેમના ઘરોના માટે છે.' તો તુરંત વિના વિલંબે તેને અલગ ફરમાવી દીધું.

હજજતુલ વિદાઅના પ્રસંગે હુઝૂર (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) હજજની ફર્ઝીયત બયાન ફરમાવી રહ્યા છે કે, અકરઅ બિન હાબિસ (રદિયલ્લાહો તઆલા અન્હો) ઊભા થયા અને અર્ઝ કરી, 'શું આ વરસના માટે કે હમેશાંના માટે ?' ફરમાવ્યું, 'આ વરસના માટે, જો હું 'હા' કહી દઉં તો દરેક વરસના માટે વાજિબ થઈ જાય.' આ સાક્ષીઓને જુઓ ! શું આ સૌ પોકાર કરી કરીને નથી દર્શાવી રહી કે, આં હુઝૂર (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) 'કાનૂનસાઝ' છે, કેવળ કાનૂન જ્ઞાની જ નથી.

એ જ કારણે અહનાફની નજીક હદીષથી કુરઆન મજીદનું 'નસ્ખ' જાઈઝ છે. મિર્કાતમાં છે, હનફિયહની નજીક સાબિત છે કે, હદીસ કિતાબુલ્લાહની 'નાસિખ' થઈ શકે છે.' અને એ હદીષ સહીહ હદીષથી સાબિત છે, કેમકે ઈર્શાદ ફરમાવ્યો, 'મારૂં કલામ કેટલુંક, કેટલાકને મન્સૂખ ફરમાવી દે છે, જેમકે કુરઆનને મન્સૂખ કરે છે.'

## ★ (૪) ઉમ્મતનો અકીદો ★

હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાનૂન સાઝ છે, એના બારામાં ઉમ્મતનો અકીદો સહાબાના કાળથી લઈને એ જ રહ્યો છે કે, હુઝૂર (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) કાનૂન સાઝ છે, કેવળ કાનૂન





જ્ઞાની જ નથી.

(૧) સુનને અબૂ દાઊદ તથા ઈબ્ને માજહ તથા મુસ્નદે સનદે ઈમામ તહાવી તથા મોઅજમે તિબરાની તથા બયહકી વગેરેમાં હઝરત ખુઝૈમહ ઈબ્ને ષાબિત અન્સારી (રદિયલ્લાહો તઆલા અન્હો) થી રિવાયત છે :

'રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) એ, મુસાફિરના માટે મોજાઓ પર મસહની મુદ્દત ત્રણ દિવસ નિશ્ચિત ફરમાવી, જો માંગનાર માંગતો જાત તો જરૂર પાંચ દિવસ કરી આપત.'

(૨) બુખારીમાં ઝયદ ઈબ્ને ષાબિત અન્સારી (રદિયલ્લાહો તઆલા અન્હો)થી મરવી છે. :

'મે ં આ આયત ખુઝૈમહની પાસે પામી (સાંભળી) જેમની ગવાહી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ બે ગવાહોના સમાન ફરમાવી.'

(૩) હરમે મદીનાના બારામાં હઝરત અબૂ હુરૈરહ (રદિયલ્લાહો તઆલા અન્હો) ફરમાવે છે. :

'નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ મના ફરમાવ્યું કે, મદીનાના ઝાડ કાપવામાં આવે અથવા પાંદડાંઓ ઝાડવામાં આવે અથવા પક્ષી પકડવામાં આવે.'

તદઉપરાંત ખૂદ એ જ હઝરાત (૧) અબૂ હુરૈરહ અને (૨) અનસ ઈબ્ને માલિક (૩) સઅદ ઈબ્ને વક્કાસ, (૪) ઝયદ ઈબ્ને ષાબિત, (૫) અબૂ સઈદ ખુદરી (૬) અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ (૭) સઅબ ઈબ્ને જષામહ (૮) રાફેઅ ઈબ્ને ખદીજ (૯) ખુબૈબ ઈબ્ને હઝલી (૧૦) જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ (રદિયલ્લાહો તઆલા અન્હુમ) એ ફરમાવ્યું :

'મદીનાના બન્ને પહાડોની વચ્ચે હરમ બનાવ્યું, તેનાં ઝાડ કાપવાં, પાંદડાં ઝુડવાં હરામ ફરમાવ્યું, તેનો શિકાર હરામ ફરમાવ્યો, બકીઅને હરમ બનાવ્યું.'

આ દસ સહાબાએ કિરામ (રિદવાનુલ્લાહે તઆલા અલયહિમ

અજમઈન)ના ઈર્શાદો છે કે, તેમણે ફરમાવ્યું કે, નબી કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ મદીનાને હરમ બનાવ્યું, તેનું ઝાડ કાપવું, પાંદડાં ઝુડવાં, પક્ષી પકડવું હરામ બનાવ્યું. હરામ કરવાની આ ઈસ્નાદ (નિસ્બત)નું હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પ્રત્યે કરવું એની દલીલ છે કે તે સૌનો અકીદો એ હતો કે, હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને એનો અધિકર હતો કે, જેને ચાહે હલાલ ફરમાવી દે અને જેને ચાહે તેને હરામ ફરમાવી દે. 'ઈસ્નાદ'માં 'અસ્લ હકીકી' છે, જયાં સુધી કોઈ 'કરીનએ સાદિકહ' ન હોય, જે અહીં 'મુનતફી' છે, તો સાબિત થઈ ગયું કે, સહાબાએ કિરામ (રિદવાનુલ્લાહિ અલયહિમ અજમઈન)નો એ અકીદો હતો કે, હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાનૂન સાઝ છે.

(૪) હઝરત બરાઅ ઈબ્ને આઝિબ (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે :

'રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ અમને સોનાની વિંટી પહેરવાનુ મના ફરમાવ્યું.'

(૫) હઝરત જયશ ઈબ્ને ઉવૈસ નહફી (રદિયલ્લાહો તઆલા અન્હો)એ ખિદમતે અકદસમાં હાજર થઈને એક કસીદો ફરમાઈશી અર્ઝ કર્યો, જેમાં છે :

'અમારા માટે દીને હનફિયહ (સારા દીન)નો આપે પ્રારંભ કર્યો, એ પછી કે જ્યારે અમે ગધેડાઓની જેમ બુતોને પૂજતા હતા.'

(૬) ઈમામ કુદૂરી ફરમાવે છે :

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ મસ્નૂન ફરમાવ્યું, ગુસ્લે જુમ્અહ અને ઈદૈન અને અહરામ અને અરફાના દિવસે.'

સન્નની ઈસ્નાદ (નિસ્બત) હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની તરફ કરવી એ વાતની દલીલ છે કે, તેમનો અકીદો હતો કે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાનૂન સાઝ છે.

(૭) ઈમામ અબ્દુલ વહાબ શઅરાની કુદ્દેસ સિર્રહુ 'મીઝાનુશશરીઅતુલ કુબરા'માં ફરમાવે છે :





'અલ્લાહ (અઝ્ઝ–વ–જલ્લ)એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને એ ઈખ્તિયાર આપી રાખ્યો હતો કે, પોતાની તરફથી જેને ચાહે તેને મશરૂઅ (શરીઅત મુજબનું) ફરમાવી દે.'

(૮) ઈમામ અહમદ ખતીબ કસ્તલાની મવાહિબમાં ફરમાવે છે :

'સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વિશિષ્ટતાઓમાંથી એ છે કે, શરીઅતના અહકામ (હુકમો)માંથી જેને ચાહે, જે હુકમથી ચાહે, અલગ ફરમાવી દે.'

(૯) અલ્લામહ ઝુર્કાનીએ તેની શરહમાં ઉમેરો કર્યો કે, 'અહકામ જ ખાસ નહીં, જે ચીજથી ચાહે, જેને ચાહે, ખાસ ફરમાવી દે.'

(૧૦) અલ્લામહ અજલ સિયૂતી કુદ્દેસ સિર્રહૂએ 'ખસાઈસે કુબરા'માં આ વિષેનું એક પ્રકરણ ઉભું કર્યું છે. તેમાં છે કે, 'નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ મન્સબની સાથે ખાસ છે કે, જેને ચાહે, જે હુકમથી ચાહે ખાસ ફરમાવી દે.'

(૧૧) અલ્લામહ ઈબ્ને અબ્દુલ બાકી ઝુર્કાની શરહે મવાહિબમાં ફરમાવે છે, 'હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને શરૂ કરનાર (શારેઅ) કહેવું મશહૂર છે, એટલા માટે કે, હુઝૂરે દીન તથા અહકામનો પ્રારંભ કર્યો'

(૧૨) કસીદા બુર્દાશરીફમાં છે, આપણા નબી આમિર (સારી વાતોનો હુકમ દેનારા) તથા નાહી (બુરી વાતોથી રોકનારા)છે 'હા' અને 'ના' કહેવામાં તેમનાથી કોઈ સાચો નથી.'

(૧૩) અલ્લામહ શેહાબ ખફ્ફાજી આ શેઅરની શરહમાં ફરમાવે છે, 'નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના આમિર તથા નાહી હોવાનો અર્થ એ છે કે, હુઝૂર હાકિમ છે, હુઝૂર સિવાય દુનિયામાં કોઈ હાકિમ નથી, તેઓ કોઈના મહકૂમ (હાકિમપણા હેઠળ) નથી.

અને વર્તમાનકાળમાં આ બારામાં ઉમ્મતનો શો અકીદો છે, એ જાણવા ઈચ્છતા હોઉ તો તર્જુમાને મિલ્લત, મુજદ્દિદે વકત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિર્રહૂના રિસાલા મુબારક 'મુબ્બિહુલ લબીબ' અને

'અલ–અમ્નો વલ ઉલા'નો અભ્યાસ કરો.

## ★ હઝરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ની વિલાદતની તથા કુર્બાનીની જગા ★

તૌરતમાં છે કે, "ઈસ્માઈલ ફારાનના જંગલોમાં રહ્યા." *(સફરે પૈદાઈશ, બાબ–૨૧)* 'મોઅ્જમુલ્ બુલ્દાન'માં ઉલ્લેખ કર્યો છે કે અરબ ભુગોળ શાસ્ત્રીઓની એ વાત પર એકમતિ છે કે ફારાન અરબસ્તાનના પહાડનુ નામ છે. ઈસાઈ કહે છે કે ફારાન અરબસ્તાનના પહાડનુ નામ નથી બલ્કે ફિલિસ્તીનના દક્ષિણમાં જે રણ આવેલ છે તેનું નામ છે.

ઈસાઈ એ જંગલના રહેવાસી નથી અને અરબવાળા અરબના રહેવાસી છે. વતનવાસીઓની ગવાહી તળેટી તથા પહાડના બારામાં અન્યોના મુકાબલે યકીનન વિશેષ ગણાશે, જેથી એમાં કોઈ બુધ્ધિશાળીને શક નથી થઈ શકતો કે ફારાન અરબના પહાડનુ નામ છે. રહી વાત એ કે એ રણનુ નામ ફારાન છે કે નહીં, એના બારામાં ત્યાંના રહેવાસીઓની કોઈ ગવાહી નથી. કેવળ ગૈરોનો દાવો છે અને એમાં ઘણી ચર્ચાનો અવકાશ છે.

તૌરાતમાં છે કે હઝરત ઈસ્માઈલના આ બાર પુત્રો હતા. બજાત, કૈદાર, ઓબઈલ, મલસામ, સમ્આઅ્, દૂમા, મસા, હદ્દૂ, તીમા, તૂર, તફીસ, કદમહ્. (પૈદાઈશ, ૧૩–૨૫)

તૌરાતમાં એ પણ છે કે તે સૌ પોતપોતાની કૌમના રઈસ હતા અને તેમણે પોતાની વસ્તીઓ અને કિલ્લાઓનાં નામ પોતાનાં નામો પર રાખ્યાં હતાં. આ તૌરાતના નુઝૂલના સમયની વાત છે સમયના વહેણમાં કેટલીય વસ્તીઓ વિનાશ પામી, કેટલાંય નામો અદલ બદલ થઈ ગયાં, પરંતું તલાશ તથા સંશોધનને અંતે અરબસ્તાનની વિવિધ વસ્તીઓ એ નામોની સાથે ઘણું બધું મળતાપણું ધરાવે છે.

બનીત, યન્બૂઅ્ને અડીને એક વસ્તીનું નામ છે. 'અલ્ખરસૈર' બનીતથી થોડાક જ અંતરે એક શહેરનુ નામ છે. ગાલિબ ગુમાન એ છે કે આ નામ 'કૈદાર'ના અપભ્રંશ 'અલ્કદીર'નુ બગડેલુ સ્વરૂપ છે.





**'મલસામ'**ના અવશેષો નજદમાં છે. **'દૂમહ'**: શામ (સીરીયા) તથા મદીનાની વચ્ચે એક મુશહૂર વસ્તી છે. રિસાલતકાળમાં અહીં ઈસાઈઓનું રાજ હતું અને 'દૂમતુલ્ જંદલ'ના નામથી મશહૂર હતી.

**'મસા'**: યમનમાં આ નામ સાથે મળતાપણુ ધરાવતી 'મૂસા' નામની વસ્તી છે.

**'હદૂ'**: દક્ષિણ અરબસ્તાનમાં 'હદીદા' નામનુ શહેર મૌજૂદ છે. 'બનૂ હદદ' એક કબીલાનુ પણ નામ છે.

**'તીમા'**: ફિદ્કની નજીક ખયૂબરના માર્ગમાં "ભીમા" નામની વસ્તી હજી સુધી મૌજૂદ છે.

**"કદમહ્"**: મસ્ઊદીએ કૌમે કદમાનને બની ઈસ્માઈલમાં બનાવ્યા છે. આ લોકો યમનમાં રહે છે.

કુર્બાની કોની થઈ ? આ મસ્અલો પર અહલે ઈસ્લામ અને અહલે કિતાબમાં ઘણો જ વિવાદાસ્પદ છે કે કુર્બાનીનો હુકમ હઝરત ઈસ્હાકના માટે થયો હતો કે હઝરત ઈસ્માઈલના માટે ? અહલે કિતાબ એ વાત પર એકમત છે કે કુર્બાનીનો હુકમ હઝરત ઈસ્હાકના માટે થયો હતો અને જમહૂર અહલે ઈસ્લામ (સર્વ મુસલમાનો) એ વાતને માનનારા છે કે આ હુકમ હઝરત ઈસ્માઈલના માટે થયો હતો. અલબત્ત કેટલાક મુફસ્સિરો ઓછી છાનબીન કરવાના કારણે એ માનનારા છે કે કુર્બાનીનો હુકમ હઝરત ઈસ્હાકના માટે હતો. એટલા માટે અમે આ બહષના બે ભાગ કરીએ છીએ. એક ભાગમાં અહલે કિતાબની જ કિતાબમાંથી હશે બીજા ભાગમાં અહલે ઈસ્લામથી.

## ★ પ્રથમ બહષ ★

એમાં કોઈ શંકા નથી કે યહૂદીઓની થકી (તૌરાત)માં ફેરબદલ કરવાના કારણે તૌરાતના ઉલ્લેખોથી એ સાબિત નથી કરી શકાતુ કે કુર્બાનીનો હુકમ હઝરત ઈસ્માઈલના માટે જ હતો. તેમ છતાંય તૌરાતનો બારિક દ્રષ્ટિએ અભ્યાસ કર્યા બાદ એ વાત સ્પષ્ટ થઈ જશે કે આ હુકમ હઝરત ઈસ્માઈલના માટે જ હતો, નહીં કે હઝરત ઈસ્હાકના માટે.

તૌરાતમાં એક સ્થળે લખ્યું છે કે, "કુર્બાની તે જ ઈન્સાન અથવા જાનવરની થાય છે જે પહેલ વહેલો હોય." શબ્દો આ પ્રમાણે છે :–

**તર્જુમો :–** "એટલા માટે કે મારા માટે બની ઈસ્રાઈલમાં દરેક પ્રથમ બાળક છે ઈન્સાનોનું અને ચોપગાંઓનું" – *અદ્દ, ૮–૧૮*

આ હુકમ બની ઈસ્રાઈલની સાથે ખાસ ન હતો બલ્કે તમામ પાછલી શરીઅતોમાં એ જ હુકમ હતો એના કારણે હાબીલે જે ઘેટાંઓની કુર્બાની કરી હતી તે પણ પહેલ વહેલાં (જન્મેલ) હતાં. **(૨)** હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)ને જે પુત્રની કુર્બાનીનો હુકમ થયો હતો એના બારામાં ખુલાસો હતો કે તે એક લૌટો (એકનો એક) હોય, અને પ્રિય હોય. *(તૌરાત તકવીન, અસ્હાહ્ ૨૨, આયત–૧૨)* **(૩)** તૌરાતના અહકામની રૂએ જે પુત્ર પહેલ વહેલો થતો તે અફઝલ હોતો ભલે તે એ પત્નીથી હોય જે કમતર દરજ્જાની હોય.

**તર્જુમો :–** એટલા માટે કે તેની પ્રથમ કુદરત છે અને તેને અગ્રિમતાનો હક્ક હાંસલ છે. (સફર તષીના અસ્હહ્, આ.૨૧, ૧૫–૧૭)

ઈન્સાનની ફિતરતનો પણ એ જ તકાઝો છે કે પહેલ વહેલા પુત્ર ખાસ કરીને એકના એક (પુત્ર)થી અધિક મહોબ્બત હોય છે, ખાસ કરીને તે ઔલાદ જે વરસો વરસની નિરાશા બાદ હજારો દુઆઓ તથા વિનવણીઓ બાદ પેદા થાય, તેનાથી અધિક મહોબ્બત હોય છે. **(૫)** એટલે જ અંત નથી આવતો બલ્કે તૌરાતમાં એનો ખુલાસો છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલાતુ વત્તસ્લીમ)એ જે પુત્રની કુર્બાની કરી હતી તે એકનો એક હતો. **તૌરાત** કુર્બાનીના વર્ણનમાં છે કે હઝરત ઈબ્રાહીમે પુત્રની કુર્બાની કરવા ઈચ્છયું તો ફરિશ્તાએ અવાજ આપ્યો કે હાથ રોકી લો ! તેના શબ્દો આ પ્રમાણે છે :–

"ખુદા કહે છે કે તેં એવું કામ કર્યું અને પોતાના એકના એક પુત્રને બચાવી ન રાખ્યો, જેથી હું તને બરકત આપીશ અને તારી નસલને તારાઓ અને દરિયાના કિનારાની રેતીની જેમ ફેલાવી દઈશ.
*(તૌરાત તકવીન અસ્હાહ, ૨૨. આ. ૧૫)*

તૌરાતના આ લખાણોથી સ્પષ્ટ થઈ ગયું કે કુર્બાની તે ઔલાદની થાય





છે જેમાં આ ત્રણ વિશિષ્ટતાઓ હોય, પહેલ વહેલો હોય, એકનો અકે હોય, પ્રિય હોય. આવો ! ખૂદ તૌરતની રોશનીમાં તલાશ કરો કે આ ગુણો સામુહિક રીતે હઝરત ઈસ્માઈલમાં છે કે હઝરત ઈસ્હાકમાં ? તૌરાતમાં વિગતવાર એવું લખેલું છે કે હજારો દુઆઓ, તમન્નાઓ પછી પ્રથમ હઝરત ઈસ્માઈલ પેદા થયા. જ્યારે એ પ્રથમ પેદા થયા તો એ જ પહેલ વહેલા તથા એકના એક પણ થયા, અફઝલતરીન પણ થયા, મહબૂબ (પ્રિય) પણ થયા. એથી ઉલ્ટુ ઈસ્હાક (અલૈહિસ્સલામ) કે આપ બાદમાં પેદા થયા એટલા માટે એ ન પહેલ વહેલા ન એકના એક ગણાશે, ન હઝરત ઈસ્માઈલની સરખામણીમાં એટલા પ્રિય થયા. એટલા માટે તૌરાત પર ઈમાન રાખવાના દાવેદારોને આ સ્વીકારી લીધા સિવાય કોઈ ચારો નથી કે ઝબહ થનારા હઝરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ) હતા ન કે હઝરત ઈસ્હાક. એના બારામાં તૌરાતના કેટલાક અધિક લખાણો જુઓ :–

**અ.** હઝરત ઈબ્રાહીમને જ્યારે ખુદાએ હઝરત ઈસ્હાકની ખુશખબરી આપી તો હઝરત ઈબ્રાહીમે તે વખતે પણ હઝરત ઈસ્માઈલને યાદ કર્યા.

**બ.** હઝરત ઈસ્હાક ખુદાના વાયદા અને અહદના મઝહર છે. *(તકવીન, ૧૭,૧૮)*

**ક.** હઝરત ઈસ્માઈલ ઈબ્રાહીમની દા'વત છે એટલે કે હઝરત ઈબ્રાહીમની દુઆ અને ખ્વાહિશથી પેદા થયા, એના કારણે ખુદાએ તેમનુ નામ ઈસ્માઈલ રાખ્યું. કેમકે ઈબ્રાની (ભાષા)માં ઈસ્માઈલ બે શબ્દોથી બનેલ છે : **ઈસ્મઅ** અને **ઈલ.** 'ઈસ્મઅ'નો અર્થ "સાંભળવું" અને 'ઈલ' નો અર્થ 'ખુદા' છે. *(તકવીન અસ્હાહ, ૧૫–૧૭–૧૮)* એટલે કે "ખુદાએ હઝરત ઈબ્રાહીમની દુઆ સાંભળી લીધી.

**ડ.** "ખુદાએ હઝરત ઈબ્રાહીમને કહ્યું કે, ઈસ્માઈલના બારામાં મેં તારું સાંભળી લીધું."

હઝરત ઈસ્હાકની બશારત સાંભળીને હઝરત ઈબ્રાહીમે હઝરત ઈસ્માઈલને યાદ કર્યા, એ દલીલ છે કે હઝરત ઈસ્માઈલ પ્રથમ પેદા થઈ ચૂકયા હતા. "હઝરત ઈસ્માઈલ હઝરત ઈબ્રાહીમની દા'વત છે, એટલા

માટે તેમનુ નામ ઈસ્માઈલ છે." એ પૂરવાર કરે છે કે એઓ દુઆથી પેદા થયા. એમાં કોઈ જાતની શંકાકુશંકાને સ્થાન નથી કે હઝરત ઈસ્માઈલ પહેલ વહેલા પણ છે, એકના એક પણ છે. અને જ્યારે પહેલ વહેલા તથા એકના એક છે તો એઓ જ તૌરાતના હુકમો પ્રમાણે અફઝલ પણ છે, અને મહબૂબતરીન પણ. એટલા માટે લાઝિમ થાય છે કે કુર્બાની પણ તેમની જ થઈ.

**૬.** જે ઔલાદ ખુદાને નઝર થઈ જાય છે તેને બાપનો માલ તથા વારસો નથી મળતો. તૌરાતમાં લખે છે કે :–

**તર્જુમો :–** ત્યારે ખુદાએ 'લાવય'ની ઔલાદને એટલા માટે ખાસ કરી કે ખુદાના અહદનુ તાબૂત ઉઠાવે અને જેથી કરીને ખુદાની સમક્ષ ઉભા થાય. જેથી તેઓ ખુદાની ખિદમત કરે અને તેના નામથી આજ સુધી બરકત લે. એ જ કારણ છે કે 'લાવય'ને પોતાના ભાઈઓની સાથે હિસ્સો તથા વારસો નથી મળ્યો, કેમકે તેના હિસ્સે ખુદા છે. *(તૌરાત–૧, આયત ૮–૯)*

હવે તૌરાત ઉઠાવીને જુઓ તો તમને સ્પષ્ટ જણાશે કે હઝરત ઈબ્રાહીમે પોતાનો તમામ વારસો હઝરત ઈસ્હાકને આપ્યો અને હઝરત ઈસ્માઈલને એક પાણીની મશક અને થોડાંક ખજૂરો સિવાય અન્ય કાંઈ ન મળ્યું. જેથી દરેક ઈન્સાફ પ્રિય વ્યકિતએ એ માનવું પડશે કે કુર્બાની હઝરત ઈસ્માઈલની જ થઈ ન કે હઝરત ઈસ્હાકની.

**૭.** જે ખુદાને નઝર થતો તેના માટે "ખુદાની સામે" નો શબ્દ બોલવામાં આવતો. *(તૌરાત સફર અદદ, ૨૦–૧૬–૬, તકવીન–૧૭, તષીના, ૧૦–૮)*

**૮.** તૌરાતમાં દરેક જગ્યાએ "સામે ઝિંદા રહેવું" એ કુર્બાની તથા નઝરના જ અર્થમાં બોલવામાં આવેલ છે.

**૯.** તૌરાતમાં છે કે જ્યારે ખુદાએ હઝરત ઈબ્રાહીમને હઝરત ઈસ્હાકની ખુશખબરી આપી તો હઝરત ઈબ્રાહીમે કહ્યું :–

**તર્જુમો :–** 'કાશ ! ઈસ્માઈલ તારી સામે જીવતો રહેત."





તૌરાતમાં કુર્બાનીના માટે જે શબ્દો ખાસ છે તે હઝરત ઈસ્માઈલના માટે ઉતર્યા, અને હઝરત ઈસ્હાક માટે નથી આવ્યા. એ દલીલ છે કે ઝબીહ (ઝબહ થનાર) એ જ હતા ન કે ઈસ્હાક.

**૧૦.** આ ગવાહીઓ ઉપરાંત સૌથી મોટી નાકાબિલે ઈન્કાર ગવાહી (નકારવી અશકય તેવી સાક્ષી) હઝરત ઈસ્માઈલના ઝબીહ હોવાની એ છે કે તેમની નસ્લ તથા તેમની મિલ્લતના અનુયાયીઓમાં કુર્બાનીની વિવિધ યાદગારો આજ સુધી બાકી છે. અને બની ઈસ્રાઈલની પાસે કોઈ યાદગાર નથી. જો ઝબીહ (કુર્બાની પામનાર) હઝરત ઈસ્હાક હતા તો તેમની નસલ તથા તમેની પૈરવી કરવાના દાવેદારોમાં કોઈ નિશાની બાકી રહેત. આ શું રહસ્ય છે કે તેમના હરીફોને ત્યાં વિવિધ યાદગારો અને તેમને ત્યાં એક પણ નહીં ? ! તે યાદગાર શું છે તે સાંભળો !

જે શખ્સ ખુદાને નઝર કરી દેવામાં આવતો તે માથાના વાળો છોડી દેતો હતો અને ઈબાદત કરવાના સ્થળની પાસે જઈને ઉતારતો હતો. તૌરાતમાં છે :–

**તર્જુમો :–** એટલે કે હવે તો સગર્ભા થશે અને બાળકને જન્મ આપશે અને તેના માથા પર અસ્તરો ફેરવવામાં નહીં આવે, કેમકે એ બાળક ખુદાને માટે નજર કરવામાં આવશે.

હજ્જ તથા ઉમરામાં એહરામ બાંધતા વખતથી લઈને તમામ મનાસિકથી ફારિગ થતાં સુધી બાલ મુંડાવવા, કતરાવવા, ઉખેડવા મના છે. મનાસિકથી ફારિગ થયા બાદ બાલ મુંડાવવા બાલ કપાવવાની ઈજાઝત છે. ઈર્શાદ છે :–

**તર્જુમો :–** તમારાં માથાંઓને ન મુંડાવો જ્યાં સુધી કુર્બાનીમાં જાનવર પોતાની જગાએ એટલે કે હરમમાં ન પહોંચી જાય.

**બ.** હઝરત ઈબ્રાહીમને જ્યારે ખુદાએ પુત્રની કુર્બાનીનો હુકમ આપવા ચાહયો તો પુકાર્યુ, "હે ઈબ્રાહીમ ! હઝરત ઈબ્રાહીમે કહ્યું, હાજર છું !" *(તૌરાત, તકવીન, અસ્હાહ્ ૨૨, આ.૧)*

હજ્જ કે ઉમરાનો એહરામ બાંધતાં જ દરેક હાજી પુકારે છે લબ્બૈક ! લબ્બૈક ! હાજર છું ! આ તે જ સુન્નતે ઈબ્રાહીમની પયરવી છે.

**ક.** શરીઅતે ઈબ્રાહીમી પ્રમાણે જેને ખુદાની નઝર કરો છો તે વારંવાર ઈબાદતની જગા, કુર્બાનગાહના આસપાસ ફરે છે. હજ્જ તથા ઉમરામાં કા'બાનો તવાફ અને સફા તથા મરવાની સઈ તે જ યાદગારની નિશાની છે.

**ડ.** હઝરત ઈબ્રાહીમે બાળકને ઝબહ કરવા ચાહયું તો તેને રોકીને તેના બદલે ઘેટું ઝબહ થયું. ઈદુદ્દોહામાં દરેક શકિતશાળી મુસલમાન અને હજ્જમાં હાજી જાનવરોની કુર્બાની કરે છે, બલ્કે એ શરતો સાથે વાજિબ છે. આ સુન્નતે ઈબ્રાહીમીની પૈરવી છે. હદીષમાં ફર્માવવામાં આવ્યું છે :– કુર્બાની તમારા બાપ ઈબ્રાહીમની સુન્નત છે.

આ યાદગારોને જોઈને દરેક સમજદાર એ માનવા પર મજબૂર થશે કે કુર્બાનીનો હુકમ હઝરત ઈસ્માઈલના માટે હતો, જેમની નસલ તથા પૈરવી કરનારાઓમાં તેની વિવિધ યાદગારો આજ સુધી સલામત છે, ન કે હઝરત ઈસ્હાકના માટે જેમની નસલ અને પેરવી કરનારામાં કુર્બાનીની કોઈ યાદગાર બાકી નથી.

## ★ બહષ બીજી ★

કુર્આને કરીમની રોશનીમાં હઝરત ઈસ્માઈલનું ઝબીહ હોવું નિશ્ચિત છે. અહીં કોઈ વિકલ્પ જ નથી કે હઝરત ઈસ્હાકનું ઝબીહ હોવું સાબિત થઈ શકે. કુર્બાનીનો પ્રસંગ સૂરએ સાફાતમાં આ પ્રમાણે વર્ણન થયેલો છે :–

**તર્જુમો :–** અને એને (ઈબ્રાહીમે) કહ્યું, હું મારા રબની તરફ જનારો છું હવે તે મને રાહ આપશે. ઈલાહી ! મને લાયક ઔલાદ આપ. તો અમે તેને ખુશ ખબરી સંભળાવી એક સહનશીલ પુત્રની. પછી જ્યારે તે તેની સાથે કામને લાયક થઈ ગયો, કહ્યું, હે મારા પુત્ર ! હું ખ્વાબમાં જોઉ છું કે તને ઝબહ કરી રહ્યો છું. હવે તુ જો ! તારું શું મંતવ્ય છે ? તેણે કહ્યું, હે મારા બાપ ! કરો ! જે વાતનો તમને હુકમ થાય છે. ખુદાએ ચાહયું તો આપ મને સાબિર પામશો. તો જ્યારે તે બંનેએ અમારા હુકમ પર ગરદન ધરી દીધી





અને બાપે બેટાને માથાભેર સૂવાડયો (તે સમયની સ્થિતિ ન પૂછો) અને અમે તેને નિદા ફર્માવી કે, ઈબ્રાહીમ ! બેશક ! તેં ખ્વાબ સાચો કરી દેખાડયો. અમે એવો જ બદલો આપીએ છીએ નેકોને, બેશક ! આ રોશન પરખ હતી. અને અમે એક મોટુ ઝબીહા એના ફિદીયામાં આપીને તેને બચાવી લીધો. અને અમે પાછલાઓમાં તેની તારીફ (ઓળખ) બાકી રાખી. સલામ હજો ઈબ્રાહીમ પર! અમે એવો જ બદલો આપીએ છીએ નેકોકારોને. બેશક ! તેઓ અમારા આ'લા દરજાના કામિલુલ્ ઈમાન બંદાઓમાંથી છે. અને અમે તેને ખુશખબરી આપી ઈસ્હાકની કે ગયબની ખબરો બતાવનાર નબી અમારા ખાસ કુર્બવાળા મકબૂલ બંદાઓમાં થશે.

આ આયતોમાં હઝરત ઈબ્રાહીમના બે ફરઝંદોનો ઉલ્લેખ છે. એક તે જે દુઆથી પેદા થયો જેનુ નામ દર્શાવ્યું નથી. બીજા હઝરત ઈસ્હાક જેમની વિલાદત (જન્મ)ની બશારત છે. અને એ બિલકુલ સ્પષ્ટ છે કે જો ઝબીહ હઝરત ઈસ્હાક હોત તો જ્યારે **فبشرنٰہ بغلم حلیم** ફર્માવી દેવામાં આવ્યું છે તો હવે બાદમાં **وبشرنٰہ باسحاق** બિલ્કુલ નિરર્થક થઈ જાય છે. એટલા માટે માનવું પડશે કે ઝબીહ હઝરત ઈસ્હાક નથી બલ્કે હઝરત ઈસ્માઈલ છે.

બીજું એ કે આ આયતમાં જે પુત્ર ઝબીહ છે તેને **ગુલામ હલીમ** ફર્માવવામાં આવ્યું છે. એથી ઉલ્ટુ હઝરત ઈસ્હાકની બશારત તેનાથી અલગ રીતે બે જગાએ હઝરત ઈસ્હાકને "ગુલામુન્ અલીમ" ફર્માવવામાં આવ્યું છે. સૂરએ હજરમાં છે :– ફરિશ્તાઓએ કહ્યું,"અમે તમને ઈલ્મવાળા બાળકની બશારત આપીએ છીએ."

સૂરએ ઝારિયાતમાં છે :– "ફરિશ્તાઓએ તેમને ઈલ્મવાળા બાળકની બશારત આપી."

દરેક જગાએ હઝરત ઈસ્હાકની સિફત (ખૂબી) "અલીમ" ફર્માવવું અને ઝબીહના ગુણમાં "હલીમ" ફર્માવવું એ બાબત ઉઘાડી દલીલ છે કે ઝબીહ હઝરત ઈસ્હાક નથી, હઝરત ઈસ્માઈલ છે. નહીં તો શું કારણ છે કે અન્ય બશારતોના પ્રસંગે તેમને "અલીમ" કહેવામાં આવે અને અહીં નવી સિફત (ગુણ) "હલીમ" લાવવામાં આવે ? !

ત્રીજુ એ કે આ આયતોથી જાણવા મળ્યું કે હઝરત ઈબ્રાહીમના બંને ફરઝંદો અલગ અલગ રીતે પેદા થયા હતા, એક દુઆ બાદ બીજો દુઆ વિના, અને કુર્બાની તે જ પુત્રની થઈ હતી જે દુઆથી પેદા થયો હતો. તૌરાતમાં લખેલ છે :–

"ઈસ્માઈલ ઈબ્રાહીમની દા'વત છે." એટલે કે ઈબ્રાહીમની દુઆ અને ખ્વાહિશથી પેદા થયા એટલા માટે તેમનુ નામ ઈસ્માઈલ પડયું. ઈબ્રાની ભાષામાં "ઈસ્મઅ"નો અર્થ "સાંભળવું" છે અને "ઈલ"નો અર્થ "ખુદા" થાય છે. હવે ઈસ્માઈલ શબ્દનો તર્જુમો થયો, "હઝરત ઈબ્રાહીમની દુઆ સાંભળી." *(તકવીન, અસ્હાહ, ૧૭–૧૮)*

બીજે ઠેકાણે છે કે હઝરત ઈબ્રાહીમને ખુદાએ ફર્માવ્યું કે, "ઈસ્માઈલના બારામાં મેં તારું સાંભળી લીધું. "એક અન્ય જગાએ છે :–

"હઝરત ઈસ્હાક ખુદાના વાયદા તથા અહદના મઝહર છે."

*(તૌરાત, તકવીન, ૧૭–૧૮)*

આ લખાણોથી સ્પષ્ટ થઈ ગયું કે હઝરત ઈબ્રાહીમની દુઆથી હઝરત ઈસ્માઈલ પેદા થયા હતા, જેથી ઝબીહ તે જ થશે, નહીં કે હઝરત ઈસ્હાક, જેમનું અસ્તિત્વ વાયદાની વફાની પૂર્ણતા હતી.

ચોથુ એ કે કુર્બાની પર બાપ બેટાની તૈયારીનો નકશો જે શબ્દોમાં ખેંચવામાં આવ્યો છે તે આ પ્રમાણે છે :–

**તર્જુમો :–** તો જ્યારે આ બંનેએ અમારા હુકમ પર ગરદનો ધરી દીધી.

'અસ્લમા'નો મસ્દર ઈસ્લામ છે, જેનો અર્થ "કોઈક વાત માનવું" છે. આ માનવા તથા ઝુકવા પછી અલ્લાહે હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)ની પયરવી કરનારી મિલ્લતનુ નામ મુસ્લિમ રાખ્યું. ઈર્શાદ થયો :–

**તર્જુમો :–** "તમારા બાપ ઈબ્રાહીમનો મઝહબ તેણે તમારું નામ પ્રથમ મુસલમાન રાખ્યું.

દસ્તૂર એ જ છે કે કોઈ મહાન કારકિર્દીના બદલામાં મળેલ ઈઝ્ઝત પાછલી નસલમાં ચાલતી રહે છે. જેથી એ વાત સ્પષ્ટ છે કે કુર્બાનીની ઈઝ્ઝત





રૂપે મળેલો ખિતાબ જેના વારસોનો હોય તે જ યકીની તૌર પર ઝબીહ થશે.

હઝરત ઈસ્હાકના વારસોએ પોતે પોતાને બની ઈસ્રાઈલ, યહૂદ, નસારા, ઈબ્નુલ્લાહ અને અહિબ્બાઉલ્લાહ્ વગેરે...વગેરે શબ્દોથી મશહૂર કર્યા, પરંતું તેમાંથી કોઈએ પોતાને 'મુસ્લિમ' નથી કહ્યા. એથી ઉલ્ટુ હઝરત ઈસ્માઈલના વારસો કે જેઓ કુર્બાનીની સવારથી લઈને આજ સુધી પોતે પોતાને મુસલમાન કહેવામાં ગર્વ અનુભવ્યા કરે છે. જેથી સાબિત થયું કે મુસલમાનના અસલ વંશજ હઝરત ઈસ્માઈલ જ ઝબીહ છે.

'મવાહિબે લદુન્નિયહ્' માં લખેલ છે કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ (રદિયલ્લાહુ અન્હૂ)એ એક યહૂદી આલિમને પૂછયું કે, ઝબીહ કોણ હતું ? તો તેણે જવાબ આપ્યો કે, અમીરુલ મો'મિનીન ! યહૂદી યકીનન સારી પેઠે જાણે છે કે ઈસ્માઈલ ઝબીહ છે અને ઈર્ષાની રીતે તેમના ઝબીહ હોવાનો ઈન્કાર કરે છે અને હઝરત ઈસ્હાકને ઝબીહ બતાવે છે.

અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ લખ્યું છે કે હઝરત ઈસ્હાકને ઝબીહ કહેવું અહલે કિતાબની તેહરીફાત (રદો બદલ)માંથી છે.

## ★ કુર્બાની કયાં થઈ ? ★

એમાં મતભેદ છે કે કુર્બાની કયાં થઈ હતી, શામમાં કે અરબમાં ? પરંતું આ મતભેદ ઝબીહની નિશ્ચિત કરવાના મતભેદની શાખ છે. એહ્લે કિતાબ હઝરત ઈસ્હાકને ઝબીહ માને છે, જેથી તેઓ આ બનાવની જગા શામ (સીરીયા)માં માને છે. અને અહલે ઈસ્લામ હઝરત ઈસ્માઈલને ઝબીહ માને છે જેથી તેના બનાવનુ સ્થળ અરબસ્તાન દર્શાવે છે. અને જ્યારે અમે મજબૂત દલીલોથી સાબિત કરી આપ્યું કે ઝબીહ હઝરત ઈસ્માઈલ છે, તો માનવુ પડશે કે કુર્બાનીની જગા અરબસ્તાન જ છે. એ ઉપરાંત પ્રથમ બહષ (ચર્ચા)માં આવી ગયું કે જેની કુર્બાની કરવામાં આવે છે તે પોતાના વાળો છોડી દે છે (વધારે છે, કાપતો નથી), કુર્બાનગાહ પર તે ઉતારવામાં આવતા, કુર્બાન થનાર કુર્બાનગાહના ચક્કર લગાડતો. શામ (સીરીયા)માં કોઈ એવી જગ્યા નથી જ્યાં કોઈ મઝહબવાળા આ પ્રકારની રસમ અદા કરતા હોય.

તેમજ હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)ની અસલ યાદગાર જાનવરોની કુર્બાની છે. કુર્બાનગાહ શામમાં હોત તો આ યાદગારની પૂર્ણતા એ કુર્બાનગાહ પર થવી જોઈતી હતી, નહીં કે અરબમાં.

એ ઉપરાંત તૌરાતમાં કુર્બાનીની જગા "મરયા" બતાવવામાં આવી છે. 'મરયા' કઈ જગા છે તેના બાબતે યહૂદી તથા ઈસાઈમાં ખૂબ ખેંચાખેંચી ચાલી છે. યહૂદી કહે છે આ તે જગા છે જ્યાં હયકલે સુલેમાન હતો. ઈસાઈ કહે છે, નહીં ! આ તે જગા છે જ્યાં હઝરત ઈસા (અલૈહિસ્સલામ)ને સૂળીએ લટકાવવામાં આવ્યા હતા.

ત્રીજુ ગિરોહ કહે છે કે આ બંને ગલત છે. આ સ્થળ "હરીઝીમ"ના પહાડ પર છે. મતભેદો આગળ વધ્યા તો કેટલાક લોકોએ કહ્યું કે 'મરયા' કુર્બાનગાહનું નામ નથી બલ્કે તેનો ગુણ છે.

અનુવાદકોએ તેના વિવિધ અનુવાદો કર્યા પરંતુ તેના મુહક્કિકોએ એનો તર્જુમો નથી કર્યો. પછી જમાના બાદ શબ્દ 'મરયા'માંથી "મૂરા" થઈ ગયો. એનુ કારણ એ બન્યું કે બંને શબ્દનું લેખન ઈબ્રાની ભાષામાં લગભગ સમાન છે. 'મૂરા'ના બારામાં તૌરાતમાં ઉલ્લેખ છે કે અરબસ્તાનમાં છે :–

**તર્જુમો :–** અને મદયાનીયોની ફોજ ઉત્તર બાજુ 'મૂરા' પહાડ પર વાદીમાં હતી.

મદયાન અરબમાં આવેલ છે. અને અરબમાં 'મૂરા' નામની કોઈ પહાડી નથી. અલ્બત્ત 'મરવહ્' નામની એક પહાડી છે. જેથી એ વાત તદ્દન કયાસની નજીક છે કે 'મૂરા' એ જ પહાડી છે જે અત્યારે 'મરવહ'ના નામથી મશહૂર છે, જેના દામનમાં વાદીએ ગૈર ઝીઝરઅ્ છે.

'મોઅત્તા ઈમામ માલિક'માં છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ 'મરવહ્'ની તરફ ઈશારો કરીને ફર્માવ્યું કે, કુર્બાનગાહ આ છે, અને મક્કાની તમામ પહાડીઓ અને ઘાટીઓ કુર્બાનગાહ છે.

તૌરાતમાં 'મરયહ્' કે 'મૂરહ્' અને હદીષમાં 'મરવહ્'ને કુર્બાનગાહ બતાવવું એ ઉઘાડી સાબિતી છે કે આ એક જ શબ્દ વિવિધ ઉચ્ચારોમાં છે.





તેમ છતાં 'યસઆ' નબીની કિતાબમાં છે :–

"ઊટડીઓ તને આવીને છુપાવી લેશે. 'મદયાન' અને 'અયફા' ના ઊંટો તે સર્વ જેઓ 'સબા'નાં છે, તે આવશે અને તે સોનુ તથા લોબાન લાવશે અને ખુદાવંદની બશારત સંભળાવશે. કેદારનાં સર્વ ઘેટાંઓ તારી પાસે એકત્ર થઈ જશે. હિન્તના મેંઢા (ઘેંટા જેવા પ્રાણી) ચડાવવામાં આવશે અને હું મારા શૌકતવાળા ઘરને બુઝુર્ગી આપીશ. *(૬૦૦,બાબ–૬,૭)*

એનાથી કોઈ ઈન્સાફવાળો ઈન્કાર નથી કરી શકતો કે મદયાન, અયફા, સબા બની કતૂરા યમનના રહેવાસીઓના ઊંટ, કેદારનાં ઘેટાંઓ, બનીતના મેંઢા જે ઝબહ કરવાની જગા પર ચઢાવવામાં આવે છે અને જે ખુદાનુ મઝબહ્ છે, જેનાથી ખુદાના શૌકતવાળા ઘર (બયતુલ્ હરામ)ને બુઝુર્ગી હાંસલ થાય છે તે મક્કામાં જ છે. શામમાં કોઈ ઝબહ કરવાનુ સ્થાન નથી જેને ખુદાનુ મઝબહ્ કહેવામાં આવે અને જ્યાં અહલે યમન અને અહલે અરબની કુર્બાનીઓ ચઢાવવાની છે અને જેનાથી ખુદાની શૌકતવાળા ઘરની બુઝુર્ગી જાહેર થાય છે.

સારાંશ એ છે કે મઝબહ્ (ઝબહ કરવાનુ સ્થાન)અને ઝબહના નિશ્ચિત હોવામાં બની ઈસ્રાઈલ અને અહલે અરબની રિવાયતોમાં વિરોધાભાસ છે. ઉસૂલે તન્કીદ (આલોચના કરવાના તરીકા પ્રમાણે)ની રૂએ એક વિવેચક રિવાયતોના વિરોધાભાસ વખતે બુધ્ધિપૂર્ણતાથી કામ લેવા મજબૂર થાય છે. એ જ સમજી શકાય છે કે બની ઈસ્રાઈલની પાસે પોતાની રિવાયતોના સમર્થનમાં કોઈ ગવાહી નથી. એથી ઉલ્ટુ અરબવાળાઓ પાસે તેમની રિવાયતોના સમર્થનમાં વિવિધ ગવાહીઓ મળી રહી છે. જેથી એક ન્યાયી વ્યકિત મજબૂર છે કે તે બની ઈસ્રાઈલના મુકાબલામાં અહલે અરબની રિવાયતોને સહીહ માને.

*(સેહ્ માહી તા'લીમાત, અલીગઢ, પેજ–૧૧ થી ૨૧)*

★ ★ ★

## ★ મા'મૂલાતે એહ્‌લે સુન્નત ★
## (એહ્‌લે સુન્નતના રસ્મો રિવાજ)

**પાયાનો સવાલ :–**

મીલાદ તથા કિયામ, નમાઝ બાદ સલાતો સલામ, નિયાઝ, ફાતિહા, ત્રીજીયું, દસમુ, ચાલીસમું, વરસી, ઉર્સ વગેરેના બારામાં લગભગ દરેક ઠેકાણે સવાલ થાય છે કે, શું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) અથવા સહાબાએ કિરામ અથવા તાબઈન અથવા મુજતહેદીને આ કામ કર્યું ? જો નથી કર્યું તો આ કામ બિદઅત થયું અને હદીષના ફર્માન પ્રમાણે "દરેક બિદઅત ગુમરાહી છે" અને દરેક ગુમરાહી જહન્નમમાં લઈજનારી છે.

**પ્રથમ જવાબ :–** એનો પ્રથમ ઈલ્ઝામી જવાબ તો એ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ અથવા સહાબાએ અથવા તાબઈને અથવા તબેઅ તાબઈને અથવા ઈમામોએ અથવા મુજતહીદોએ આ ચીજોથી મના કર્યું છે ? જો મના કર્યું છે તો સાબિતી લાવો ! અને જો મના નથી કર્યું અને સહીહ એ જ છે કે મના નથી કર્યું. તો આપ લોકોના કથનાનુસાર આ મના કરવું પણ બિદઅત થયું, જહન્નમમાં લઈ જનારું થયું. એટલા માટે કે ઉપરોકત સવાલથી જાહેર થયું કે, જે કામ પણ એ હઝરાતે ન કર્યું હોય તે બિદઅત છે અને મના કરવું પણ યકીનન એક કામ છે અને એ હઝરાતે પણ નથી કર્યું જેથી એ પણ બિદઅત થયું.

**બીજો જવાબ :–** આપ લોકોના મદ્રસામાં બગદાદી કાએદાથી લઈને બુખારી શરીફ સુધી કુર્આન મજીદ સિવાય જેટલી કિતાબો પઢાવવામાં આવે છે એ કિતાબોને હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ પઢી અથવા પઢાવી ? સહાબાએ પઢી અથવા પઢાવી ? તાબઈન તબેઅ તાબઈને, મુજતહિદ ઈમામોમાંથી કોઈકે પઢી અથવા પઢાવી ? એનો જવાબ પણ યકીનન એ જ છે કે, નહીં. એટલા માટે કે એમાંની સૌથી પૂરાણી કિતાબ બુખારી શરીફ છે જે ત્રીજી સદીમાં લખવામાં આવી છે, બાકીની કિતાબો બાદમાં થયેલી છે. જ્યારે તે હઝરાતમાંથી કોઈએ પણ આ કિતાબોમાંથી





કોઈ એકને પણ નથી પઢાવી ! તો આપ લોકોના કથનાનુસાર આ કિતાબોને પઢવું પઢાવવું પણ બિદઅત અને જહન્નમમાં લઈ જનારું થયું. જ્યાંથી આપ લોકો આ કિતાબોને પઢવા પઢાવવાનું અથવા પસંદીદા તથા જાઈઝ સાબિત કરી આપશો, ત્યાંથી અમે આ તમામ અહલે સુન્નતની રસ્મો રિવાજો (મા'મૂલાત)ને પણ જાઈઝ સાબિત કરી આપીશું !

**ત્રીજો જવાબ :–** તમે લોકો પણ તમારા દરેક જલાસાનો પ્રારંભ કુર્આન મજીદની તિલાવત તથા નઅતથી કરો છો. તો શું હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) અથવા સહાબાએ કિરામ અથવા તાબઈન તથા તબેઅ તાબઈન તથા મુજતહિદ ઈમામો પણ પોતાની તકરીરો, ખુત્બાઓથી પહેલાં કુર્આન મજીદની તિલાવત તથા નઅત શરીફ પઢતા હતા ? એનો જવાબ પણ "નહીં" સિવાય અન્ય કાંઈ નથી. તો પછી તમારા જ કાયદાનુસાર તમે લોકો બિદઅતમાં પડીને શું બન્યા ? એનો જવાબ તમે લોકો જ આપો !

**ચોથો જવાબ :–** એક શખ્સ દરરોજ નિશ્ચિતપણે ચૂકયા વિના ફજરની નમાઝ બાદ બેસીને કુર્આન મજીદની તિલાવત કરે છે. હવે જણાવો કે આ શખ્સ બિદઅતી જહન્નમી છે કે નહીં ? બતાવો કે શું હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ અથવા સહાબીઓએ અથવા તાબઈન તથા તબેઅ તાબઈન અથવા મુજતહિદ ઈમામો દરરોજ ચૂકયા વિના નિશ્ચિતપણે ફજરની નમાઝ બાદ બેસીને કુર્આન મજીદની તિલાવત કરતા હતા. એનો જવાબ પણ એ સિવાય કાંઈ નથી હોઈ શકતો કે, એની કોઈ સાબિતી નથી. જેથી આ પણ તમારા કથનાનુસાર બિદઅત અને જહન્નમમાં લઈ જનાર થયું ! તો પછી ફર્માવો શું ફત્વો છે તે મુસલમાનોના બારામાં જેઓ દરરોજ અચૂકપણે ફજરની નમાઝ બાદ કુર્આન મજીદની તિલાવત કરે છે ?!

**પાંચમો જવાબ :–** એક શખ્સ દરરોજ ઈશાની નમાઝ બાદ બેસીને સો વાર દુરૂદ શરીફ પઢે છે. ફત્વો આપો કે એ શખ્સનું આ કાર્ય ઈબાદત તથા ષવાબનો સબબ છે કે નહીં ? જો ષવાબ છે તો ફર્માવો, શું હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ દરરોજ અચૂકપણે ઈશાની નમાઝ બાદ બેસીને દુરૂદ

શરીફ પઢવું કે સહાબાએ કિરામે પઢયું ? અથવા તાબઈન તથા તબેઅ તાબઈન અથવા મુજતહિદ ઈમામોએ પઢયું ? જો જવાબ 'હા' માં છે તો સાબિતી આપો અને નકારમાં છે, અને યકીનન નકારમાં છે, તો આ હરામ તથા બિદઅત કેમ નથી ? !

હાલમાં આ પાંચ સવાલો છે જે જાહેરી રીતે તો સવાલો છે પણ હકીકતમાં એવા મજબૂત તથા લાજવાબ જવાબો છે કે કોઈ કેટલોય મહાનથી મહાન એના જવાબો પછી અહલે સુન્નતના મા'મૂલાત (રસ્મ તથા રિવાજો)ને બિદઅત તથા હરામ નથી સાબિત કરી શકતો. જ્યાંથી તે આ બાબતોનું પસંદીદા તથા ષવાબનો સબબ હોવું સાબિત કરી આપશે, ત્યાંથી એ જ તરીકાથી અમે અમારા મા'મૂલાતનું પસંદીદા તથા જાઈઝ હોવું સાબિત કરી દઈશું.

**તહકીકી (સંશોધનાત્મક) જવાબ :–**

અવામ (સામાન્ય લોકો)ને ચોક્કસ મુંઝવણ થશે કે આ શો મામલો છે ? ! જેથી હક્કની તલાશ કરનારાને સંતુષ્ઠ કરવા માટે એના પાયાના ખુલાસાની વિગતે ચર્ચા કરીએ છીએ જેના પર આ તમામ વાતોનું પસંદીદા તથા જાઈઝ હોવું નિર્ભિત છે.

(અસલ લખાણને સમજવા શરીઅતની પરિભાષાના શબ્દો સમજવા ''મુત્લક, ફર્દ, ફર્દો, મા'મૂહ બેહી'' ની વ્યાખ્યા પ્રથમ સમજી લો જેથી લેખ સમજવો સરળ થશે. –અનુવાદક)

**(૧) મુત્લક ફર્દ :–** એટલે કે કોઈપણ મુત્લકનુ અસ્તિત્વ ફર્દ વિના થશે નહીં.જેમ કે ઈન્સાન શબ્દ મુત્લક છે. ઝૈદ, બકર વિગેરે ઈન્સાન નથી, તે મુત્લક ઈન્સાનના ફર્દો છે. એવી જ રીતે ઈસાલે ષવાબનુ છે. મુત્લક ઈસાલે ષવાબ હદીષથી સાબિત અને એના ફર્દો જેમ કે શિરની પર કુર્આનની સૂરતો પઢી મર્હૂમને બખ્શવું, કિતાબો દારુલ ઉલૂમમાં વકફ કરી મર્હૂમને સવાબ પહોંચાડવો વગેરે...

**(૨) મા'મૂર બેહી :–** જેનો હુકમ આપવામાં આવ્યો હોય તે.

શરઈ અહકામ (હુકમો)ના બે પ્રકાર છે, અસલ મામલો એ છે કે શરીઅતે





આપણને જે જે ચીજોને કરવાનો હુકમ આપ્યો છે તેના બે પ્રકારો છે, એક તે જેની જાહેરી હાલાત, તૌર તરીકો, અરકાનો વચ્ચેનો ક્રમ વગેરે નિશ્ચિત ફર્માવી દેવામાં આવેલ છે, જેમ કે નમાઝ. એટલા માટે આ ચીજોની અદાયગી કેવળ તે જ તૌર તરીકા તથા સ્થિતિ તથા અરકાનની સાથે અનિવાર્ય તથા જરૂરી છે. એમાં કોઈ પણ જાતનો ફેરફાર જરૂર બિદઅત તથા હરામ તથા ગુનોહ છે. દા.ત. કોઈ નમાઝમાં એક રુકૂઅને બદલે બે રુકૂઅ અને બે સિજદાને બદલે એક સિજદો કરે અથવા પ્રથમ સિજદો કરે અને પછી રુકૂઅ કરે તો નમાઝ થશે નહીં. વળી તેના પણ બે પ્રકાર છે : ફર્ઝો તથા નફલો. ફર્ઝોના માટે સમયો નિશ્ચિત છે જેથી સમયો પહેલાં અદા કરીશું તો અદા થશે નહીં, તે સમયો બાદ કરીશું તો કઝા થશે. નફ્લો માટે કોઈ સમય નિશ્ચિત નથી, જ્યાં સુધી કોઈ ખાસ સમય માટે મનાઈ ન હોય ત્યાં સુધી અદા કરવું સહીહ અને અજ્રનો સબબ છે, કોઈ પણ સમયે કોઈ પણ નફ્લો પઢે તે દુરુસ્ત અને ઈબાદત છે, ભલે પછી તે વખતે નફ્લો પઢવા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)થી નકલ થયેલ ન હોય.

બીજો પ્રકાર તે મામૂરાત છે જેના માટે ન નિશ્ચિત તૌર તરીકો છે ન સ્થિતિ ન સમય. જેમ કે કુર્આન મજીદની તિલાવત, દુરૂદો સલામ, ઈલ્મે દીનની તાલીમ લેવી. એનો હુકમ એ છે કે જે સમયે જે હાલતમાં જે રીતે કરવામાં આવે અલ્લાહના હુકમનું પાલન અને અજ્રનો સબબ થશે જે રીતે જ્યાં સુધી કે કોઈ ખાસ સમય કે હાલતથી મના કરવામાં આવેલ ન હોય. એને ફિકહના ઉસૂલમાં 'મુત્લક (પાબંદી વિનાનું) કહે છે, અને 'મુત્લક' નો હુકમ એ છે કે તેના જે ફર્દને અદા કરવામાં આવે અદાયગી થશે.

દા.ત. અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) ફર્માવે છે. : واتل ما اوحی الیك

'તમારા તરફ જે વહી કરવામાં આવેલ છે તેની તિલાવત કરો.'' તિલાવતની કોઈ રીત કોઈ સમય કોઈ તરીકો નિશ્ચિત નથી ફર્માવ્યો. એટલે કે એવો હુકમ નથી આપ્યો કે બેસીને તિલાવત કરો કે ઉભા રહીને, જોરથી કરો કે ધીમેથી, દિવસે કે રાત્રે, નમાઝ પહેલાં કે નમાઝ બાદમાં...... જેથી બંદાને અધિકાર છે કે જે સમયે ચાહે જે રીતે ચાહે તિલાવત કરશે તે એ જ હુકમે ઈલાહીનુ પાલન ગણાશે અને ષવાબનો સબબ થશે. હા ! જે ખાસ

સમયો તથા હાલતોમાં મના છે. દા.ત. જનાબતની હાલતમાં અલિપ્ત રહેશે. હવે જો કોઈ બુઝુર્ગ કોઈ સમયે કે કોઈ તરીકાથી તિલાવતને હરામ તથા ગુનાહ કહેશે તો તેમણે સાબિત કરવું પડશે કે આ તરીકાથી અને આ સમયે તિલાવત મના છે એટલા માટે જો કોઈ ફજરની પછી દા.ત. બેસીને તિલાવત કરે છે તો જરૂર હુકમે ખુદાવંદીની તા'મીલ કરી રહ્યો છે અને ષવાબનો મુસ્તહિક (અધિકારી) છે. એવી રીતે અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)એ મુત્લકન્ ઈર્શાદ ફર્માવ્યો :—

فلولا نفر من كل فرقة منهم طائفة ليتفقهوا فى الدين.

તર્જુમો :— "તો દરેક ગિરોહમાંથી એક જમાઅત કેમ ન નીકળી કે દીનમાં સમજ હાંસલ કરતી."

દીનમાં તફક્કોહ્ (દીનમાં સમજ) હાંસલ કરવા માટે ન કોઈ ખાસ તરીકો નિશ્ચિત છે ન સમય ન જગા ન કિતાબ. એટલા માટે દીન શીખનારા, શીખવાડનારા જે તરીકો પણ પોતાની નેક તજવીજ વડે મુકર્રર કરી લે તે હુકમે ઈલાહીનુ પાલન ગણાશે. જે કિતાબ જે નિસાબ (કોર્સ) જે સમય નિશ્ચિત કરી લે એ સૌ એમાં દાખલ છે અને તે જ હુકમે ખુદાવંદીનું પાલન ગણાશે. એ જ પ્રમાણે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈર્શાદ ફર્માવ્યો,

**તર્જુમો** : "અલ્લાહ અને તરોતાઝા (હર્યો ભર્યો) રાખે જેણે મારાથી કોઈ હદીષ સાંભળી અને તેને યાદ રાખી એટલે સુધી કે તેને બીજાને પહોંચાડી." (અબૂ દાઊદ, ભાગ—૨, પેજ—૧૫૯, કિતાબુલ્ ઈલ્મ, ફસ્લ—નશ્રુલ્ ઈલ્મ)

અહીં પણ હદીષ યાદ રાખવા તથા અન્ય સુધી પહોંચાડવાનો કોઈ તરીકો ખાસ નથી કરવામાં આવ્યો એટલા માટે જે રીતે પણ હદીષો યાદ રાખવામાં આવે, સંભળાવવામાં આવે, પઢાવવામાં આવે સૌ એ નબવી ઈર્શાદનુ પાલન થશે. ભલે મૌખિક સાંભળે અને સંભળાવે કે પછી કિતાબો લખવામાં આવે, પઢાવવામાં આવે, ચાહે બુખારી હોય કે મુસ્નદે ઈમામે આઝમ, મોઅત્તા ઈમામ મુહંમદ હોય કે મોઅત્તા ઈમામ માલિક, કોઈ પણ કિતાબ હોય, તેની





શાખ સિહાહ સિત્તાહ અને મિશ્કાત વગેરેનો દર્સ તથા તદરીસ છે. કોઈ હદીષની કિતાબના બારામાં એ પ્રશ્ન કે, શું હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) કે સહાબા કે તાબઈન કે તબેઅ તાબઈન અથવા મુજતહિદ ઈમામોએ પઢી કે પઢાવી ? એવો પ્રશ્ન કરવો એ જહાલત છે. એટલા માટે કે જ્યારે આપણને અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)એ ફિકહ હાંસલ કરવા અને હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ હદીષ હાંસલ કરવાનો જે મુત્લકન્ (બિનશરતી) હુકમ આપ્યો છે, તો આપણે હદીષની કોઈ પણ કિતાબ લખીએ કે પઢીએ તે સર્વ ઈર્શાદે રબ્બાની તથા ફર્માને નબવીનુ પાલન ગણાશે. આ સર્વ સંમત મસાઈલમાં કોઈ કલ્મો પઢનાર ફિર્કાને મતભેદ નથી. એ જ પ્રમાણે અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)એ આપણને મુત્લકન્ હુકમ આપ્યો છે :— يا يها الذين آمنوا صلوا عليه وسلموا تسليما.

**તર્જૂમો** :— "હે ઈમાનવાળાઓ ! નબી પર દુરૂદ મોકલો, ખૂબ ખૂબ સલામ પઢો."

અહીં પણ કોઈ સમય કોઈ તરીકો નિશ્ચિત નથી ફર્માવ્યો, એટલા માટે આપણે જે વખતે પણ જે રીતે પણ દુરૂદો સલામ પઢીએ તે એ જ ફર્માને ઈલાહીનુ પાલન થશે. એટલા માટે જો કોઈ શખ્સ ઈશાની નમાઝ બાદ બેસીને સો વાર દુરૂદ શરીફ પઢે છે તો જરૂર તે ષવાબનો હકદાર છે અને તે એ જ ફર્માને ઈલાહીનુ પાલન કરી રહ્યો છે. હવે જો કોઈ એવો પ્રશ્ન કરે કે, શું ખાસ ઈશાની નમાઝ બાદ બેસીને હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ દુરૂદ પઢયું અથવા સહાબાએ કે તાબઈને, તબેઅ તાબઈને કે મુજતહીદ ઈમામોએ પઢયું ? તો એ પ્રશ્ન તેની જેહાલત ગણાશે.

એ જ પ્રમાણે જો કોઈ મુસલમાન ફજરની નમાઝ અથવા ઈશાની નમાઝ અથવા પાંચેવ નમાઝો અથવા જુમ્આ બાદ ઉભો રહીને મોટા અવાજે કે ધીરેથી દુરૂદો સલામ પઢે છે અથવા મીલાદમાં પઢે છે તો એ સૌ એ હુકમે ઈલાહીનું પાલન છે. અને નિઃશંક સવાબનો સબબ છે. તદન એ જ પ્રમાણે જેમ કે ઈશાની નમાઝ બાદ બેસીને પઢવાનુ હતું એ જ પ્રમાણે કોઈ એવો પ્રશ્ન કરે કે શું હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ અથવા સહાબા અથવા તાબઈન, તબેઅ તાબઈન કે મુજતહીદ ઈમામોએ ઈશા બાદ

બેસીને દુરૂદો સલામ પઢયું ? આ પ્રશ્ન જેહાલત છે. એ જ રીતે નમાઝો બાદ ઉભા રહીને કે મીલાદમાં ઉભા રહીને દુરૂદો સલામ પઢવાના બારામાં ઉપર મુજબનો સવાલ જેહાલત તથા નિરર્થક છે.

## ★ વિવિદાસ્પદ બાબતોની સાબિતીઓ ★

જ્યારે એ વાત આપના દિમાગમાં સમાઈ ચૂકી છે, તો હવે આવો ! ક્રમસર નિયાઝ, ફાતેહાના રિવાજ પામેલા તરીકાઓની સાબિતી જોઈ લો. અહ્‌લે સુન્નતની સાથોસાથ મોઅ્તઝલા તથા ખારજી ઉપરાંત તમામ કલમા ગો ફિર્કા ચાહે તે દેવબંદી હોય ચાહે ગેર મુકલ્લિદ, ચાહે મૌદૂદી સર્વ એના પર સહમત છે કે ઈસાલે સવાબ જાઈઝ જ નહીં બલ્કે મુસ્તહસન તથા મા'મૂર બેહી છે. તેમજ એ કે તેનો પણ શરીઅતે કોઈ ખાસ તરીકો નિશ્ચિત નથી કર્યો અને ન કોઈ ખાસ સમય નિશ્ચિત કર્યો છે. એને પણ મુત્લક (અબાધિત) રાખેલ છે જેથી જે રીતે તે તમામ અહકામમાં જે મુત્લક છે એ રીતે આમાં પણ આપણને ઈખ્તિયાર છે કે આપણે જે તરીકાથી પણ કરીએ, જે સમયે પણ કરીએ મા'મૂર બેહીની (હુકમ પ્રમાણેની) અદાયગી થશે અને જે ષવાબ મૂળ મા'મૂર બેહી પર મળવા પાત્ર છે એ આ ખાસ તરીકા પર પણ જરૂર મળવા પાત્ર છે. જેનાં એક નહીં ત્રણ દ્રષ્ટાંતો ગુજરી ચૂકયાં, તિલાવતે કુર્આને કરીમ, ઈલ્મે દીનની તાલીમ તથા દુરૂદો સલામ. શરીઅતે એનો પણ મુત્લક હુકમ આપ્યો હતો અને આજે આપણે પણ આપણા વિરોધીઓ પણ એ સૌને પોત પોતાના કોઈ ન કોઈ તૌર તરીકાથી અદા કરે છે, અને તેને અજરો ષવાબનો સબબ સમજે છે. એ રીતે ઈસાલે ષવાબ પણ જ્યારે મુત્લક (અબાધિત) છે અને તેનો કોઈ ખાસ તરીકો પણ નિશ્ચિત નથી, જેથી આપણે જે રીતે પણ કરીએ, જે સમયે પણ કરીએ તે મુત્લક ઈસાલે ષવાબ કરનારા ગણાઈશું. અને એ ન કેવળ જાઈઝ અને મુસ્ત હસન બલ્કે અજ્રો ષવાબના હકદાર ઠરીશું, જ્યાં સુધી કે કોઈ ખાસ તરીકાથી કે કોઈ ખાસ સમયમાં શરીઅતે મના ન કર્યું હોય. દા.ત. કયાંક એવો રિવાજ છે કે મૈયતની રૂહ પરવાઝ કરી ગયા બાદ સંબંધીઓના હોશ હવાસ સલામત હોય છે તો ઈસાલે ષવાબના માટે કુર્આન મજીદની તિલાવત શરૂ કરી આપે છે. એના માટે શરીઅતમાં કોઈ મનાઈ નથી એટલા માટે આ મુત્લક ઈસાલે સવાબનો ફર્દ





હોવાને કારણે મુસ્તહસન તથા ઈસાલે ષવાબનો સબબ છે. કયાંક એવો રીવાજ છે કે દફનના બીજા જ દિવસે કે ત્રીજા દિવસે મૈયતનાં સગાં વહાલાં ભેગાં થઈને કુર્આન મજીદની તિલાવત કરે છે, કલ્મા શરીફ પઢે છે, એની પણ શરીઅતમાં મનાઈ નથી આવી, એટલા માટે એ પણ મુત્લક ઈસાલે ષવાબના ફર્દો હોવાના કારણે મુસ્તહસન તથા અજ્રો ષવાબનો સબબ છે. એ જ પ્રમાણે દસમા કે વીસમા દિવસે કે ચાલીસમાએ કે વરસીએ સામુહિક રીતે કે વ્યકિતગત રીતે લોકો ફાતેહા કરી લે છે, આ સર્વ એ જ મુત્લક ઈસાલે ષવાબના ફર્દોમાંથી છે અને ઈસાલે ષવાબના અન્ય તરીકાઓની જેમ મુસ્તહસન તથા અજરો ષવાબનો સબબ છે.

**એક અન્ય સવાલ :–** અને જો કોઈ ભાઈ આ મા'મૂરાતના (રસ્મો) માટે પણ જે મુત્લક છે, એવું જરૂરી ઠરાવે કે એનો ખાસ તરીકો, તેની ખાસ રીત, ખાસ સમય પણ હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)થી નકલ થયેલ હોવો જરૂરી છે, અને તેની અદાયગી કેવળ એ જ ખાસ તરીકા તથા હાલત અને સમયમાં જાઈઝ થશે, અન્ય તરીકા અને સમયોમાં હરામ તથા બિદઅત છે. એટલા માટે ત્રીજીયું, દસમું, વીસમું, ચાલીસુ, વરસીમાં ફાતેહા કરવા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)થી નકલ થયેલ નથી માટે એ પણ બિદઅત તથા હરામ છે !" તો આવા મુજતહિદ હઝરાતને અમારો સવાલ છે કે, હવે તમે બતાવો કે અમે ઈસાલે ષવાબ કઈ રીતે કરીએ ? કયા સમયે કરીએ ? તમે જે પણ તરીકો તથા સમય બતાવશો, તો તમારા ઉદ્‌ભવ કરેલા નિયમાનુસાર જરૂરી થશે કે તેની સાબિતી આપો કે અસ્લાફે (પૂર્વ જ બુઝુર્ગોએ) આ તરીકાથી એ સમયે ઈસાલે ષવાબ કર્યો છે ? જો સાબિતી ન આપી શકો તો પછી પોતે જ બતાવો કે તમારા બતાવેલા તરીકા તથા સમયના માટે તમારો જ કાયદો કેમ તૂટી ગયો છે ?! દા.ત. આપે કહ્યું કે દફન પછી તરત ફાતેહા કરો, તો પૂર્વજ બુઝુર્ગોથી એની સાબિતી લાવો ! જો તમે કહો કે કુર્આન મજીદની તિલાવતને બદલે ૧૦ નંગ 'તકવિયતુલ ઈમાન' ખરીદીને મસ્જિદોમાં રાખી દો ! તો પૂર્વજ બુઝુર્ગોથી એની સાબિતી લાવો ! અને અમે કહી દઈએ છીએ કે કિયામત સુધી એની સાબિતી નહીં લાવી શકો ! એનો મતલબ એ થયો કે જે અહકામ (હુકમો) મુત્લક (અબાધિત) છે એના પર અમલ કરવો જ

આપની દ્રષ્ટિએ હરામ તથા બિદઅત છે !

## ★ મીલાદ ★

એ જ પ્રમાણે મીલાદને લઈ લો. અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)એ આપણને હુકમ આપ્યો :– .واما بنعمة ربك فحدث

"તમારા રબની નેઅમતને ખૂબ વર્ણવો."

અને ફર્માવ્યું, قل بفضل الله وبرحمته فبذالك فليفرحوا

"અને અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)ના ફઝ્લ અને તેની રહ્મત પર ખુશી મનાવો." (પા. ૧૧, આયત. ૫૮)

દરેક મુસલમાનનું એ ઈમાન છે કે અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)ની સૌથી મોટી નેઅ્મત, સૌથી મોટી રહ્મત, સૌથી મોટો ફઝ્લ હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) છે, એટલા માટે એ બંને આયતોથી સાબિત થયું કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નો અધિકથી અધિક ઝિક્ર કરવો અને એના પર અધિકથી અધિક ખુશી મનાવવી એ આ ખુદા તઆલાના હુકમનુ પાલન છે અને 'મેહફિલે મીલાદ પાક' પણ એમાંનો ફર્દ છે એટલા માટે એ પણ એ જ ખુદા તઆલાના હુકમનું પાલન છે.

## ★ કિયામ ★

આપણને અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)એ મુત્લક (અબાધિત) હુકમ આપ્યો છે :–

**તર્જુમો :–** "હે ઈમાનવાળાઓ ! નબી પર દુરૂદ મોકલો અને ખૂબ ખૂબ સલામ પઢો."

કોઈ સમય, કોઈ હાલત, કોઈ તરીકો ખાસ નથી કર્યો અને નિઃશંક ! મીલાદની મહેફિલના અંતે ઉભા રહીને સામુહિક રીતે જે દુરૂદો સલામ પઢે છે તે પણ એ જ મુત્લક (અબાધિત) હુકમનો ફર્દ છે એટલા માટે એ પણ જરૂરથી અજ્રો ષવાબનો સબબ છે.





## ★ નમાઝો બાદ દુરૂદો સલામ ★

એ જ પ્રમાણે પાંચેવ નમાઝો અથવા જુમ્આની નમાઝ પછી ઉભા થઈને જે દુરૂદો સલામ પઢે છે એ પણ એ જ મુત્લક હુકમોમાંથી એક છે, એટલા માટે એ પણ એમાં દાખલ છે અને અજરો ષવાબનો સબબ છે.

## ★ ઉર્સ ★

હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ આપણને હુકમ આપ્યો,

**તર્જુમો :–** "મેં તમને લોકોને કબરોની ઝિયારતથી રોકાયા હતા, હવે કબરોની ઝિયારત કર્યા કરો એટલા માટે કે એ દુનિયાથી નિર્મોહી બનાવે છે અને આખેરત પ્રતિ આકર્ષિત કરે છે." (ઈબ્ને માજહ્, જનાઈઝ, બાબ–માજાઅ ફી ઝિયારતિલ્ કુબૂર, પેજ–૧૧૩)

આ પણ મુત્લક (અબાધિત) છે એટલા માટે જો આપણે સાલમાં કોઈ દિવસને કોઈ બુઝુર્ગના મઝારે પાકની ઝિયારતના માટે નક્કી કરી લઈએ, તો એ પણ મુત્લકનો ફર્દ અને મુસ્તહસન અને અજ્રો ષવાબનો સબબ છે. ઉર્સ એનું નામ છે કે કોઈ બુઝુર્ગના મઝારે પાકની ઝિયારતના માટે કોઈ તારીખ નક્કી કરી લેવામાં આવી છે, તે તારીખે મઝારે અકદસ પર હાજરી આપે છે, ઈસાલે ષવાબ કરે છે, અને તેમના વસીલાથી દુઆ કરે છે. ઈમામ અબૂ બક્ર ઈબ્ને શયૂબહ્એ આ હદીષ રિવાયત કરી :–

**તર્જુમો :–** નબી (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) દર વરસના પ્રારંભમાં ઓહદના શહીદોના મઝારો પર તશરીફ લઈ જતા." (રદ્દુલ મુહ્તાર, ભાગ–૧, પેજ–૬૦૪)

એના અનુસંધાનમાં અવામને બહેકાવવાના માટે વિરોધીઓ સામાન્યતઃ એવું કહયા કરે છે કે, આ રીવાજો કુરૂને ઊલા (રસૂલ, સહાબા અને તાબઈનનો જમાનો)માં ન હતા જેથી નાજાઈઝ તથા હરામ તથા બિદઅત છે. એનો એક જવાબ તો ઉપર આવી ગયો કે ઘણાંયે કામ તમે લોકો પણ કરો છો પણ તે કરૂને ઊલામાં ન હતાં, દા.ત. મદ્રસાઓની તાલીમનો આખો નિઝામ તથા નિસાબ (કોર્સ), તેમાંથી કોઈ પણ કુરૂને ઊલામાં ન હતું, ન આ નિઝામ

હતો, ન સમયો અને દિવસોની આ નિશ્ચિતતા હતી, ન પરીક્ષા થતી હતી, ન પાસ–ફેલ થતું. ન આ કિતાબો હતી, બગદાદી કાયદાથી લઈને બુખારી શરીફ સુધી કુર્આન મજીદ સિવાય કોઈ કિતાબનું અસ્તિત્વ ન હતું. એમાં સૌથી પૂરાણી કિતાબ બુખારી શરીફ છે જે ત્રીજી સદી હિજરીમાં લખવામાં આવી છે. આ કોન્ફરસો આ ઈજ્લાસ અને ઈજ્લાસના નિશ્ચિત સમયો અને તેની પાબંદી આ બધું કાંઈ જ ન હતું! બલ્કે જેવી રીતે બુખારી શરીફ વગેરે લખવામાં આવી છે એવી રીતે કુરૂને ઊલામાં કિતાબો પણ લખવામાં આવી ન હતી. કિતાબ, પ્રકરણ, ખંડ, અને એના હેઠળમાં પોતાનાં મંતવ્યો, વિરોધીઓની રદ વગેરેના સંબંધે જે જવાબ તમારો હશે એ જ જવાબ અમારો પણ છે.

આ વિશિષ્ટ બાબતમાં જનાબ ગંગોહી સાહબ (દેવબંદી)એ એવી તર્કશાસ્ત્રની રીતે ફિલોસોફી હાંકી છે કે **એહદાષે ફિદીન** હરામ તથા બિદઅત છે અને **એહદાષે લિદીન** જાઈઝ તથા મુસ્તહસન છે. પણ એમાં આ સહીહ હદીષની રદ થાય છે જે હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ બજલી (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)થી રિવાયત છે કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈર્શાદ ફર્માવ્યો :–

**તર્જુમો :–** જે શખ્સ "ઈસ્લામમાં" સારો તરીકો ઉભો કરો તેને તેનો ષવાબ મળશે અને જેટલા લોકો તેના પછી તેના પર અમલ કરશે સૌના બરાબર તેને ષવાબ મળશે અને તેમના ષવાબમાં કોઈ કમી થશે નહીં, અને જે "ઈસ્લામમાં" કોઈ બુરો તરીકો કાઢશે તેના પર તેને ગુનોહ થશે અને જે લોકો એના પછી એના પર અમલ કરશે સૌના સમાન તેના પર ગુનોહ થશે અને તેમના (લોકોના) ગુનાહોમાં કોઈ કમી કરવામાં નહીં આવે. (મુસ્નદે ઈમામ અહમદ, જિલ્દ –૫, પેજ –૪૫૭, મુસ્લિમ–ઝકાત, પેજ ૩૨૭, અલ્ઈલ્મ, પેજ–૩૪૧, નિસાઈ ઝકાત, પેજ–૩૫૬, મિશ્કાત, પેજ – ૩૩)

આ હદીષથી નીચે પ્રમાણેના ફાયદાઓ હાંસલ થયા :–

વાંચકો વિચારશો ! હદીષમાં **ફિલ્ઈસ્લામ** નો શબ્દ છે **લિલ્ઈસ્લામ** નથી. એટલા માટે આ હદીષથી સાબિત થયું કે **એહદાષે ફિદીન** બિદઅત, ગુમરાહી તથા હરામ છે જે બુરુ છે. રહી ગયું તે જે હસનહ્ (સારુ) હોય તે હદીષની રૂએ ષવાબનો સબબ છે. એટલા માટે ગંગોહીજીનું એવું કહેવું કે **એહદાષે**





**ફિદીન** હરામ તથા બિદઅત છે તે આ હદીષથી વિરૂધ્ધ (રદમાં) છે !

## ★ બિદઅતે હસનહ્ તથા સૈયેઅહ્ ★

*(સારી તથા બુરી બિદઅત)*

એ જે પ્રમાણે આ (ઉપરોકત) હદીષથી સાબિત થઈ ગયું કે બિદઅતના બે પ્રકાર છે, હસનહ્ (સારી) અને સૈયેઅહ્ (બુરી). બિદઅતે હસનહ્ (સારી) ઉભી કરનારને પણ ષવાબ મળે છે અને અમલ કરનારાઓને પણ, અને કિયામત સુધી અમલ કરનારાઓના જેટલો કુલ ષવાબ તેને અસ્તિત્વમાં લાવનારને મળે છે. એનાથી ઉલ્ટુ બુરી બિદઅત ઉભી કરનારાઓને તેને શરૂ કરવાનો ગુનોહ અને અમલ કરવા પર પણ ગુનોહ અને જેટલા અમલ કરશે તે સૌના જેટલો કુલ ગુનોહ તે બુરી (સૈયેઅહ્) બિદઅત ઉભી કરનારાના માથે. હસનહ્ તથા સૈયેઅહ્ (સારી તથા બુરી)ની વહેંચણીનો ઈન્કાર કરવો એ આ હદીષને રદિયો આપવું છે.

## ★ કુરૂને ઊલામાં કોઈ ચીજનું ન હોવું એ તેના હરામ હોવાની દલીલ નથી ★

એ જ પ્રમાણે આ હદીષથી સાબિત થઈ ગયું કે કેવળ એ કારણે કે કોઈ અમલ કુરૂને ઊલામાં પ્રચલિત ન હતો અને પછીથી ઉદ્દભવ પામ્યો તો તેને હરામ કહેવું એ પણ ઉપરોકત હદીષની રદ થશે (એ હદીષને ખોટી ઠરાવશે !) બલ્કે આ હદીષની રૂએ એ જોવું પડશે કે તે અમલ સારો છે કે બુરો ? જો સારો છે તો સવાબનો સબબ છે અને બુરો છે તો ગુનોહ.

## ★ હસનહ્ (સારા) તથા સૈયઅહ્ (બુરા)નું માપદંડ ★

હવે એ તેહકીક કરવાની છે કે સારા તથા બુરાનુ માપદંડ શું છે ? ઉલમાએ તેની સ્પષ્ટતા કરી છે કે બુરી બિદઅત એ છે જે કુર્આન તથા હદીષ, અષર તથા ઈજમાઅ્ની વિરૂધ્ધ હોય. એટલે કે કુર્આન મજીદમાં, હદીષોમાં અથવા સહાબાથી અથવા ઈજ્માઅ થકી એક હુકમ સાબિત છે અને કોઈ એની વિરૂધ્ધ કાંઈ કરે અથવા કહે, તે બુરી બિદઅત, ગુમરાહી તથા હરામ છે, દા.ત. સહીહ હદીષથી સાબિત છે કે જુમ્આની અઝાન મસ્જિદની બહાર

ખતીબની સામે થવી જોઈએ. જેમકે અબૂ દાઊદ શરીફમાં સાઈબ ઈબ્ને યઝીદ (રદિયલ્લાહુ અન્હૂ)થી રિવાયત છે :–

**તર્જુમો :–** હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) જુમ્આના દિવસે જ્યારે મિમ્બર પર તશરીફ રાખતા ત્યારે હુઝૂરની સામે મસ્જિદના દરવાજા પર અઝાન થતી હતી અને હઝરત અબૂ બક્ર અને ઉમર (રદિયલ્લાહુ તઆલા અન્હુમા)ના જમાનામાં પણ એવું જ થતુ હતું. (ભાગ–૧, પેજ–૧૭૯)

હવે આ અઝાનને મસ્જિદની અંદર ખતીબના માથા પર આપવી બુરી બિદઅત છે, એટલા માટે કે આ હદીષની વિરૂધ્ધ છે.

બિદઅતે હસનહ (સારી બિદઅત) તે સારો અમલ છે જે કુર્આન તથા હદીષ, અષર તથા ઈજમાઅ્‌ની વિરૂધ્ધ ન હોય. મિર્કાત શરહે મિશ્કાત, ભાગ–૪, પેજ–૩૬૦માં છે :–

**તર્જુમો :–** ઈમામ શાફઈ (રહ્‌મતુલ્લાહિ અલૈહ) એ ફર્માવ્યું, કુર્આન, સુન્નત, અષર તથા ઈજમાઅની વિરૂધ્ધ જે ચીજ ઉભી કરવામાં આવે તે ગુમરાહી છે અને એવી ચીજને ઉપસ્થિત કરવી જે એમાંથી કોઈનાયે વિરૂધ્ધ ન હોય તે બુરી નથી.

એટલા માટે જો કોઈ કિયામ, મીલાદ, નમાઝ બાદ સલાતો સલામ, નિયાઝ ફાતેહા, ઉર્સ વગેરેને નાજાઈઝ તથા હરામ કે બિદઅત કહે તો મુસલમાનો પર લાઝિમ છે કે તેને પૂછે કે, આ કુર્આનની કઈ આયત, કઈ હદીષ, કઈ અષર કયા ઈજમાઅની વિરૂધ્ધ છે ? અને અમે દાવાની સાથે કહીએ છીએ કે કિયામત સુધી કોઈ એક આયત એક હદીષ અથવા અષર અને ઈજમાઅ નથી રજુ કરી શકતા જેની વિરૂધ્ધ આ કામો હોય ! એટલા માટે એમનું હરામ કહેવું આ હદીષની રદ છે.

## ★ એક પ્રશ્ન અને તેનો જવાબ ★

સામાન્યતઃ અનપઢ લોકોને એવું કહીને બેહકાવવામાં આવે છે કે જો આ ચીજો સારી હોત, એમાં ષવાબ હોત તો હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) અને સહાબા, તાબઈન, મુજતહિદ ઈમામોએ કેમ નથી કર્યો ? તો





હવે અમે પલટીને ફરી એ જ પ્રશ્ન કરીશુ કે, એવી જ રીતે મદ્રસાઓનો નિઝામ, નિસાબ (કોર્સ), કિતાબો પર અવલંબિત હોય છે. તમે એના માટે જે જવાબ આપશો જે જવાબ આપશો એ જ જવાબ અમારો પણ હશે. મહેરબાનો સાથે એટલી જ વાત થાય છે, પણ અમે અમારા વાંચકોના સંતોષ ખાતર એની પણ સ્પષ્ટતા કરી દઈએ છીએ.

વાત મૂળ એ છે કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પોતાની ઉમ્મત પર ઘણા જ રહીમ તથા રઊફ હતા. હુઝૂરની એ ખ્વાહિશ હમેશાં રહેતી હતી અને રહી કે મારી ઉમ્મત વધુથી વધુ એવાં કામો કરે જે ષવાબનાં તથા દરજ્જાઓની બુલંદીનો સબબ બને, કેમકે કોઈ સારા તરીકાને શરૂ કરનારો લાખો લાખ ષવાબનો મુસ્તહિક થાય છે, ઉપસ્થિત કરવાનો ષવાબ અલગ, એના પર અમલનો ષવાબ અલગ અને ઉપસ્થિત કર્યા બાદ કિયામત સુધી અમલ કરનારાઓના જેટલો ષવાબ અલગ. એટલા માટે સારા અમલોને ઉદ્‌ભવ કરવાનો દરવાજો ખુલ્લો રાખ્યો કે મારા પછી મારી ઉમ્મત તેનો ઉદ્‌ભવ કરીને તેના અસંખ્ય ષવાબોની હકદાર બની જાય. અને જો ઉદ્‌ભવ કરવાનો દરવાજો બંધ કરી આપત તો ઉમ્મત તે અગણિત ષવાબોથી વંચિત રહી જાત. એટલા માટે દરેક યુગમાં નવા નવા અમલે હસનહ્‌ (સારા અમલો) હમેશાંથી ઉદ્દભવ પામતા રહ્યા. દા.ત. હઝરત અબૂ બક્ર (રદિયલ્લાહુ અન્હૂ) એ કુર્આન મજીદને એક મુસ્હફમાં જમા કર્યુ. હઝરત ફારૂકે આ'ઝમ (રદિયલ્લાહુ અન્હૂ)એ તરાવીહની નમાઝને બાજમાઅત પઢવાનો હુકમ આપ્યો, હઝરત ઉષ્માન ગની (રદિયલ્લાહુ અન્હૂ)એ જુમ્આની પ્રથમ અઝાન પહેલી અઝાનનાં વધારો કર્યો, તાબઈને હદીષોને કિતાબોમાં એકત્ર કરી, મુજતહિદ ઈમામોએ એકલા ફિકહ ઉપર કિતાબો લખી, મુહદ્દિષોએ અકાઈદ તથા ફિકહના મસાઈલના પ્રકરણો પાડયાં, તેના હેઠળ હદીષો એકત્ર કરી, સૂફીયાએ કિરામે બાતિન (અંતરની) ઈસ્લાહ તથા નફસની પાકીના માટે

નવા તરીકા ઉપસ્થિત કર્યા. વગેરે. એની કડી મીલાદ, નમાઝ બાદ કિયામ, દુરૂદો સલામ, નિયાઝ, ફાતેહા વગેરે પણ છે.

## ★ સમયને નિશ્ચિત કરવા વિશે ★

આ મા'મૂલાત (રસમો રિવાજ) પર એ પણ એ'તેરાઝ (વાંધો) છે કે, "એના માટે તારીખ નક્કી કરાય છે અને કોઈ પણ મુસ્તહસન કામ જેના માટે શરીઅતે સમય નિશ્ચિત ન કર્યો હોય તેને સમય નિશ્ચિત કરીને કરવું મના છે."

જે પણ બુધ્ધિશાળી પ્રમાણિક વ્યકિત ઉપર વર્ણવેલી વાતો પર વિચાર કરશે તે આ વાંધા પર આશ્ચર્ય પામશે કે તમે લોકોએ તમારા મદ્રસા ખુલવા બંધ થવાની તારીખો નક્કી કરી રાખી છે, એ શું છે ? તાલીમના સમયો નક્કી કરેલા છે, એ શું છે ? જલ્સાઓ તથા કોન્ફરન્સો માટે તારીખો, પ્રોગ્રામના માટે સમયો નક્કી કરો છો, એ શું છે ? તમે તો આટલામાં જ ચક્કર ખાઈ ગયા હશો ! આવો ! અમારી પાસેથી સાંભળો !

એની અસ્લ આ હદીષ છે જેને ઈમામ બુખારીએ અબૂ વાઈલથી રિવાયત કરી છે :–

**તર્જુમો** :– હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિયલ્લાહુ અન્હૂ) લોકોની સામે દર જુમેરાતે વાઅઝ કહેતા હતા.

એમાં હઝરત અબૂ સઈદ ખુદરી (રદિયલ્લાહુ અન્હૂ)થી છે કે સ્ત્રીઓએ ખિદમતે અકદસમાં અર્ઝ કરી. આપનાથી લાભ પામવામાં પુરૂષો અમારા કરતાં આગળ નીકળી ગયા, જેથી હુઝૂર કોઈ દિવસ અમારા માટે નક્કી કરી આપો.

તેમનાથી એક દિવસનો વાયદો ફર્માવી લીધો, તે દિવસે ઔરતોએ મુલાકાત ફર્માવી, તેણીઓને નસીહત કરી અને તેમને હુકમ આપ્યો.





(સહીહ બુખારી, શું ઔરતો માટે અલગથી ઈલ્મી મજલિસનો દિવસ નિયુકત કરવામાં આવે ? પેજ–૨૦)

મુસ્લિમ વગેરેમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિયલ્લાહુ અન્હુમા)થી રિવાયત છેઃ "રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) દર શનિવારે કુબા આવતા હતા." (મુસ્લિમ, બાબ–ફસ્લ મસ્જિદે કુબા, પેજ–૪૪૮)

આ હદીષોથી સાબિત થઈ ગયું કે કોઈ મુસ્તહબ તથા મુસ્તહસનના માટે દિવસ, તારીખ નક્કી કરવી અને તે નિશ્ચિત તારીખે તેને કરવું હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની સુન્નત અને સહાબાએ કિરામનો તરીકો છે. દિવસ, તારીખ તથા સમયની નિશ્ચિતતાને કારણે કોઈ ચીજને હરામ કહેવું. એ આ હદીષોને રદ કરવું (ખોટી ઠરાવવી) છે.

## ★ પાબંદી ! ★

કયારેક (વિરોધીઓ) આજિઝ આવીને કહે છે કે "કોઈ મુસ્તહબ તથા મુસ્તહસન કાર્યને માટે પાબંદી કરવી હરામ છે !" આમ કહેવું પણ હદીષનો રદ છે. હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ ઈર્શાદ ફર્માવ્યો,

**તર્જુમો** :– "સૌથી અધિક પસંદીદા અમલ તે છે જેના પર અમલ કરનાર પાબંદી કરે, ભલે તે થોડોક જ હોય." (બુખારી, કિતાબુલ્ લિબાસ, પેજ–૮૭૧)

આ હદીષથી સાબિત થયું કે જે અમલો પાબંદીની સાથે કરવામાં આવે તે એના કરતાં અધિક પસંદીદા છે જે અમલને અમુક દિવસ કરવામાં આવે પછી ત્યજી દેવામાં આવે. એટલા માટે પાબંદીના કારણે કોઈ ચીજને હરામ કહેવી શરીઅત પર આક્ષેપ છે. હા ! શરીઅતે કોઈ કામને માટે કોઈ સમય નિશ્ચિત નથી ફર્માવ્યો અને છતાં કોઈ એવો એ'તેકાદ (માન્યતા) રાખે કે, "આ ફલાણા સમયે જ સહીહ થશે, બીજા સમયમાં નહીં અથવા નિશ્ચિત

કરવાને વાજિબ જાણે," તો જરૂર એ માન્યતા ફાસિદ (ગલત) છે. પણ બિહમ્દિહી તબારક વ તઆલા અહલે સુન્નતની અવામ પણ આ નિશ્ચિત કરવાને વાજિબ કે ફર્ઝ નથી જાણતી. સર્વ એમ જ સમજે છે કે કોઈ પણ સમયે કરવામાં આવે તો તે દુરુસ્ત છે, અલ્બત્ત કેટલીક મસ્લેહતો અને સહુલતોને નજરો સમક્ષ રાખીને સમયો નક્કી કરાય છે એમાં શરીઅતની રૂએ કાંઈ જ વાંધો નથી. જેમ કે ઉપરોકત હદીષોમાં આવી ગયું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિયલ્લાહુ અન્હૂ)એ જુમેરાતનો દિવસ વઅઝના માટે નક્કી કર્યો હતો અને હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) શનિવારે કુબા શરીફ તશરીફ લઈ જતા. દરેક વરસના પ્રારંભમાં ઓહદના શહીદોના મઝારો પર તશરીફ લઈ જતા હતા.

**નોંધ :–** આ પ્રમાણે શારેહે બુખારીએ ઘણા જ સંશોધનાત્મક લેખો પ્રસિધ્ધ કરેલા છે જેનાથી આમ તથા ખાસની ઘણી ઈલ્મી સમસ્યાઓ દૂર થઈ છે તથા જાણકારીમાં ઉમેરો થતો રહ્યો છે.

## ★ શારેહે બુખારીની કિતાબો ★

★ **નુઝહતુલ્ કારી શરહે બુખારી :–** કિતાબુલ્લાહ પછી સહીહ કિતાબોમાં સેહત તથા અઝમત તથા મહત્વમાં અને ખુદાદાદ મકબૂલિયતમાં આખા ઈસ્લામી જગતમાં 'બુખારી શરીફ' પ્રથમ હોવામાં કોઈને મતભેદ નથી. વિશ્વની વિવિધ ભાષાઓમાં એના કેટલાય તર્જુમાઓ અત્યાર સુધીમાં થઈ ચૂકયા છે અને શરહો (વિગતે ખુલાસા) લખવામાં આવેલી છે. દુનિયાનો કોઈ પણ દારુલ ઉલૂમ કે દર્સગાહ તથા લાયબ્રેરી ત્યાં સુધી નામુકમ્મલ છે જ્યાં સુધી કે તેમાં બુખારી શરીફનો દર્સ તથા અભ્યાસ ન થતો હોય અથવા એમાં એનુ મતન (અસ્લ લખાણ) તથા શરહ તથા તર્જુમાનુ વજૂદ કોઈ ન કોઈ રૂપમાં હાજર ન હોય. અને એવું કેમ ન થાય જ્યારે કે તેના (બુખારી શરીફના) સંપાદક અમીરુલ મો'મિનીન ફિલ્ હદીષ





અબૂ અબ્દુલ્લાહ મુહંમદ ઈબ્ને ઈસ્માઈલ બુખારીએ પોતાની જિંદગીનો મોટા ભાગનો હિસ્સો સૈયદુલ અંબિયા વલ્ મુરસલીન (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના કિરદાર તથા અમલો, આપની હાલતો તથા કૈફિયતો, આપની ઈબાદતો તથા મામલાઓ... ટૂંકમાં આપની જિંદગી મુબારકના દરેક દરેક પાસાંઓ તથા આપના જમાલ તથા હુલિયા મુબારકના એક એક નકશો નિગારની વિગતોની હિફાઝત તથા સાચવણી અને તેને એકત્ર કરી ક્રમસર ગોઠવણી કરી તેને વિશ્વમાં ચો તરફ ફેલાવવામાં ગુજારી.

એવી મહાન કિતાબની શરહ નવ મોટી મોટી જિલ્દોમાં લખીને "શારેહે બુખારી" હોવાનુ માન આપે મેળવ્યું છે. અને આપનો ઈલ્મી કમાલ આ કિતાબના અભ્યાસથી જાહેર થાય છે.

એ ઉપરાંત આપે લખેલ કિતાબોમાં ખાસ ખાસ આ પ્રમાણે છે :–

★ અશ્શ્ફુસ્સેયર દર સીરતે ખૈરુલ બશર.

★ હાશિયા ફતાવાએ અમજદિયહ્.

★ ઈસ્લામ ઔર ચાંદકા સફર.

★ સુન્ની દેવબંદી ઈખ્તેલાફકા મુન્સિફાના જાએઝા.

★ મકાલાતે અમજદી.

★ તહકીકાત.

★ ઈષ્બાતે ઈસાલે સવાબ.....વગેરે.

★ ★ ★ ★